પંડિત શ્રી રૂપવિજયજીકૃત

# પૃથ્વીચંદ્ર અને ગુણસાગર

## અથવા

# ૨૧ ભવનો સ્નેહ સંબંધ



: સંક્ષિપ્ત અને સંપાદન :

**સ્મિતા પિનાકીન શાહ**

: પ્રકાશક :

**શેઠશ્રી જમનાભાઈ ભગુભાઈ રીલીજીયસ ટ્રસ્ટ**

# શ્રી પૃથ્વીચંદ્ર - અને ગુણસાગરનું સરલ - ચરિત્ર

: સંપાદક :

પૂ. આચાર્યદેવ શ્રીવિજય યશોભદ્ર, સૂરિશ્વરજી

મ.સા.ના શિષ્યરત્ન

પૂ. મુનિશ્રી રત્નપ્રભવિજયજી મ.સા.

: સંક્ષિપ્ત :

**સ્મિતા પિનાકીન શાહ**

૧૭, નિશાંત બંગલોઝ વિભાગ-૧, બિલેશ્વર મહાદેવ સામે,

સીટી ગોલ્ડ સિનેમાની ગલી, શ્યામલ ચાર રસ્તા,

સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૦૫

ફોન નં. : ૨૬૭૬૮૦૯૦, ૪૦૦૨૫૯૧૪

મોબાઈલ નં. : ૯૮૯૮૩૮૦૦૫૩

: પ્રકાશક :

**શેઠશ્રી. જમનાભાઈ ભગુભાઈ રીલીજીયસ ટ્રસ્ટ**

# આમુખ...

ગઈ સાલ મે મહિનામાં મારી નાનકડી પુસ્તિકા "ઉપમિતિ ભવપ્રપંચા કથાનો ટૂંકસાર" પ્રગટ થઈ અને જૈનધર્મનો સ્વાધ્યાય શરૂ થયો તેમ કહી શકાય. કારણ કે ત્યાર બાદ "પર્યુષણપર્વ મહાત્મ્ય" પુસ્તિકા પ્રગટ થઈ. આગમ સાહિત્યનો અભ્યાસ કરી પાંચમો આગમ ગ્રંથ "ભગવતીસૂત્ર"ના પહેલા શતકનો શોધ નિબંધ તૈયાર કર્યો. શ્રી ગુણવંતભાઈ બરવાળીયાના સંચાલન હેઠળ તે નિમિત્તે સોનગઢ ખાતે જૈન સમારોહ (ફેબ્રુઆરી, ૨૦૧૬)માં હાજરી આપવાનું પણ થયું.

"ઉપમિતિ ભવપ્રપંચાકથાનો ટૂંકસાર"ની એક નકલ કચ્છમાં રહેતા પરમ આદરણીય સ્વ.શ્રી માવજી સાવલાને મોકલેલી તેમને જેવી મળી તેવો જ તેમનો ફોન આવેલો કે આ કામ ઘણું સારું થયું છે. તો મારે "પૃથ્વીચંદ્ર - ગુણસાગરનો એકવીસ ભવનો સ્નેહસંબંધ"નું મેળવી તેનું સંક્ષિપ્ત પુસ્તિક તૈયાર કરવી. કારણ કે તે પુસ્તક પર ઘણું ઓછું લખાયેલું છે. તે સમયે હું ચાર મહિના માટે અમેરિકા જવાની તૈયારી કરતી હતી. મેં તેમને કહ્યું હતું હું પાછી આવીને આ કામ જરૂરથી કરીશ. હું પાછી આવી ત્યારે આગમનો શોધ નિંબધ તૈયાર કરવામાં પડી હતી. એ કામ પત્યા પછી નવેમ્બરમાં મેં માવજીભાઈને ફોન કર્યો ત્યારે તેઓ હોસ્પિટલમાં હતા અને થોડા દિવસોમાં તેમણે ચિરવિદાય લીધી. (૧૫ નવેમ્બર, ૨૦૧૫).

સદ્ભાગ્યે સાંપડેલો તેમનો સંપર્ક અને તેમના જેવા વિદ્વાન અને પ્રેમવત્સલ વ્યક્તિ મને કામ ચીંધીને તેને જોયા વગર જ ચાલી ગયા તે વાતનો વસવસો હંમેશા મારા મનમાં રહેશે. મેં નક્કી કર્યું કે તેમણે ચીંધેલું આ કામ તો મારે કરવું જ. આ પુસ્તક બજારમાં પ્રાપ્ય નથી પરંતુ જ્ઞાન ભંડારમાંથી મળી રહે છે. પંડિતશ્રી રૂપવિજયજી રચિત

આ પુસ્તક મેં જ્ઞાનભંડારમાંથી મેળવીને તેનું સંક્ષિપ્ત કર્યું છે. પુસ્તક વિશેની માહિતી મૂળ પુસ્તકમાં જે છે તે જ લઈ લીધી એટલે વધારે કશું લખતી નથી.

પરમ આદરણીય સ્વ. શ્રી માવજી સાવલાનું ઋણ ચૂકવી શકાય તેમ નથી. તેમની અનુમોદનાથી આ કાર્ય પાર પડ્યું છે. આ પુસ્તક ખંતથી મંડીને પૂરું કર્યું અને સોનગઢ જૈન સમારોહના પ્રમુખ ડૉ. શ્રી ધનવંત શાહને જોઈ જવા માટે લઈ ગઈ હતી. તેમના જેવી ગુણાનુરાગી વ્યક્તિ બીજી હોઈ શકે નહિ તેટલી હદ સુધી તેમનાથી પ્રભાવિત થઈ હતી. તેઓ ત્યારે જ માંદા હતા છતાં તેમણે કહેલું કે મુંબઈ મોકલી આપજો હું જરૂરથી જોઈ લઈશ. પણ હું તેમને મુંબઈ મોકલું તે પહેલાં તેઓ અવસાન પામ્યા. જૈન સાહિત્યના વાંચન-લેખન તથા રજૂઆત માટે વધુ ને વધુ વ્યક્તિઓ આગળ આવે તે માટે દરેકને સુંદર માર્ગદર્શન આપતા હતા. પ્રખર વિદ્વાન હોવા છતાં ખૂબ જ સરળ વ્યક્તિત્વ ધરાવતા હતા.

આગમ જેવા ગૂઢ વિષય પર હું અભ્યાસ કરીને શોધનિબંધ તૈયાર કરી શકી તેના માટે ઉમદા વ્યક્તિત્વ ધરાવતા પ્રખર જ્ઞાની શ્રી ગુણવંતભાઈ બરવાળિયાનો આભાર માનું છું. તેમના માર્ગદર્શનથી ઘણો લાભ થયો છે. "પૃથ્વીચંદ્ર-ગુણસાગર"ના સંક્ષિપ્ત લખાણને પુસ્તક સ્વરૂપ આપવામાં સહયોગ આપનાર માનનીય શ્રી ભદ્રબાહુજી (શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી) અને શ્રીમતી કુમુદબેન પાલખીવાળા (રીટા. પ્રિન્સિપાલ, પ્રકાશ હાયર સેકન્ડરી સ્કૂલ)નો હૃદયથી આભાર માનું છું. શાસ્ત્ર વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો મન-વચન-કાયાથી મિચ્છામી દુક્કડમ !

**સ્મિતા પિનાકીન શાહ**

મો. ૯૮૯૮૩૮૦૦૫૩

તા. ૨૫-૪-૨૦૧૬

# અર્પણ...

પરમ આદરણીય મહાન વિભૂતિઓને

સ્વ. માવજી સાવલા (કચ્છ)

અને

સ્વ. ડો. ધનવંત શાહ (મુંબઈ)

મૂળ પુસ્તક

પંડિતશ્રી રૂપવિજયજી કૃત પૃથ્વીચંદ્ર અને

ગુણસાગર અથવા

# એકવીસભવનો સ્નેહ-સંબંધ

: લેખક :

મણીલાલ ન્યાલચંદ શાહ

: પ્રકાશક :

મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ

ઠે. દોશીવાડાની પોળ - અમદાવાદ

વીર સંવત - ૨૪૬૭ વિક્રમ સંવત : ૧૯૯૭

# આભાર દર્શન...

શ્રી રૂપવિજયજી ગણિવર

પંડિતશ્રી પદ્મવિજયજી અમદાવાદના રહીશ હતા. સં. ૧૭૯૨માં તેમનો જન્મ થયો હતો. સં. ૧૮૦૫માં દીક્ષા લીધી હતી. સં. ૧૮૧૦માં વિજય ધર્મસૂરિજીએ રાધનપુરમાં તેમને પંડિતપદ આપ્યું હતું. તે ૧૮૬૨ માં સ્વર્ગે ગયા હતા.

એમના શિષ્ય શ્રીમાન રૂપવિજયજી ગણિવર હતા. એમના જીવન સંબંધી કોઈ ખાસ હકીકત જાણવા મળતી નથી. છતાં તેઓ વિદ્વાનોને માનવા યોગ્ય, ક્રિયાપાત્ર, તપસ્વી તેમજ જૈન શાસનના આભૂષણરૂપ મનાય છે. એમની અનેક કૃતિઓ - પૂજાઓ વગેરે મળે છે. તેઓ શ્રી આ પુસ્તક પૃથ્વીચંદ્ર ગુણસાગર કાવ્યના રચયિતા છે. પૂર્વાચાર્યે રચેલુ આ કાવ્ય, તેનો ઉદ્ધાર કરી આધુનિક અલ્પબુદ્ધિવાળા જીવોને ઉપયોગી થાય તેવી સરળ ગદ્ય તથા પદ્ય ભાષામાં બનાવી સંવત ૧૮૮૨ની સાલમા તેમણે અમદાવાદમાં પૂર્ણ કર્યું હતું.

- લેખક

મણીલાલ ન્યાલચંદ શાહ

મૂળ પુસ્તક

# નિવેદન...

આધુનિક પંડિત શ્રીરૂપવિજય મહારાજે રચેલું આ કથાનક ખૂબ પ્રાચીન છે છતાંય આજના સમયને અનુકૂળ થાય તેવી રીતે પંડિતશ્રીએ આલેખેલું છે. જે ખચિત પત્થર સમાન કલેજાવાળાને પણ હચમચાવનારું છે. ગમે તેવા હિંસક કે પાપીના હૃદયમાં પણ એક વખત તો જરૂર અરેરાટી જગાવનારું છે.

શંખરાજા અને કલાવતી રાણીના ભવથી આ ચરિત્ર કર્તાએ શરૂ કર્યું છે. તે પછી ઉત્તરોત્તર એકવીસમાં ભવમાં પૃથ્વીચંદ્ર અને ગુણસાગરને ગૃહસ્થપણામાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યાં સુધી ભવોભવ એમનું ચારિત્રારાધન એમના મનના ઉચ્ચ વિચારો અને ભાવનાઓ ક્રમે કરી શુદ્ધ થતી જાય છે અને સંસારમાં રહ્યા છતાં પણ એમની મનોદશા એવી તો નિર્લેપપણે વર્તે છે કે જેથી રાજ્યસુખ ભોગવવા છતાં તેમાં આસક્તિ થતી નથી બલ્કે સમય આવતા તૃણની માફક તેને ત્યજી દે છે. અને એકવીસમાં ભવમાં એમની ભાવના છેલ્લી પરાકાષ્ટાએ પહોંચી જાય છે કે જેનાથી તેમને કૈવલ્યદશા પ્રગટે છે.

આ ચરિત્રની અંદર વૈરાગ્યથી ભરેલી રસથી પરિપૂર્ણતાવાળી અનેક અવાંતર કથાઓ આવે છે. જે વાંચનારના હૃદયમાં વૈરાગ્ય ભાવનાને જન્માવે છે અને મુક્તિનો સાચો માર્ગ બતાવે છે. પંડિત શ્રી રૂપવિજયજીએ આ ગ્રંથ રચીને સમાજ ઉપર ખૂબ ખૂબ ઉપકાર કરેલો છે.

મૂળ પુસ્તક

# પ્રસ્તાવના...

શ્રી હરિભાઈ ધરમચંદ શાહ B.A, મધુવન જૈન શાસ્ત્રમાં બતાવેલ ચાર અનુયોગ પૈકી એક કથાનુયોગ છે. મુખ્ય તો દ્રવ્યાનુંયોગ છે. ઉપાદાનની યોગ્યતા ના હોય તો દ્રવ્યાનુયોગનો વિષય જલદી સમજી શકાય તેવો નથી. કથાનુયોગ દ્વારા ક્રમશઃ ઉપાદાનની યોગ્યતા આવે છે.

કથાનુયોગને લગતાં પુસ્તકો માનવને કનિષ્ટ જીવનમાંથી સદ્‌વિચાર અને દઢસંકલ્પ દ્વારા ઉન્નત બનાવે છે. શાસ્ત્રીય ભાષામાં કહીએ તો અશુભમાંથી શુભમાં અને શુભમાંથી શુદ્ધ સુધી દોરી જાય છે. તેથી મહર્ષિઓએ કથાનુયોગનાં પુસ્તકો રચી માનવજાત ઉપર મહાન ઉપકાર કર્યો છે. મહત્ત્વની વસ્તુ જીવ કયા કારણે નીચે પટકાય છે. અને કયા કારણે અને કેવા કેવા નિમિત્તોથી ઉન્નત બને છે તેની સચોટ સમજૂતી આપવામાં રહેલી છે. રોજના પ્રસંગોમાંથી તત્વજ્ઞાન સમજાવવું એ કથાનુયોગનો આશય છે. કથાનુયોગના ગ્રંથોમાં કેટલીકવાર શૃંગાર રસવાળાં પાત્રો આવે છે. તે પાત્રો શૃંગારરસને પોષવા માટે મૂકવામાં આવતા નથી પરંતુ વાસનાનું વ્યર્થ પરિણામ અને પતન સમજાવવા માટે મૂકાય છે.

આત્મા જેમ અનાદિ છે, તેમ કાળ પણ અનાદિ છે. મહર્ષિઓએ કાળને બે ભાગમાં વહેંચ્યો છે. એક ઉત્સર્પિણીકાળ અને બીજો અવસર્પિણીકાળ. દરેક કાળમાં છ છ આરા હોય છે અત્યાર સુધીમાં આવી અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી વહી ગઈ. હાલમાં અવસર્પિણીનો પાંચમો આરો ચાલે છે. આ ગ્રંથના ચરિત્ર નાયકોની ઉપસ્થિતિ ગઈ અવસર્પિણીકાળના પાંચમાં આરામાં થયેલી છે.

આ ગ્રંથ મૂળ સંસ્કૃત ગદ્ય ભાષામાં લખાયેલો છે. તેના રચિયતા પંડિત પ્રવર પૂજ્ય શ્રી રૂપવિજયજીએ ૧૧ સર્ગમાં આલેખન કર્યું છે. પંડિત પ્રવરશ્રી કઈ સદીમાં થયા છે તે હકીકત ઉપલબ્ધ થઈ નથી. ગ્રંથનો ગુજરાતી અનુવાદ બાળબોધ લિપિમાં પંડિતશ્રી લબ્ધિવિજયજીએ કરેલ છે, અને આ ગ્રંથ સંવત ૧૯૪૮ની સાલમાં છપાયેલ છે. ત્યાર પછી આવૃત્તિ છપાયાની માહિતી મળતી નથી.

પ્રસ્તુત ગ્રંથના ચરિત્ર નાયકોના ભવની શરૂઆત શંખરાજા અને કલાવતી રાણીના ભવથી થાય છે. આ બંને એકવીસમાં ભવે કેવળજ્ઞાન પામી, મોક્ષે જાય છે. એકવીસ ભવ કયા કયા પર્યાયમાં થયા તેની વાત આ પુસ્તકમાં છે. ૧૧ ભવ મનુષ્ય પર્યાયના છે અને દસ ભવ દેવ પર્યાયના છે. મનુષ્યના ૧૧ ભવમાં તેમનો પરસ્પર સંબંધ નીચે મુજબ છે.

| પતિ-પત્નિ | મિત્રો | ભાઈઓ | પિતાપુત્ર |
|---|---|---|---|
| છ ભવ | બે ભવ | બે ભવ | ૧ ભવ |

દેવ પર્યાયમાં માત્ર એક જ ભવ દેવ-દેવી તરીકે અને બાકીના ભવો મિત્રસંબંધના છે. આ ગ્રંથની સારભૂત તારવણી નીચે પ્રમાણે છે.

શંખરાજા અને કલાવતી રાણીના મનુષ્ય પર્યાયના જે ૧૧ ભવો થાય છે તે ભવોમાં મોટા ભાગે સંયમમાર્ગ અને બારવ્રત આદરેલા છે. જેમ શ્રીપાલ રાજા અને મયણા સુંદરી સમકિત પામ્યા બાદ નવમા ભવે મોક્ષે જશે. નવ ભવમાં નરક કે તિર્યંચ જવાના નથી અને મનુષ્ય અને દેવલોકના ઉત્તરોત્તર વધુ સુખને પામવાના છે. તે જ રીતે શ્રીપૃથ્વીચંદ્ર અને ગુણસાગર સમક્તિ પામ્યા પછી ૨૧ ભવ સુધી નરક કે તિર્યંચમાં ગયા નથી અને ઉત્તરોત્તર વધુ સુખ પામી ૨૧મા ભવમાં મોક્ષે ગયા છે.

છેલ્લા ભવમાં શંખરાજાનો જીવ પૃથ્વીચંદ્ર રાજકુમાર તરીકે અને રાણી કલાવતીનો જીવ શ્રેષ્ઠિપુત્ર ગુણસાગર તરીકે જન્મે છે. બંને મિત્રો છે બંનેને જન્મથી જાતિસ્મરણ જ્ઞાન થયેલું છે. બનેએ સંસાર સાથે સંબંધ જોડ્યો છે. પૃથ્વીચંદ્ર એ સોળ રાજકુમારીઓ સાથે અને ગુણસાગરે આઠ શ્રેષ્ઠિ પુત્રીઓ સાથે પાણિગ્રહણ કર્યા છે. છતાં ઘાતિકર્મો નામશેષ થવાથી એકાએક તીવ્ર વૈરાગ્ય ભાવનાની વૃદ્ધિ થતાં ગૃહસ્થ પર્યાયમાં બંનેને સાથે કેવળજ્ઞાન થાય છે, એ બંનેના સ્વભાવની વિશિષ્ટતા છે. સાથે સાથે બંને મહાપુરુષોની ધર્મપત્નીઓ તથા તેમના માતા-પિતાને સંસારની અસારતા સમજાતાં વૈરાગ્યભાવની વૃદ્ધિથી તે જ ચોરીમાં કેવળજ્ઞાન થાય છે. આ પ્રમાણે ગ્રંથનો ટૂંકસાર છે.

**હરીલાલ ડી. શાહ**

સંવત ૨૦૩૪ આસો વદ : ૧૩

ઈ.સ. તા. ૨૯-૧૦-૭૮

મૂળ પુસ્તક

# અનુક્રમણિકા...


| પરિચ્છેદ નંબર | ભવ નંબર | વિષય | પાના નંબર |
|---|---|---|---|
| પરિચ્છેદ : ૧ | ભવ પહેલો | શંખરાજા અને કલાવતી રાણી | ૧ |
| ” | ભવ બીજો | દેવભવમાં સૌધર્મક દેવદેવી. | |
| પરિચ્છેદ : ૨ | ભવ ત્રીજો | કમલસેન રાજા અને ગુણસેના રાણી. | ૩૫ |
| ” | ભવ ચોથો | પાંચમા દેવલોકે મિત્રદેવ થયા. | |
| પરિચ્છેદ : ૩ | ભવ પાંચમો | દેવસિંહ રાજા અને કનક સુંદરી રાણી | ૬૪ |
| ” | ભવ છઠ્ઠો | મહા શુક્ર દેવલોકે મિત્રદેવ થયા. | |
| પરિચ્છેદ : ૪ | ભવ સાતમો | દેવરથ રાજા અને રત્નાવલીરાણી | ૯૨ |
| ” | ભવ આઠમો | આનતદેવલોકે મિત્રો થયા. | |
| પરિચ્છેદ : ૫ | ભવ નવમો | પૂર્ણચંદ્રરાજા અને પુષ્પસુંદરી રાણી | ૧૨૦ |
| ” | ભવ દસમો | આરણ દેવલોકે મિત્રદેવ થયા | |
| પરિચ્છેદ : ૬ | ભવ અગિયાર | શૂરસેન રાજા અને મુક્તાવલી રાણી | ૧૪૬ |
| ” | ભવ બાર | પ્રથમ ગ્રૈવેયેકે મિત્ર દેવ થયા | |
| પરિચ્છેદ : ૭ | ભવ તેર | પદ્મોત્તર રાજા અને હરિવેગ વિદ્યાધરેન્દ્ર | ૧૫૫ |
| ” | ભવ ચૌદ | મધ્યમ ગ્રૈવેયેકે મિત્ર દેવ થયા. | |
| પરિચ્છેદ : ૮ | ભવ પંદર | ગિરિસુંદર રાજા અને રત્નસાગર યુવરાજ ભાઈ થયા | ૧૬૫ |
| ” | ભવ સોળ | નવમા ગ્રૈવયેકે મિત્ર દેવ થયા. | |

| | | | |
|---|---|---|---|
| પરિચ્છેદ : ૯ | ભવ સત્તર | કનકસુંદર રાજા અને જય સુંદર યુવરાજ | ૧૭૮ |
| " | ભવ અઢાર | વિજય વિમાને દેવ થયા. | |
| પરિચ્છેદ:૧૦ | ભવ ઓગણીસ પિતાપુત્ર થયા | કુસુમાયુધ રાજા અને કુસુમકેતુ | ૧૯૦ |
| " | ભવ વીસ | સર્વાર્થ સિદ્ધિ મહાવિમાનમાં દેવ | |
| પરિચ્છેદ: ૧૧ | ભવ એકવીસ | પૃથ્વીચંદ્ર રાજા અને ગુણસાગર શ્રેષ્ઠી થયા. | ૨૦૫ |

પરિચ્છેદ ૧

# શંખ અને કલાવતી

**સ્તુતિનો ભાવાર્થ :** સંપૂર્ણ દર્શન, જ્ઞાન અને આત્મ આનંદથી ભરેલા, સર્વજ્ઞ, વિશ્વને પાવન કરનારા, અને શ્રી શંખેશ્વરપુરના ભૂષણરૂપ પુરૂષાદાનીય એવા શ્રી પાર્શ્વનાથને નમસ્કાર કરું છું.

કથાની શરૂઆત પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિથી થાય છે.

દક્ષિણાર્ધ ભારતના મધ્યખંડમાં શ્રીમંગલ નામે દેશમાં શંખપુર નગર આવેલું છે. તેમાં યુવરાજ શંખકુમારનો રાજ્યભિષેક થયા પછી થોડો સમય પસાર થઈ ગયો છે. રાજા શંખરાજ ગુણવાન, કાંતિવાન, બળવાન હોવા છતાં તેમનામાં અહંકાર નથી. નવીન યૌવન અને નવીન અભ્યુદયવાળો હોવા છતાં પરમાણુઓથી પરામુખ છે. શંખરાજ મહારાજાના દરબારમાં પ્રતિહારી રાજાની જય બોલી બે હાથ જોડી શંખરાજા સમક્ષ ઊભો રહે છે. રાજાને દ્વારપાળ કહે છે, ગજશ્રેષ્ઠીનો પુત્ર દત્તકુમાર આપને મળવા આવ્યો છે." રાજા તેને અંદર આવવાની અનુમતિ આપે છે. કથા અહીંથી આગળ વધે છે.

રાજાની અનુમતિ પામી ખુશ થઈને દત્તશેઠ રાજાની સભામાં આવે છે. દત્તશેઠ આજે બહુ જ ખુશ છે. કારણ કે પોતાના રાજાનું હિત કરવાની નિષ્ઠામાં જ તેનું હૃદય ઓતપ્રોત છે. અત્યંત ખુશીથી રાજાને કહે છે. "આપની અમર કીર્તિ અને યશોગાન પરદેશમાં પણ ગવાય છે. કારણ કે હું પરદેશ ગયો હતો અને ગઈકાલે ઘણા દિવસે આવ્યો છું." રાજા પૂછે છે કે શા માટે પરદેશ ગયો હતો ? દત્તશેઠ જવાબ આપે છે કે કમાવા માટે ગયો હતો. રાજા વળી પૂછે છે, "તારે વળી ધનની શી જરૂરી હતી ? તારા ઘેર ધનની ક્યાં ખામી છે ? ત્યારે દત્તશેઠ કહે છે પરદેશ કમાવા માટે જવું એ વ્યવહારિક ફરજ છે. ઘરમાં પુષ્કળ ધન હોવા છતાં બહાર કમાવા જવાના અનેક ફાયદા છે."

સુમતિ મંત્રી રાજાને જણાવે છે કે નગરના વ્યવહારી જનોમાં ગજશ્રેષ્ઠી મોટા શાહુકાર અને રાજ્ય માન્ય છે. નગરમાં પ્રતિષ્ઠિત છે અને આ ધનદત્ત શ્રેષ્ઠી તેમના પુત્ર છે. મંત્રી એમ પણ જણાવે છે કે ગજશ્રેષ્ઠી કુબેર ભંડારીની સ્પર્ધા કરે તેવા હોવા છતાં ય અષાઢી મેઘ જેવા ગંભીર છે. એમના ભંડારો ભરપૂર છે છતાંય તેમના પેટનું પાણી ય હાલતું નથી. ધન જીરવવાની તેમની તાકાત અદ્ભુત છે. વળી પિતાની લક્ષ્મી હોવા છતાંય બુદ્ધિમાન પુત્ર પરદેશગમન કરી વ્યાપાર વડે પોતાનું ભાગ્ય અજમાવે છે. પરદેશગમન કરવાથી અનેક પ્રકારની ભાષાઓ શીખે છે, અનેક પ્રકારના માણસોને મળે છે. તેનાથી ચતુરાઈ વધે છે. વિવિધ પ્રકારની કળાઓનો અભ્યાસ થયો છે. અન્ય જે લોકો માતા-પિતાની છત્રછાયામાં રહે છે અને પિતાની જ લક્ષ્મી વાપરે છે તેઓ કશું નવું શીખતા નથી કૂવામાં રહેતા દેડકાની માફક સારાસારનો વિવેક પણ જાણતા નથી.

રાજા સાંભળીને આનંદ પામે છે અને દત્તશેઠને કહે છે : "તું પણ તારા પિતા જેવો હોંશિયાર થયો, ધન કમાયો, તે ક્યાં ક્યાં મુસાફરી કરી ? તને શું શું અનુભવ થયો ? કંઈક જાણવા જેવું હોય તો કહે."

દત્તકુમારે રાજાને પોતાની મુસાફરીને લગતી હકીકત કહી અને જણાવ્યું કે ભાગ્યના પ્રતાપે ધન પણ કમાયો. કરિયાણાની પોઠીઓ ભરીને સાથે સાથે ગામ-નગર વ્યાપાર કરતો છેવટે દેવશાલપુર નગરે સ્થિર થઈને કમાયા પછી ગઈકાલે જ પાછો ફર્યો છું. પોતાના વસ્ત્રમાંથી એક ચિત્રપટ બહાર કાઢીને રાજાના હાથમાં મૂકે છે. રાજા એ ચિત્રપટ જોતાં જ એક ધ્યાન થઈ જાય છે.

રાજા મનમાં વિચારે છે. 'આહા !' આ કઈ દેવીનું ચિત્ર હશે ? પાતાલ કન્યા હશે કે દેવાંગના હશે ? વિદ્યાધર કન્યા હશે કે નાગકન્યા ? શું સુંદરતા છે ! શું મોહકતા છે !' આ ચિત્રપટમાં રહેલી બાળાને જોતો જોતો અનેક વિચારો કરતો દત્તને પૂછે છે. "આ કઈ દેવીની છબી છે ?"

"દેવ આ કોઈ દેવીની છબી નથી પણ મનુષ્ય છે."

જવાબ સાંભળી દેવ અચંબામાં પડી જાય છે અને વિચારે છે મનુષ્યમાં આવું સુંદર રૂપ સંભવી શકે ? દેવ કે વિદ્યાધરમાં જ સંભવી શકે પછી દત્તને પૂછે છે કે આ બાળા કોણ છે ?

દત્ત જવાબ આપે છે. "આ બાળા મારી બહેન છે"

રાજા : "તારી બહેન ? વણિક કન્યા ?"

દત્ત : "ના રાજકન્યા."

રાજા આશ્ચર્ય વ્યક્ત કરે છે કે જો આ બાળા, રાજકન્યા હોય તો પછી દત્તની બહેન કેવી રીતે હોઈ શકે ?

શંખરાજાના પ્રશ્નના ઉત્તરમાં દત્તકુમાર આ રાજબાળા તેની ધર્મભગીની કેવી રીતે થઈ તેના વિશે એક નાનકડી કથા કહે છે.

પિતાની આજ્ઞા મેળવી ધન કમાવા તેમજ દેશાટન કરવા દત્તકુમાર મોટા સાર્થ સાથે નીકળે છે. એક એક નવા શહેરને જોતાં એ લોકો દેવશાલ દેશની નજીક પહોંચે છે. પોતે ઘોડા પર સવાર થઈને સાર્થની આગળ ચાલતો હતો અને માર્ગ ક્યાં જાય છે તે જોતો હતો. તે સમયે દૂરથી તેણે એક ઘોડેસ્વારને જમીન ઉપર પડેલો જોયો. દત્તકુમાર તેની પાસે જાય છે અને ખ્યાલ આવે છે. એક સ્વરૂપમાન નવયુવાન મૃત્યુને ભેટવાની તૈયારીમાં મૂર્છિત પડ્યો છે. તેનો ઘોડો નજીકમાં મરણ પામેલો પડ્યો છે. તરત જ પોતે ઘોડા ઉપરથી ઉતરી એ નવજવાન પાસે જાય છે. કંઈક આશા જેવું લાગતા તેના પર પાણીનો છંટકાવ કરે છે, અને બીજી સારવાર કરે છે. તેનાથી તે યુવાન ભાનમાં આવે છે અને બેઠો થાય છે. દત્તકુમાર તેને પૂછે છે, "આપ કોણ છો ? આ કષ્ટદાયક સ્થિતિમાં શી રીતે આવ્યા ?"

યુવાન કહે છે, "હે પરોપકારી, હું દેવશાલપુર નગરથી આ અશ્વ ઉપર સવારી કરીને નીકળ્યો હતો પણ વિપરીત શિક્ષા પામેલો અશ્વ મને લઈને ખૂબ દૂર નીકળી ગયો. આખરે હું અને અશ્વ બંને ખૂબ થાકી ગયા. પરિણામે આ અશ્વ પડીને મરી ગયો અને હું મરવાની તૈયારીમાં હતો ત્યારે આપે મન નવજીવન આપી બચાવી લીધો."

કુમાર કહે છે, "અમે પણ દેવશાલપુર તરફ જઈએ છીએ. એટલે આપણે સાથે જઈશું. તમે જરા સ્વસ્થ થાઓ પછી આપણે આગળ વધીએ."

સાર્થ પણ પાછળથી આવી પહોંચે છે. દત્તકુમાર યુવાનને શીતલજલ અને મોદક વગેરે આપી ભોજન કરાવે છે. તેને સુખાસનમાં બેસાડી વાતો કરતાં કરતાં આગળ વધે છે. વાઘ, સિંહ અને વરૂની ગર્જનાઓ સંભળાય એવા ભયંકર જગંલને પસાર કરે છે. બીજે દિવસે જંગલમાં અનેક હાથી ઘોડા અને રથ પર સવાર સુભટોને જુએ છે. કુમારને લાગે છે, આ બધા તેમને લૂંટવા અથવા યુદ્ધ કરવા આવ્યા લાગે છે.

નજીક આવીને સુભટોમાંનો એક ઘોડેસવાર કુમાર પાસે આવીને કહે છે ગભરાશો નહિ તે લોકો તો અશ્વથી હરાયેલા એક ઘોડેસવારને શોધવા નીકળેલા છેં. અને કહેતા કહેતા તેની નજર સુખાસનમાં બેઠેલા યુવાન તરફ પડે છે અને એકદમ આનંદમાં આવી જાય છે. અને 'જયસેન કુમારનો જય થાઓ' એવી ઘોષણા કરે છે. જે તમામ સુભટો ઝીલી લે છે. પાછળથી વિજયરાજા આવે છે એટલે જયસેન સુખાસન પરથી ઊભો થઈને પિતાને વંદન કરે છે.

આ બનાવથી દત્ત તાજુબ થઈ જાય છે. તે દરમિયાન જયસેનકુમાર પોતાની આપવીતી ટૂંકમાં કહીને દત્ત તરફ આંગળી ચીંધીને રાજાને કહે છે, "પિતાશ્રી આ પરોપકારીએ મારી સારવાર કરીને મને બચાવ્યો છે."

જયસેનકુમારની વાણી સાંભળી વિજયરાજ દત્તકુમાર પાસે આવીને કહે છે, "કુમાર તું પણ આજથી મારો બીજો દીકરો છે. તારો ઉપકાર જેવો તેવો નથી." એમ કહીને દત્તકુમારને લઈને પોતાના પરિવાર સાથે રાજમહેલમાં પાછા ફર્યા. ત્યારથી દત્તકુમાર અને જયસેનકુમાર સાથે ખાતા, પીતા અને રહેતા હતા. બંને વચ્ચે ગાઢ મિત્રતા બંધાઈ ગઈ. જયસેનકુમારને કલાવતી નામની અત્યંત સ્વરૂપવાન બહેન હતી અને સકલકળાને જાણતી હતી. યુવાન વયમાં પ્રવેશતા રાજાને તેની ચિંતા થઈ. તેના વિવાહ માટે રાજાએ અનેક ઠેકાણે તપાસ કરી છતાં પણ તેમનું હૃદય માનતું નથી. પછી દત્તકુમારને કહે છે, "દત્ત આ તારી બહેનના વિવાહ તું જ કર."

દત્તકુમાર રાજાની આજ્ઞા માથે ચડાવે છે અને પોતાની ધર્મ બહેનના યોગ્ય સ્થાને વિવાહ કરવાનું વચન આપે છે. પછી તે કલાવતીના સ્વરૂપ પ્રમાણે ચિત્રપટ તૈયાર કરે છે. તે લઈને શંખરાજાના દરબારમાં આવે છે, અને શંખરાજાને ઉપર પ્રમાણે વાત કરે છે.

દત્તની વાત સાંભળીને રાજાને આશ્ચર્ય થાય છે અને તેની નજર ચિત્રપટ ઉપરથી ખસતી નથી. તે બોલી પડે છે, "વાહ ! શું અદ્ભુત સ્વરૂપ છે, જાણે સાક્ષાત્ દેવી !" દત્ત કહે છે, "દેવ, આપના જેવા પુરુષોત્તમ પામીને તે જરૂર દેવી થશે."

"આ કેવી રીતે શક્ય બને ?" શંખરાજા અધીરા થઈને પૂછે છે. ત્યારે દત્તકુમાર કહે છે, "દેવ, શા માટે શક્ય નથી ? પોતાના ગુણવાન અને પરાક્રમી સ્વામીને છોડીને આ કન્યા રત્ન બીજા કોને આપવી ? આપ જ તેને યોગ્ય છો, દેવ !"

દત્તની વાણી સાંભળી રાજાને સંતોષ થયો. દત્તની વાણીનો પરમાર્થ સમજનારા શંખરાજાના પ્રધાનો ઘણાં હતાં. તેમાંથી મતિસાગરમંત્રીએ રાજાને કહ્યું, "હે કૃપાનાથ ! આ દત્તકુમાર તો અમારાથી પણ ઘણા આગળ છે. અમે તો અહીં રહીને સ્વામીનું કાર્ય કર્યા કરીએ છીએ જ્યારે દત્તકુમાર તો પરદેશમાં જઈને સ્વામીનું કાર્ય કરે છે."

સુમતિ મંત્રી બોલ્યા, "જે બીજાનું અહિત કરીને પોતાનો સ્વાર્થ સાધે તે અધમ છે, જે પારકાનું અને પોતાનું બંનેના હિત સાધે તે મધ્યમ છે. પણ ઉત્તમ જન તો એ છે જે પોતાના સ્વાર્થનો ભોગ આપીને અન્ય જનનું ભલુ કરે છે. આ દત્તકુમાર એવો ઉત્તમ જન છે." આવી રીતે જુદા જુદા રાજમંત્રીઓ પોતાના અનેક મધુર વચનોથી રાજાના ઉત્સાહને વધારતા હતા તેમ જ દત્તને હાથ ધરેલુ કામ પાર પાડવા ઉત્તેજન આપતા હતા.

આજના વાર્તાલાપમાં સમય ક્યાં પતી ગયો તેની પણ સમજ પડી નહિ. પછી પ્રતિહારીએ સમયનું નિવેદન કરવાથી રાજાએ સભા વિસર્જન કરી. એ ચિત્રપટના ધ્યાનમાં રાજાને સભા વિસર્જન થયા પછી પણ ક્યાંય ચેન પડ્યું નહિ. શંખરાજાએ સ્નાન કર્યું, સેવાપૂજા કરી, ભોજન કર્યું પણ એનું ચિત્ત હતું કલાવતીના સૌંદર્યમાં ! અને પેલી દિવ્ય મનોહર છબીમાં. રાજાને રાત્રે નિંદ્રા પણ આવતી નથી.

## :: કલાવતી ::

દત્તકુમારે કલાવતીનું ચિત્રપટ રાજાને બતાવ્યા પછી બે દિવસના વ્હાણા વહી ગયા. શંખરાજાને ચેન પડતું નથી. ખાન, પાન કે વિદ્વાનોની ગોષ્ટિમાં પણ રાજાને આનંદ આવતો નથી. તેના હૃદયનો ગમ ભૂલાવવા માટે અને મનને બીજી દિશામાં વાળવા માટે અનેક પ્રયત્નો થતા હતા છતાં રાજા એ ચિત્રપટની બાળાને ભૂલી શકતા નથી. બાળાના દર્શન માટે આકુળ-વ્યાકુળ થઈ જાય છે. પણ એમ કંઈ ઉતાવળે આંબા પાકે ?

પ્રાતઃકાળે રાજા રાજસભામાં બેઠો હતો, મંત્રીઓ અનેક પ્રકારની વિનોદ વાણીથી રાજાને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. તે દરમિયાના રાજાના ચરપુરુષોમાંનો એક પુરુષ રાજસભામાં ધસી આવ્યો તેના ધબકારા વધેલા હતા. શ્વાસોશ્વાસ પણ પરાણે લઈ શકતો હતો. રાજાને નમસ્કાર કરીને બોલ્યો, "હે રાજન ! કોઈક રાજા સકળ સૈન્યને લઈને આપણા નગર તરફ ધસી આવે છે. શસ્ત્રાસ્ત્રથી સજ્જ તેના અનેક ઘોડેસવારો આપણી રૈયતને રંજાડતા ન જાણે કે શું કરવા માંગે છે ? આપને જે યોગ્ય લાગે તે નિર્ણય લો."

ચર પુરુષની વાત સાંભળી રાજા અને મંત્રીઓ અજાયબી પામી ગયા. તેમને થયું કે કોઈની પણ સાથે તેમને વેરવિરોધ નથી પછી કયો દુશ્મન અત્યારે સુતેલા સિંહને જગાડીને પોતે મરવા તૈયાર થયો છે ? શંખરાજે ચર પુરુષને વિદાય કર્યો. રણભેરી વગડાવી રાજસભા વિસર્જન કરી. રણભેરી

-તાંબાના નાદથી આખું ય શંખપુર ખળભળી ગયું. નગરની બહાર કેમ્પમાં લશ્કર પણ તૈયાર થઈ ગયું. અને રાજાના હુકમની રાહ જોવા માંડ્યા. નગરજનો પણ વ્યાકુળ થઈ ગયા કે શું થયું હશે ?

રાજાએ શસ્ત્રોથી સજ્જ થઈ અને શત્રુ તરફ કૂચ કરવાની સેનાપતિને આજ્ઞા આપી ત્યાં જ દત્તકુમાર આવી પહોચ્યાં રાજાને પ્રણામ કરી આ ખળભળાટ પ્રયોજન પૂછ્યું. રાજા નવાઈ પામીને કુમારને પૂછે છે, “શત્રુનું દળ આપણી નગરીમાં ઘૂસ્યું (પેઠું) છે અને તું કંઈ જાણતો નથી ?” દત્તકુમાર હસી પડે છે અને કહે છે કે તેઓ શત્રુ નથી અને લડવા પણ આવતા નથી. પરંતું ચિત્રપટ વાળી કન્યાના ભાઈ જયસેન પધાર્યા છે. દત્તકુમારની વાત સાંભળી અને રાજા ઠંડા પડે છે. અને દત્તકુમારને ભેટ આપે છે. રાજાના મંત્રીઓ પણ દત્તકુમારની ગંભીરતા અને બુદ્ધિમત્તાના વખાણ કરે છે. રાજાને કહે છે, “દત્તકુમારે કન્યાના પિતાને આપના ગુણો સંભળાવ્યા હશે એટલે તેમણે કન્યાને ભાઈ સાથે સ્વયંવર માટે આપની પાસે મોકલી હોય તેવું લાગે છે.” કુમાર પણ મંત્રીઓની બુદ્ધિના વખાણ કરે છે બધા જ એકબીજાના ગુણને જોનારા જ હતા.

મંત્રીઓને જયસેનકુમારનું સ્વાગત કરવાની વ્યવસ્થા કરવાનું કહી રાજા રાજમહેલમાં પાછા ફર્યા. તેમના આનંદનો પાર નથી. જેને મળવા માટે પોતે આતુર હતા અને બે-બે દિવસથી પોતાને ચેન નહોતું પડતું તે અણધાર્યુ સામે આવી જવાથી તેમનો આનંદ અવર્ણનીય હતો. ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે માંનવી આકાશપાતાળ એક કરી નાખે છે. અનેક ધમપછાડા કરવા છતાંય ભાગ્યહીન માનવીને ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતી નથી. કારણકે તેમાં પુણ્યની ખામી હોય છે. મનોવાંછિત ફળ મેળવવાનું સામર્થ્ય માત્ર પુણ્યમાં જ છે. અને એ પુણ્ય ધર્મ કરવાથી મળી શકે છે. શ્રાવક ધર્મ આચરનારા ભવ્ય આત્માઓના ભાગ્યમાં કોઈ ખામી હોતી નથી. સુખ મેળવવા માટે આત્માઓ ભૌતિક પદાર્થો મેળવવામાં જેટલો પ્રયત્ન કરે છે તેનાથી અર્ધો પ્રયત્ન પણ જો ધર્મની આરાધના માટે કરે તો તેમના વિષમ કાર્યો પણ સરળતાથી સિદ્ધ થઈ શકે.

રાજાની આજ્ઞા પ્રમાણે રાજમંત્રીઓ દત્તકુમારને લઈને જયસેન રાજકુમારના સ્વાગત માટે ગયા. અને મંગલવાજિંત્રોના મધુર સ્વરોથી ગુંજતા હર્ષ ભર્યા આવકારથી તેમનું સ્વાગત કર્યું. જયસેનકુમાર અને કલાવતીને નગરીની રાજવાટિકામાં ઉતારો આપ્યો અને સુભટો તથા અન્ય અધિકારીઓને આસપાસ ઉતરવાની સગવડ કરી. મહેમાનોના આનંદ-વિનોદ માટે અનેક પ્રકારના મનોરંજન થયા. એ આનંદમાં આખો દિવસ પસાર થઈ ગયો.

બીજે દિવસે મહામહોત્સવપૂર્વક રાજમંત્રીઓ જયસેન કુમારને હાથી ઉપર બેસાડીને નગરમાં તેડી લાવ્યા. નગરની ભવ્યતાને નિહાળતો જયસેનકુમાર રાજસભામાં આવ્યો. શંખરાજાને વંદન કરી તેમની સમક્ષ ભેટણું મૂક્યું. શંખરાજા સિંહાસન પરથી ઉભા થયા અને જયસેનકુમારને ભેટ્યા બન્ને પરસ્પર મળ્યા. જયસેનકુમારને પોતાની સાથે સિંહાસન પર બેસાડ્યા અને તેમની સાથે આવેલા એમના મંત્રીઓ સુભટો વગેરેને યોગ્ય સ્થાને બેસાડ્યા. સત્કાર વિધિ પૂર્ણ થઈ એટલે જયસેનકુમારનો મંત્રી ઊભો થયો અને શંખરાજાને બે હાથ જોડી તેમની નગરીમાં પધારવાનું પ્રયોજન કહ્યું. મંત્રીની વાણી સાંભળીને શંખરાજા પ્રસન્ન થયા અને નમ્રતાથી જયસેનકુમારના પિતાને આધાર આપી તેમની ઇચ્છાને માન આપી રાજકન્યા કલાવતી સાથે લગ્ન કરવાની સંમતિ આપી.

રાજ જ્યોતિષીઓને બોલાવી લગ્નનો શુભ દિવસ નક્કી થયો. એ દિવસે ધામધૂમથી શંખરાજા અને રાજબાળા કલાવતીનાં લગ્ન થઈ ગયા. વિજયરાજે જે જે ઘોડા, રથ, વસ્ત્રો, જર ઝવેરાત દાસ દાસીઓ વગેરે કન્યાદાન માટે આપ્યું હતું. તેનાથી પણ અધિક કલાવતીને આપી દીધું. શંખરાજાના આગ્રહથી થોડા દિવસ રોકાઈને જયસેનકુમાર પોતાના નગરે ચાલ્યા ગયા. પુણ્યવંત આત્માઓને જગતમાં શું શું નથી મળતું ? દુઃસાધ્ય વસ્તુઓ પણ પુણ્ય હોય તો સરળતાથી મળી શકે છે. માટે પુણ્ય બાંધવા માટે જે જે કારણો હોય તેની આરાધના દરેક આત્માએ કરવી જોઈએ અને પુણ્યનું ભાથું બાંધવું જોઈએ.

## :: સૌંદર્યના જાદુ ::

રાજરાણી કલાવતી અતિ સૌન્દર્યવાન છે. પોતાના સૌંદર્ય વિશે સભાન છે. અરિસાભુવનમાં પોતાના સૌંદર્યને નિહાળતા નિહાળતા વિચારે છે કે આ અદ્ભુત રૂપથી જ ભયંકર સિંહોને વશ કરાનાર પુરુષો પોતે વશ થઈ જાય છે. અનેક જાદુ કરતાં જગતમાં રૂપ-સૌંદર્યના જાદુ અદ્ભુત છે. જો સ્રીઓમાં આવું આકર્ષક સૌન્દર્ય ના હોત તો તે કદી સમર્થ પુરુષો પર પોતાનો પ્રભાવ પાડી શક્ત નહિ. મનમાં પોતાના સૌંદર્યના વખાણ કરતી કલાવતી અરિસાભુવનમાં પોતાના વાળ ઓળતા શંખરાજાનો વિચાર કરે છે કે એ અહીં આવે તો ? અને ખરેખર શંખરાજા આવી ચડે છે. શરમની મારી કલાવતી સંતાઈ જાય છે. આ રીતે તેમનો પ્રેમાલાપ અને ક્રીડા ચાલે છે.

બંને પતિ-પત્ની મહાન હતા. અદ્ભુત વ્યક્તિત્વ ધરાવનાર હતા. શંખરાજા બહાદુર અને વીરોનો વીર હતો. કલાવતી સતીઓમાં પણ શ્રેષ્ઠ હતી. બંનેમાં અનેક ગુણો હતા. ઉત્તરોત્તર ભાવિકાળમાં પણ બન્ને ઉન્નત્ત પદવીને પ્રાપ્ત કરનાર ઉચ્ચ આત્માઓ હતા. પણ અત્યારે તો એકબીજાના રાગમા રમમાણ હતા. જેવો કર્મોદય તેવી જ પ્રવૃત્તિ !

પ્રેમને આધીન થયેલા માનવોની માફક શંખરાજ, કલાવતીના સ્નેહમાં વશમાં થઈ ગયા હતા. વિવિધ સુખને ભોગવતા રાજા, રાજકાર્યમાં ધ્યાન ઓછું આપતા થઈ ગયા. પ્રિયાથી દૂર થવું તેમને ગમતું નહીં. પ્રિયા સાથે જ ખાતા, પીતા અને પ્રેમાલાપ કરતા. બીજે ક્યાંય જવાનું તેમણે છોડી દીધું હતું. કલાવતી સિવાય બધું જ રાજા માટે તુચ્છ હતું. આવા અનુપમ ભોગોને ભોગવતી કલાવતીની નગરની નારીઓ પણ ઈર્ષ્યા કરવા માંડી. કેટલીક સમજુ નારીઓ કલાવતીના સૌભાગ્યની પ્રશંસા કરતી તો કેટલીક તેના જેવું સૌભાગ્ય પોતાને મળે તે માટે ધર્મ કરવા માટે તત્પર બની.

પ્રતિદિવસ વિવિધ સુખો ભોગવતાં તેમનો કેટલો સમય પસાર થઈ ગયો તેની એ દંપતિને ખબર પણ પડી નહી. દુઃખમાં અલ્પ સમય પણ દીર્ઘકાલ જેવો લાગે છે જ્યારે સુખમાં દીર્ઘકાળ પણ અલ્પ થઈ જાય છે. મનુષ્યને દુર્લભ એવા ભોગો ભોગવતા કલાવતીએ એક સુંદર ભાગ્યવાન ગર્ભને ધારણ કર્યો. તેની પ્રતીતિરૂપે કલાવતીને એક રાત્રે સુંદર સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે રાત્રીના છેલ્લા પ્રહરમાં ક્ષીરોદધિ જળથી ભરેલો સુવર્ણ કળશ જોયો. એ મનોહર કળશના ગળામાં પુષ્પમાળાઓ ગુંથેલી હતી. સુંદર ચિત્રવિચિત્ર કમળથી એ કળશનું મુખ ઢંકાયેલું હતું. એવા એ કળશને જોતા સવારના મંગલમય નાદોથી તે નિંદ્રામાંથી જાગૃત થઈ. જાગીને અત્યંત હર્ષ પામી શંખરાજાને પોતાના સ્વપ્નની વાત કરી. અને પતિને સ્વપ્નના ફળ વિશે પૂછ્યું. શંખરાજાએ અત્યંત વહાલ અને ખુશી સાથે કહ્યું, "રાજ્યધુરાને ધારણ કરવામાં સમર્થ એવો પરાક્રમી પુત્ર થશે અને આપણા મનોરથ ફળશે."

કલાવતી શાસ્ત્રની રીત પ્રમાણે ગર્ભને પોષવા માંડી. ગર્ભને પોષણ મળે તેવું ભોજન કરતી હતી અને ઔષધ પણ લેતી હતી. હાથે જડીબૂટીઓ બાંધી હતી અને ગર્ભના રક્ષણ માટે ઈષ્ટદેવની આરાધના પણ કરતી હતી. આ રીતે નવ માસ પૂરા થયા એટલે પ્રથમ પ્રસુતિ પિતૃગૃહે થાય તેવો રિવાજ હતો. એટલે વિજયરાજે રાજસેવકોને મોકલ્યા. તે રાજસેવકો દત્તના ઘેર આવી ગયા. બીજે દિવસે રાજસભામાં જવું તેવો નિર્ણય લેવાયો. પરંતુ કલાવતીને ખબર પડી એટલે તરત જ તે દત્તના મકાનમાં દોડતી આવી. કુટુંબના સમાચાર પૂછ્યા અને ભાઈએ મોકલેલું ભેટણું લઈને રાજભવનમાં પાછી ફરી.

## :: રંગમાં ભંગ ::

રાતનો સમય હતો. રાજમહેલ અનેક પચરંગી દીપકોથી ઝગમગી રહ્યો હતો. શંખપુરના નાનામોટા રસ્તા તેમજ અનેક ધનાઢયોના તથા રાજ્યાધિકારીઓના આવાસોમાં દીપકો પ્રકાશી રહ્યા હતા અને તેમની સમૃદ્ધિને સૂચવતી પચરંગી પતાકાઓ હવામાં લહેરાઈ રહી હતી. રાજમહેલના

એક સુંદર ખંડમાં પટ્ટરાણી કલાવતી પોતાની સખીઓ સાથે આનંદથી વાતો કરતા કરતા સમય પસાર કરી રહી હતી. એક - બે દિવસમાં પિતૃગૃહે જવાનું હોવાથી માતાપિતા તેમ જ ભાઈને મળવાના આનંદમાં તેનું હૈયું ભાવવિભોર બની ગયું હતું. તેણે અત્યંત આનંદ સાથે પોતાની એક સખીને પોતાના નાજુક હાથો પર પહેરેલા બાજુબંધ બતાવ્યા અને કહ્યું, "મારા પ્રાણથી પણ અધિક પ્રિય આ આભૂષણ મોકલનારને હું ક્યારે મળીશ ? "અધીરા ના થાઓ. થોડા જ સમયમાં તમે તેમને મળવાના છો. પ્રિયજનોનો મેળાપ પણ ભાગ્ય વગર થોડો થાય છે ? તમે તો મોટા ભાગ્યવાળા છો." સખીના કોમળ શબ્દો સાંભળી કલાવતી આનંદ પામી અને કહ્યું, "હા સખી , તારી વાત સાચી છે. આ બાજુબંધ જોઉં છું ત્યારે એ પોતે જ મારી પ્રત્યક્ષ ઉભો હોય એવું મને લાગે છે અને ખુશી થાય છે. મારા ઉપર કેટલો સ્નેહ રાખે છે. જગતમાં આવો સ્નેહ ક્યાંય હશે ?"

નિર્દોષપણે કલાવતી અને સખીનો થતો આ વાર્તાલાપ અકસ્માતે આવી ચડેલા રાંજએ ગુપ્તપણે સાંભળી લીધો. રાજાનું મન તોફાને ચડ્યું. એણે વિચાર કર્યો કે આ બાજુબંધ કોણે મોકલ્યો હશે ? કોના સ્નેહની વાત કલાવતી કરી રહી છે ? આવું સ્ત્રીનું હ્રદય હોય ? પતિના પ્રેમની કોઈ કિંમત નહિ ? પોતે એના પર કેટલો ઓવારી જાય છે જ્યારે આ તો બીજાના પ્રત્યે સ્નેહમાં ઘેલી થઈ છે. જે સ્ત્રી પોતાના પતિને છેતરે એ સ્ત્રી કહેવાય કે રાક્ષસી ? દેવી કે દાનવી ? રાજાના શંકાશીલ મનમાં અનેક કાળા વાદળો ઘેરાઈ ગયા. ક્ષણ પહેલા પોતાની પ્રાણપ્રિય પ્રિયા અત્યારે તેના માટે રાક્ષસી થઈ ગઈ. રાજાના મનમાં વહેમનું વમળ એટલું બધુ ગોળ ગોળ ફરવા માંડ્યુ કે શંકાની તપાસ કરવા જેટલી ધીરજ પણ તેનામાં રહી નહી. રાજાએ આવશેમાં કલાવતીને દુષ્ટા માની તેનો ફેંસલો કરી નાંખવાનો નિર્ણય કરી નાખ્યો. "આ પાપણી તો મારી નગરી લજવશે હવે તેને એક દિવસ પણ રાજમહેલમાં રખાય નહી. તેને તેના કર્મ યોગ્ય અવશ્ય શિક્ષા તો થવી જ જોઈએ." આકુળવ્યાકુળ રાજાને અત્યારે કોણ સલાહ આપી શકે ?

હૃદયમાં કંઈક નિશ્ચય કરી શંખરાજા ગુપચુપ પાછો ફરે છે. પોતાના શયનગૃહમાં આવીને આડો પડ્યો. મન શાંત કરવા અનેક પ્રયત્ન કરે છે. પણ મન શાંત થતું નથી. ઉંઘવા પ્રયત્ન કરે છે પણ ઉંઘ આવતી નથી. છેવટે સવાર થવાની પણ રાહ જોતો નથી અને શયનગૃહમાં આવી પહેરેગીરને બૂમ મારે છે. પહેરેગીર આવે છે એટલે તેને ભટ્ટને બોલાવી લાવવાની આજ્ઞા આપે છે. પહેરેગીર જાય છે પછી પાછું તેનું મન ચકરાવે ચઢે છે, "આ દુષ્ટાને મારી નંખાવું ? કે પછી જંગલમાં જંગલી જાનવરોના ખોરાક માટે છોડી દઉ ? મારે હવે શંખપુરમાં તો આ રાણી જોઈએ જ નહિ." આવા વિચારોમાં મગ્ન રાજાને, ભટ્ટ સામે આવીને ઊભો રહે છો પણ ખ્યાલ આવતો નથી. ભટ્ટને જોઈને પોતાના વિચારોમાંથી બહાર નીકળી ભટ્ટને હુકમ આપવા માંડે છે. રાજા ભટ્ટને કહે છે, "જો પ્રાતઃકાળે સૂર્યોદય થતાં કલાવતીને રથમાં બેસાડી ભયંકર જગલમાં લઈ જઈ છોડી મૂક. જો એમા જરાપણ ગફલત થશે તો તને કુટુંબ સહિત મરાવી નાખીશ."

રાજઆજ્ઞા સાંભળી ભટ્ટ મનમાં અનેક વિચારો કરતો પોતાના ઘેર જાય છે અને પ્રાતઃકાળ થતાં વહેલો વહેલો નિત્યક્રમથી પરવારી રથ તૈયાર કરી કલાવતીના મહેલ આગળ આવે છે. બે હાથ જોડી, મસ્તક નમાવી ભટ્ટ પટ્ટરાણીને કહે છે, "મહારાજ ઉપવનમાં પધાર્યા છે. આજે આખો દિવસ ત્યાં આનંદમાં ગાળવાનો હોવાથી મને આપને તેડવા મોકલ્યો છે. આપ રથમાં બેસો એટલી જ વાર છે." કલાવતી મનમાં ખુશ થાય છે અને વિચારે છે રાજાને મારા વગર જરાય રહી શકાતું નથી. તેથી ઉદ્યાનમાં પણ બોલાવે છે. આવા અપૂર્વ પ્રેમ મેળવવા બદલ પોતાને ભાગ્યશાળી માનતી રાણી તૈયાર થઈ મહેલના પગથિયા ઊતરી અને રથમાં બેઠી. રથ તો શંખપુરને છોડી જંગલના માર્ગે દોડવા માંડ્યો. બાહ્ય ઉદ્યાનો પણ પસાર થઈ ગયા. પછી કલાવતીને જમણું નેત્ર ફરકવા માંડ્યું અને શરીર બેચેન બની ગયું. મધ્યાહ્ન થઈ ગયો પણ રથ તો આગળને આગળ જ જતો હતો. કલાવંતી અતિ ધીરજવાન હોવા છતાં ધીરજ રાખી શકી નહિ અને ભટ્ટ પર ગુસ્સાથી

લાલચોળ બનીને તેને પૂછવા માંડી, સાચી વાત શું છે ? હવે ભટ્ટ ભર જંગલમાં આવી પહોંચ્યો હતો. સૂર્ય પણ જાણે નારાજ થઈ પોતાનો પ્રકાશ સંકેલી લેવાની તૈયારીમાં હતો. સાંજ પડવા આવી હતી. તેને હવે આ મહાસતી ક્યાંક પોતાને શ્રાપ આંપી બેસે તો ? એમ વિચારી રાણીને કહે છે, "મને માફ કરો, મારો કોઈ અપરાધ નથી. રાજાનો હુકમ મારી ના મરજી હોવા છતાં આ પાપી પેટને લીધે માન્ય રાખવો પડ્યો છે. તેમનો હુકમ છે કે આપને જંગલમાં ત્યજી દેવા. મને ક્ષમા કરો."

આજે વિધાતા કેમ વેરણ થઈ હશે તેમ ગુસ્સામાં વિચારતા કલાવતી રથમાંથી નીચે ઉતરી પડે છે. ભટ્ટ દેવના ભરોસે ભર જંગલમાં કલાવતીને ત્યજીને નગર તરફ ચાલ્યો જાય છે. રથમાંથી ઊતરીને કલાવતી એક વૃક્ષની નીચે બેસે છે. અફાટ મૂંઝવણથી તે મૂર્છિત થઈ જાય છે. વનના મંદમંદ લહેરાતા પવનથી કલાવતી થોડીવારે ભાનમાં આવે છે અને ધીમે ધીમે બેઠી થાય છે. તેની નજર સામે ઉભેલી રાક્ષસી જેવી ચંડાલણ પર પડે છે. તેના હાથમાં કાપવાનું હથિયાર છે.તેને જોઈને ડરની મારી કલાવતી ધ્રૂજી જાય છે. જેમ તેમ હિંમત ભેગી કરી તેને પૂછે છે કે તે કોણ છે ? અટ્ટહાસ્ય કરતી એ મનુષ્ય રાક્ષસી કહે છે, "રાજા તારા પર રૂઠ્યો છે. તેમણે તારા બાજુ બંધવાળા બંને હાથ કાપીને લઈ જવાનો હુકમ કર્યો છે." અને કલાવતીના આભૂષણ યુક્ત બંને હાથ છેદી નાખ્યા અને તે લઈને રાજાને અર્પણ કરવા નગર તરફ ચાલી ગઈ. ન જાણ્યું જાનકીનાથે કાલે સવારે શું થવાનું છે ?

## :: શીલ પ્રભાવ ::

એકલી અટુલી પડેલી રાજરાણી કલાવતી ચંડાલણીએ તેના હાથ છેદી નાખ્યા પછી કલ્પાંત કરે છે, માતા, પિતા અને ભાઈને યાદ કરે છે વિચાર કરે છે કે તેના કયા પાપ ઉદયમાં આવ્યા હશે ? પતિએ જરા સરખો પણ વિશ્વાસ ના કર્યો ? પોતાને જંગલમાં પશુઓના ખોરાક માટે છોડી દીધી ?

તપાસ પણ ના કરી ? જ્યારે પોતાની નિર્દોષતા વિશે જાણશે ત્યારે તેમને કેટલો પશ્ચાતાપ થશે. વિચારતા વિચારતા બેભાન થઈ ગઈ. વિધાતાએ ભવાંતરનું કરજ ભરપાઈ કર્યું હતું. બેભાન થયેલી કલાવતી વનમાં મંદમંદ વાતા પવનથી ભાનમાં આવી. ફરી પાછી વિલાપ કરવા માંડી. તેની તેજસ્વી અને વિશાળ આંખો ભયભીત હતી. આવા ભંયકર જંગલમાં ધર્મ સિવાય તેની રક્ષા કરવાવાળું કોઈ હતું નહી.

દુઃખની મારી કલાવતી વિચારે છે પોતે કરેલા કર્મો પોતાને જ ભોગવવા પડે છે. પરભવમાં એવું કોઈ અધમ કાર્ય થઈ ગયું હશે. જેનું આ ફળ મળ્યું છે. પ્રાણથી પણ પ્યારા પતિએ પણ તરછોડી દીધી. આભૂષણયુક્ત સુંદર બે હાથ પણ છેદાઈ ગયા. વિધિના લેખ મિથ્યા થતા નથી. પૂરા દિવસ જતા હોવાથી પ્રસુતિનો સમય પણ પાકતો જ હતો તે આ આફતના સમયમાં પ્રસવવેદના ઉપડી. અત્યારે સમય રૂઠેલો છે એટલે એક દુઃખ પત્યું નથી અને બીજું આવી પડ્યું. એમ સ્વીકારીને વેદનાથી ઘસડાતી ઘસડાતી કલાવતી નજીકમાં ઘુઘવાટ કરતી શ્યામસરૂપા સિંધુ નદીના કિનારા નજીક આવી જ્યાં નાના નાના ઝાડવાઓના જુથ હતા. એ જુથમાં અંદર પ્રવેશ કરતાં કલાવતીને વેદના થઈ પણ સહન કર્યા વગર છૂટકો ન હતો. એની સંભાળ રાખનાર કોઈ તેની પાસે હતું નહી. પાણી માંગતા દૂધ હાજર થાય અને દાસીઓનું વૃંદ પડ્યો બોલ ઝીલવા તૈયાર હોય તેવી કલાવતી પાસે કોઈ ખબર પૂછનાર પણ હતું નહી કુદરત રૂઠે ત્યારે ગમે તે માનવીની દશા બગાડી નાખે છે.

કેટલોક સમય આ વેદનામય સ્થિતિમાં રહ્યા પછી જાણે મૃત્યુ આવશે એવી કારમી પીડા બોગવી કલાવતીએ એક સુંદર બાળકને જન્મ આપ્યો. ચંદ્ર જેવું મનોહર બાળકનું મુખ જોઈ તે પહેલા માતા ખુશ થઈ પણ પાછી વિષાદમાં ડૂબી ગઈ. જંગલમાં જન્મનાર બાળકનું ભાગ્ય કેવું હશે ? એને લેવા માટે હાથ પણ નથી, કોઈ દાસી પણ નથી અને વધામણી આપનાર પણ કોઈ નથી. પોતે જ્યારે એકલી હતી ત્યારે જીવનની એને કોઈ પરવા

નહોતી. આ ભયંકર જંગલમાં મૃત્યુ આવે તો પણ તે તૈયાર હતી. કારણકે ધર્મીજનોને મૃત્યુનો ભય જરાય હોતો નથી. જ્ઞાનીઓ જીવન મૃત્યુમાં સમદષ્ટિવાળા થઈ જાય છે.

બાળકનો જન્મ થયા પછી કલાવતીના જીવનમાં પરિવર્તન થયું. તેની ચિંતામાં વધારો થયો. બાળકના મોહથી એના જીવનમાં મમત્વભાવ જાગ્યો. બાળકને વાત્સલ્યથી નીરખી તેને દીર્ઘ આયુષ્ય અને મોટા ભાગ્યના આશીર્વાદ આપતી રહી. પણ એ આનંદ ઝાઝુ ટક્યો નહી. એ ચપળ બાળક માતાની ગોદમાં રમતો હતો અને અચાનક મેઘની ઘોર ગર્જનાથી ભય પામ્યો (ચમક્યો) અને ગોદમાંથી નીચે સિંધુના જળપ્રદેશ તરફ ગગડવા માંડ્યો. કલાવતી બેબાકળી થઈ ગઈ. પોતાને હાથ પણ નહોતા કે ઝટ દઈને ઉચકી લે. એનું હૈયું ચિત્કાર કરી ઉઠ્યું કે એ નદીમાતા પોતાનું રત્ન એનામાં સમાવી લેશે કે શું ? આ પૃથ્વી પર અનેક પાપીઓ વસે છે છતાં અત્યારે ભાગ્ય આ રંક અબળા પાછળ કેમ પડ્યું છે ? મરતા ને કેમ મારે છે ? એમને એમ વિચારતી બાળક પાછળ ઘસડાતી ઘસડાતી જવા માંડી. છેવટે હાથ નહી હોવાથી બાળકને બે પગ વચ્ચે રાખી રોકી લીધો પણ હવે એ ને લેવો કેવી રીતે ? હવે જો બાળક પગમાં ખસી જાય તો સીધો જ ઊંડા જળમાં ગરક થઈ જાય. કોની મદદ માગવી ?

છેવટે રૂદન કરતાં કરતાં નદીમાતાને પ્રાર્થના કરવા માંડી. "હે દેવી તમને હું નમન કરું છું. દીન-અનાથ એવી મને આપ મદદ કરો. મારા બાળકનું રક્ષણ કરો. જો શીલ જયવંતુ હોય, શાસનદેવો પણ જો શીલને માનતા હોય, શીલતરફ તેમનો ભક્તિભાવ હોય, મારું શિયળ કલંકરહિત હોય તો હે માતા મારા બાળકનું રક્ષણ કરો." કલાવતીના આક્રંદ અને શીલના પ્રભાવથી સિંધુદેવીનું સિંહાસન કંપાયમાન થયુ અને દેવી તત્કાળ કલાવતી આગળ હાજર થઈ. એના કપાયેલા હાથના બદલે નવીન બાહુલતા પણ આભુષણયુક્ત પ્રગટ થઈ. સતી કલાવતી પોતાના હાથ અને દેવીને જોઈ ખુશ થઈ. અને દેવીની સ્તુતિ કરવા માંડી. દેવીએ પ્રસન્ન થઈને કહ્યું.

"સતી ! દુઃખમાં ધીરજ રાખજે. ભવાંતરનું તારુ મહાન પાપકર્મ હવે નામશેષ થઈ ગયું છે. સૌ સારું થશે. હજી તારે આ પુત્ર સહિત ઘણો કાળ રાજસમૃદ્ધિ ભોગવવાની છે." એટલું કહી દેવી અદશ્ય થઈ ગઈ.

પોતાના બંને કોમળ હાથો વડે બાળકને તેડી કલાવતી નદીના કાંઠે દૂર એક વૃક્ષ નીચે આવીને બેઠી. અનેક વિચારો તેના મનમાં આવવા માંડ્યા. તેને થાય છે જો તેણે પહેલા શ્રમણીધર્મ સ્વીકાર્યો હોત તો આવી આપદા ના આવત. જેઓ શીલધર્મથી સુશોભિત છે, તેમજ જિનેશ્વરના આગમોનો અભ્યાસ કરવામાં જ જે પોતાનો સમય વ્યતિત કરે છે તેવા શ્રમણશ્રમણીને તેણે હૃદયપૂર્વક વંદન કર્યા. આ ગોઝારી રાતનો અંત આવ્યો અને પ્રાતઃકાળનો સૂર્યોદય થયો. વાતાવરણ રમણીય બની ગયું. કુદરતનું સૌંદર્ય જોવામાં કલાવતી પોતાનું દુઃખ વીસરી ગઈ.

પ્રાતઃકાળે સૂર્યોદય થતાં સિંધુનદીના જળમાં સ્નાન કરવા આવતા એક તાપસની નજર કલાવતી પર પડે છે. તાપસ વિચારે છે, "આ કોણ હશે ? વનદેવી કે વિદ્યાધરી ? પોતાના બાળકને લઈને ક્રીડા કરવા આવેલ નાગકન્યા કે નૃત્યાંગના ?" કોઈ દિવસ નહીને આજે સ્રીને જોઈને તાપસ ચકિત થઈ ગયો. ધીમે ધીમે કલાવતી પાસે આવ્યો. અને પૂછ્યુ. બહેન, આ ભયંકર જંગલમાં તમે ભૂલા પડ્યા છો ? તમે ગભરાશો નહી. મને ધીરજથી કહો, "તાપસ પુરુષની મધુરવાણી સાંભળીને પહેલા તો શંકાશીલ બનેલું તેનું મન શાંત પડ્યું. તેણે કહ્યું, દુઃખ અને દુર્ભાગ્યના યોગે અહીં આવી પહોંચેલી એક અનાથ સ્રી છે. તાપસ કહે છે તેમનો આશ્રમ નજીકમાં છે, "કુલગુરુ તમારું સ્વાગત કરશે અને ધર્મોપદેશ આપશે. તેનાથી તમારું દુઃખ દૂર થશે અને કુલગુરુ માર્ગ પણ બતાવશે."

કલાવતી બાળકને લઈને તાપસ સાથે તપોવનમાં જાય છે. અને કુલગુરુને વંદન કરે છે. કુલગુરુ તેને અહીં આવવાનું કારણ પૂછે છે. સાંભળીને કલાવતી રડવા માંડે છે. કુલગુરુ તેને વિશેષ ના પૂછતા આશ્વાસન આપે

છે. સંસારમાં સુખદુઃખ તો પાપ અને પુણ્યરૂપ વૃક્ષના ફળ છે. તે ફળ દરેક જણે કાલાંતરે ભોગવવા પડે છે. પોતાની કરેલી બુરાઈ અગર ભલાઈના ફળ ભોગવતા હર્ષ કે શોક કરવો જોઈએ નહિ. કલાવતીને જોઈને કહે છે કે કુલિન અને મોટા ભાગ્યશાળી લાગે છે માટે સારૂ જ થશે. ધીરજ રાખી થોડો સમય સુખેથી આશ્રમમાં રહી બાળકનું પાલન કરવાનું કહે છે. કુલગુરુની વાણી સાંભળી કલાવતીને સારા ભાગ્યની આશા જાગી. અને તાપસીઓના સમુદાયમાં યથાશક્તિ ધર્મ આચરી તપસ્વીનીઓ સાથે રહી બાળકનું પાલન કરતા પોતાનો સમય વ્યતીત કરવા માંડી.

## :: પશ્ચાતાપ ::

**(વિચાર કર્યા વગર કોઈપણ કાર્ય કરવું નહી, પાછળથી પસ્તાવો થાય છે. લાંબો વિચાર કરીને કરેલું કાર્ય વિજય અપાવે છે.)**

પ્રાતઃકાળે શંખરાજ મનમાં અનેક વિચાર કરતો સિંહાસન પર બેઠો હતો એના મનમાં જાતજાતના વિચાર આવતા હતા. પોતાના કાર્યના પરિણામની ઉત્સુકતાથી રાહ જોતો હતો. જાણે દુષ્ટકામ કરનારને સજા કરી પોતે મોટો ઇન્સાફ કર્યો હોય ! શાંત ચિત્તે સંતોષથી કોઈના આગમનની રાહ જોતો હતો. તેટલામાં જ પેલી ચંડાલણી મહારાજની આજ્ઞા મેળવીને ત્યાં હાજર થઈ. ચંડાલણીએ રાજાને નમન કરી બાજુબંધવાળા એ કોમળ નાજૂક હાથ શંખરાજા સમક્ષ રજુ કર્યા. એ બાહુલતાને જોઈને રાજા મનમાં વિચારી રહ્યો કે સુંદર બાહુલતાને પોતે કેટલો પ્રેમ કરતો હતો. પોતાની પાસે વિપુલ સત્તા અને રાજ્યની સમૃદ્ધિ હોવા છતાં આશિકના આભૂષણ પહેરવાનું એ કુટિલ સ્રીને મન થયું. સ્રીઓની કુટિલતાનો તાગ બ્રહ્મા પણ પામી શકતા નથી. રાજાને ઊંડા વિચારમાં પડેલા અને મુખ પર જાતજાતના ભાવ જોતા ચંડાલણી ભય પામી ગઈ અને કોપાયમાન રાજા ક્યાંક પોતાને જ મારી નાખશે એવા ભયથી ત્યાંથી નાસી જ ગઈ.

એક ધ્યાને જોતા અચાનક રાજાની નજર જયસેનના નામ ઉપર પડી. નામ વાંચીને એના મનમાં વિજળીનો આંચકો લાગ્યો. જયસેન તો કલાના ભાઈનું નામ છે. શું કલાવતીના પિયરથી કોઈ આવ્યું છે ? એવા વિચારોથી એના હૃદયમાં અનેક ઉલ્કાપાતો મચી ગયા. શરીર કંપવા લાગ્યું અને તત્કાળ ગજશેઠને બોલાવ્યા. શેઠ આવ્યા ત્યારે પૂછ્યું, "દેવશાલપુરથી કોઈ આવ્યું છે ?" ત્યારે શેઠે કહ્યું, "હા મહારાજ !" દેવીને તેડવા રાજાએ રાજસેવકો મોકલ્યા છે તે મારા ઘેર રહ્યા છે. પણ રાણીને પૂર્ણ ગર્ભ માસ થયા જાણી તેડી જવાનો આ અવસર નથી તેવું જાણી તમને મળ્યા નથી. રાજાએ તરત જ સેવકોને બોલાવ્યા અને પૂછ્યું, "રાજાએ દેવી માટે કાંઈ મોકલાવ્યું છે ?" તેમણે જવાબ આપ્યો, "હા રાજન આપના માટે તથા દેવી માટે વસ્ત્રો અને આભૂષણો મોકલ્યા છે. પરંતુ કેટલાક અમે દેવી ગત દિવસે માતાપિતાના કુશળ સમાચાર જાણવા આવ્યા ત્યારે તેમને આપી દીધા હતા. જયસેન કુમારે કીમતી હીરામાણેક જડેલા બાજુબંધ કરાવ્યા હતા તે પણ લઈ ગયા છે."

રાજસેવકોની વાણી સાંભળી રાજાને મૂર્છા આવી ગઈ. સિંહાસન ઉપરથી જમીન ઉપર પડી ગયા. રાજમહેલમાં હાહાકાર થઈ ગયો. રાજરાણીઓ, મંત્રીશ્વરો વગેરે બધા મહેલમાં ભેગા થઈ ગયા. અનેક શીત ઉપચાર કરીને મંત્રી રાજાને ભાનમાં લાવ્યા. ભાનમાં આવતાની સાથે જ રાજા ફરી વિલાપ કરવા માંડ્યા. મંત્રીઓએ રાજાને પૂછ્યુ કે વાત શું છે ? ત્યારે રાજાએ કહ્યું, "મંત્રીવર તમને શું કહું ? આજ સુધી નામથી શંખ હતો. પણ તે નામ આજે સાર્થક કર્યું છે . લોકો પણ મારો તિરસ્કાર કરશે. બુદ્ધિવગરનો, વિચાર વગરનો મૂર્ખ શંખભારથી છે એવું કહેશે. મેં પાપીએ નિર્દોષ અને નિષ્કલંક ગર્ભવતી કલાવતીને મિથ્યા કલંકની શંકાએ મરાવી નાખી. ચંડાલથી પણ હીન કૃત્ય મારા હાથે થયું છે." પછી સુવર્ણ થાળ ઉપરથી ટુવાલ ખસેડી લીધો. કપાયેલા બે હાથ જોઈને હાજર રહેલા તમામ સ્તબ્ધ થઈ ગયા. એકબીજાના મોઢા જોવા માંડ્યા. નગરમાં વાત વાયુ વેગે પ્રસરી ગઈ. રાણી વર્ગ પણ વિલાપ કરવા માંડ્યો. હાહાકાર થઈ ગયો.

શું બોલવું તે કોઈને સમજ પડી નહિ. બીજી બાજુ રાજા વિલાપ કરતો હતો. તેના પશ્ચાતાપનો પાર ન હતો. તેણે મંત્રીને કહ્યું, "નિર્દોષ અને પવિત્ર પ્રિયાને મરાવી નાખી હવે મારે પ્રાયશ્ચિત કરવું છે. તમે નગર બહાર લાકડા એકઠા કરાવી ચિતા તૈયાર કરાવો. તેમાં હું અગ્નિસ્નાન કરીશ." આવી વાત સાંભળી લોકો હાલી ગયા. રાણીઓ રૂદન કરવા માંડી, મંત્રીશ્વરો, મોટા રાજ પુરુષો અને નગરના મહાજનો રાજાને વિનવવા માંડ્યા એક પાપ તો થઈ ગયું હવે બીજું પાપ શું કામ કરો છો ? મંત્રીઓની અનેક પ્રકારની આજીજી છતાં શંખરાજ ઘોડા પર સવાર થઈ નગર બહાર બળી મરવા ચાલવા માંડ્યો. પશ્ચાતાપથી ધગધગતા હૈયા પર કોઈપણ ઠંડુ પાણી રેડી શક્યું નહીં.

કોઈની વિનંતી કે શિખામણની રાજા પર અસર થઈ નહી એટલે છેલ્લા ઉપાય તરીકે ગજશેઠે વિનંતિ કરી કે અહીં નજીકમાં જીનેશ્વર ભગવાનનું દેરાસર છે ત્યાં પ્રથમ દર્શન કરવા. પરભવનું ભાતુ બંધાશે એમ વિચારી રાજા જિનેશ્વર ભગવાનના દર્શન કરવા તૈયાર થયા. દર્શન કરી નજીકમાં રહેતા જ્ઞાની મુનિશ્વર પાસે ગયા અને તેમને વંદન કર્યા. જ્ઞાની ગુરુએ રાજાની મુશ્કેલી સાંભળી ઉપદેશ આપ્યો, "જન્મ, જરા અને મૃત્યુથી ભરપુર આ સંસાર રોગ, શોક, આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરેલો છે. તેમાં દેવતા, નારકી, મનુષ્ય અને તિર્યંચ આ ચારે ગતિમાં ભ્રમણ કરતા જીવો અનંત દુઃખો ભોગવે છે. ક્રોધ એ આત્માનો અધોગતિ તરફ લઈ જનારો ભયંકર દુર્ગુણ છે. તારી જેમ ક્રોધને વશ થયેલા પ્રાણીઓ ઘણા અનર્થ કરે છે. એવો ભયંકર ક્રોધ કરવાવાળો પદ્મરાજા કંઈ ઓછા અનર્થને પામ્યો નથી."

રાજા પૂછે છે. આ પદ્મરાજા કોણ છે ? બળી મરવા તૈયાર થયેલા રાજાને વિલંબ કરાવવા ગજશેઠ જિનદર્શન અને ગુરુવંદનના પ્રસંગો ઊભા કર્યા ભાગ્યોદયે બંને લાભ રાજાને મળ્યા અને તેમાંય પાછી પદ્મરાજાનું કથાનક સાંભળવાની જિજ્ઞાસા પણ જાગૃત થઈ. પાપના ઉદયમાં પણ મહાન માણસોનું પુણ્ય પણ કામ કરી જાય છે, અને રાજા પદ્મરાજાનું કથાનક સાંભળવા તૈયાર થયો.

## :: પદ્મરાજા ::

પૂર્વે પદ્મપુર નગરમાં લક્ષ્મીને પ્રિય, ન્યાયપરાયણ પદ્મનામે રાજા હતો. એક દિવસ રાજવાટિકામાં ફરવા ગયેલા રાજાએ વરૂણશેઠની અદ્‌ભુત લાવણ્યવતી કન્યા જોઈ. અંતઃપુરમાં અનેક રાણીઓ હોવા છતાં પદ્મરાજ એ કન્યાના સૌંદર્ય પર મોહી પડ્યો અને માગણી કરી પરણી ગયો. પરણીને રાજકાર્યના લીધે કહો કે કન્યાના દુર્ભાગ્યે કહો. રાજા કન્યાને ભૂલી ગયો. અનેક વર્ષોના વહાણા વહી ગયા પછી રાજાએ ફરીથી એ માર્ગે જતાં એ કન્યા પ્રૌઢ યુવતીને જોઈ. સુંદર વસ્ત્ર અને આભૂષણ રહિત માત્રા સાદા વસ્ત્રોમાં હોવા છતાં પણ રાજાને આકર્ષણ થયું. રાજાએ મંત્રીને પૂછ્યું, “આ કન્યા કોણ છે ?” મંત્રીએ જવાબ આપ્યો, “આપે પરણીને ત્યજી દીધેલી વરૂણ શેઠની કન્યા અને આપની ધર્મપત્ની છે.” રાજાને પશ્ચાતાપ થયો છે કે આવી કુલીન સ્ત્રીને પરણીને પોતે ત્યજી દીધી છે તે સારુ થયું નથી.

રાજાએ તે સ્ત્રીને પોતાના અંતઃપુરમાં તેડાવી. રાજકાજમાંથી પરવારી રાત્રે રાજા નવી પત્નીના મહેલે ગયો. નવોઢા પત્નીની માફી માગી અને પોતાનો અપરાધ માફ કરવા કહ્યું. રાણીએ નમ્રતાથી કહ્યું, “મહારાજ, આપનો દોષ નથી મારા દુર્ભાગ્યનો દોષ છે. પરભવમાં એવા પાપ કર્યા હશે કે જેથી આપના દર્શનનો લાભ મળ્યો નહી.” રાજા મનમાં ખુશ થયો અને રાણીની શરમને મુકાવી અને તેણે શરમને મૂકીને અનેક કામકલાની કુશળતાઓ પ્રગટ કરી. પૂર્વે કરેલા પાપને લીધે જગતમાં કોઈ વખત ગુણમાં પણ દોષ દેખાય એ નિયમાનુસાર રાજાના મનમાં શંકા થઈ. “ભોગવિલાસ ભોગવ્યા વગર આ સ્ત્રી કામ કલામાં આટલી કુશળ કેવી રીતે હોઈ શકે ? નક્કી આ નારી ભોગવિલાસ ભોગવવા વાળી છે. શંકાના લીધે રાજા તરત જ તેને મારી નાખવાનો વિચાર કરે છે. એને થાય છે કે જંગલમાં રખડતી મૂકી દેવાથી આપોઆપ મરણને શરણ થઈ જશે.”

મંત્રીને બોલાવીને રાજાએ તરત જ પોતાની હકીકત કહી એ રાણીને હિંસક પ્રાણીઓના શિકાર માટે જંગલમાં છોડી દેવાનો હુકમ કર્યો. સમયને જાણનારા મંત્રીએ રાજાને કંઈપણ શિખામણ આપ્યા વગર હુકમ માથે લીધો. પણ રાણીને જંગલમાં છોડવાના બદલે પોતાના મહેલના ભોંયરામાં છુપાવી દીધી અને તેને ધરપત આપી. હવે આ બુદ્ધિશાળી મંત્રી રાજાના મહેલમાં પાછો આવ્યો. રાજા ખુશમિજાજમાં મંત્રીઓ અને સભાસદો વાર્તાલાપ કરી રહ્યો હતો. રાજાની શંકા દૂર થાય તેવી રમૂજ ભરી કથા કહેવાનો વિચાર કરીને રાજાને કહે છે, "મહારાજ આપણા નગરમાં એક આશ્ચર્યકારી બનાવ બન્યો છે." એમ કહી કથાની શરૂઆત કરે છે.

"આપણા નગરમાં ધન્ય નામે એક શ્રેષ્ઠી હતો. તેને શ્રીમતી નામની પત્ની અને ધન, ધનદ, ધર્મ અને સોમ નામના ચાર પુત્રો હતા. ચારે પુત્રોને પરણાવીને શેઠે પોતાના ધંધામાં પારંગત કર્યા. એક દિવસ ધન્ય શેઠ બીમાર થયા. બીમારીએ ભયંકર રૂપ લીધું અને શેઠનો મરણકાલ નજીક આવ્યો. સગાસંબંધી ભેગા થયા. તેમના આગ્રહથી શેઠે પુત્રોને શિખમાણ આપી. ચારે ભાઈઓ સંપીને રહેજો. નાનામોટાની મર્યાદા સાચવીને રહેશો તો ક્લેશ થવાનો સંભવ રહેશે નહી. છતાં પણ જો છૂટા પડવાનો વારો આવે તો ચારેય દિશામાં કળશ દાટેલા છે તે અનુક્રમે લઈ લેજો." તે પછી ધન્ય શેઠ મૃત્યુ પામ્યા. થોડો સમય તો ચારે ભાઈ સંપીને રહ્યા પણ પછી સ્ત્રીઓની ખટપટના લીધે છૂટા પડવાનો વારો આવ્યો ચારે ખૂણેથી તેમણે કળશ કાઢી લીધા. ધનના કળશમાંથી ધૂળ નીકળી. ધનદના કળશમાંથી હાડકા, ધર્મના કળશમાંથી શાહી અને સોમના કળશમાંથી સોનામહોરો નીકળી. આ બનાવથી મોટા ત્રણ ઝંખવાણા પડી ગયા અને સોમ તો રાજીરાજી થઈ ગયો. સગાવહાલા બધાને ખૂબ નવાઈ લાગી. શેઠે આવું કેમ કર્યું હશે ? બધા વાદવિવાદ કરવા માંડ્યા સોમ પોતાના ભાગમાંથી કોઈને આપવા રાજી હતો નહી એટલે આ વિવાદનો અંત કોઈ લાવી શક્યું નહીં. રાજા અધવચ્ચે મંત્રીને પૂછી બેઠો, "નાના ભાઈએ કશું આપ્યું નહીં તેનો ઇન્સાફ કેમ કોઈએ કર્યો નહી ?"

છ માસ સુધી તેમણે રાજકચેરી ના આંટા માર્યા પણ ન્યાય મળ્યો નહિ. છેવટે નિરાશ થઈને ચારે ભાઈ પરદેશ ગયા. માર્ગમાં કોઈ એક ગામમાં જઈ ચડ્યા. ગામના ચોરે (ચકલુ) બેઠેલા વૃદ્ધ પશુપાલે તેમને જોયા. તે પંડિત હતો. તેણે ચારેને પરદેશી જાણી પૂછપરછ કરી કે એ લોકો ક્યાંથી આવ્યા છે અને ક્યાં જાય છે ? વૃદ્ધ પશુપાલને ચારે ભાઈઓએ પગે લાગીને બધી જ હકીકત કહી. વાત સાંભળી પશુપાલે કહ્યું તમારા પિતા વિદ્વાન લાગે છે. તેમણે તમારું હીત જ જોયું છે. "કેવી રીતે ? હે પૂજ્ય અમને સમજાવો અને વિવાદ નિવારો." ચારે મુસાફરીથી કંટાળેલા ભાઈઓ બોલી ઉઠ્યા. પશુપાલે સમજાવ્યું. "તમારા પિતા વિચક્ષણ હોવાથી જે પુત્રને જે યોગ્ય છે તે આપ્યું છે. મોટાના કળશમાં ધૂળ નીકળી છે મતલબ જમીન, ખેતીવાડી, બધુ તેને આપેલું છે. બીજાના કળશમાં હાડકા નીકળ્યા છે મતલબ એ કે તેને ગાય, ભેંસ, બળદ, ઘોડા વગેરે આપેલું છે. ત્રીજાના કળશમાંથી શાહી નીકળી મતલબ દુકાનનો વ્યવસાય, ખાતાં, પતરાં, દસ્તાવેજો, રાજસેવા વગેરે જેનો નિભાવ લખવા ઉપર જ ચાલે છે તે બધું તેને સોંપ્યું છે. અને ચોથો જે હજી નાનો છે તેને કોઈ ધંધામાં કશી ખબર ના હોવાથી સોનામહોરો એટલે રોકડ રકમ આપી છે. આ સત્ય ઇન્સાફ છે. છતાં જેને ઓછું વધારે લાગે તે તેને મળેલી મિલકતની કિંમત કાઢીને સરખાવી જુએ એટલે તરત ખબર પડી જશે. પણ ડાહ્યા થઈને લઢશો નહી."

પશુપાલની વાણી સાંભળી ચારે ભાઈઓ રાજી થયા. તેમને પગે લાગ્યા. તેમણે ખૂબ ખૂબ આભાર માન્યો. નાના ભાઈને જે વિડંબના કરી હતી તેની માફી માંગી અને હળીમળીને ઘેર આવ્યા. અને ઉજવણી પણ કરી. મંત્રીની વાર્તા સાંભળીને બધા આનંદમાં આવી ગયા. રાજા પણ પશુપાલની હોંશિયારીથી ચકિત થયો. તેણે વિચાર્યું કે જેમ પશુપાલે હોંશિયારી વાપરી તેમ પ્રિયા પણ શાસ્ત્રજ્ઞ હોવાથી કામશાસ્ત્રની નિપૂણતાને લીધે કામકલા જાણતી હશે અને પોતે એને હિંસક પશુઓનો શિકાર બનાવી દીધી. પદ્મરાજા પશ્ચાતાપ કરવા માંડ્યો. શોકમાં મગ્ન રાજાએ કામશાસ્ત્ર જાણનારી નિર્દોષ

અને પવિત્ર સ્ત્રી રત્નને મરાવી નાખી એટલે પોતાને બળી મરવા માટે ચિતા તૈયાર કરવાનું કહ્યું. મંત્રી રાજાનો હૃદયપલટો પારખી ગયો અને ખાનગીમાં કહ્યું, "સ્વામી ! ધીરજ ધરો. આપની પ્રિયા હજી હયાત છે." મંત્રીએ રાતાના સમયે ગુપ્ત સ્થાનેથી રાજપત્નીને રાજા સમક્ષ રજૂ કરી રાજા મંત્રીને ભેટી પડ્યો. મંત્રીને ન્યાલ કરી પોતાની પ્રિયા સાથે સુખમાં સમય પસાર કરવા માંડ્યો.

કથા પૂરી કરીને જ્ઞાનીમુનિએ શંખરાજાને કહ્યું, "એ પદ્મરાજાની જેમ તું પણ સ્ત્રીનો ત્યાગ કરીને હવે મૃત્યુને ભેટવા તૈયાર થયો છે ? ધર્મીજનોએ બીજાના નાશની જેમ પોતાનો નાશ ના કરવો. જગતમાં આપઘાત સમાન પાપ બીજું એકેય નથી. એના કરતા સર્વ દુઃખનો નાશ કરનાર અને સુગમ એવો અર્હત્ ધર્મ કેમ ના આચરવો ?" મુનિનો ઉપદેશ સાંભળવા છતાંય રાજાના મનનો વિચાર બદલાતો નથી અને મુનિ સાંત્વના આપે છે, "રાજન્ મોહના લીધે હજી મૃત્યુને શા માટે ઇચ્છે છે ? જીવતો નર ભદ્રા પામે એ કથન વિચાર, ધીરજ ધરવાથી વધુ સારું થશે. ધર્મના પ્રભાવથી તારું સારું થશે. કારણ કે નિરાશામાં અમર આશા છુપાઈ છે. હવે તું એક ભૂલ પર બીજી ભૂલ કરનાર કપિલનું આખ્યાન સાંભળ પછી તું અનર્થ નહી કરે."

## :: કપિલ બ્રાહ્મણ ::

પૂર્વકાળમાં ગંગાનદીના કિનારે દિવસમાં ત્રણવાર સ્નાન કરનારો કપિલ નામે બ્રાહ્મણ રહેતો હતો. શૌચ ક્રિયામાં તત્પર એવા એ બ્રાહ્મણ અપવિત્ર થવાના ડરથી ઘેરથી બહાર પણ કવચિત જ નીકળતો હતો. કોઈ માણસનો સ્પર્શ થાય, કૂતરા બિલાડા અડી જાય તોય નાહી નાખતો. કપિલના મનમાં શૌચ સંબંધી અનેક વિચારો આવ્યા કરતા કે બારે મહિના દરમિયાન પશુઓએ વિષ્ટા અને મૂત્ર કરેલા હોય અને વરસાદ આવે એટલે બધુય પાણી નદી - તળાવમાં ભેગુ થાય. એ નદી કે તળાવમાં સ્નાન કરનારો કેવી રીતે પવિત્ર ગણાય. પોતાનો ધર્મ બરાબર પાળતો નથી એમ દુભાયા કરતા

કપિલને એક ખલાસીએ કહ્યું કે સમુદ્ર વચ્ચે શેરડીથી ભરપૂર એક અભયદ્વીપ છે. મનુષ્યના અને પ્રાણીઓ રહિત એ દ્વીપમાં બરાબર શૌચ ધર્મ પાળી શકાશે. કપિલે અભયદ્વીપ જવાની તૈયારી કરી. સંગાસંબંધી અને અનેક સ્નેહીજનોએ અનેક રીતે સમજાવવા છતાં દરેકના સ્નેહનો ત્યાગ કરીને કપિલ વહાણમાં બેસી અભયદ્વીપ ચાલ્યો. નાવિકે પણ કપિલને ત્યાં ઉતારી ચાલી ગયો. એકલી કપિલ વાવડીઓ ત્રણવાર સ્નાન કરતો અને શેરડીનું ભોજન કરતો. કેટલાક દિવસ જતાં રોજ શેરડી ખાતાખાતા હોઠ ફાટી જવા માંડ્યા કારણકે શેરડી દાંતથી છોલવી પડતી હતી. એના મનમાં વિચાર આવ્યો કે આ સૃષ્ટિ રચનાર બ્રહ્મા કેવા અક્કલ વગરના છે. નાના મોટા વૃક્ષોના ફળો બનાવ્યા છે તેમ શેરડીનું ફળ બનાવ્યું હોત તો કેટલું સારું થાત. જો કે આ દ્વીપના મહિમાથી અહીં ફળ આવતા પણ હોય તેમ વિચાર કરીને ફરતો ફરતો શેરડીના ફળ શોધવા માંડ્યો.

કોઈ વહાણ ભાંગવાથી ત્યાં આવી ચડેલા કોઈક વણિકની સૂર્યની ગરમીથી સુકાઈ ગયેલી વિષ્ટાને જોઈ કપિલ શેરડીના ફળની ભ્રમણામાં ખાવા માંડ્યો. બે સ્વાદ લાગવા છતા આંખો બંધ કરી પોતાની પણ સૂકાયેલી વિષ્ટાને ફળ સમજી ખાવા માંડ્યો. શૌચમાં પણ પવિત્રતા માનનારો પાપની ગર્તામા ગબડી પડ્યો. બ્રહ્માની ભૂલ શોધતા પોતે જાણે વ્યાજબી કરતો હોય તેમ કરવા માંડ્યો. એક દિવસ પેલો વણિક અચાનક કપિલને મળી ગયો. ઘણા દિવસે દ્વીપમાં માણસ જોવાથી કપિલ ખુશ થયો અને પૂછ્યું, "ભાઈ મજામાં છો ને ? તમે શરીરનો નિભાવ કેવી રીતે કરો છો ?" પેલો વણીકે જણાવ્યું કે શેરડી ખાઈને. કપિલ પૂછે છે શેરડીના ફળ તમે ખાતા નથી ? કેવા વળી ફળ ? વણીકને આશ્ચર્ય થાય છે. પોતે માનેલા ફળ વણીકને બતાવવાથી વણિકને ખૂબ દુઃખ થાય છે કે આ બિચારો કપિલ અજ્ઞાનથી વિષ્ટાને ફળ માની બેઠો છે. વણિક કપિલને કહે છે, "કપિલ તું ભીંત ભૂલ્યો છું. તું એવા પાપમાર્ગે ચડી ગયો છે તે સમજશે નહિ. તારો શૌચધર્મ સાચવવા તું અશુચિનું ભક્ષણ કરવાની હદે પહોંચી ગયો છું નાના બાળકને પણ ખબર

છે કે શેરડીના ફળ નથી હોતા પણ એ વાત પર અશ્રદ્ધા કરીને તું વિષ્ટાનું ભક્ષણ કરી તારો આત્મા અપવિત્ર કરી રહ્યો છું." વણિકના વચન સાંભળી કપિલનું મિથ્યાભિમાન ઉતરી ગયું અને હૈયાફાટ રૂદન કરવા માડ્યો. પોતાના કૃત્યની નિંદા કરવા માંડ્યો, "હે વિધાતા ! તે કયા ભવનું વેર વાળ્યું ? ત્રણવાર સ્નાન કરનારો હું નર શ્રેષ્ઠ બ્રાહ્મણ છું. તેં મારી આવી દશા કરી ? સગા સંબંધીને છોડીને શૌચ ધર્મ પાળવા એકાંતમાં આવ્યો અને તે મારી આવી દશા કરી ?"

કપિલને વિલાપ કરતો જાણી વણિક બોલ્યો, "મિત્ર, જે થયું તે થયું. તારા હાથે ભૂલ કરીને હવે દેવને દોષ કેમ આપે છે ? પોતે અપરાધ કરી નિરઅપરાધી દેવને દોષ દેવો તે ક્યાંનો ન્યાય ? હજી તારા શૌચધર્મને માને છે ? બાહ્ય શૌચથી (સ્નાન) પાપ-રહિત થવાતું હોય તો માછલા અને દેડકા તો ઘણું નહાય એ સીધા મોક્ષમાં જ જવા જોઈએ. આત્માને વળગેલા પાપને કાઢવા માટે મનની શૌચતા (શુદ્ધતા), વચનની શૌચતા (સત્યવચન) કાયાની શૌચતા (બ્રહ્મચર્ય) જોઈએ. બાહ્ય સ્નાન તો અહંકાર અને રાગ વધારે છે."

કપિલને હવે સમજાય છે કે પોતે ખોટો હતો પણ પ્રશ્ન કરે છે કે હવે પોતે પવિત્ર કેવી રીતે થાય ? વણિક સમજાવે છે કે અતંરંગ ક્રોધાદિક શત્રુઓને જીતવા તો મનની શુદ્ધતા જોઈએ, પવિત્ર વિચારો જોઈએ. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન દૂર કરવા ધર્મધ્યાનમાં જોડાવું જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે કે કૂવાના પાણીથી સ્નાન કરવું અધમ છે, નદીના વહેતા પાણીમાં સ્નાન કરવું મધ્યમ છે, વાવ અને તળાવમાં સ્નાન કરવાની શાસ્ત્રકારો સાફના પાડે છે. પરંતુ વસ્ત્રથી ગળેલા એવા પવિત્ર જળથી પોતાના ઘેર સ્નાન કરવું ઉત્તમ છે.

કપિલ, વણિકનો આભાર માને છે અને કહે છે પહેલેથી વાત સમજી હોત પોતે મહાપાપમાંથી બચી જાત. વણિક કહે છે, "જે થઈ ગયું તે થઈ ગયું. પવિત્ર કોને કહેવાય તે સમજ. પૃથ્વીની અંદર રહેલું પાણી પવિત્ર કહેવાય, પતિવ્રતા સ્ત્રી પવિત્ર કહેવાય, પ્રજાનું કલ્યાણ કરનારો રાજા પવિત્ર કહેવાય, જે બ્રહ્મચારી છે તે સદાય પવિત્ર કહેવાય. ક્ષમા, શુભવિચાર અને

નિર્બળમન પવિત્ર છે. પવિત્ર-અપવિત્રને સમજ. ચાલ હવે આપણે દેશમાં જઈએ ત્યાં જ્ઞાનીનો સમાગમ મેળવી તારા પાપનું પ્રાયશ્ચિત મેળવી શુદ્ધ થા." કપિલ અને વણિક સ્વદેશ આવ્યા પોતપોતાના કુટુંબીજનોને મળ્યા. કપિલ એના મિથ્યાકદાગ્રહનો ત્યાગ કરી પંડિતોએ આપેલું પ્રાયશ્ચિત કરી શુદ્ધ થયો અને સામાન્ય ધર્મ યથાશક્તિ આચરવા માંડ્યો.

ગુરુએ કપિલની કથા પૂરી કરી રાજાને કહ્યું, "હે રાજા ! કપિલ અશુચિના સ્પર્શ માત્રથી ભય પામનારો, અશુચિનું ભક્ષણ કરવા લાગ્યો. તું પણ દુઃખના ભયથી આત્મઘાત કરીશ તો મોટા દુઃખના ભારને પામીશ. દુઃખ શા માટે આવે છે ? પૂર્વે કરેલા ઘોર પાપથી જ દુઃખ આવે છે આત્મઘાત મોટું પાપ કહેલું છે. માટે મૃત્યુનો વિચાર છોડી અને ધર્મની આરાધના કર. થોડી ધીરજ રાખી એક દિવસ પછી સંપૂર્ણ અંગોપાંગવાળી પુત્ર સહિત તારી પત્નીને તું મળીશ અને ઘણો સમય રાજ કર્યા પછી પુત્રને ગાદી સોંપી તારી પત્ની સાથે દીક્ષા લઈશ." ગુરુની વાણી સાંભળી રાજા સ્વસ્થ થયો. અને રાણી મળે ત્યાં સુધી ત્યાં જ રહેવાનું નક્કી કર્યું.

## :: મેળાપ ::

નંદનવનમાં ગુરુના ઉપદેશથી સ્વસ્થ થઈને શંખરાજને નિંદ્રા આવી ગઈ. દુઃખમાં પણ મહાન પુરુષોનું પુણ્ય જાગૃત હોય છે. નિંદ્રામાં રાજા એક સ્વપ્ન જુએ છે જેમાં ફળવાળી લતા કલ્પવૃક્ષને લાગેલી છે તે કોઈ છેદે છે અને ભૂમિ પર પડી જાય છે. અને વળી પાછી ફળવાળી થઈ કલ્પવૃક્ષને લાગી જાય છે. આ મંગલમય સ્વપ્ન જોઈને રાજા જાગે છે. પ્રાતઃકાળ થવાની તૈયારી હોય છે. આ સ્વપ્નની વાત રાજા ગુરુને કરે છે. ગુરુ સ્વપ્નનો અર્થ સમજાવે છે. "રાજન્ ! તમે જે પટ્ટરાણીનો ત્યાગ કર્યો તેને છેદાયેલી કલ્પલતા સમજવી. એ લતા ફળવાળી થઈ એટલે પુત્રવાળી થઈ અને પાછી જોડાઈ ગઈ એટલે આજે તમને પટ્ટરાણી મળવી જોઈએ. પ્રાતઃકાળ થવાની તૈયારી હોય અને આવેલું સ્વપ્ન તે જ દિવસે ફળ આપે છે."

રાજા ખુશ થયો અને ગુરુને વંદન કરી ખુશ થતો પોતાના નંદનવનમાં પાછો ફર્યો. વિચાર કરીને રાજાએ દત્તશેઠને બોલાવવાની આજ્ઞા કરી. દત્તશેઠની માફી માગી અને રાજાએ કહ્યું પોતાનાથી પાપકર્મ થઈ ગયું છે એ પાપને ભૂલી દત્તશેઠ ભટ્ટને લઈને તેની બહેન લેવા જાય અને માન સહિત તેને તેડી લાવે. "જેવી આપની આજ્ઞા" તેમ કહી દત્ત પ્રાતઃકાળમાં જ ભટ્ટ તેમજ બીજા થોડા લોકો સાથે ભટ્ટના બતાવેલ માર્ગે જંગલમાં જવા નીકળ્યો. ભટ્ટે ભયંકર જંગલમાં કલાવતીને છોડી હતી ત્યાં આવી પહોંચ્યા અને તપાસ કરવા માંડ્યા. ત્યાં કાષ્ટ વીણતા તાપસો પર દત્તની નજર પડી. દત્તને મનમાં ખુશી થઈ અને તાપસો પાસે જઈને એક તાપસને રાણી કલાવતી વિશે પૃછા કરી. આ એજ તાપસ હતો કે જે દરરોજ અહી આવતો હતો. અને કલાવતીને આશ્રમમાં તેડી ગયો હતો. ને ઘોડેસવારોને જોઈને ચિંતામાં પડ્યો. તાપસના ચહેરા પર ચિંતાની રેખાઓ જોઈને દત્તે પ્રશ્નનો જવાબ આપવા દબાણ કર્યું. એટલે તાપસ પૂછે છે, "હજી રાજાનો કોપ દૂર થયો નથી. એ અબળાને વગડામાં એકાકી રઝળતી મૂકીને હાથ કપાવી નાખ્યા. હવે શું કરવા ધારે છે ?" તાપસને કહ્યું કે તેની વાત તો સત્ય છે. પણ હવે બાજી પલટાઈ ગઈ છે. જો આજે સાંજ સુધીમાં રાજા કલાવતીને નહી જુએ તો અગ્નિસ્નાન કરશે. કંઈક અસમંજસમાં તાપસ આશ્રમમાં કુલગુરુ પાસે તેડી ગયો અને સર્વ હકીકત કહી. દત્તની વાત સાંભળી કુલગુરુએ તાપસીઓ સાથે રહેતી કલાવતીને બોલાવી. કલાવતી દત્તને જોતાં જ રડી પડી. દત્તને પણ રડવું આવી ગયું. પછી ધીરજ ધરી દત્તે કલાવતીને સમજાવવા માંડી, "બહેન, આ કોઈ પૂર્વે કરેલ દુષ્ટકર્મનું પરિણામ હતું. રાજા તો માત્ર નિમિત્ત બન્યા. માટે શોક કરીશ નહી. જગતમાં જીવોને જે સુખ કે દુઃખ પ્રાપ્ત થાય છે એમાં બીજાઓ તો ફક્ત નિમિત્ત માત્ર છે બાકી ખરું કારણ શુભાશુભ કર્મ વિપાક જ છે. સંસારમાં એવા કર્મ વિપાકથી જ શત્રુ મિત્ર થાય છે અને મિત્ર દુશ્મનની ગરજ સારે છે. અત્યારે રાજા પણ વિયોગ ભોગવી રહ્યા છે અને તમારા

કરતા અનંતગણો પશ્ચાતાપ કરે છે તેમજ અગ્નિમાં બળી મરવાની તૈયારી કરી રહ્યા છે. એમને જીવતા રાખવા હોય તો રથમાં બેસી જાઓ અને રાજાને બચાવી લો.”

દત્તની વાણી સાંભળીને કલાવતી બેબાકળી થઈ ગઈ. રાજાનો દોષ ભૂલી જઈને તેમને મળવા માટે ઉત્સુક બની કારણ કે પતિવ્રતા સ્ત્રીઓ પતિનું હિત કરનારી જ હોય છે. કુલગુરુ, તપાસ અને તપસ્વીઓને નમસ્કાર કરી તેમની રજા લઈ પોતાના પુત્રને સાથે લઈને શંખપુર તરફ ચાલી. બધા જ શીઘ્રગતિએ માર્ગ કાપવા માંડ્યા. સાંજ પડે સૂર્ય સંધ્યાના સોનેરી રંગમાં ડૂબી ગયો હતો. વાદળની છાયા પ્રકાશને આવરી રહી હતી અને રાજાની ઉત્સકતા વધી રહી હતી. આતુરતાથી પ્રતીક્ષા કરતો રાજા વિચારતો હતો કે જ્ઞાનીના વચન કદી મિથ્યા થાય ? વિચારમાં ચડેલા રાજાની વિચારશ્રેણી એકાએક અટકી ગઈ અને કલાવતીનો રથ નંદનવનમાં આવતો જોયો. દત્તે આવીને પ્રણામ કર્યા, આનંદની વધામણી આપી, રાજાના હૈયામાં હર્ષ સમાતો ન હતો. નંદનવન અત્યાર સુધી સ્મશાન જેવું શૂન્યકાર હતું તે કલાવતીના આગમનથી નંદનવન સમુ રમણીય બની ગયું. અનેક પરારંગી દીપિકાઓનો પ્રકાશ અંધકારનો નાશ કરતો ઝગઝગી રહ્યો. મંગલમય વાજીંત્રો નાદથી મહોત્સવ રચાઈ ગયો.

રાત પડી અને મંદ મંદ ડગલા ભરતો રાજા કલાવતી પાસે આવ્યો. પણ રોષે ભરાયેલી કલાવતીએ રાજા સામે જોયું નહિ. રાજા માફી માંગે છે કે તેના જેવી સતી સ્ત્રીને દુઃખ આપ્યું તે બદલ રાણી તેને માફ કરે. રાણીએ રાજાને કહ્યું, “એમાં તમારો દોષ નથી મારા કર્મનો જ દોષ હશે.” આમ બંનેનું મન શાંત થયા પછી રાણી પૂછે છે અપરાધ શું હતો ? રાણીનો પ્રશ્ન સાંભળી રાજા ઝંખવાણો પડી જાય છે. શું જવાબ આપે ? પણ માફી માંગીને તમામ હકીકત રાણીને કહી સંભળાવે છે. રાણી પણ જંગલમાં ગયા પછીની બધી વાત હાથ કેવી રીતે પાછા મળ્યા તે સહિત બધુ કહે છે.

રાજા કહે છે, "તારા શીલના પ્રભાવથી તારી આફત દૂર થઈ, તારી નામના થઈ પણ મારુ અવિચારી કૃત્ય પણ અમર થઈ ગયું. લોકો તારા ગુણગાન ગાશે અને મારી નિંદા કરશે. મારા આ કૃત્યનું પ્રાયશ્ચિત ક્યારનું ય થઈ ગયું હોત પરંતુ નજીકમાં રહેલા જ્ઞાની મહારાજે ઉપદેશ આપી મને ધર્મમાં સ્થિર કર્યો. પુનઃમિલનની ભવિષ્યવાણી કરી મારો સંશય દૂર કર્યો." રાજાની વાત સાંભળી કલાવતી જ્ઞાની ગુરુમહારાજના દર્શન કરવાની ઇચ્છા વ્યક્ત કરે છે.

બંને જણા વિજોગમાંથી પુનઃમિલનના સુખમાં રાત્રી પસાર કરે છે અને આ સુખદ ઘટનાને પોતાના બાળકનું પુણ્ય માને છે. પ્રાતઃકાળ થતા નિત્યક્રમમાંથી પરવારી પરિવાર સહિત રાજા અને રાણી ગુરુમહારાજને વંદન કરવા જાય છે. ગુરુ મહારાજને વંદન કરી રાજા, રાણી, મંત્રી, સામંત તેમજ બીજા રાજ્યાધિકારી પુરુષો અન્ય મહાજનવર્ગ, પ્રજાવર્ગ તેમ જ સ્ત્રી વર્ગ યથાસ્થાને બેસે છે. મહારાજ શીલ ધર્મનું મહાત્મ્ય સમજાવે છે.

"શીલ એ પ્રાણીઓનું અપૂર્વ ધન છે આપત્તિ, દુઃખ, દુર્ભાગ્ય વગેરેનો નાશ કરે છે. હિંસક પ્રાણી, અગ્નિ, જળ, ભૂત, પલિતના ભયને નાશ કરી અને સુખ સંપદા પ્રાપ્ત કરાવે છે. મોક્ષનું સુખ પણ અપાવે છે. કલાવતીના શીલના પ્રભાવથી કપાયેલા હાથ પાછા મળ્યા અને દુઃખ દૂર થયા. શીલગુણ નરનારીઓમાં સમ્યક્ત્વનો ગુણ આવે તો સઘળા દુઃખ ટળે છે. સમ્યક્ત્વ અશુભ કર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે. સમ્યક્ત્વ નો ગુણ ઉત્પાદન થવો દુર્લભ છે. સંસારમાં પુણ્યના પ્રભાવથી દિવ્ય ભોગો મળી શકે છે. અનેક પ્રકારની વિદ્યા પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ સમ્યક્ત્વના પ્રભાવથી દેવગુરુ અને ધર્મતત્ત્વ જાણવાની ઈચ્છા જાગે છે."

જિનેશ્વર ભગવાને ધર્મ બે પ્રકારનો કહ્યો છે - સાધુધર્મ અને શ્રાવકધર્મ. પંચમહાવ્રતનું પાલન કરવું અને રાત્રી ભોજનનો ત્યાગ કરવો તેમજ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પાળવી એ સાધુનો ધર્મ છે. અને સમ્યક મૂળ બાર વ્રતનું પાલન કરવું એ શ્રાવક ધર્મ છે એ જ રીતે દેવતત્ત્વ, ગુરુતત્ત્વ

અને ધર્મતત્ત્વને જાણનાર અથવા તો એ ત્રણ તત્ત્વો પર શ્રદ્ધા રાખનાર સમ્યક્ત્વી કહેવાય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી મોક્ષમાર્ગ પણ સમ્યક્ત્વ કહેવાય, જિનધર્મનું મૂળ પણ સમ્યક્ત્વ છે. ચિંતામણી રત્ન, કામધેનું અને કલ્પવૃક્ષથી પણ વધારે પ્રભાવવાળા સમ્યક્ત્વ રત્નની જિનેશ્વરો પણ મુક્ત કંઠે પ્રશંસા કરે છે. માટે સમ્યક્ત્વપૂર્વક શ્રાવકધર્મ પાળો. અને હે ભવ્યજનો ! તમારા આત્માને ભવસાગરથી તારો."

જ્ઞાની ગુરુની વાણી સાંભળી સર્વ પર્ષદા પ્રસન્ન થઈ. મિથ્યાત્વની ગાંઠ જેની ભેદાઈ ગઈ છે તેવો રાજા મિથ્યાત્વથી મુક્ત થયો અને સમ્યક્તાપૂર્વક શ્રાવકધર્મ અંગીકાર કરવાની ઈચ્છા ગુરુ સમક્ષ વ્યક્ત કરી. ગુરુએ રાજાને સમ્યક્ત્વનું મૂળ શ્રાવક ધર્મ ઉચરાવ્યો. રાણી કલાવતી એ પણ શ્રાવિકા ધર્મ અંગીકાર કર્યો. તેમને ધર્મમાં સ્થિર કરી ગુરુ અન્યત્ર વિહાર કરી ગયા. રાજારાણી પોતાના સ્થાનકે નંદનવનમાં આવ્યા.

## :: શંખરાજ ::

આ ક્ષણભંગુર જગતમાં પ્રાણી ક્ષણમાં હર્ષઘેલા થાય છે, તો ક્ષણમાં શોકસાગરમાં ડૂબી જાય છે. શંખપુર નગરમાં એવું જ થયું હતું. એક તરફ રાજા મૃત્યુ માટે તૈયાર થઈ ગયો હતો. બીજી બાજુ કલાવતી જંગલમાં તરફડતી હતી. અને રાણીના શીલના પ્રભાવ હેઠળ એકાએક બધા સંજોગો પલટાઈ ગયા. ક્ષણમાં શંખપુર નગરની શોભા અપૂર્વ બની ગઈ. રાજમાર્ગો બીજા ધોરી રસ્તાઓ ધ્વજાપતાકાઓથી સુશોભિત થઈ ગયા. મોટા મોટા દરવાજાઓ પર મોટા મોટા તોરણો બંધાઈ ગયા. સ્ત્રી, પુરુષ, બાળક, વૃદ્ધ, અમીર કે ગરીબ પોતપોતાની શક્તિ પ્રમાણે નવીન વસ્ત્રાભૂષણ અંગીકાર કરી મહોત્સવમાં જઈ રહ્યા હતા. શંખરાજ અને શીલમહાત્મ્ય પામીને અક્ષત અંગોપાંગવાળી કલાવતી અને તેમનો બાળક અંબાડી પર આરૂઢ થઈને નગરમાં આવ્યા. અપૂર્વ મહોત્સવપૂર્વક પ્રવેશ કરીને રાજાએ દીનદુઃખીયાને

વસ્ત્ર અને દ્રવ્યના દાનથી ન્યાલ કરી દીધા. બંદીવાનોને મુક્ત કર્યા. બાર દિવસ પર્યંત નગરમાં મહોત્સવ કર્યો. આ રીતે પુત્રનો જન્મોત્સવ કરીને બાલ રાજકુમારનું નામ પૂર્ણ કલશ રાખ્યું.

સુખદુઃખના અનુભવથી રીઢો થયેલ રાજાએ ન્યાયપૂર્વક રાજ કરવા માંડ્યું અને શ્રાવકધર્મની આરાધના કરતા બાર વ્રતનું પણ પાલન કરવા માંડ્યા. રાજારાણીએ ગુરુનો યોગ મેળવીને બ્રહ્મચર્યનું વ્રત અંગીકાર કરી લીધું. પોતાના રાજ્યશાસનકાલમાં અનેક નવા જિનમંદિરો બંધાવ્યા અને જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર કરાવ્યો. ગુરુ મહારાજ સાધુ સાધ્વીજનોને નમન, સ્તવન, વંદન, ખાન, પાન, સ્વાદિમ, શૈય્યા, શાસ્ત્ર, વસ્ત્ર, પાત્ર આદિ ધર્મોપકરણ વહોરાવી તેમની ભક્તિ કરી. દીન, દુઃખી અને ગરીબ શ્રાવકોનો ઉદ્ધાર કર્યો. જે આ રીતે શ્રાવકધર્મનું પાલન કરતા ઘણો કાળ વ્યતીત કર્યો.

રાજપુત્ર પૂર્ણકલશનું સ્નેહપૂર્વક પાલન કરી તેને શસ્ત્ર અને શાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. રાજકાર્યમાં નિપૂણ થઈ પૂર્ણ કલશ યુવરાજ પદ શોભાવવા માંડ્યો. રાજા શંખરાજને રાજ્ય ભોગવતા ભોગવતા અનુક્રમે પ્રૌઢાવસ્થા આવી. રાજાના મનમાં વૈરાગ્યની ભાવના વધવા માંડી. એક રાત્રે વૈરાગ્યપણાની ભાવનામાં ચોથા પ્રહરમાં આંખ ઉઘડી ગઈ અને સંસારનો ત્યાગ કરી શિવસુખ આપનાર સંયમલક્ષ્મીમાં જ આ ભવની સાર્થકતા દેખાઈ. સવાર પડે છે અને રાજા રાણીને વાત કરે છે. વાત સાંભળી રાણી કલાવતી પણ ખુશ થાય છે. મંત્રીઓને બોલાવી તેમની સંમતિ મેળવી શુભ મુહર્તે પૂર્ણકલશનો રાજ્યાભિષેક કરે છે અને રાજ્યની સંપૂર્ણ જવાબદારી તેને સોંપે છે.

તે સમયે નંદનવનમાં અમિત તેજ ગુરુરાજની શિષ્યોના પરિવાર સાથે પધરામણી થાય છે. મહા આંડબરપૂર્વક પરિવાર સહિત સંયમની ભાવનાવાળો રાજા ગુરુને વંદન કરવા જાય છે. ગુરુની દેશના સાંભળી અંતમાં રાજા પ્રશ્ન કરે છે, 'ભગવન્ ! કલાવતીએ પૂર્વ ભવમાં એવું કેવું કર્મ કર્યું હશે કે તે નિરપરાધી હોવા છતાં મેં તેના બંને હાથ કપાવી નાખ્યા ? રાજાના પ્રશ્નના જવાબમાં ગુરુ એક કથા કહે છે.'

પૂર્વે મહાવિદેહક્ષેત્રમાં નરવિક્રમ નામે રાજા હતો. તેની પટ્ટરાણી લીલાવતીની કુખેં સુલોચના નામની પુત્રી થઈ. અનુક્રમે તે બાળા યૌવાનાવસ્થામાં આવી. એક દિવસ રાજસભામાં એક પરદેશી આવ્યો. અને રાજાને પોપટ ભેટ તરીકે આપ્યો. પોપટના ગુણોનું વર્ણન કર્યું પોપટે પણ શ્લોકો બોલી રાજાને ખુશ કર્યો. રાજાએ તે પુરુષને ઘણું ધન આપીને વિદાય કર્યો. રાજા નરવિક્રમે એ પોપટ પોતાની પ્રિય રાજકુમારી સુલોચનાને આપ્યો. પોપટની ચતુરાઈથી ખુશ થતી સુલોચનાએ એક સોનાનું પિંજર તૈયાર કરાવ્યું. અને દ્રાક્ષ, દાડમ વગેરે સ્વાદિષ્ટ ફળો ખવડાવવા માંડી અને દૂધ-સાકર યુક્ત પાણી આપતી. એ પોપટ રાજબાળાને પ્રાણથી પણ પ્રિય થઈ પડ્યો. એક દિવસ પોતાની સખીઓ સાથે પોપટને લઈને કુસુમાકર નામના વનમાં આવી. એ વનમાં જિનેશ્વર ભગવાનનું ચૈત્ય જોઈને બહુ જ ખુશ થઈ તેમાં પ્રવેશ કરીને રાજબાળાએ સીમંધર સ્વામીની અતિ આનંદપૂર્વક સ્તુતિ કરી. પેલા પોપટ પણ જિનંબિંબને જોઈને વિચારવા માંડ્યો. "મેં આવું જ ક્યાંક જોયુ છે." ખૂબ એકાગ્રતાપૂર્વક વિચાર કરતા પોપટને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવને પ્રત્યક્ષ જોનાર પોપટને શું દેખાયું ?

પાછળના ભવમાં અનેક શાસ્ત્રોને ભણાવીને તેમ જ ભણાવવામાં સાવધાન પંડિતોનો શિરોમણી એવો સાધુ હતો. પરંતુ પુસ્તકો અને ઉપાધિ સંગ્રહ કરવામાં લીન રહીને સંયમની શુદ્ધ ક્રિયામાં પાછો પડ્યો. એ ભવમાં કોઈક ભવની વિરાધનાના લીધે અને કોઈકવાર માયા આચરવાથી આ ભવમાં પોપટ થયો. પૂર્વ ભવમાં જ્ઞાની હોવાથી આ ભવમાં પોપટની યોનિમાં પણ તેને જ્ઞાન થયું. પોપટને પોતાના પર ધિક્કાર થાય છે કે જ્ઞાનરૂપી દીપક પોતાના હાથમાં પ્રગટ રહેલો છતાં મોહમાં અંધ બનીને પંડિત હોવા છતા સંયમરૂપી ધન હારી ગયો. છતાં આજે તિર્યંચ ભવમાં પણ જિનેશ્વર ભગવાનનું દર્શન થયું. હજી પુણ્ય જાગૃત છે એમ વિચારીને ભગવાનનું મોઢું જોયા વગર ભોજન ગ્રહણ કરશે નહિ તેવો નિયમ લે છે.

સુલોચના જિનેશ્વર ભગવાનની સ્તુતિ કરી પોપટનું પાંજરું લઈ પોતાના સ્થાને ચાલી ગઈ. બીજે દિવસે તેણે પોપટને સ્વાદિષ્ટ ફળ ખાવા પાંજરામાંથી બહાર કાઢી તૈયાર કર્યો તેવો જ તે નમો અરિહંતાણ બોલતા આકાશમાં ઊડી ગયો. જિનેશ્વરના વંદન કરવા ઉદ્યાનમાં ચાલી ગયો. ભક્તિપૂર્વક નમીને ઉદ્યાનમાં જ ફળ આહાર કરતો મુક્ત પંખીને જેમ આનંદમાં રમવા માંડ્યો. પરાધીનપણામાંથી મુક્ત થયેલા પંખીનો આનંદ કંઈક જુદો જ હતો.

પોપટના ઊડી જવાના લીધે રાજબાળા વિલાપ કરવા માંડી. તેની શાંતિ માટે રાજાએ બુદ્ધિમાન સુભટોને મોકલીને ઉદ્યાનથી પકડી મંગાવ્યો. અને રાજબાળાને આપ્યો. રાજબાળાએ પોપટને પકડી ક્રોધમાં તેની બંને પાંખો કાપી (છેદી) નાખી અને ક્રોધમાં બોલી, "મને છેતરીને નાસી જવાનું ફળ હવે ભોગવ. હવેથી તુ ક્યાંય જઈ શકીશ નહી. સમજ્યો ? અને કારાગારની માફક પોપટને પિંજરામાં પાછો પૂરી દીધો. પોપટને પણ પિંજરામાં પોતાની પરાધીનતા વિશે ધિક્કાર થયો. અને દુઃખી થયો છતાં પશ્ચાતાપ કરવા માંડ્યો, "અરેરે, ભવાંતરમાં સ્વાધીન હોવા છતાં પ્રમાદમાં પંચમહાવ્રત દુષિત કર્યું તેનું આ ફળ છે. આનાથી પણ અધિક દુઃખ આગામી ભવોમાં મારે સહન કરવા પડશે. વળી આ ભવમાં તો હવે ભગવાનના દર્શન થઈ શકશે નહી. પણ હવે મારે શોકનો ત્યાગ કરવો પડશે. શોકથી અનેક પ્રકારે કર્મ બંધન થાય છે. જિનદર્શન હવે થશે નહી તેથી મારા માટે હવે અનશન ઠીક રહેશે." આમ વિચારીએ ધૈર્યવાન અને જ્ઞાની પોપટે અનશન અંગીકાર કર્યું. અને પંચ પરમેષ્ઠિ મંત્રનું સ્મરણ કરવા માંડ્યો. નવકારના ધ્યાનમાં પાંચ દિવસ રહીને તેના પ્રભાવે સૌધર્મકલ્પમાં મહાન દેવ થયો. સુલોચના પણ પોપટના દુઃખે દુઃખી થઈ તેની પાછળ અનશન કરી મૃત્યુ પામી. એ દેવની દેવીપણે ઉત્પન્ન થઈ. ત્યાં બને વિષયસુખ ભોગવતા સમય પસાર કરવા માંડ્યા. એ દેવભવનું આયુષ્યપૂર્ણ થતા દેવલોકમાંથી આવીને પૃથ્વી પર તું શંખરાજ થયો અને દેવી કલાવતી રાણી થઈ. પરભવમાં પાંખો તારી છેદી નાખી હતી તેનું વેર વાળવા આ ભવમાં તે એના હાથ છેદી નાખ્યા."

ગુરુના મુખથી પોતાના પરભવ સંબંધી વૃતાંત જાણી વૈરાગ્યને અધિક શોભાવતા રાજારાણીએ દીક્ષાની પ્રાર્થના કરી. ગુરુ મહારાજે અનુમતિ આપી અને શુભ મુહર્તે દીક્ષા ગ્રહણ કરી અને ગુરુ સાથે વિહાર કરી ગયા. તેમણે સારી રીતે શ્રુતનો અભ્યાસ કર્યો. ક્રોધનો ત્યાગ કર્યો ક્ષમાગુણને ધારણ કરીને પરિષહ સહન કરવા માંડ્યા. ઉપસર્ગના સમયે પણ ઉદ્વેગ કરતા નહી અને સાધુપણામાં અપ્રમત્ત રહેતા પરભવની સંયમ વિરાધનાને યાદ કરતાં તે આ ભવમાં સાવધાનપૂર્વક ચારિત્રની આરાધના કરવા માંડ્યા. દીર્ઘકાલ પર્યંત ચારિત્રની આરાધના કરીને શંખરાજ મહર્ષિએ અનશન અંગીકાર કર્યું. શુભકરણીને અનુમોદતા પંચપરમેષ્ટિના ધ્યાનમાં કાળધર્મ પામી સૌધર્મ દેવલોકમાં પાંચ પલ્યોપમના આયુષ્યવાળા દેવ તરીકે જન્મ લીધો. કલાવતી સાધ્વી પણ તે જ રીતે સૌધર્મ દેવલોકમાં શંખદેવની દેવી થઈ. ત્યાં રહેલા શાશ્વત જિનપ્રાસાદો ને વિશે પૂજા કરતા દેવભવ સફળ કરવા માંડ્યા. મન થાય ત્યારે નંદીવનદ્વીપ જાય, મન થાય ત્યારે મેરૂપર્વત જાય અને મન ચાહે ત્યારે અષ્ટાપદે જઈને જિનેશ્વરને વાંદે. એવી રીતે પાંચ પલ્યોપમ સુધી એ દેવદેવીએ પોતાનો કાળ પસાર કર્યો. જે ચારિત્રની આરાધના કરવાથી મોક્ષનું અનુપમ સુખ મળવાનું છે ત્યાં આવા અચાનક મળેલા પૌદ્ગલિક સુખની વાત જ શું ?

પરિચ્છેદ ૨

# કમલસેન અને ગુણસેના

સ્વર્ગના ટુકડા સમુ પોતનપુરનગર, ઊંચા મિનારાઓ તેમજ કિલ્લાના બુરજો તથા મોટા આલીશાન અને ભવ્ય પ્રાસાદોના લીધે સ્વચ્છ અને પ્રચંડનગર તરીકે પ્રસિદ્ધ હતું. પોતનપુરના મહારાજ શંત્રુજય તેમની પટ્ટરાણી વસંતસેના સાથે રાજ્ય કરતા હતા. દેવતાઓ પણ ઈર્ષ્યા કરે તેવા રાજારાણીના સુખમાં એક રાજકુમારની ઊણપ હતી. જગતમાં જેઓ પૂર્ણ ભાગ્ય લઈને જન્મેલા છે તેમના મનોરથો સફળ થાય જ છે. પટ્ટરાણી વસંતસેનાને યથાસમયે ગર્ભ રહ્યો. સૌધર્મ દેવલોકમાં દેવભવના સુખ ભોગવીને શંખરાજાનો જીવ ત્યાંથી ચ્યવીને વસંતસેનાના ગર્ભમાં ઉત્પન્ન થયો. શુભ ગર્ભના પ્રભાવથી જીવદયા, સાધર્મિક વાત્સલ્ય, દીન, દુઃખી અને અનાથોને છુટે હાથે દાન વગેરે કાર્યો માટે રાજાને ભાવ ઉત્પન્ન થયા અને બધા રાજાએ પૂરા કર્યા. એક દિવસ પટ્ટરાણીએ સુખેથી નિંદ્રા લેતી હતી ત્યારે સ્વપ્નમાં કમલથી ભરેલું સરોવર જોયુ. યથાસમયે રાણીએ પુત્રને જન્મ આપ્યો. રાજાએ મોટો જન્મોત્સવ કર્યો અને સ્વપ્નના આધારે રાજાએ રાજકુમારનું નામ કમલસેન પાડ્યું.

કમલસેન મોટો થયો અને બધા જ શસ્ત્ર અને શાસ્ત્રમાં પારંગત થયો. યૌવન વયમાં એના તેજ, કાંતિ, એના વદનની પ્રતિભાના લીધે જાણે બીજો દેવકુમાર પૃથ્વી પર આવી ચડ્યો હોય તેમ લાગતું હતું. યૌવનમાં વિહરવા છતાં એ વૈરાગી હતો. નગરની રમણીય સુંદરીઓના હાવભાવમાં લોભાતો નહી. તેમજ નૃત્ય, ગાન, સંગીત વગેરેમાં પણ આકર્ષાતો નહી. પરભવના સુકૃત અભ્યાસથી યુવાન હોવા છતા ઇન્દ્રિયોને દમન કરતો જ, જીવદયા પાળતો અને સત્ય બોલતો અત્યંત વિવેકી ગુણોવાળો હતો.

વસંત ઋતુ આવી અને દુનિયાની લીલાને ચાર ચાંદ લાગી. ઉદ્યાનોનો ઝાડ, લતાઓ ફળ અને ફૂલથી લચી પડી. સુગંધિત પવન રસિકજનોના દિલ ડોલાવવા માંડ્યો. એ વસંતની શોભામાં મહાલવા મિત્રોએ કમલસેનને આગ્રહ કર્યો. મિત્રોના આગ્રહને વશ થઈને કમલસેન પણ વસંતનો રાગ જોવા નંદનવનમાં ગયો. ઉદ્યાનમાં આકર્ષણમાં લોભાયેલા મિત્રો, મજા માણતા કમલસેન સાથે આગળ નીકળી ગયા. તે દરમિયાન કમલસેનને 'પૃથ્વી નિર્નાથા થઈ ગઈ.' તેવું રૂદન સાંભળ્યું. આ શબ્દો સાંભળી કમલસેન ચમકે છે. વિચારે છે, "પિતાજી ન્યાયથી પ્રજાને પાળે છે છતાં આ સ્ત્રી દુઃખી કેમ હશે ?" એણે આજુબાજુ તપાસ કરી પણ કોઈ દેખાયું નહી. પોતાને ભ્રમ થયો હશે એમ માની વિચારો બદલે છે પણ પેલો અવાજ ફરી ફરી સંભળાય છે. કંઈક નિશ્ચયથી આગળ જાય છે ત્યાં એક સ્ત્રીને દેવ મંદિરમાં જતી (પ્રવેશતી) જુએ છે. એ પણ મંદિરમાં પ્રવેશ કરી પેલી સ્ત્રીને પૂછવા જાય ત્યાં તો આશ્ચર્ય સર્જાય છે.

કમલસેનના પ્રવેશતા જ દેવમંદિર આકાશમાં ચાલવા માંડ્યું. ક્ષણ માત્રમાં દૂર જઈને એક રમણીય વનપ્રદેશમાં ઉતરી ભૂમિ પર સ્થિર થયું કમલસેનનું વિસ્મય દૂર થાય તે પહેલા તો પેલી સ્ત્રી અંદરના ભાગમાંથી બહાર આવીને બોલી, 'હે સ્વામી ! તમારું કલ્યાણ થાઓ, આ આસન પર બિરાજો.' કમલસેન અજાયબીથી પૂછે કે તે સ્ત્રી કોણ છે અને આ ઇન્દ્રજાળ જેવું શું છે ? ત્યારે પેલી સ્ત્રી કહે છે, "તમને પામવા માટે આ બધું કર્યું છે. મારું નામ અંગલક્ષ્મી છે આ નગરની પ્રખ્યાત નાયિકા છું. આજ સુધી અનાથ હતી હવે તમે મને સનાથ કરી છે. તમે મારા સ્વામી છો." કમલસેન એકદમ ચમકે છે અને કહે છે, "અનાથ અને દુઃખીજનોનું પાલન કરવાથી હું તેમનો નાથ છું પણ પરસ્ત્રીના ગ્રહણ વડે નહી." અંગલક્ષ્મીના અનેક કાલાવાલા છતાં કમલસેન મંદિરમાંથી બહાર નીકળી ગયો. એટલે પાછળથી પ્રહાર થયો. "જો પોતાને બળવાન અને સુખી માનતો હોય તો મારી સામે આવ." કમલસેન ચમક્યો, તેણે ગર્જના કરી કે પોતે સ્વતંત્ર વિહારી વનરાજ

છે. એને રોકાનાર કોણ ? તરત એક ભયંકર સ્વરૂપ વાળો રાક્ષસ પ્રગટ થયો અને બોલ્યો, "જો તું વનરાજ હોય તો મારા પ્રહારને સહન કર." એ ભયંકર પુરુષને કમલસેન પોતાના જાજરમાન પ્રભાવમાં બોલ્યો, "આવી જા. પહેલો ઘા તું કર" અટ્ટાહાસ્ય કરતા રાક્ષસે કહ્યું, "પહેલા તું કર." કમલસેને કહ્યું, "હું નિર્દોષ ઉપર ક્યારેય પ્રહાર કરતો નથી."

કમલસેનની હિંમતથી પ્રસન્ન થયેલા રાક્ષસે પોતાનું ભયંકર સ્વરૂપ સંકેલી લીધુ અને સૌમ્ય સ્વરૂપ ધારણ કરીને બોલ્યો, "કુમાર તું જ અંગલક્ષ્મીને યોગ્ય છું." કુમારે સામુ પૂછ્યું કે તે કોણ છે ? પેલા પુરુષે જવાબ આપ્યો કે તે ચંપાનગરીનો અધિષ્ટાયક દેવ છે. પેલા પ્રૌઢ નાયિકા પોતાનું રાક્ષસી સ્વરૂપ એ બધું કુમારની પરીક્ષા અર્થે હતું કુમારે પૂછ્યુ પરીક્ષાની શી જરૂર ? દેવ ખુલાસો કરે છે કે ચંપાપુરનું રાજ્ય અને રાજકુમારી કુમારને ટૂંકસમયમાં વરશે. એમ કહી દેવ અદૃશ્ય થઈ ગયો. કુમાર કમલસેન થોડું આગળ ચાલે છે ત્યારે નજીકમાં જ નાના મોટા વૃક્ષો અને કમળોથી પરિપૂર્ણ સ્વચ્છ પાણીનું સરોવર જુએ છે. પોતાનો થાક ઉતારવા સરોવરમાં સ્નાન કરવાનો વિચાર કરે છે. સ્નાન કરીને બહાર નીકળે છે ત્યારે સુંદર ઘોડા પર બેઠેલા એક પુરુષ પર તેની નજર પડે છે. બંનેની આંખો મળે છે ત્યારે પેલો પુરુષ કમલસેનને ઘોડા પર બેસી જવાનું કહે છે. કમલસેન કારણ પૂછે છે એટલે જાણવા મળે છે કે ચંપાનગરીના નરેશ બાજુના ઉદ્યાનમાં છે તેમના મહેમાન બનવાનું આમંત્રણ હોય છે.

કુમાર પેલા પુરુષ સાથે ઘોડા પર બેસીને નંદનવનમાં જાય છે. ત્યાં અશોકવૃક્ષ નીચે બેઠેલા ગુણસેન રાજા અને તેમના મંત્રી સ્વાગત કરે છે. અનેક વાર્તાલાપ થાય છે અને રાજા સાથે રથમાં બેસી ચંપાનગરીમાં પ્રવેશ કરે છે. રાજા પોતાના મહેલમાં જાય છે અને મંત્રી કુમારને પોતાના ઘેર લાવે છે. મંત્રીની સેવા ભક્તિથી (આગતાસ્વાગતા) કુમાર પોતાનું ઘર ભૂલી જાય છે. એમ દિવસ પુરો થાય છે અને રાત પડે છે. રાત્રે મંત્રી કુમાર પાસે આવે છે અને એકાંતનો સમય શોધી કુમારને વાત કરે છે, "રાજકુમાર,

અમારા મન વર્ષોથી લાકડાની જેમ બળી રહ્યા છે તે તમારા દર્શનરૂપી જળથી શાંત થયા છે. તમે આ અંગદેશની રાજલક્ષ્મીને ગ્રહણ કરી અમારા મનોરથ પુરા કરો."

કુમાર આશ્ચર્ય પામે છે. અને પૂછે છે ગુણસેન જેવો રાજા હોવા છતાં નવા રાજાની ઈચ્છા કેમ છે ? ત્યારે મંત્રી હકીકત જણાવે છે આ નગરમાં શ્રીકેતુ નામનો ધર્મપરાયણ રાજા પોતાની વૈજયંતિ નામની પટ્ટરાણી સાથે ખુશીથી રાજ કરતો હતો. એક દિવસ રાજસભામાં એક જણે પ્રશ્ન કર્યો, "આપણા નગરમાં સુખીમાં સુખી કોણ ?" કોઈકે જવાબ આપ્યાં "વિનયંધર નામનો વ્યવહારીઓ આપણા નગરમા સૌથી સુખી છે." "રાજાથી પણ વધારે ?" કોઈકે શંકા કરી. પેલા એ નિર્ભયતાથી જવાબ આપ્યો. "હા, શેઠ રૂપલાવણ્યવાળો છે. કુબેરની જેમ ધનભંડાર ભરેલા છે અને શેઠનો પડતો બોલ ઝીલે એવી આજ્ઞાંકિત ચાર પ્રિયાઓ છે." આ વાતથી રાજાનું મનભ્રમિત થઈ ગયું. એ ચારેય યુવતીઓ પર આસકત થયો. વસ્તુને જોવામાં એટલી આસક્તિ નથી થતી જેટલી પ્રસંશા સાંભળવાથી થાય છે ત્યારથી એ ધર્મવાન રાજા અધર્મી-અન્યાયી બની ગયો. એ વણિક રમણીઓને વશ કરવાના ઉપાયો શોધવામાં મગ્ન થઈ. રાજકાજમાં ઉદાસ વૃત્તિવાળો થઈ ગયો. પોતાના નિર્મળ કુળને કલંક લગાડવા કામાંધ થઈ ગયો.

## :: ચંપાપતિની કથા ::

પર સ્ત્રીના રંગથી રંગાયેલો આ વ્યાભિચારી રાજા વિનયંધરને ફસાવવાનો વિચાર કરવા લાગ્યો. ચારેય રમણીઓને પોતાના અંતઃપુરમાં કેવી રીતે લાવવી ? રાજા તો પ્રજાનો પાલક કહેવાય. ભક્ષક કેવી રીતે થઈ શકે ? નિર્દોષને કેવી રીતે દંડી શકાય ? લોકોની જાણ પુરતો તો વિનયંધરને ગુનેગાર તો બનાવવો જ જોઈએ. સત્તા, ઐશ્વર્ય અને કામથી અંધ થયેલા રાજાની જ્યારે ભ્રષ્ટ થઈ જાય ત્યારે પાપ-પુણ્યનો વિચાર કર્યા વગર પાપાંધકારમાં ડૂબી જઈને જીવનક્રમ ફેરવી નાંખે છે.

રાજાના કહેવાથી પુરોહિત વિનયંધર સાથે કપટ મૈત્રી કરી. મૈત્રી આગળ વધી એટલે એક દિવસ નિર્દોષ વિનયંધર પાસે કંઈક લખાવ્યું પણ વિનયંધરે એને નકામું ગણી ફેંકી દીધુ. એ ભોજપત્રને ધીમેથી પુરોહિતે લઈને પોતાના ખીસામાં સેરવી દીધું. અને રાજા પાસે આવી તેમને ધરી દીધું. રાજસભામાં રાજાએ વિદ્વાનો સામે એ ભોજપત્ર ધરી વાંચી સંભળાવવાની આજ્ઞા કરી. વાંચી વિચારીને વિદ્વાનોએ કહ્યું, 'મહારજ ! આનો વિનયંધરનું લખાણ છે. આપને ક્યાંથી મળ્યું ?"

રાજાએ નાટક શરૂ કર્યું "મારા અંતઃપુરમાંથી આ કાગળ પકડાયો છે. એમાં શું લખ્યું છે તે કહો." પત્રમાં વાસનાયુક્ત વાણી હતી. વિદ્વાનોએ બચાવ કર્યો કે વિનયંધર તો પવિત્ર અને શીલવ્રતનો ઉપાસક અને ધર્મીઓમાં શિરોમણી છે. તે આવું ના લખે. આ તો કોઈ કાવતરૂં જણાય છે. અનેક મંત્રીઓને શિખામણ રાજાએ માની નહી અને વિનયંધરને પકડીને કારાગારમાં પુરી દેવાનો અને તેની સ્ત્રીઓને અંતઃપુરમાં ચોકી પહેરા નીચે રાખવાનો હુકમ કર્યો. નગરમાં હાહાકારમાં મચી ગયો. રાજાનો હુકમ બજાવી કોટવાલ વિનયંધરનું મકાન સીલ કરી વિનયંધર અને તેની ચાર સ્ત્રીઓ રાજા સમક્ષ હાજર કરી. ચારે સ્ત્રીઓને જોઈને રાજા આનંદમાં આવી ગયો. તેને થયું દેવાંગનાઓને પણ શરમાવે એવી ચાર રમણીઓને પોતે મનાવી લેશે.

રાજાએ વિનયંધરને કારગૃહમાં પૂરી દીધો અને ચારે સ્ત્રીઓને અંતઃપુરમાં મોકલી દીધી. વિનયંધરનો પક્ષ લેનારા નગરજનોને જો વિનયંધર શુદ્ધ હોય તો સાબિત કરે એમ કહી તિરસ્કારથી કાઢી મૂક્યા. સભાનું કામ પૂર્ણ કરી અંતઃપુરમાં ચાલ્યો ગયો. અંતઃપુરમાં રહેલી એ ચારે સતી સાધ્વી સ્ત્રીઓની રાજાએ ખૂબ સારી ખાન, પાન, વસ્ત્રની વ્યવસ્થા કરી ખુશામત કરી. પણ એ ચારેય જણે ખાન-પાન સર્વેનો ત્યાગ કરી નવકારમંત્રનું સ્મરણ કરતાં જિનેશ્વરનું ધ્યાન કરવા લાગી તેમની પાસે નિર્લજ્જ અને નફ્ફટ રાજાએ પોતાના તરફ વાળવા દાસીઓને મોકલી. પણ દાસીઓને તેમણે

કાઢી મૂકી. દાસીઓએ રાજાને કહ્યું તો પ્રાતઃકાળે સુંદર વસ્રો પહેરીને રાજા પોતે આ ચાર રમણીઓ પાસે આવ્યો. પણ તેમણે સામું પણ જોયું નહિ. મુગ્ધ થયેલા રાજા કુચેષ્ટા કરી, નિર્લજ્જ વચનો બોલી સતીઓને હેરાન કરવા માંડ્યો ત્યાં તો એક આશ્ચર્ય થયું.

સૌથી સુંદર ગણાતી એ યુવતીઓ એકદમ કદરૂપી અને બેડોળ બની ગઈ. રૂપમાં દિવાનો બનેલો રાજા ચોંક્યો. એણે આંખો ચોળીને જોયુ તો પણ આવી બેડોળ અને કરુપ સ્રીઓ જ દેખાઈ. રાજા ગભરાયો. એટલામાં તો તેની પટ્ટરાણી વૈજયંતી પણ રાજાનો દુરાચારને જાણીને આવી પહોંચી. રાજાની આ ચેષ્ટા જોઈ તેણે તિરસ્કારથી કહ્યું, 'નૃપકન્યાનો ત્યાગ કરી તમે આવી અધમ સ્રીઓમાં લોભાઈ ગયા ?' લજ્જા પામેલા રાજાએ ચારે સ્રીઓને મુક્ત કરી વિનયંધરને પણ છોડી મૂક્યો. જેવી ચારે સ્રીઓ મહેલની બહાર નીકળી તરત જ મૂળ સ્વરૂપમાં આવી ગઈ. સતીઓના તેજથી ભય પામી રાજાએ એમના ઘરબાર, માલમિલકત બધુ એમને સોંપી દીધું.

એક દિવસ ચંપાનગરીના પાદરે જ્ઞાની સૂરસેન ગુરુ પધાર્યા પરિવાર સહિત રાજાએ ગુરુને વંદન કરી ધર્મ દેશના સાંભળી. પછી ઘણા વખતથી મનમાં રહેલો સંશય રાજાએ ગુરુને પૂછ્યો ? "ભગવન્ ! આ વિનયંધર શ્રેષ્ઠી શું પુણ્ય કરેલ કે સતીઓમાં શિરોમણી એવી ચાર સ્રીઓનો ભરથાર થયો ? સ્વરૂપવાન હોવા છતાં મને કેમ કુરૂપ લાગી ?" રાજાની શંકાનું સમાધાન કરવા ગુરુએ વિનયંધરનો પૂર્વભાવ કહેવો શરૂ કર્યો. નગરના બધા લોકો, વિનયંધર અને તેની ચાર પ્રિયાઓ સહિત બધા સાંભળવા માંડ્યા.

"પ્રાચીન કાળમાં ગજપુર નગરમાં વિચારધવલ રાજા હતો. તે જ નગરમાં વૈતાલિક નામે ઉદાર ભાવનાવાળો પરોપકારી ધનિક રહેતો હતો. દરરોજ તે વૈતાલિક પોતાના ઘેર તૈયાર કરેલ ભોજનમાંથી એક અતિથિને જમાડી પછી જ પોતે જમતો હતો. બીજાનું ભલુ કરનાર વૈતાલિકે એક દિવસ ઉત્સર્પિણીમાં થયેલા નવમા જિનેશ્વરને ગજપુરની બહાર તિંદુક ઉદ્યાનમાં

ભાવપૂર્વક કાઉસગ્ગ ધ્યાને જોયા. તેમની ભવ્ય મુદ્રા જોઈ વૈતાલિક હર્ષથી તેમની ભાવપૂર્વક સ્તુતિ કરવા માંડ્યો. ભાવપૂર્વક સ્તુતિ કરતા વૈતાલિકે પોતાના આત્માને અનંત પાપના મેલથી સ્વચ્છ કરી પવિત્ર કર્યો. ભવિતવ્યતાનો મહાન લાભ મેળવી પોતાના સ્થાને ગયો."

દૈવયોગે ભગવાન આહાર સમયે તેના ઘેર આવીને રહ્યા. સાક્ષાત કલ્પવૃક્ષને પોતાને આંગણે આવેલું જોઈને વૈતાલિકના હર્ષનો પાર ના રહ્યો. ભગવાનની ખૂબ ભાવથી સ્તુતિ કરી, સુંદર સ્વાદિષ્ટ એવા મિષ્ટાનથી ભગવાનને પ્રતિલાભિત કર્યા. જિનેશ્વરને દાનનું પ્રત્યક્ષ ફળ જોઈ વૈતાલિક સમકિતધારી શ્રાવક થયો. દાનના પ્રભાવથી અનુક્રમે પ્રથમ દેવલોકે દેવતા થયો. અને આયુષ્ય પૂર્ણ કરી આ ચંપાનગરીના રત્નસાર શ્રેષ્ઠીને ત્યાં પુત્રરૂપે જન્મ્યો. તે જ આ વિનયંધર."

જેના સૌભાગ્યની તારા જેવાને પણ ઈર્ષ્યા થાય છે અને તુ રાજા હોવા છતાં એનું અપ્રિય કરવાને શક્તિમાન નથી. તે બધુ પુણ્ય ભગવાનને દાન આપ્યાનો મહિમા છે. અરે આ ફળ તો પ્રાસંગિક ફળ છે. બાકી દાનનું ખરેખરું ફળ શિવવધૂની વરમાળા ધારણ કરવી એ જ છે. સૂરિએ વિનયંધરનું કથાનક પૂર્ણ કર્યું. બધા જ કથા સાંભળીને આનંદ પામ્યા. હવે વિનયંધરની ચારે પત્નીઓની પૂર્વભવની કથા ગુરુએ કહેવી શરૂ કરી.

## :: રતિસુંદરી ::

આ ભરતક્ષેત્રમાં સંકેતપુર નામે નગર હતું. ત્યાં નરકેસરી રાજા અને કમલસુંદરી નામે રાણીથી રતિસુંદરી નામે કન્યા થઈ. નરકેસરી રાજાને શ્રીદત્ત નામનો બુદ્ધિશાળી મંત્રી, સુમિત્ર નામે વ્યવહારીયો નગરશેઠ અને સુઘોષ નામે પુરોહિત હતો. મંત્રીને બુદ્ધિસુંદરી નામે પુત્રી, નગરશેઠને ઋદ્ધિ સુંદરી અને પુરોહિતને ગુણ સુંદરી નામે પુત્રી થઈ. રાજકુમારી રતિસુંદરી યોગ્ય વયની થતા પાઠશાળાએ ભણવા જવા માંડી (લાગી) તે સમયે તેની સમાન ઉમર વાળી બુદ્ધિસુંદરી, ઋદ્ધિસુંદરી અને ગુણસુંદરી પણ એ

પાઠશાળામાં અભ્યાસ કરવા આવવા માંડી. ચારેય સરખી વય અને સરખું સૌંદર્ય ધરવતી બાળાઓમાં મૈત્રી થઈ. સાથે રમે, સાથે જમે અને સાથે અભ્યાસ કરતી એ ચારેય બાળાઓ એકબીજા ઘેર જવા માંડી. એક દિવસ ઋદ્ધિસુંદરીને ત્યાં બધીય બાળસખીઓ ભેગી મળી હતી ત્યારે કોઈ પવિત્ર અને સૌમ્ય નારી સાધ્વીને જોઈ સખીઓએ પૂછ્યું. "ઋદ્ધિ આ પવિત્ર આર્યા કોણ છે ?" ઋદ્ધિસુંદરી એ જવાબ આપ્યો, "ધર્મનો ઉપદેશ આપનારા અમારા ધર્મના એ પવિત્ર ગુણશ્રી નામે આર્યા છે. બધી બાબતોએ ઊભા થઈને ગુણશ્રી આર્યાને વંદન કર્યું. તેમણે ચારેને હિતકારી એવો ધર્મોપદેશ આપી એમના આત્માનો ઉદ્ધાર કર્યો."

સાધ્વીજીનો ધર્મોપદેશ સાંભળી રાજકુમારી બોલી, "હે ભગવતી ! ચરિત્ર ધર્મ તમે લીલામાત્રમાં પાળી શકો છો. પણ અમારા માટે તો મેરૂના સરખો અથવા તો તેથીય અધિક છે કારણકે ઉત્તમ બળદ જ ગાડાનો ભાર વહન કરી શકે છે. નાના વાછરડાઓ નહિ. માટે અમારી ઉપર કરૂણા કરી અમને શ્રાવક ધર્મ આપો જેથી અમારું કલ્યાણ થાય."

રાજકુમારીનું વચન સાંભળીને સાધ્વીજીએ ચારેને દેવગુરુ અને ધર્મનું રહસ્ય સમજાવી સમકિત્વંત બનાવ્યા અને તે પછી પરપુરુષના ત્યાગરૂપ શિયળવ્રત ઉચરાવ્યું. ગમે તેવા વિષય સંજોગોમાં પણ શિયળ સાચવવાની ભલામણ કરી સાધ્વીજી પોતાના સ્થાને ચાલ્યા ગયા. સખીઓ પણ પોતપોતાના ઘેર ચાલી ગઈ. થોડા વર્ષો વહી ગયા. રતિસુંદરી પૂર્ણ યૌવનની કક્ષાએ પહોંચી ગઈ એક દિવસ નંદપુરના અધિપતિ ચંદ્રરાજાએ રતિસુંદરીના રૂપની ખ્યાતિ સાંભળી અને તેને પરણવા માટે આતુર થઈને પોતાનો દૂત નરકેસરી રાજા પાસે મોકલી આપ્યો. નરકેસરી રાજા ખુશ થયો અને રતિસુંદરીને પ્રધાનો સાથે નંદપુર મોકલી આપી. ચંદ્રરાજા મોટા મહોત્સવપૂર્વક પરણ્યો. એક દિવસ ચંદ્રરાજા રાજસભા બેઠો હતો. ત્યારે કુરુદેશના રાજા મહેન્દ્રસિંહનો દૂત આવીને કહેવા માંડ્યો કે રાજાએ કહેવડાવ્યું છે કે વંશ

પરંપરાથી બંને કુળમાં સ્નેહ સંબંધ વૃદ્ધિ પામતો ચાલ્યો આવે છે. તે સ્નેહ વધારવા ચંદ્રરાજા જે પણ કરવાનું કહેશે. તે મહેન્દ્રસિંહ રાજા કરશે પણ અત્યારે તો મારો સ્નેહ વધારવા ચંદ્રરાજાએ તેની નવોઢા રાણી રતિસુંદરીને મોકલી આપવી.

દૂતની વાણી સાંભળી રાજા સહિત આખી સભા દંગ થઈ ગઈ. રાજાએ કહ્યું કે બીજું કોઈપણ કાર્ય કહ્યું હોત તો પોતે કરત પણ સ્ત્રી તો ગરીબમાં ગરીબ માણસ આપી શકતો નથી. ચંદ્રરાજાના જવાબનો અનાદર કરીને ઘમંડી દૂતે કહ્યું, "તમારી રાણીમાં અમારા સ્વામી ઘણાં જ પ્રીતિવાળા થઈ ગયા છે અને પોતાનું રાજકાર્ય પણ સંભાળી શકતા નથી. માટે જો તમે રાણીને નહિ મોકલો તો રાજપાટ ગુમાવશો અને મોકલશો તો ઘણું મેળવશો. દૂતના વચનથી ક્રોધિત થઈને રાજાએ દૂતને ધક્કા મારી બહાર કાઢી મુકાવ્યો. અપમાન પામેલો દૂત રાજા મહેન્દ્રસિંહ પાસે જઈને ચંદ્રસિંહ વિરુદ્ધ ઉશ્કેરવા માંડ્યો. મહેન્દ્રસિંહ દૂતની વાત સાંભળી ચતુરંગી સેનાને લઈને ચંદ્રસિંહના સીમાડે આવી પહોંચ્યો. બંને લશ્કરો ખૂબ લડ્યા. યુદ્ધમાં છળ અને બળથી ચંદ્રસિંહને ઘાયલ કરી મહેન્દ્રસિંહે પકડી લીધો. અને પોતાના લશ્કર મારફતે નગરી લૂંટાવી દીધી અને રતિસુંદરીને પકડી મંગાવી. પોતાની ઇચ્છા પૂર્ણ થવાથી ચંદ્રસિંહને છોડી મૂક્યો અને રતિસુંદરીને વિશાળ મહેલમાં રાખી તેના રૂપમાં અંધ બનેલો રાજા રૂઆબદાર વસ્ત્રાભૂષણમાં તૈયાર થઈને રતિસુંદરી પાસે આવ્યો. તેણે રાણીને કહ્યું, "પ્રિયે ! તારા સ્વરૂપમાં આશક થયેલા મેં હજારો માણસોનો નાશ કરાવી નાખ્યો, ચંદ્રસિંહને યુદ્ધમાં જીતી લઈ એક કોડીનો બનાવી દીધો. ફક્ત તને મેળવવા માટે મેં આમ કર્યું." રાજાના વચન સાંભળી રતિસુંદરી વિચારમાં પડી કે મારા રૂપલાવણ્યને ધિક્કાર થાઓ. તેના લીધે હજારો ઉત્તમ પુરુષો માર્યા ગયા, મારા પતિને દુઃખી કર્યા અને મને અહીં પકડી લાવ્યા તો હવે શિયળનું રક્ષણ કેવી રીતે થશે. પણ પોતે કોઈ પણ ભોગે પોતાનું રક્ષણ કરશે. તે રાજાને કહે છે, "હે રાજા ! તમારા જેવા ઉત્તમ પુરુષે પરસ્ત્રી પર આસકત થવું યોગ્ય નથી. નરકમાં જનારા પુરુષો જ પરસ્ત્રીની અભિલાષા કરે છે."

રાજાની આતુરતા જોઈ પહેલા તો રતિસુંદરી કંપી ઉઠે છે. પછી કહે છે મારી એક પ્રાર્થના છે આપ સ્વીકારશો ? રાજા પૂછે છે શું પ્રાર્થના છે ? જે કહે તે હાજર થશે. ત્યારે રતિસુંદરી કહે છે, "રાજન ! ચાતુર્માસ પર્યંત મારું વ્રત પૂર્ણ થવા દો. ત્યાં સુધી શીલભંગની યાચના કરશો નહિ અને મારા મહેલમાં આવશો પણ નહિ." રાજાનું મન તો ઘવાયું પણ ભલે કહીને રાજા ભગ્ન હૃદયે ચાલી ગયો. છ એ વિગઈનો ત્યાગ કરી રાણીએ આયંબિલ તપ કરવા માંડ્યું. અને તેમાંય એક ધાન્યથી નિભાવીને ચાતુર્માસ પૂર્ણ થતાં તો શરીર હાડ, માંસ અને ચામડી ભર બનાવી દીધુ. સૌંદર્યમાંથી તેજ, ગૌરવ, છટા બધુંય ઊડી ગયું. વદનની કાંતિ પણ કરમાઈ ગઈ. એ વિરૂપ રતિસુંદરીને અચાનક એક દિવસ રાજાએ જોઈ. રાજા એના મહેલમાં આવ્યો અને પૂછ્યું, "આ શું થયું ? અનેક દાસીઓનો પરિવાર અને મનગમતા ભોજન હાજર હોવા છતા તારી આવી સ્થિતિ કયા દુઃખે થઈ ? રાણીએ ઠંડા કલેજે કહ્યું કે તે એક મહાન તપ કરે છે એટલે દુર્બલ થઈ છે. ત્યારે રાજા કહે છે રાણીને વળી તપ કેવું ? એણે તો સુખ જ સુખ ભોગવવાનું હોય. "હાડ માંસથી ભરેલો આ દેહ જ વૈરાગ્યનું કારણ છે. આ દેહ તો પાપનું ઘર છે. આ શરીરને જોવા માત્રથી આપ જેવા ગુણીયલ પુરુષો મુંઝાઈ જાય, ઉત્તમ પુરુષોના ચિત્તને ભમાવી નાખે તેવા આ શરીર પર શું મોહ કરવાનો ? રતિસુંદરીની વૈરાગ્યમય વાણીની કામલોલુપ રાજા પર કંઈ અસર થતી નથી. એ તો તપ પૂરુ થવાનું અને એની અભિલાષા પૂર્ણ કરવાનું રટણ રટ્યા કરે છે. અનુક્રમે રતિસુંદરીનું તપ પૂરું થાય છે. અને રાજા મહેલમાં આવે છે અને પોતાની મનોવેદના રજૂ કરે છે અને રાણીને રતિસુંદરીને પોતાની અભિલાષા પૂર્ણ કરવાનું કહે છે. રતિસુંદરી કહે છે પોતાનામાં સ્ફૂર્તિ નથી, મસ્તક ભમે છે, શરીર તૂટી રહ્યું છે, પેટમાં ચૂંક આવે છે અને આવી હાલતમાં તો વિલાસનો વિચાર પણ થાય એવો નથી. છતાં પણ રાજાનો દુરાગ્રહ ચાલુ રહે છે. રતિસુંદરી ગુપ્તપણે એક મદનફળ મોઢામાં મુકી દે છે. પછી ત્યાં જ ઉલટી કરે છે. તે બતાવી રાજાને પૂછે

છે દેહનું આ સ્વરૂપ સમજાય છે ? રાજા જે સૌંદર્યમાં લોભાઈ ગયા છે તે પવિત્ર વસ્તુઓ પણ પેટ સંબંધથી અપવિત્ર થઈ જાય છે. આવી અપવિત્ર વસ્તુનું ભક્ષણ બાળકો જેવા ના સમજ પણ કરતા નથી. રતિસુંદરી કહે છે દીવા જેવી વાત રાજા કેમ સમજતા નથી ? જે પરસ્ત્રી છે તે આ ઉલટી જેવી છે. બીજા પુરુષે ભોગવેલી સ્ત્રી એવી જ ગણાય (ઉલટી જેવી) છતાં ય રાજા એક જ વાતને વળગી રહે છે કે મારે તો રતિસુંદરી જોઈએ જ ! રતિસુંદરી પૂછે છે રાજા કયા અંગમાં સૌથી વધારે આસકત થયા છે ? રાજા કહે છે હરણી જેવા ચપળ નેત્રો તેને બહુ ગમે છે. રાણીને થાય છે આ રાજાનો કામજવર બુઝાવવા કોઈ અપૂર્વ બલિદાન આપવું પડશે. તે ઉભી થાય છે અને તીક્ષ્ણ અણાવાળી છરીની ધારથી તેના બે નેત્રો છેદી નાખે છે અને રાજા આગળ ધરી દે છે. રતિસુંદરીનું આ સાહસ જોઈને રાજા મહેન્દ્રસિંહનો કામજ્વર ઓસરી જાય છે. અને તે ફાટી આંખે નેત્રવગરની રતિસુંદરીને જોઈ રહે છે.

રતિસુંદરી કહે છે, "મહારાજ ! (તમને અને મને) આપણા બંને માટે આલોક અને પરલોકમાં હિતકારી એવું આ કામ મેં કર્યું છે. પરસ્ત્રીના સમાગમથી માનહાનિ અને ધનનો નાશ થાય છે. પરભવમાં દુઃખ, દારિદ્ર, ક્ષય, કુષ્ટ ભગંદર આદિ રોગ થાય છે. પરસ્ત્રીને આલિંગન કરનારને નરકમાં ધગધગતા લોહસ્તંભને આલિંગન કરવું પડે છે, તિર્યંચના દુઃખો સહન કરવા પડે છે. મારા આ કાર્યથી તમારું અને મારું બંનેનું લોકમાં હિત થશે. પરસ્ત્રી ગમનથી તમારું દુર્ગતિ ગમન અટકી જશે" રતિસુંદરીના વચનો સાંભળી રાજા ઠંડોગાર થઈ ગયો અને તેની સાન આપોઆપ ઠેકાણે આવી ગઈ. રતિસુંદરીને તે કહે છે, 'હે મહાન સાધ્વી મને માફ કર અને મારે હવે શું કરવું તેની આજ્ઞા કર.' રાજાની શુદ્ધ ભાવના જાણી રતિસુંદરીએ પરસ્ત્રીનો ત્યાગ કરી ભવભ્રમણમાંથી મુક્ત રહેવાનું કહ્યું. રાજાએ પશ્ચાતાપ કરતા પરસ્ત્રી ત્યાગની સાથે ચોથા વ્રતને પણ અંગીકાર કર્યું. અને રતિસુંદરીને પોતાના ગુરુ સ્થાને સ્થાપન કરી અંધ રતિસુંદરીને અંધ જોઈ વિલાપ કરવા લાગ્યો. રતિસુંદરીએ

કાઉસગ્ગ ધ્યાનમાં રહી શાસનદેવીને યાદ કરી. પંચપરમેષ્ટિ ધ્યાનમાં અપૂર્વ શીલ મહાત્મ્યવાળી રતિસુંદરીના શીલ મહાત્મ્યથી શાસનદેવી પ્રગટ થઈ. "સતીઓમાં શિરોમણી રાજાને પ્રતિબોધ કરનારી તારું કલ્યાણ થાઓ." દેવી સ્તુતિ કરતાની સાથે સતીના વિશાળ નેત્રો પ્રગટ થયા. દેવી તો અદશ્ય થઈ ગયા પણ સતીનો મહિમા જગતમાં ગવાઈ રહ્યો.

રાજાએ સતીની ખૂબ સ્તુતિ કરી, દાનથી સત્કાર કરી માનભેર પોતાના વિશ્વાસુ પ્રધાનો સાથે પતિના ઘેર નંદપુર મોકલી દીધી. ચંદ્રરાજા ને કહેવડાવ્યું, "તમે મારા ભાઈ જેવા છો. યુદ્ધના મેદાનમાં મેં તમને છેતર્યા છે મારો અપરાધ ક્ષમા કરજો. મારા ધર્મગુરુ અને ધર્મભગિની આ રતિસુંદરી કે જે સતીની શાસન દેવીએ રક્ષા કરી છે તેના પર લેશમાત્ર શંકા કરતા નહી." પ્રધાનો એ ચંદ્રસિંહની રાજસભામાં ઉપરોક્ત સંદેશો કહ્યો. રતિસુંદરીને જોઈને રાજી થયેલા રાજાએ રાજપુરુષોનું યોગ્ય સન્માન કરી તેમને વિદાય કર્યા.

રતિસુંદરી રાજ્યલક્ષ્મીના સુખ ભોગવી આયુઃક્ષયે અનુક્રમે પ્રથમ કલ્પમાં દેવી થઈ.

## :: બુદ્ધિસુંદરી ::

સાકેતપુર નગરના મંત્રીની પુત્રી બુદ્ધિસુંદરી યુવાન અવસ્થામાં આવી ત્યારે એના પિતાએ સુરત નગરીના સુકીર્તિ રાજાના મંત્રી સાથે પરણાવી. બુદ્ધિસુંદરી સાસરે આવીને સુખેથી પોતાનો સમય વ્યતીત કરતી હતી. એક દિવસ દુઃખની વાદળી અવરાઈ ગઈ. એક દિવસ રાજા સુકીર્તિએ બુદ્ધિસુંદરીને પોતાની અગાસી ઉપર સખીઓ સાથે ક્રીડા કરતી જોઈ. રાજા ચમકી ગયો. અનેક **રાજપુત્રીઓનો** સ્વામી છતા મંત્રી પત્નીને જોઈને એના સૌંદર્યમાં મોહી પડ્યો. મંત્રી પત્નીને પોતાની પત્ની કરવાની અભિલાષા જાગી. રાતના સમયે એક હોંશિયાર દાસીને બુદ્ધિસુંદરી પાસે મોકલી. દાસી આવીને બુદ્ધિને અનેક પ્રકારે સમજાવવાનો પ્રયત્ન કરી રહી. બુદ્ધિસુંદરીએ દાસીને અપમાનિત કરીને

કાઢી મૂકી. દાસીની વાત સાંભળી ગુસ્સે થયેલા રાજાએ મંત્રી ઉપર આરોપ મૂકીને સ્ત્રી સહિત પકડી મંગાવ્યો. કામવાસનામાં અંધ મનુષ્યને હિત-અહિતનું ભાન હોતું નથી. રાજાએ મંત્રીને કારાગૃહમાં પૂર્યો અને બુદ્ધિને અંતઃપુરમાં મોકલી આપી.

રાતના સમયે રાજા બુદ્ધિસુંદરી પાસે જાય છે. રાજા બુદ્ધિસુંદરીને લલચાવવા માંડ્યો. "કેમ તે દાસીનું અપમાન કર્યું ? દાસીનું કહ્યું માન્યુ હોત તો તારા કુટુંબની પાયમાલી થઈ ન હોત. દેવાંગનાઓને શરમાવે તેવું દેહલાલિત્ય જે તારામાં છે તે અંતઃપુરની રાણીઓમાં નથી." બુદ્ધિ રાજાને સમજાવવાનો પ્રયત્ન કરે છે. "રાજા ઉત્તમ પુરુષો કદિ હીનજાતિમાં લપટાતા નથી. મોટા ગજેન્દ્રોના અભિમાનને ઉતારી નાખનાર કેસરીસિંહ ક્યારે ય ઘાસને અડતો નથી." છતાં ય રાજા માનતો નથી. છેવટે બુદ્ધિસુંદરી પોતાનો નિયમ છે તે પૂર્ણ થાય તેટલા સમયની રાહ જોવાનું કહ્યું. રાજાએ કમને તેની વાત માન્ય રાખી. રાજાના આ કૃત્યથી નગરમાં હાહાકાર થયો. મહાજનવર્ગ આવીને રાજાને સમજાવવા માંડ્યો. મંત્રીઓએ પણ નિર્દોષ અને નિષ્કલંક મંત્રીને છોડી મૂકવા સમજાવ્યો. મંત્રીઓની સમજાવટ અને લોકોના આગ્રહથી મંત્રીને કારાવાસમાંથી મુક્ત કરી ઘરબાર સોંપી દીધા પણ બુદ્ધિસુંદરીને છોડી નહિ.

આ બાજુ બુદ્ધિસુંદરી પણ કોઈ કોઈ વાર રાજા આવતો ત્યારે વિનોદની બે વાતો સંભળાવી રાજાને રાજી કરતી હતી, પણ તે દરમિયાન બુદ્ધિએ પોતાની જ આબેહૂબ નકલ જેવી માસપિંડની એક મનોહર પૂતળી તૈયાર કરી. રૂપ, રંગ, છટા વસ્ત્રાભૂષણથી શણગારી આકર્ષક બનાવી. પોતાની બધી જ કળા અને ચતુરાઈ આ પૂતળી બનાવવા પાછળ ખર્ચી નાખી. જ્યારે તે તૈયાર થઈ ગઈ ત્યાર પછીના દિવસે જ્યારે રાજા આવ્યો ત્યારે રાજાને એ પૂતળી બતાવી. રાજા મનોહર પૂતળીને જોઈને છક થઈ ગયો. વાહ શું સુંદર કારીગરી ! રાજા બોલી ઉઠ્યો ત્યારે બુદ્ધિસુંદરીએ કહ્યું, "રાજા ! આપ એને અંતઃપુરમાં રાખો અને જોઈને ખુશ થાઓ. મને આ બંદીખાનામાંથી મુક્ત કરો." રાજા કહે એવું તો બને નહિ. બુદ્ધિસુંદરી એ

કહ્યું, 'પૂતળી મદનવતી છે, રાજી કરે એવી છે અને હું તો મદનરહિત છું.' એમ કહી પૂતળી રાજા સામે ફેંકી. પૂતળી પછડાવાથી ભાંગી ગઈ અને દુર્ગંધ ફેલાવતા અનેક પદાર્થો એમાંથી નીકળી પડ્યા. દુર્ગંધ સહન ના થવાથી રાજા ચાર ડગલા પાછળ હટી ગયો અને કહેવા લાગ્યો બાળક પણ ના કરે તેવું કામ કેમ કર્યું ? બુદ્ધિ જવાબ આપે છે, "આ તો મેં ઘડેલી પૂતળી હતી. મારાથી અધિક હતી. હું તો એનાથી પણ હીન છું. પાણી અને અગ્નિથી આની શુદ્ધિ થઈ જશે. પણ રત્નોના સંસ્કારથી પણ મારી શુદ્ધિ નહિ થાય. તમે ભીંત ભૂલ્યા છો. ઉપરથી રૂપરંગ ભર્યા સુંદર શરીરની અંદર તો હાડ, માંસ અને રૂધિર સિવાય કંઈ નથી. મળ, મૂત્ર ભરેલા ગંદા કલેવરમાં રાચી નરકના દ્વાર ખખડાવી રહ્યા છો. સ્પર્શેન્દ્રિયના લોભમાં તિર્યંચ અને નરકગતિના દુઃખોને આમંત્રણ આપી રહ્યા છો. તમારા અંતઃપુરની સૌંદર્યવતી રાણીઓ કરતાં મારામાં કશું જ અધિક નથી. પ્રજાજન ગુન્હો કરે તો તમે અહીંયા જ શિક્ષા કરો છો. પરંતુ તમે અહીં ગુનો કરશો તેની સજા નરકમાં ભોગવવી પડશે."

ભવિતવ્યતાના યોગે રાજાના પાષાણ હૃદયમાં ઉપદેશરૂપી અમીઝરણાનું નિર્મળ નીર નીતરવાથી એનું હૃદય ભીંજાયું. હૃદયની ભાવના બદલાઈ ગઈ. પાપી વિચારો નષ્ટ થઈ ગયા. રાજા પશ્ચાતાપ કરતો બોલ્યો, "સતી ! તારી વાણી સત્ય છે. મારી મોહનિંદ્રા નાશ પામી છે. મારી વિવેકદષ્ટિ ખુલી ગઈ છે. પરસ્ત્રીમાં લંપટ બનેલા મને તેં ઘોર નરકમાં જતો બચાવ્યો છે. હવે તું જ કહે મારે શું કરવું ?"

"પરસ્ત્રીનો ત્યાગ, જેથી પરલોકમાં પણ સ્વર્ગની પ્રાપ્તિ થાય." બુદ્ધિસુંદરીના નિર્મળ વચનનો સ્વીકાર કરી રાજાએ પરસ્ત્રી ત્યાગનો નિયમ કર્યો. બુદ્ધિસુંદરી ને ખમાવી અને માફી માંગી. આદર સત્કાર અને માનપૂર્વક ધર્મભગિનીની જેમ પોતાના મહેલમાં રવાના કરી. મંત્રીને બોલાવી એનો પણ સત્કાર કરી મંત્રીપદ પાછું આપ્યું.

દીર્ઘકાલ પર્યંત સંસારના સુખો ભોગવી બુદ્ધિસુંદરી સૌધર્મ કલ્પમાં દેવી તરીકે ઉત્પન્ન થઈ.

## :: ઋદ્ધિસુંદરી ::

સાકેતપુરના બજારોમાં દેશપરદેશના વ્યાપારીઓ વ્યાપાર માટે આવતા હતા. એવાજ કોઈ વ્યાપાર નિમિત્તે તામ્રલિપી નગરીથી આવેલો સુધર્મા નામનો વણિક બજારમાં પોતાના સંબંધની પેઢી ઉપર બેઠો હતો. એની નજર અચાનક જ પોતાની સખીઓ સાથે હાસ્ય વિનોદ કરતી ત્યાંથી ચાલતી જતી ઋદ્ધિસુંદરી પર પડી. બંનેની નજર એકબીજા પ્રત્યે આકર્ષાઈ. ઋદ્ધિ પોતાના મકાને ચાલી ગઈ પણ જતા જતા સુધર્મા પર નજર નાખતી ગઈ અને તે જ સમયે સુધર્માને છીંક આવી એટલે 'નમો જિનેન્દ્રાય' શબ્દ તેણે સાંભળ્યો. એટલે એ જૈનધર્મી - પોતાનો સાધર્મિક હશે એમ વિચારી વધારે ખુશ થઈ. સખીઓએ આ વાત ઋદ્ધિના માતાપિતાને કરી. એના પિતા એ સુધર્મના કુળ, વ્યવહારની ખાતરી કરી લીધી.

સુધર્મ પણ ઋદ્ધિસુંદરીનું રૂપલાવણ્ય જોતા જ મોહવશ થઈ ગયો. બીજા વ્યાપારના વિચારો પણ ભૂલી ગયો. તેને થયું આ મનોહર બાળા કેવી રીતે મેળવવી ? સુમિત્ર શેઠ પાસે પણ ઋદ્ધિસુંદરીના અનેક માગા આવવા માંડ્યા પણ શેઠની દૃષ્ટિ કોઈના પર ઠરતી નહિ પોતે જૈન ધર્માનુરાગી હોવાથી મિથ્યાત્વી - પરધર્મીને ઘસીને ના જ પાડતી. ઋદ્ધિનું સુધર્મ તરફ આકર્ષણ જાણી સુધર્મ જૈન ધર્મી તેમ જ રૂપ અને ગુણથી પોતાની યોગ્ય હોવાની ખાતરી કરી લીધી અને સારુ મુહૂર્ત જોવરાવી પરણાવી દીધી. સુધર્મને પ્રાર્થના કર્યા વગર ઋદ્ધિ જેવી સુંદરી મળવાથી લોકો તેને ભાગ્યશાળી માનવા માંડ્યા. સુધર્મને પોતાને પણ થયું કે અપૂર્વ ચિંતામણી જેવા જૈનધર્મના પ્રભાવથી પોતે આ બાળાનો સ્વામી બન્યો છે.

લગ્ન પછી થોડો સમય સાકેતપુરમાં રહીને પછી સસરાની રજા મેળવી પોતાના નગર તામ્રલિપીએ પત્ની સાથે આવી ગયો. સમય પસાર થઈ ગયો. ધન કમાવા સુધર્મ અનેક વસ્તુઓના વહાણ ભરીને પત્ની સાથે સમુદ્રની મુસાફરી એ ચાલ્યો. સમુદ્રમાં મુસાફરી કરતાં તેમણે સાગરને

ખળભળતો જોયો. પ્રચંડ તોફાન આવ્યું. નાવિકોએ વહાણને સ્થિર કરવાના પ્રયત્નો કર્યા પણ વહાણ અહીં તહીં સાગરના પ્રચંડ મોજામાં અફળાવા માંડ્યા. સુધર્મ અને ઋદ્ધિએ બધી મોહજંજાળ છોડી સાગરી અનસન કરી દીધુ. આખરે વહાણ ભાંગી ગયું. માલ, ચરૂ, બાળ, નાવિકો, નોકર, ચાકર બધાએ સાગરમાં જ સમાધિ લીધી. પણ સુધર્મ અને ઋદ્ધિસુંદરીના ભાગ્યમાં સાગર સમાધિ લખાઈ ન હતી. યોગાનુયોગથી તેમના હાથમાં એક વિશાળ પાટિયું આવ્યું.

બંને જણા એ પાટિયાના સહારે સમુદ્રમાં તણાતાં તણાતાં ચાર-પાંચ દિવસે દરિયા કિનારે આવી પહોંચ્યા. સહીસલામત કિનારે આવી જવાથી ખુશ થયેલા બંને જણ ત્યાં આવેલા જંગલમાં ગયા અને જંગલમાંથી ફલ વગેરેથી નિર્વાહ કરતા બીજા વહાણની આશાએ બીજા વહાણનું ધ્યાન જાય તેવું ઉંચુ નિશાન કરી કિનારા પર રહેવા માંડ્યા. પોતાના પ્રાણથી પણ અધિક પ્રિયાને દુઃખમાં જોઈ સુધર્મ તેને સાથે લાવવા બદલ પશ્ચાતાપ કરવા માંડ્યો. ત્યારે ઋદ્ધિ એ કહ્યું, "સુખ દુઃખ એ તો પૂર્વકર્મના વિપાકનું ફળ છે. ધર્મના મર્મને જાણનારા તમારા જેવા જ્ઞાતા પુરુષે ખેદ કરવો જોઈએ નહિ."

બીજા વહાણની રાહ જોતા કેટલોક સમય પસાર થયો. એક દિવસ કોઈક વહાણના પ્રવાસીઓએ કિનારા પર રહેલું પેલું નિશાન જોઈને તરાપા પર બે નાવિકોને બેસાડીને તે તરફ મોકલ્યા. એ લોકોએ સુધર્મ અને ઋદ્ધિસુંદરીને કહ્યું કે વહાણનો માલિક સુલોચન સાર્થવાહ છે જે જંબુદ્વિપ તરફ જાય છે. તેમની વાણી સાંભળીને બંને જણા તરાપા પર બેસી તેમની સાથે વહાણ પાસે આવી પહોંચ્યા. સુલોચન શેઠે સુધર્મનો સત્કાર કર્યો અને વહાણ આગળ ચાલવા માંડ્યુ. અનુક્રમે સુલોચન શેઠ અને સુધર્મની ગાઢ મૈત્રી થઈ પણ તે દરમિયાન સુલોચન સાર્થવાહની દૃષ્ટિ ઋદ્ધિના સૌંદર્ય પર લોલુપ થઈ. એને પોતાની કરવાની તાલાવેલી લાગી. મોહાંધ થઈને સારા નરસાનો વિવેક ભૂલી ગયો અને વિચારવા માંડ્યો કે એનો પતિ છે ત્યાં સુધી એ મારી નહિ થાય. અને સુલોચન નામ હોવા છતાં કુલોચનવાળા

એણે દુષ્ટ સંકલ્પ કર્યો. એક રાત્રે બધા ભર નિંદ્રામાં હતા ત્યારે ધીમેથી ઊઠીને સુધર્મને આસ્તેથી ઉપાડીને દરિયામાં નાખી દીધો અને પાછો પોતાની જગ્યાએ આવીને સુઈ ગયો.

પ્રાતઃકાળે ઋદ્ધિસુંદરી જાગીને પોતાના પતિને નહી જોવાથી હૈયાફાટ રૂદન કરવા માંડી. વહાણમાં ક્યાંય પત્તો લાગ્યો નહિ. નોકરચાકરોમાં પણ હાહાકાર થઈ ગયો. સાર્થવાહ પણ મિત્ર મિત્ર કરતો પોકાર કરવા માંડ્યો. છેવટે મિત્રના નામે રડીને થાક્યો. અભિનય પૂરો કરીને પોતાની જાત પર આવી ગયો. ઋદ્ધિસુંદરીને કહેવા માંડ્યો, "ગઈ ગુજરી ભૂલી જા મારું શું થશે ? એવી ચિંતા કરીશ નહિ. મારું ઘર, મારું ધન, મારો વૈભવ બધુ તારું જ જાણજે. મારા ઘરમાં સુખેથી રાજ કર. હું પણ આજથી તારો દાસ છું."

પાપબુદ્ધિ સુલોચનની વાણી સાંભળી ઋદ્ધિ સુંદરીને ખ્યાલ આવી ગયો કે આ પાપીનું જ કારસ્તાન લાગે છે. પોતાના રૂપમાં મોહાંધ થઈને પતિને મારી નાખ્યો લાગે છે. પતિ વગર હવે જીવીને કરવું છે શું ? પાપબુદ્ધિ સુલોચનના પંજામાંથી છૂટવા માટે એક જ ઉપાય છે. સાગર સમાધિ. કારણ કે બધાય સુલોચનના જ માણસો હતા. પોતાને દિલાસો આપનાર કોઈ હતું નહિ. આમ વિચારીને તે સાગરમાં ઝંપલાવવા તૈયાર થઈ. પણ તેના વિચારો બદલાઈ ગયા. તેને થયું જૈનધર્મમાં બાલ મરણ નિષેધેલુ છે. જીવતો જીવ ફરીને પણ કલ્યાણ પામે છે. પણ શીલનું રક્ષણ કેવી રીતે કરવું ? આ સાગરમાંથી જો સલામત રીતે કોઈ શહેરમાં જઈ શકે તો કોઈ સાધ્વીનો યોગ પામીને સંયમ લઈશ.

મનમાં કંઈક વિચાર કરીને ઋદ્ધિસુંદરી સાર્થવાહને કહે છે, "મારા પતિના મરણથી મારું ચિત્ત અસ્વસ્થ છે. સાગરનો પાર પામ્યા પછી કોઈ શહેરમાં ગયા પછી સમયને ઉચિત કરીશ." ઋદ્ધિની વાત સાંભળી સાર્થવાહ ધીરજથી રહ્યો તેણે વિચાર્યું કે મારા સકંજામાંથી હવે આ જશે ક્યાં ? માણસ વિચારે છે શું ? અને ભાવિમાં હોય છે શું ? સુલોચનના પાપથી સમુદ્ર દેવતા કોપાયમાન થયા. સાગરે પણ માઝા મુકી અને વહાણ ભાંગીને ભૂકો થઈ

ગયું. ભાગ્યવશાત ઋદ્ધિ સુંદરીના હાથમાં પાટિયું આવી ગયું. એ પાટીયાના આધારે સમુદ્રમાં તરતી તરતી કિનારે આવી ગઈ. ત્યાં પાટિયાના અવલંબનને પાંમીને સમુદ્ર તરી ગયેલો તેનો પતિ મળ્યો. એકબીજાને જોઈને બંને ખુશ થયા અને એકબીજાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. સજ્જન પુરુષો તો દુશ્મનનું પણ ભલું જ ઈચ્છતા હોય છે. સુધર્મ સાર્થવાહના પાપીકૃત્યને લીધે દુઃખી થાય છે.

સાગરકાંઠા પર ફરતા દેવદેવી જેવા યુગલ પર નજીકના ગામના ઠાકોરની નજર પડી. ઠાકોર ઘણીવાર સહેલ કરવા આવતો હતો પહેલીવાર જંગલમાં આ યુગલને જોઈને વિચાર છે, "શું જળદેવતા પોતાની દેવી સાથે ક્રીડા કરવા આવ્યા હશે ? કોઈ વિદ્યાધર અને વિદ્યાધરી હશે ?" એમ વિચારતા તે યુગલ પાસે આવ્યો અને તેને ઉત્તમ કુળના સ્ત્રી પુરુષ છે તેવી ખાતરી થતાં તેમની આગતા-સ્વાગતા કરી ગામમાં લઈ ગયો અને રહેવા માટે સારું મકાન આપ્યું. ઠાકોરની સહાયથી સુધર્મ વ્યાપાર કરતો અને ધર્મસાધના પણ કરતો. બીજી બાજુ સમુદ્રમાં ડૂબતો અને માછલાનો શિકાર થતાં સુલોચન સાર્થવાહ પણ ભાગ્યયોગે પાટિયાનો આધાર પામીને કિનારે આવ્યો. જંગલમાં ભ્રમણ કરતો કોઈ પલ્લીમાં ગયો પણ કંઈ ખાવાનું મળ્યું નહિ ભૂખની પીડાથી વ્યાકુળ થઈને મરેલા જાનવરોનું માંસ ખાવા માંડ્યું. તેનાથી ઊલટીઓ થવા માંડી છેવટે કુષ્ટ રોગ થયો. ધર્મીજનોનો ઘાત કરીને કામી પુરુષો પોતાની પાપી ઈચ્છા પૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે. તે સુલોચનની માફક દુઃખીદુઃખી થઈ જાય છે.

દુઃખ અને દુર્ભાગ્યથી પીડાતો સુલોચન ભટકતો ભટકતો સુધર્મના ગામમાં આવી પહોચ્યોં. ભીખ માંગતો રખડતો હતો ત્યારે ઋદ્ધિસુંદરીની નજર તેના પર પડી. સુંદરીએ પતિને ઘેર આવીને વાત કરી. સુધર્મ સુલોચનને પોતાના ઘેર તેડી લાવ્યો અને દવાદારૂથી તેના રોગનો નાશ કર્યો. સુલોચન કુળવાન હતો. દૈવવશાત્ ઋદ્ધિસુંદરીને જોતાં તેની બુદ્ધિ ફરી અને અનર્થ

કરી નાખ્યો. તે પાપનું ફળ એને અહીંયા જ મળ્યું. અસહ્ય યાતનાઓ ભોગવી. જેનું બૂરું કરેલું તેણે જ આશ્રય આપ્યો. અને બુરાઈનો બદલો ભલાઈથી આપ્યો. પુષ્કળ ખર્ચ કરીને કરેલો ઉપકાર કંઈ જેવો તેવો નહોતો.

શરમના ભારથી દબાઈ ગયેલો સુલોચન વિચારે છે, "વિધાતાએ જગતમાં સજ્જન અને ચંદનને પરોપકાર માટે જ સર્જ્યા છે. સજ્જન ગમે તેટલા દુર્જનનો હૃદય પલટો કરાવે છે. મેં એમનું ખરાબ કરવામાં કંઈ બાકી રાખ્યું નથી છતાં મારા પર અનન્ય ઉપકાર કર્યો છે. મારું મોઢું પણ કેવી રીતે બતાડું ?" શરમથી નીચા મોઢે વિચાર કરતા સુલોચનને સુધર્મ શિખામણ આપે છે, "આટલા શોકમગ્ન કેમ છો ? કુટુંબનો વિરહ કે ધનની પીડા સાલે છે ? હજી પણ શરીરમાં રોગ રહી ગયો છે ? જગતમાં જીવોને પાપ કરવાથી દુઃખ પ્રાપ્ત થાય છે અને પુણ્ય કરવાથી સુખ પ્રાપ્ત થાય છે એટલે આવી બાબતમાં ખેદ કરવો નહિ. સુખની અભિલાષાવાળા પુરુષોઓએ ધર્મની આરાધના કરવી જોઈએ અને દુઃખના કારણરૂપ પાપનો ત્યાગ કરવો જોઈએ."

સુધર્મની વાત સાંભળી સુલોચનની આંખોના પડલ ઉઘડી જાય છે અને સુધર્મની માફી માંગે છે. સુધર્માના પરોપકાર માટે ધન્યવાદ આપે છે. સુધર્મા જેવા ધર્મીને સમુદ્રમાં ફેકી દીધો અને ઋદ્ધિ સુંદરી પર કુદૃષ્ટિ નાખી તેનો પારાવાર પસ્તાવો કરે છે. સુલોચનની વાત સાંભળી ઋદ્ધિએ કહ્યું, 'તમને ધન્ય છે કે તમે કરેલા પાપનો આટલો પસ્તાવો કરો છો. માટે હે સત્પુરુષ ! આજથી પાપનો ત્યાગ કરો અને ધર્મની આરાધના કરો. પરનારીનો ત્યાગ કરો, શીલરૂપી નિયમ લો." ઋદ્ધિસુંદરીની વાણી સાંભળી એના જ્ઞાનલોચન ખુલી ગયા. ઋદ્ધિને બેન, માતા અને ગુરુ સમાન ગણી. ચોથું અણુવ્રત અંગીકાર કર્યું. સુધર્મે ત્યાં રહી ઘણું ધન ઉપાર્જન કર્યું. પછી પત્ની સાથે તામ્રલિપી નગરીમાં આવ્યો. પોતાના કુલાચારને પાળી ધર્મમાં લીન થયો અને ઋદ્ધિસુંદરી પણ શ્રાવિકાપણાના કુલાચારને પાળતી આયુ. ક્ષયે પ્રથમ દેવલોકમાં દેવીપણે ઉત્પન્ન થઈ.

# :: ગુણસુંદરી ::

સુઘોષ પુરોહિતની દીકરી ગુણસુંદરીનું લાવણ્ય અદ્ભુત હતું સાથે સાથે નામ પ્રમાણે ગુણવાળી વિનયવાન, ગંભીર અને ધર્મરસિકા શીલના આભૂષણવાળી હતી. એક દિવસ સુઘોષ પુરોહિતની આ દીકરી પર તેમની જ જ્ઞાતિના વેદરૂચિની નજર પડી. વેદરૂચિની નજર ત્યાં જ ચોંટી ગઈ. સખીઓ સાથે ક્રીડા કરતી બાળા નજરથી દૂર થઈ ગઈ તો પણ તેની દષ્ટિ ત્યાં જ સ્થિર થઈ ગઈ. મિત્રોએ સમજાવી ઘેર પહોંચાડ્યો પણ તે ગુણસુંદરીના રૂપને ભૂલી શક્યો નહિ. એના પિતા વેદશર્મા પુત્રના દુઃખથી દુઃખી થઈ સુઘોષ પુરોહિત પાસે આવ્યા અને પુત્ર માટે ગુણસુંદરીની માગણી કરી. સુઘોષ પુરોહિતે જણાવ્યું કે શ્રાવસ્તીનગરના રાજ પુરોહિતના પુત્ર પુણ્યશર્મા સાથે ગુણસુંદરીના વિવાહ નક્કી કરેલા છે. હવે એ બીજાને આપી શકાય નહિ.

સમજુ વેદશર્મા વાત સાંભળી નિરાશ થઈને ચાલ્યા ગયા. પણ વેદરૂચિ ગુણસુંદરીને ભૂલી શક્યો નહિ. એના માતા પિતાએ અનેક સુંદર કન્યાઓ કે જે ગુણ સુંદરી કરતા ચડી જાય તે બતાડી પણ વેદરૂચિ સમજ્યો નહિ. એણે અનેક વશીકરણના મંત્રો સાધ્યા, દેવતાઓની ઉપાસના કરી છતાં ના તો દેવતા મળ્યા કે ના ગુણસુંદરી મળી. પુણ્ય હોય તો મળે ને ? યોગ્ય સમયે પુણ્યશર્મા ગુણસુંદરીને પરણી ગયો અને પોતાને નગર પણ ચાલી ગયો. એ લોકોના ગયા પછી વેદરૂચિ તો દારૂ પીધેલા ગજરાજની જેમ છકી ગયો. માતાપિતાએ ઘણો સમજાવ્યો છતાં તે મૂર્ખ પોતાનું ભર્યું ઘર છોડી શ્રાવસ્તીનગરી ગયો. શ્રાવસ્તી જતા રસ્તામાં પર્વતની ગુફામાં ચોર લોકોની પલ્લી જોઈ. ગુણસુંદરી મેળવવાની લાલસામાં એ દુષ્ટ પલ્લીમાં રહી પલ્લીપતિની સેવા કરવા માંડ્યો. પલ્લીપતિએ પુણ્યશર્માના ઘેર ધાડ પાડી બધુ લુંટી લીધું અને વેદરૂચિ ગુણસુંદરીને ઉપાડીને ચાલતો થયો.

પલ્લીમાં ગુણસુંદરીને સારી રીતે રાખતો વેદરૂચિ એના માન-સન્માનમાં કે ખાન-પાનમાં ઉણપ આવવા દેતો નહિ. એક દિવસ ગુણસુંદરીને કહ્યું, "તે મારું ચિત્ત હરી લીધું છે. તે હવે મને પાછું આપ. મારા પર કૃપા કર." આવા અપ્રિય વચનો સાંભળી ગુણસુંદરી બોલી, "તમે કોણ છો ? મેં તો તમને ક્યાંય જોયા નથી. છતાં કહો છો તેં મારું ચિત્ત હરી લીધું છે, એ તો આશ્ચર્ય !" વેદરૂચિએ પોતાની કથા કહી સંભળાવી. સાંભળીને ગુણસુંદરી વિચારમાં પડી. અરે, આ તો ઘણો આસક્ત જણાય છે. સાધ્વીજી એ આપેલા શીલ ધર્મને સાચવવાનું મુશ્કેલ થશે. પણ થોડો ગુણવાન પણ લાગે છે કે મારી યાચના કરે છે. પણ આને સમજાવવા માટે કદાચ માયા-કપટ કરવું પડશે. જો કે તેવું ના કરાય પણ ધર્મથી શીલ રક્ષણ માટે તે પણ કરવું. ખૂબ વિચાર કરીને તે બોલી. "તમારો મારી પર આટલો રાગ હતો તે મને જણાવ્યું હોત તો નજીકમાં રહેલા તમને છોડીને હું વિદેશી સાથે પરણત નહિ. અને બધું સારૂ થાત. પણ હવે શું ? અત્યારે તો આપણો સંબંધ લોકનિંદાને પાત્ર અને પરલોકમાં દુર્ગતિને આપનારો થાય." ગુણસુંદરીની મધમીઠી વાણી સાંભળી મૂર્ખ બ્રાહ્મણ વિચારમાં પડ્યો. "આ તો મારે વિષે રાગવાળી છે. મેં પૂર્વેથી કહી દીધું હોત તો સારું થાત. પણ હવે તેને છોડી કેમ દેવાય ?" વિચારીને તે બોલ્યો, "તમારી વાત તો સાચી છે પણ તારા વગર હવે હું જીવીશ નહિ. ભલે કુટુંબને કલંક લાગે. ભલે જગતમાં નિંદા થાય. ભલે મારે દુર્ગતિમાં જવું પડે તો પણ હું તૈયાર છું. બસ તુ મારી થઈ જા."

બ્રાહ્મણની વાણી સાંભળી ગુણસુંદરી બોલી, "જો તું મારા જ સુખનો અભિલાષી હોય તો મારે પણ તારું હિત કરવું જોઈએ. પરંતુ અત્યારે ચાર મહિના સુધી મેં મંત્રસિદ્ધિ માટે બ્રહ્મચર્યવ્રત પાળ્યું છે. મંત્રસિદ્ધ થવાથી તારું ને મારું કલ્યાણ થશે." ગુણસુંદરીનું વચન સાંભળી બ્રાહ્મણ ખુશ થઈ ગયો કે તે પોતાના હિતનો પણ વિચાર કરે છે. એણે આનંદથી વચન સ્વીકારી લીધું. બ્રાહ્મણના ઘરમાં રહેતી ગુણસુંદરી ઘરનું બધું કામ કરતી અને સારી રસોઈ કરીને બ્રાહ્મણને જમાડતી. થોડા દિવસમાં જ એણે બ્રાહ્મણનો વિશ્વાસ

સંપાદન કરી લીધો. હકીકતમાં એ ક્ષુદ્ર બ્રાહ્મણની સેવા કરતી ગુણીયલ ગુણસુંદરી આયંબિલનું તપ કરીને કાયાનું દમન કરવા માંડી. સ્નાન, શ્રૃંગાર વગેરેનો ત્યાગ કર્યો. ચાર મહિના થઈ ગયા. છેલ્લા દિવસે રાત્રીએ ગુણસુંદરી ચીસો પાડવા માંડી. અને હૈયુ અને માથું કુટવા માંડી. વેદરૂચિ ગભરાઈ ગયો. એણે પૂછ્યું, "શું થયું ?" "અરે હું શૂળની વ્યાધિથી મરી જાઉ છું. એમ કહી ભૂમિ પર આળોટવા માંડી. સવાર પડી અને કામ કરતાં પણ રડવા માંડી. "અરેરે, તારા ગૃહને યોગ્ય હું નથી. દુર્ભાગ્યવાળી છું મારા શરીરમાં અસહ્ય વેદના થઈ રહી છે. શું કરું ? મને સ્વામીના વિયોગનું દુઃખ નથી પણ તારા ઉપર મારાથી કંઈ ઉપકાર થયો નહિ. એનું દુઃખ છે. હવે મારાથી દુઃખ સહન નથી થતું એટલે મને બળી મરવાની રજા આપ."

વેદરૂચિ અધીરી ના થવાની અને શ્રાવસ્તી જઈને વૈદ્યના ઉપચાર કરવાનું કહે છે. ત્યારે ગુણસુંદરી કહે છે, "ત્યાં કેવી રીતે જવાય ? મારો સ્વામી હવે મને રાખે નહિ. એટલે મારું મરણ એ જ શરણ છે ? સાંભળીને બ્રાહ્મણ ગળગળો થઈ જાય છે." "તારું દુઃખ મારાથી જોવાતું નથી. તું ખુશીથી તારા નગરમાં જા. તને હું સહાય કરીશ." એમ કહીને વેદરૂચિ ગુણસુંદરીને રથમાં બેસાડી શ્રાવસ્તી નગરીની સીમાએ આવે છે. પછી કહે છે, "તું તારા પતિના ઘેર જા હું પણ હવે નગર તરફ જઈશ." સાંભળીને ગુણસુંદરી કહે છે, "આજથી તુ મારો ભાઈ છે. માટે સુખેથી મારી સાથે ચાલ. ભાઈને બહેન સાથે આવવામાં શરમ શેની ?" વેદરૂચિ રથને હાંકતા પુણ્યશર્માના મકાને પહોંચે છે અને પુણ્યશર્મા પત્નીને જોઈને ખુશ થાય છે. ગુણસુંદરી તેના પતિને કહે છે, "ભિલ્લ લોકો મને લઈ ગયેલા તેમના પંજામાંથી આ બાંધવે મને છોડાવી છે." પુણ્યશર્મા આનંદ પામીને કહે છે, "તમારે ભિલ્લ લોકોના ટોળામાં રહેવું યોગ્ય નથી. માટે સુખેથી અહીંયા રહો."

પુણ્યશર્માના વચન સાંભળી વેદરૂચિ શરમથી નમી પડ્યો. એને થયું ક્યાં આ દિલાવર દિલ સજ્જન અને સ્વરૂપવાન પુરુષ અને ક્યાં પોતે દુર્જન અને લોલુપ મનુષ્ય હવે ક્યારેય આવો અપરાધ નહિ કરે. ઉપકારના ભારથી

નમ્ર થયેલા વેદરૂચિને સારી આગતાસ્વાગતા કરી રાતના સમયે સુંદર શૈયામાં પોઢાડ્યો. શરમનો માર્યો વેદરૂચિ મધ્યરાત્રીએ નાસી જવાનો વિચાર કરતો હતો અને પગમાં અચાનક સર્પે દંશ દીધો. પુણ્યશર્મા તરત આવ્યો અને દીપકના પ્રકાશમાં સર્પને નાસી જતા જોયો. તેણે ગારૂડીઓને બોલાવ્યા પણ તેમની મહેનત વ્યર્થ ગઈ. વેદરૂચિ બેભાન થઈ ગયો. બધા એને મૃતમાનીને નાસીપાસ થઈ ચાલ્યા ગયા. વેદરૂચિ મૃત્યુની રાહ જોઈ રહ્યો હતો. પુણ્યશર્મા કંઈ થઈના શક્યું એટલે નિરાશ થઈ ગયો એકાએક ગુણસુંદરી હાથમાં જળની અંજલિ લઈ ત્યાં હાજર થઈ. અને સર્વના સમક્ષ નીડર થઈને બોલી, "હે શાસનદેવ ! મારું શીલ જો નિષ્કલંક હોય આ સર્પ વિષ ઉતરી જજો." બધાના આશ્ચર્ય વચ્ચે વેદરૂચિ જમીન પરથી બેઠો થઈ ગયો. જાણે ઉંઘમાંથી ઉઠ્યો હોય. આજુબાજુ જોતા એ અજાયબ થઈ ગયો. લોકો ધૂપ, દીપ, પુષ્પથી મહાસતીની પૂજા કરી રહ્યા હતા. વેદરૂચિને આખી વાતની ખબર પડી એટલે બોલ્યો, "હે બહેન ! હું શું કરું ?" ગુણસુંદરીના કહેવાથી એણે પરદારાગમનનો ત્યાગ કર્યો. પોતાના પાપ ખમાવી, વ્રત અંગીકાર કરી પોતાના સ્થાને ગયો. ગુણસુંદરી પણ આયુષ્ય પૂર્ણ કરી પ્રથમ કલ્પમાં દેવી પણે ઉત્પન્ન થઈ.

## :: પરદેશમાં ::

એ રતિસુંદરી, બુદ્ધિસુંદરી ઋદ્ધિસુંદરી અને ગુણસુંદરી જીવનને તૃણવત્ ગણીને શીલને પાળી અનુક્રમે સ્વર્ગમાં દેવીપણે ઉત્પન્ન થઈ. ત્યાં દેવભવના અનુપમ સુખો ભોગવી આ ચંપાનગરીમાં કાંચનશેઠને ત્યાં રતિસુંદરી નામે તારા, કુબેરશેઠને ત્યાં બુદ્ધિસુંદરી નામે શ્રીમતી, ધરણશેઠને ત્યાં ઋદ્ધિસુંદરી નામે વિનયવતી અને પુણ્યસાર શેઠને ત્યાં ગુણસુંદરી નામે દેવી થઈને જન્મ લીધો. શાસ્ત્ર કળાનો અભ્યાસ કરીને જૈન ધર્મથી શોભતી ચારેય યૌવનમાં પ્રવેશી. તીર્થંકર ભગવાનને પરભવમાં આપેલા દાનના પ્રભાવથી યુક્ત વિનયંધર શેઠને આ ચારેય બાળાઓ પરણી, પરભવના અભ્યાસથી આ ભવમાં પણ તેઓ ધર્મમાં પ્રીતિવાળા થઈને પ્રાણના ભોગે

પણ શીલ પાલનમાં સાવધાન છે. સમક્તિ અને બાર વ્રતને શોભાવતા એમને જે પણ વિઘ્ન કરે છે તે તરત નાશ પામે છે. શાસનદેવીએ એમનું સ્વરૂપ બિભત્સ બનાવી એમની રક્ષા કરી અને પાછું મૂળ સ્વરૂપ થઈ ગયું. એ શીલનો પ્રભાવ છે.

જ્ઞાની ગુરુની વાણી સાંભળી રાજા શ્રીકેતુ (ચંપાપતિ)ના મિથ્યાત્વ પડલ દૂર થયા અને જ્ઞાનનેત્રો ખુલી ગયા. ધર્મોપદેશ સાંભળીને એણે પણ શીલવ્રત ધારણ કર્યું. વિનયંધર શેઠે બે હાથ જોડી ગુરુ પાસે સંયમ લેવાની ઈચ્છા વ્યક્ત કરી. ગુરુએ અનુમતિ આપી. વિનયંધર શેઠ ચારેય પ્રિયાઓ સાથે દીક્ષાની તૈયારી કરવા લાગ્યો. આવો અપૂર્વ અવસર જોઈ રાજાની દીક્ષાની ભાવના વધુ દૃઢ બની. છ માસના ગર્ભવાળી પટ્ટરાણી વૈજ્યવંતીનો રાજગાદી ઉપર અભિષેક કરી રાજાએ પણ વિનયંધર સાથે દીક્ષા ગ્રહણ કરી. અને ગુરુમહારાજ પરિવાર સાથે વિહાર કરી ગયા.

ગર્ભનું પાલન કરતા વૈજ્યવંતી રાણી એ પુત્રીને જન્મ આપ્યો. પુત્રીના જન્મથી રાણી દુઃખી થઈ અને તરતજ મંત્રીને ખબર મોકલાવી. મંત્રીએ પુત્રીની વાત ગુપ્ત રાખી તરત જ રાજ્યમાં પુત્ર જન્મની વધામણી જાહેર કરી. પુરુષના જ વસ્ત્રો પહેરાવી શસ્ત્ર અને શાસ્ત્રની યોગ્ય તાલીમ આપી. સમય જતા તે યુવાન થઈ. હવે પટ્ટરાણીને ચિંતા થઈ કે હવે પુત્રીને પરણાવવી જોઈએ.

મંત્રીએ પુરતો વિચાર કરી એક પ્રભાવિક યક્ષની આરાધના કરી. ચંપાનો અધિષ્ઠાયક યક્ષ પ્રસન્ન થયો. તેણે કહ્યું ત્રીજે દિવસે તે પોતનપુર નગરના રાજકુમાર ચંદ્રસેન તે ચંપાનગરીની બહારના સરોવરના કાંઠે લાવીને મૂકી દેશે. તે બાળા માટે યોગ્ય છે. અને ચંપાની રાજલક્ષ્મીનો માલિક પણ તે જ થશે. આ બાળાનો ભવભવનો ભર્તા પણ એજ હતો. મંત્રી મતિવર્ધને રાજકુમાર કમલસેન આગળ ચંપાપતિની કથા આ રીતે પૂર્ણ કરી. રાજકુમારે પણ મંત્રીને વચનનું પાલન કર્યું. શુભ મુહૂર્ત રાજકુમારના વેશમાં રહેલી

રાજકુમારી ગુણસેના આડંબરપૂર્વક કમલસેન સાથે પરણી ગઈ. તે સાથે કમલસેનની ચંપાની ગાદી એ રાજ્યાભિષેક પણ થઈ ગયો. તેઓ મહારાજ કમલસેન થયા. ચંપાનગરીના અંગદેશના ભાગ્યવિધાતા થયા.

રાજ્ય અને રમણીનું સુખ ભોગવતા રાજા કમલસેન સુખેથી સમય પસાર કરતા હતા. તે દરમિયાન વત્સદેશના રાજા સમરસિંહનો દૂત એક દિવસ ચંપાની રાજસભામાં આવ્યો અને કમલસેનને કહ્યું, "વંશપરંપરાગત આવેલી રાજલક્ષ્મી પણ દુઃખથી ભોગવાય છે તો આ રાજલક્ષ્મી તો નધણીયાતી રાજલક્ષ્મી સુખેથી કેવી રીતે ભોગવાય ? તમારે રાજ્ય ભોગવવું હોય તો અમારી આજ્ઞા માનો અથવા રાજ્ય છોડી ચાલી જાઓ. નહિંતર યુદ્ધ સિવાય કોઈ ઉપાય નથી." દૂતની વાણી સાંભળી કમલસેનને અંદરથી તો ગુસ્સો આવ્યો પણ હસીને દૂતને પોતે યુદ્ધ માટે તૈયાર છે એમ કહી રાજસભાની બહાર કાઢી મૂક્યો. અપમાનિત થઈને દૂત ચાલ્યો ગયો.

બંને લશ્કરો સામસામે ગોઠવાઈ ગયા મહાસાગર સમાએ લશ્કરના રક્તપાતના ભયના વિચારથી દયાળુ કમલસેનનું હૃદય કાંપવા માંડ્યું. "આ ઘમંડી રાજાની ઈર્ષ્યાવૃત્તિથી લાખો માણસો માર્યા જશે. એના કરતાં તો અમે બંને જ લડીએ તો સારું." પોતાનો અભિપ્રાય કમલસેને દૂત દ્વારા સમરસિંહને જણાવ્યો. પોતાને બળવાન માનનાર સમરસિંહે વાત સ્વીકારી લીધી. તે પ્રૌઢ વયનો હોવો છતાં પણ નામ પ્રમાણે ખૂબ ગુણવાળો હતો. તેને થયું આ બાળકનો પોતાના બળ આગળ શું હિસાબ ? સિંહની માફક ગર્જના કરતા બંને રણે ચડ્યા. જાત જાતના હથિયારો જેવા કે ભાલા, ફરસી, મુદ્‌ગલ, તલવાર વગેરેનો ઉપયોગ કરતા કરતા શત્રુને થકવવા લાગ્યા. બંને શૂરવીરો પોતાના અદ્‌ભુત પરાક્રમનો પરિચય કરાવતા શસ્ત્રો બાજુએ કરી હાંથોહાથની લડાઈ પર આવી ગયા. અકસ્માતે સમરસિંહેને ઘા લાગવાથી તે રણભૂમિ પર મૂર્છિત થઈને પડ્યો. એના લશ્કરમાં હાહાકાર થયો. રાજા કમલસેને તરત એ રાજાનું મસ્તક પોતાના ખોળામાં લઈ લીધું. શીતળ જળ મંગાવીને છાંટ્યું. અને અનેક ઉપચારો કરી સમરસિંહને ભાનમાં લાવ્યો. હિંમત આપતા

તેણે સમરસિંહને કહ્યું, "તમે ખૂબ શૂરવીર છો માટે અફસોસ કરશો નહિ અને ફરીથી યુદ્ધ માટે સજ્જ થાઓ." કમલસેનની વાત સાંભળી સમરસિંહ આશ્ચર્યમાં પડ્યો. "શું ગંભીરતા, શું પરાક્રમ ! શું ખાનદાની ! હું વૃદ્ધ હોવા છતાં મારી લોભવૃત્તિ ક્યાં અને બાળક હોવા છતાં તેનો વિનય ક્યાં ?"

સમરસિંહ કમલસેનને કહેવા માંડ્યો, "હે પરાક્રમી ! હું યુદ્ધમાં હારી ગયો છું મારી આઠ કન્યાઓ અને વત્સદેશની રાજલક્ષ્મીને તું ગ્રહણ કર ! કમલસેને કહ્યું, "આપનું રાજ્ય આપ ભોગવો. મારે જોઈતું નથી." "હું તો હવે પરલોકના વિશે હિતકારી એવું ચારિત્ર ગ્રહણ કરીશ." એમ કહી સમરસિંહ યુદ્ધભૂમિ પર જ દીક્ષા લેવા તૈયાર થયો. મહાવૈરાગ્યથી સુધર્માચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી. સમરસિંહના સામંતરાજાઓ એ કમલસેનને પોતાની રાજધાનીમાં લાવી આઠેય કન્યાઓ પરણાવી. વત્સદેશની ગાદીનો અભિષેક કર્યો. કમલસેન ચંપાપતિ નગરીમાં રહીને બંને રાજ્ય પર શાસન કરવા માંડ્યો. એક દિવસ પોતનપુરથી શંત્રુજયરાજાનો દૂત આવીને કમલસેન રાજાને નમ્યો. પિતા તરફથી આવેલા દૂતને જોઈને રાજા ખુશ થયો અને પિતાના કુશળ સમાચાર પૂછ્યા. જવાબમાં દૂતે કહ્યું, "વસંતયાત્રા પર ગયેલા આપ પિતાને જણાવ્યા વગર ચાલ્યા ગયા. પાછળથી શોધ કરવા છતાં આપનો પત્તો લાગ્યો નહિ. આનંદ શોકમાં પલટાઈ ગયો. રાજા દુઃખી થઈ ગયા. તમારા માતિપિતા દુઃખમાં સમય વ્યતિત કરે છે. પણ હાલમાં કોઈક વૈતાલિક પાસેથી તમારા ગુણોનું વર્ણન સાંભળી કંઈક સ્વસ્થ થઈને રાજાએ મને આપની પાસે મોકલ્યો છે. આપ માતિપિતાને મળી તેમને રાજી કરો."

દૂતની વાણી સાંભળી કમલસેન વિચારમાં પડ્યો. "મારા માતાપિતાને મારા પર કેટલો ગાઢ સ્નેહ છે કે આટલો બધો સમય વહી ગયો છતાં મને ભૂલ્યા નથી. અને હું માતાપિતાને ભૂલી ગયો છું. હવે મારે તેમની પાસે જવું જોઈએ." રાજાએ મતિવર્ધન મંત્રીને રાજ્ય સોંપી મોટા આડંબરપૂર્વક હાથી, ઘોડા, રથ, પાયદળ એમ ચતુરંગ સેના અને પોતાની પ્રિયાઓ સાથે

પોતાના વતન તરફ પ્રસ્થાન કર્યું. માર્ગમાં અનેક રાજાઓના ભેટણા સ્વીકારતો દુઃખીજનોના દુઃખને દૂર કરતો, જિનમંદિરમાં પૂજાઓ રચાવતો અને જીર્ણ જિનમંદિરોનો ઉદ્ધાર કરતો જિનશાસનની પ્રભાવના વધારતો વતન પોતનપુરના સીમાડે આવી પહોચ્યો. પુત્ર આગમનથી માતાપિતાની ખુશીનો પાર રહ્યો નહિ. આખું પોતનપુર રાજકુમારની અપૂર્વ સિદ્ધિ જોવા ઉમટ્યું. નગરને ખૂબ સુંદર શણગારવામાં આવ્યું. મહા મહોત્સવપૂર્વક કમલસેન પોતનપુરમાં પ્રવેશ કરી પિતાને પગે લાગ્યો.

## :: શ્રેષ્ઠ શું ? સામ્રાજ્ય કે સંયમ ::

દિગ્વિજયી પુત્ર કમલસેનને પિતાએ સ્નેહથી આલિંગન કર્યું. માતાને વંદન કર્યું. માતા પણ હર્ષાશ્રુ વહાવવા માંડી. પુત્રની સમૃદ્ધિ જોઈ તેમના વાત્સલ્યની. સીમા રહી નહિ. પછી બીજી માતાઓને, પ્રધાનોને સર્વને મળી તેમની કુશળતા પૂછી. પછી રાજાએ પુત્ર અહીંથી ગયા પછી ક્યાં ગયો અને કેવી રીતે આ સમૃદ્ધિ મળી તેની પૃચ્છા કરી. કમલસેને પોતાની બધી હકીકત કહી સંભળાવી. કુમારની વાત સાંભળી રાજા શત્રુંજય પણ મસ્તક નમાવી બોલ્યો. "જગતમાં કલ્પવૃક્ષ, કામધેનું અને ચિંતામણિથી પણ અધિક મહિમાવાળો ધર્મનો પ્રભાવ છે. કેવું આશ્ચર્ય ? ધર્મથી મનુષ્ય કેવો મહાન બની શકે છે ? ધર્મના પ્રભાવથી શું નથી મળી શકતું ? નિષ્કલંક કે ઉચ્ચ કુળમાં જન્મ, અખંડિત દીર્ઘ આયુષ્ય, ઐશ્વર્ય, ભૂજાબળ, લક્ષ્મી, યશ, કીર્તિ બધું ય ધર્મથી મળે છે."

રાજાએ તરત જ્યોતિર્વિદોને બોલાવી ઉત્તમ મુહૂર્ત જોવરાવ્યું અને કુમારનો રાજ્યાભિષેક કર્યો. બાળકથી વૃદ્ધ અને રાય થી રંક સુધી બધા સ્ત્રી પુરુષો બધાના મોજશોખ પૂરા થાય અને આનંદથી સમય પસાર કરે તેવા દેખાવો જેવા કે નાટ્યગૃહો, ક્રીડાંગણો, ગાન, તાન અને સંગીતના મહોત્સવો ઊભા કરવામાં આવ્યા. કુમાર પોતનપુર સહિત ત્રણ ત્રણ

મહારાજ્યના સ્વામી થયા. શંત્રુજ્યરાજાએ શીલંધરગુરુની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. માયારૂપી સંસારનો ત્યાગ કર્યો. જ્ઞાન, ધ્યાન અને તપશ્ચર્યાથી અષ્ટકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

મહારાજ કમલસેન ન્યાયથી પૃથ્વીનું પાલન કરતાં હતા. જૈન શાસનની શોભા વધારતા અને સામ્રાજ્ય લક્ષ્મીને ભોગવતા. તેમનો ઘણો સમય ચાલ્યો ગયો. તે દરમિયાના રાજા કમલસેનને અનેક પુત્ર, પૌત્રાદિક વગેરેનો પરિવાર થયો. સામ્રાજ્ય લક્ષ્મીને ભોગવીને મહારાજ થાક્યા. ઋતુઓ બદલાતી ગઈ ગ્રીષ્મ ઋતુ ચાલતી હતી. તાપથી લોકો વ્યાકુળ થઈ જતા હતા. શીતળતા પ્રાપ્ત કરવા તળાવ કે હોજમાં પડી રહેતા શાંતિ લાગતી નહિ. એ ગ્રીષ્મ ઋતુના લાંબા દિવસો પૂર્ણ થયા અને વર્ષાઋતુ આવી. હવે સૂર્યના તીવ્ર તાપને બદલે દિવસ ઘનઘોર રહેવા માંડ્યો. સૂર્યદર્શન દુર્લભ થયા. મુશળધાર વરસાદ તૂટી પડ્યો. મેઘ ગર્જના અને વીજળીના કડાકાભડાકા થવા માંડ્યા. કાંઠા પર રહેલા વૃક્ષોને ભાંગી નાખતી પોતનપુરની તોફાની નદીના પાણી સમુદ્રની જેમ આકાશમાં ઉછળતા હતા. નગરજનો ભય પામી રહ્યા હતા. ઝાડના ઝાડ તણાઈ જતા હતા. અનેક મનુષ્યો પણ તેમાં હોમાઈ ગયા હતા. અતિવૃષ્ટિથી આવેલા તોફાની નદીના પૂરને જોવા રાજા હાથી પર બેસીને આવ્યા. લોકોના ભયને અને વધતા જતા પાણીને નિહાળી રહ્યા. રાજા પાછા ફર્યા અને નદીના પ્રચંડ પૂરક બીજા દિવસે ઓસરી ગયા.

બીજે દિવસે રાજાએ નદીને પોતાના મૂળ સ્વરૂપમાં મંદમંદ વહેતા જોઈ. કેટલાય લોકો જળ સાથે ક્રીડા કરી રહ્યા હતા. રાજાને વિચાર આવે છે, "આ ઉદ્ધત નદીની માફક માણસ પણ ખૂબ સમૃદ્ધિ અને ઐશ્વર્ય પામીને અનેક ને સંતાપ કરનારો થાય છે. અનેકને પીડા કરવામાં પાછું વાળી જોતો નથી. ઐશ્વર્ય વગેરે બાહ્ય સ્વરૂપનો જે ત્યાગ કરી આત્મગુણોમાં રમણ કરે છે. તે બીજાને સુખ આપનારો થાય છે. અનેક આરંભ સમારંભ કરીને

મેળવેલી સાહ્યબી સમય જતા બીજાને હવાલે થાય છે. એ જ પુરુષ ધન્ય છે જે આ પાપ સમૃદ્ધિનો વિવેકપૂર્વક ત્યાગ કરે છે. કમલસેનની વૈરાગ્યભાવના વૃદ્ધિ પામે છે. મંત્રીઓની સલાહ લઈ પટ્ટરાણી ગુણસેનાના પુત્રને રાજ્યપદે સ્થાપી પોતે મુક્ત થાય છે."

શ્રી શીલંધર સૂરિના શિષ્ય શ્રી સંયમસિંહ ગુરૂની દેશના સાંભળીને પ્રતિબોધ પામી રાજાએ ગુણસેના આદિ પરિવાર સહિત રાજાએ ચારિત્ર ગ્રહણ કર્યું. છઠ્ઠ, અઠ્ઠમની તપસ્યા કરતા હતા તે ઉપરાંત સાવધાનપણે નિરતિચારે ચારિત્ર પાળતા તેઓ મુનિઓની નિત્ય વૈયાવચ્ચ કરતા હતા. આ પ્રમાણે ચારિત્રપાલન કરી આયુષ્યના ક્ષયે પાંચમા દેવલોકમાં દસ સાગરોપમ આયુષ્યવાળા દેવ થયા, ગુણસેના સાધ્વી પણ કાળ કરીને તે જ દેવલોકમાં ઉત્પન્ન થઈ ત્યાં બંને મિત્ર દેવ થયા.

પરિચ્છેદ 3

# દેવસિંહ અને કનકસુંદરી

## :: પાંચમા ભવમાં ::

મિથિલાનગરીના રાજમહેલી પોતાની યશકલગીથી આકાશગણને શોભાવે છે. ભવ્ય ગગનચુંબી મહેલોમાં લક્ષ્મીના સંપૂર્ણ ભોગોપભોગો હાજરાહજૂર છે. છતાંય રાજરાણી મુક્તાવલી ઉદાસ અને બેચેન છે, આંખમાંથી આંસુ નીકળી રહ્યા છે. રાજસભામાંથી અંતઃપુરમાં આવેલા મેઘરાજા પટરાણીને આજે ઉદાસ અને ગમગીન જોઈને પૂછે છે. "દેવી, તમારા મનમાં શું દુઃખ છે ? તમારી દરેક અભિલાષા પૂર્ણ કરવા છતાં એવી કઈ ઇચ્છા અધૂરી રહી ગઈ છે કે જેથી વદન પર આટલી ગ્લાનિ છે ?" રાજાનો સવાલ સાંભળી રાણી રડવા માંડે છે અને કહે છે કે એ જ સ્ત્રી ધન્ય છે જેના ખોળામાં બાળક રમતું હોય. પોતાને બાળકનું સુખ નથી એટલે જીવતા રહેવાની પણ ઈચ્છા નથી. રાજા સમજાવવાનો પ્રયત્ન કરે છે કે જે વસ્તુ આપણા હાથમાં નથી દેવના હાથમાં છે તેનો શું હર્ષ કે શોક ? રાણી કહે છે, મણિ, મંત્ર, તંત્ર અને દેવનો પ્રભાવ અચિંત્ય હોય છે તેમની સેવા, પૂજા અને અર્ચના કરવાથી માનવીના મનોરથો ફળે છે.

રાજા રાણીની ઇચ્છા પૂર્ણ કરવા કંઈક કરશે એમ આશ્વાસન આપે છે. અને મણિ, મંત્રની આરાધના કરતા કોઈક દેવની આરાધના પોતે કરશે તેવો નિશ્ચય કરે છે. કાળી ચૌદશની રાત્રે હાથમાં તલવાર લઈને સ્મશાન ભૂમિમાં જાય છે અને પોતાના બુલંદ અવાજે વનદેવતાઓને કહે છે, "હે દેવતાઓ, મારા દેહમાં રહેલુ માંસ તમને અર્પણ કરીશ. બદલામાં મને એક પુત્ર આપો." રાજાના શબ્દો સાંભળી કોઈ ભૂત આકાશમાંથી બોલ્યો કે માંસ આપવાથી પુત્ર ના મળે મસ્તક આપવું પડે. રાજા મસ્તક આપવાને તૈયાર

થઈ જાય છે. એ જેવો એક હાથ ગરદન પર મૂકી બીજો તલવારનો ઘા કરે છે ત્યાં જ દેવતા એના સાહસથી પ્રસન્ન થાય છે અને કહે છે ધીરજ રાખવાથી પુત્ર જરૂર થશે અને રાજાનું સાહસ જ એનું મૂલ્ય છે. મસ્તક નહિ. રાજા પણ ખુશ થાય છે. પછી દેવ કહે છે, "આજે રાત્રે તમારી રાણી સ્વપ્નમાં સિંહના બચ્ચાને જોઈને જાગૃત થશે." તે દિવસે રાત્રે શંખરાજાનો જીવ મુક્તાવલી રાણીની કુક્ષિમાં બ્રહ્મલોકમાંથી ચ્યવીને ઉત્પન્ન થાય છે. અને રાણી પોતાના ઉત્સંગમાં સિંહના બચ્ચાને રમતું જુએ છે. જાગીને રાજા પાસે આવે છે અને સ્વપ્નની વાત કરે છે. રાજા રાણીને કહે છે કે તેને સિંહ જેવો પરાક્રમી પુત્ર થશે. રાજાના વચનથી આનંદ પામેલી મુક્તાવલી ગર્ભનું સારી રીતે પોષણ કરવા માંડી. પૂર્ણ સમયે રાણીએ પુત્રને જન્મ આપ્યો. રાજાએ મોટો મહોત્સવ કર્યો અને પુત્રનું નામ દેવસિંહ રાખ્યું. રાજકુમાર વૃદ્ધિ પામતો શસ્ત્ર અને શાસ્ત્રની કળામાં નિપુણ થઈને યુવાવસ્થા શોભાવવા લાગ્યો.

ગુણસેનાનો જીવ વિશાલા નગરીમાં જીતશત્રુ રાજાની કનકમંજરી રાણીથી કન્યા સ્વરૂપે ઉત્પન્ન થયો. એનું નામ કનકસુંદરી રાખવામાં આવ્યું. કળાનો અભ્યાસ કરતી અને મોટી થતી કનકસુંદરી યૌવનના આંગણે આવ્યા છતાં તેને પૂર્વના સંસ્કારથી વિષય તરફ પ્રીતિ જ નહોતી. રાજબાળા કનકસુંદરીને પુરુષનું નામ પણ સાંભળવું ગમતું નહિ તો પછી વિવાહની વાત તો ક્યાંથી ઉદ્‌ભવે ? રાજબાળાના વિરક્ત ભાવથી રાજારાણી ચિંતાતુર થયા. રાજાએ મંત્રીને તેનો ઉપાય પૂછ્યો. રાજાને ચિંતાતુર જોઈને મંત્રીએ કહ્યું, "મહારાજ, આ બાળાએ કદાચ પૂર્વભવમાં કોઈ ઉત્તમ દેવકુમાર જેવા પુરુષ સાથે સ્નેહ સંબંધ બાંધ્યો હશે જેથી એનું મન એ પુરુષ સિવાય બીજે ક્યાંય આકર્ષાશે નહિ." રાજા વિચારે છે કે એના પૂર્વભવના પતિને કેવી રીતે શોધવો ? મંત્રીએ એક રસ્તો બતાવ્યો દેશદેશના રાજકુમારોનાં ચિત્રો તૈયાર કરાવી રાજકુમારીને બતાવવા. એ રાજકુમારોમાં જો એનો ભવાંતરનો પતિ કોઈ હશે તો એને જોતાં જ રાજકુમારી તરત જ પ્રેમ ધારણ કરશે.

રાજાએ ચિત્રકારોને બોલાવી રાજકુમારોની છબી ચીતરીને લાવવા માટે દેશપરદેશ રવાના કર્યા. તેમણે અનેક રાજકુમારોના ચિત્રો રાજા સમક્ષ હાજર કર્યા. રાજાએ બધા જ ચિત્રો રાજકુમારીને જોવા મોકલ્યા. રાજકુમારીએ બધા ચિત્રપટો ઉપર ઉપરથી જોઈને હડસેલી દીધા. દરમિયાન એક દિવસે મિથિલાનગરીથી આવેલા ચિત્રકારનું ચિત્ર ત્યાંના રાજકુમાર દેવસિંહનું ચિત્રપટ તેના હાથમાં પડ્યું. જોતા જ રાજકુમારીની નજર એ ચિત્રપટ પર સ્થિર થઈ ગઈ. સખીઓને ખ્યાલ આવી ગયો એટલે હસીને કહેવા લાગી મિથિલાનગરીના રાજકુમાર છે. સ્ત્રીઓ તો મોહ પામે પણ રાજાસભામાં રાજા અને બધા પુરુષો પણ આ રૂપને જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. કનકસુંદરી પૂછે છે કે તેને આ ઉત્તમ નરની પ્રાપ્તિ કેવી રીતે થાય ? એક ચતુર સખી સલાહ આપે છે, "આ પુરુષને યોગ્ય એવું એક નર્યું સૌંદર્ય ભરેલું તારા સૌંદર્યનું ચિત્ર બનાવ" રાજકુમારીએ પોતાનું સૌન્દર્ય આબેહૂબ ચિત્રપટમાં આલેખી દીધું રાજકુમારીની સખીઓએ તેની ચિત્રકળાની પ્રશંસા કરી અને રાજાને આપી દીધુ અને સાથે સાથે રાજકુમારીની ઇચ્છા પણ કહી દીધી રાજા ખૂબ ખુશ થયા અને પોતાના પ્રધાનો સાથે વિવાહ માટે એ ચિત્ર મિથિલાનગરી મોકલી દીધું. મેઘરાજાની સભામાં આવીને રાજાને પ્રાર્થના કરી કનકસુંદરીની છબી રાજકુમારને આપી. મેઘરાજાએ પ્રધાનપુરુષોની વિનંતી સ્વીકારી દેવસિંહને પોતાની ચતુરંગી સેના સહિત પોતાના પ્રધાનો સાથે વિશાળા તરફ મોકલ્યો.

જીતશત્રુરાજાએ પોતાના ભાવી જમાઈનું સામૈયું અને સત્કાર કર્યો. નિર્ધાર કરેલા શુભદિવસે ધામધૂમપૂર્વક લગ્ન થઈ ગયા. વિવાહ ઉત્સવની સમાપ્તિ પછી કેટલાક દિવસ સુધી શ્વસુરના આગ્રહથી દેવસિંહ કુમાર વિશાલાનગરીમાં રહ્યા. એક દિવસ સૂરીશ્વર નામના જ્ઞાની સુરગુરુ વિશાલાના ઉદ્યાનમાં પધાર્યા. તેમની દેશના સાંભળવા રાજા જીતશત્રુ પરિવાર સહિત આવ્યા સુરીશ્વરે ધર્મોપદેશ આપ્યો, "આ સંસાર કારાગૃહ સમાન છે. તેની કાયારૂપી દીવાલો છે, રાગદ્વેષરૂપી બારીબારણાં છે. અને અજ્ઞાનરૂપી અંધકાર

ખીચોખીચ ભરેલો છે. સંસારી જીવો એ કારાગૃહમાં પુરાયેલા કેદી છે અને કુટુંબરૂપી ગાઢ બંધનથી બંધાયેલા છે. ઈષ્ટ - અનિષ્ટ, સંજોગ-વિજોગ, રોગ-શોક રૂપી જંતુઓ તેમને પીડા આપી રહ્યા છે. કર્મોના સારા-માઠા ફળ ભોગવતા જીવો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ચારે ગતિમાં એવી કોઈ પણ વિટંબણા નથી કે જીવોએ પરવશ પણે અનંતવાર ભોગવી ના હોય. એવા આ દુઃખદ સંસારમાં ડાહ્યા પુરુષોએ જાગી જવું જોઈએ. મનુષ્યભવને સફળ બનાવવો જોઈએ. ધર્મનું આરાધન કરીને પરલોકમાં સુખ મેળવવું જોઈએ. મોક્ષ પણ ધર્મની આરાધના જ આપે છે. જિનેશ્વરની સેવા કરવાથી અને તેમની આજ્ઞાનું પાલન કરવાથી ધર્મ સાધી શકાય છે."

## :: જિનેન્દ્ર પૂજાનું ફળ ::

"દ્રવ્યસ્તવ અને ભાવ સ્તવ એ બંને પ્રકારે જિનેશ્વરની આજ્ઞાની આરાધના થઈ શકે છે. ભાવસ્તવના સમ્યકપ્રકારના આરાધક પાંચમહાવ્રતધારી, પંચસમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાના ધારક, ક્ષમાદિક દસ પ્રકારના સાધુના ધર્મ વડે વિભૂષિત, ઉપસર્ગ, પરિષહ સહન કરનારા સાધુઓ હોય છે. જન્મ, જરા, અને મરણથી રહિત શોક-સંતાપ, આધિ-વ્યાધિ અને ઉપાધિથી રહિત એવું અનંત મોક્ષ સુખ જોઈતું હોય તો જિનેશ્વર ભગવાનની આરાધના કરવી, ભાવસ્તવથી જિનાજ્ઞાનું પાલન કરવું પરંતુ જો ભાવસ્તવ આરાધના કરવા માટે અશક્ત હોય તો પછી દ્રવ્યસ્તવની આરાધના કરવી.

ચારિત્રધર્મની અભિલાષાએ સમકિતપૂર્વક પાંચ અણુવ્રત, ત્રણગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનું પાલન કરવું. જિનમંદિર બંધાવવું, પ્રતિમાઓ પધરાવવી, જિનેશ્વરની વિવિધ પૂજાઓ રચાવવી, સુપાત્રને દાન આપી લક્ષ્મીનો સદુપયોગ કરવો. આ પ્રકારે ગૃહસ્થ ધર્મની આરાધના કરી શુભ ભાવવાળા પ્રાણીઓ સંસારને ક્ષીણ કરી દેવભવના સુખો ભોગવે છે. માટે હે ભવ્યજનો ! યતિધર્મ અને ગૃહસ્થ ધર્મ સિવાય ત્રીજો ઉપાય સંસાર કારાગૃહમાંથી છૂટવાનો નથી."

ગુરુ મહારાજની અમૃતમય દેશના સાંભળીને કેટલાક જીવો એ તરત જ દીક્ષા ગ્રહણ કરી. કેટલાક અશક્તો એ દેશવિરતિ ધર્મ અંગીકાર કર્યો. દેવસિંહ કુમારે પાંચ અણુવ્રતનો સ્વીકાર કરીને પૂછ્યું, "ભગવન ! દ્રવ્યસ્તવ કરવા વડે શુકયુગલની કલ્યાણ પ્રાપ્તિ કેવી રીતે થઈ તે આ સભાના બોધ માટે કહો." કુમારના કહેવાથી ભવ્યજનોના હિત માટે ગુરુ મહારાજે શુકયુગલનું કથાનક કહેવું શરૂ કર્યું.

"દક્ષિણ ભારતમાં વૈતાઢય પર્વત પાસે સિદ્ધિકર નામનું સુંદર ઉદ્યાન આવેલું છે. સદાકાળ ફળ આપનારા અનેક વૃક્ષો, લતાઓ મંજરીઓ, ફળ અને ફૂલથી લચી પડેલા એ વન તેની અપૂર્વ શોભાના કારણે વિદ્વાનોની પ્રશંસા પામેલું હતું. સ્વર્ગના ટુકડા સમા એ રમણીય વનખંડમાં વિદ્યાધરોએ બનાવેલા જિનમંડપમાં સ્વર્ણપીઠ ઉપર પદ્મરાગ મણિરત્નથી રચાયેલી અર્હંત ભગવાનની પ્રતિમા હતી. વિદ્યા સાધવા માટે આવતા અનેક વિદ્યાધર-વિદ્યાધરીથી પૂજાતા એ ભગવાન કલ્પવૃક્ષ સમાન અમોઘ ફળ આપનારા હતા. તે વનમાં જિન-ચૈત્યની પાસે આવેલા વિશાળ આમ્રવૃક્ષ ઉપર પરસ્પર ગાઢ સ્નેહવાળું શુક યુગલ રહેતું હતું. તિર્યંચ યોનિમાં હોવા છતા સરળ પરિણામી અને લઘુકર્મી આ યુગલ દરરોજ વિદ્યાધરોથી પૂજાતા ભગવાનને જોઈને શુભ પરિણામી થયું હતું. મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ થઈને જ્યારે સમક્તિ રૂપ સૂર્યનો આત્મામાં પ્રકાશ થાય છે ત્યારે દેવ, ગુરૂ અને ધર્મ ઉપર આત્માને અવશ્ય પ્રીતિ થાય છે. સુંદર ભાવની પરંપરાથી વૃદ્ધિ પામતા પરિણામે એક દિવસ એક શુક યુગલને ભગવાનને પૂજવાનો વિચાર આવ્યો. વિદ્યાધર વગરના ભગવાનને એકાકી જોઈને આમ્રવૃક્ષની મંજરીઓ લાવી એકવાર શુકશુકીએ ભાવથી ઉલ્લાસ પામતા એ ભગવાનને પૂજ્યા. ચરણ, કર્ણ અને મસ્તકને મંજરીથી શણગાર્યા અને ભાવના -પ્રાર્થના કરી. પછી તો જ્યારે જ્યારે એકાંત અવસર મળતો ત્યારે તે સમયનો લાભ એ શુકશુકીએ લેતા. પરિણામે બંને એ તિર્યંચ નામકર્મનો નાશ કરી શાતાવેદનીય સહિત મનુષ્યનું આયું બાંધ્યું.

જંબુદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં શ્રીમંદપુર નગરના નરશેખર રાજાની કીર્તિમતી રાણીની કુક્ષિએ પેલો શુક પુત્રપણે ઉત્પન્ન થયો. તે સમયે ઉત્તમ ગર્ભના પ્રભાવથી રાણીએ સ્વપ્નમાં સૂર્યમંડલ જેવું તેજસ્વી કુંડળ જોયું. સ્વપ્ન જોઈ રાણીએ જાગીને રાજાને તે સ્વપ્ન વિશે સંભળાવી. રાજાએ કહ્યું મોટા રાજ્યનો ધણી એવો ભાગ્યવાન પુત્ર થશે. અનુક્રમે એક દિવસે રાણીએ પુત્રને જન્મ આપ્યો. તેની નાળ નિક્ષેપના સ્થાનમાંથી બહુ મૂલ્ય રત્નો નીકળતા રાજાએ કુમારનું નામ નિધિકુંડલ રાખ્યું. નિધિકુંડલ ઐશ્વર્ય, વૈભવ, ઠકુરાઈ હોવા છતાં યૌવનાવસ્થામાં આવ્યો તો પણ રૂપવતી રમણીઓ પર દષ્ટિ કરતો નહિ, મોટા મોટા રાજાઓની ભાગ્યવતી કન્યાઓ તરફ પણ વિતરાગની માફક નજર કરતો નહિ, ગજેન્દ્રને હરાવવાની તાકાત છતાં પરાયા જીવને લેશમાત્ર પણ દુઃખ થાય તેવું કાર્ય કરતો નહિ. માંસ અને દારૂથી પણ દૂર રહેતો."

શુકી પણ ત્યાંથી મરણ પામીને તેજવિજયમાં વિજ્યાવતી નગરીના રત્નમુડ રાજાની સુવપ્રા પટરાણી થકી સારા સ્વપ્નથી સૂચિત પુત્રીપણે ઉત્પન્ન થઈ. રાજાએ તેનું નામ રાખ્યું પુરંદરયશા. સુવર્ણ સમાન કાંતિવાળી, મનોહર ચંદ્રમુખી બાળા પુરંદરયશા સખીઓ સાથે ક્રીડા કરતી યૌવનવયમાં આવી હોવા છતાં યૌવન યોગ્ય હાવભાવ કે ચેષ્ટા તેને ગમતા નહિ, અન્યજનોની ક્રીડા તરફ કુતૂહલથી પણ જોતી નહિ. શાંત સુધારસમાં લીન બાળા અર્હંત ભગવાનના કહેલા ધર્મમાં સાવધાન મનવાળી બાળાને પોતાના વિવાહની વાત પણ ગમતી નહિ. પોતાની કન્યા વૈરાગ્ય તરફ વળેલી છે. તેમ સખીઓ પાસેથી સાંભળીને રાણીને ચિંતા થાય છે. રાણી રાજાને વાત કરે છે. રાજાને પણ ચિંતા થાય છે કે રાજપુત્રી શું લગ્ન નહિ કરે તો દીક્ષા લેશે ? રાજા મંત્રીઓને વાત કરે છે ત્યારે એક મંત્રી કહે છે કે કદાચ પરભવનો પતિ મળે તો તેની સાથે લગ્ન કરે પણ ખરી. રાજા એનો ઉપાય પૂછે છે કે ઓળખવો શી રીતે ? ત્યારે મંત્રી કહે છે દરેક રાજકુમારોના ચિત્ર લાવી ને બતાવો એમાં જો કોઈ નો પરભવનો પતિ હશે તો તેની તરફ દષ્ટિ કરશે. રાજાએ

અનેક ચિત્રકારોને જુદા જુદા દેશનામાં રવાના કર્યા. પ્રતિ દિવસ રાજકુમારોની છબી આવવા માંડી કન્યાએ કોઈનાય તરફ ધ્યાન આપ્યું નહિં. એક દિવસ એક મનોહર ચિત્ર આવ્યું જેને જોઈ રાજા સહિત સભાજનો દંગ થઈ ગયા. એ ચિત્ર રાજબાળાને બતાવવામાં આવ્યું. બાળા તે ચિત્રને અનિમેષ નયને જોઈ રહી. તેને થયું આ ઉત્તમ નર કોણ હશે તેને જોઈને હું ખુશ થાઉં છું. રાજબાળાની ઈચ્છા સખીઓએ રાજાને કહી. રાજાએ ચિત્ર લાવનારને રાજકુમારની ઓળખ પૂછી.

ચિત્રકારોએ રાજાને કહ્યું, "દેવ ! શ્રીમંદરપુરનગરના નરશેખર રાજાનો પુત્ર છે તેનું નામ નિધિકુંડલ છે. યૌવનવય, ધન, વૈભવ, ઠકુરાઈ, ઐશ્વર્ય, પરાક્રમ બુદ્ધિ બધું જ હોવા છતા એનામાં માત્ર એક જ દોષ છે કે તે સ્વયંવરા આવેલી કન્યાઓ સામે દૃષ્ટિ પણ કરતો નથી. એ ચિત્રકારની વાણી સાંભળી રાજાએ મંત્રીના કહેવાથી પુરંદરયશાના યથાર્થ સ્વરૂપનું ચિત્ર બોલવામાં ચતુર પુરુષો સાથે શ્રીમંદપુરનગર નરશેખર રાજા પાસે મોકલ્યું. સંધ્યા સમયે એ પુરુષો શ્રીમંદરપુર નરશેખર રાજાને ત્યાં આવી પહોંચ્યા. ચિત્ર જોઈને રાજા ખુશ થયા. તેમના ઉતારાની વ્યવસ્થા કરાવી. રાજા નરશેખર પણ રાજકુમારની વિરક્તભાવનાથી ચિંતાતુર રહેતો હતો. એણે વિચાર્યું સ્વયંવરા આવેલી કન્યાઓ સ્વયં આવેલી હોવા છતાં એ વૈરાગ્યવાન કુમારે દૃષ્ટિ પણ કરી નહોતી ત્યારે આ પુરંદરયશાનું ચિત્ર જોઈને શું આકર્ષાશે ?"

## :: પુરંદરયશા ::

રાત્રીનો ચોથો પ્રહર થવાની તૈયારીમાં હતો ત્યારે કુમાર નિધિકુંડલ સ્વપ્નસૃષ્ટિમાં વિહાર કરી રહ્યો હતો. તેની નજર સમક્ષ નંદનવન સમાન ઉદ્યાન હતું અને તેમાં તે ફરી રહ્યો હતો ત્યારે તેની નજર સુંદર વાવડીના કાંઠે ઉભેલી કન્યા ઉપર પડે છે. તેનું ચિત્ત ત્યાં જ ચોંટી જાય છે. દેવકન્યા જેવા સ્વરૂપવાળી એ બાળાની નજીક ધીમે ડગલે જાય છે. બાળા પણ તેને જોઈને શરમાઈ જાય છે. બાળા પણ એ રાજકુમારના મનોહર વદનને જોઈને

તેના પ્રેમની ઝંખના કરવા લાગે છે. કુમાર પૂછે છે, "બાળા ! તું પાતાળમાંથી આવેલી નાગકન્યા છે કે સ્વર્ગમાંથી આવેલી દેવકન્યા ?" બાળા બોલી શકી નહિ. પ્રાતઃકાળના મંગલ વાંજીત્રો અને મધુરા સ્તોતોથી સ્વપ્નમાં વિહાર કરતો આ કુમાર જાગૃત થયો. બેબાકળો બનીને ચારે તરફ નજર કરવા માંડ્યો. નંદનવન ક્યાં ? સુંદર વાવડી ક્યાં ? અદ્ભુત લાવણ્યવાળી કન્યા ક્યાં ? ગાંડાની માફક ચારેબાજુ દોડાદોડ કરવા લાગ્યો. પેલી સ્વપ્ન સુંદરી ક્યાં ગઈ ? રાજકુમારના મિત્રો આવી પહોંચ્યા. રાજકુમારને પ્રસન્ન કરવાના અનેક ઉપાયો તેમણે કર્યા. પછી રાજકુમારે અદ્ભુત લાવણ્યવાળી સ્વપ્નસુંદરીની વાત કરી. પણ નામ ઠેકાણા વગર એ સ્વપ્નસુંદરીને શોધવી ક્યાં ? એ ચિંતાતુર રાજકુમાર અને તેના મિત્રો સમક્ષ રાજસેવક આવીને ઊભો રહ્યો, "રાજકુમાર ! રત્નચૂડ રાજાના સેવકો આપના દર્શન કરવાની રજા માંગે છે. આપને કંઈક અદ્ભુત બતાવવા માંગે છે." રાજકુમારે અનુમતિ આપી.

રત્નચુડ રાજાના સેવકોએ રાજકુમારની પાસે આવી નમસ્કાર કરી પેલું અદ્ભુત ચિત્રપટ કુમારના હાથમાં મૂક્યું. ચિત્ર જોતા જ રાજકુમાર બોલી ઉઠ્યો. "મિત્રો, આ જ સ્વપ્નસુંદરી !" મિત્રોએ કુમારને કહ્યું આતો કોઈ દેવીનું ચિત્ર લાગે છે. દેવીનું સ્વપ્ન આવ્યું કે શું ? રાજકુમાર સેવકોને પૂછે છે, "આ કોણ દેવીનું ચિત્ર છે ?" સેવકો કહે છે કે આ કોઈ દેવીનું ચિત્ર નથી પણ વિજ્યાવતીના રાજા રત્નચૂડની કુંવરી પુરંદરયશાનું ચિત્ર છે. આનંદ પામીને કુમારે સેવકોને લાખ દીનાર આપીને વિદાય કર્યા. રાજકુમારે મિત્રોને કહ્યું આ જ બાળા તેના સ્વપ્નના આવી હતી. વૈરાગ્યવાન કુમારનું મન આ બાળામાં રક્ત થયેલું જાણી રાજા ખુશ થાય છે. રાજાએ કુમારના પ્રયાણ માટે સારું મુહૂર્ત જોવરાવી હાથી, ઘોડાં, રથ, પાયદળ વગેરે તથા કુશળ મંત્રીઓ સાથે નિધિ કુંડલને વિદાય કર્યો. નિધિકુંડલ મહા અરણ્યમાં આવ્યો ત્યારે દૈવયોગે તેનો અશ્વ સમુદાયથી વિખુટો પડી ગયો. અશ્વથી હરાયેલો કુમાર એકાકીપણે ભટકતો રાત પડી ત્યારે જાગૃતપણે વનમાં સમય પસાર કરવા માંડ્યો. એ ભયંકર વનમા મધ્યરાત્રીએ કુમાર જાગતો હતો

ત્યારે તેણે ભયંકર જંગલમાં સ્ત્રીના રૂદનનો અવાજ સાંભળ્યો. કોઈ દુ:ખી સ્ત્રીના રૂદનથી દુ:ખી થયેલો કુમાર અવાજ અનુસાર સ્ત્રીની નજીક આવી પહોંચ્યો. અને તેની ચેષ્ટા ગુપ્તપણે જોવા માંડ્યો.

અગ્નિની જ્વાળાઓ વનને પ્રકાશિત કરી રહી હતી. એવા અગ્નિકુંડ પાસે સ્નાન કરાવેલી, રક્તચંદનના લેપવાળી, રાતાકણેરની માળાને ગળામાં ધારણ કરેલી સ્વરૂપવાન કુમારીકાને તે કાપાલિકે મંડલમાં ઊભી રાખેલી હતી. યોગીના હાથમાં મસ્તક છેદવાની કર્તિકા (કાતર) હતી. તે દેવીની સ્તુતિ કરતો હતો, "હે દેવી ! આ બાળારૂપ બલિગ્રહણ કર." યોગીએ બાળા તરફ ફરીને છેલ્લે કહ્યુ, "હે બાળા ! તું હવે તારા ઈષ્ટદેવનું સ્મરણ કર. તારા જીવનનો અંત હાથવેંતમાં જ છે." બાળા કહે છે, "શરણ કરવાને યોગ્ય તારા જેવા યોગી ભક્ષક થાય તો હું કોને સંભાળું ? છતાં પણ સર્વે જીવોના હિતકારી જિનેશ્વર ભગવાનનું મારે શરણ હો અને બીજું શરણ નિધિકુંડલ કુમારનું હો" છુપાઈને રહેલા કુમારે તેનું નામ સાંભળ્યું અને વિચાર્યું કે આ બાળા પોતાનું નામ શી રીતે જાણતી હશે ? તેને આ નરરાક્ષસના પંજામાંથી બચાવવી જ પડશે. કુમાર તૈયાર થઈ ગયો. જેવો યોગીએ બલિદાન માટે કર્તિકાવાળો હાથ ઊંચો કર્યો એટલે તરત 'ખબરદાર' કહીને પાછળથી આવીને કાર્તિકાવાળો યોગીનો હાથ પકડી લીધો. યોગી આ આકસ્મિક બનાવથી ચમકી ગયો. "આવા ભયંકર વનમાં આ પુરુષ ક્યાંથી ? કુમારે ત્રાડ પાડી, "દુષ્ટ ! પાપી ! આ બાળાને હણીને તું તારો નાશ ચાહે છે ?" જ્વાળાઓના તેજમાં કુમારનો પરાક્રમ ભર્યા તેજથી યોગી દંગ થઈ ગયો. તેણે કહ્યું કે "ભક્તિથી મેં જ દેવીની આરાધના કરી હતી. આ બત્રીસ લક્ષણા બાળાના ભોગથી વિધિ પૂર્ણ કરીશ એટલે મારી વિદ્યા સિદ્ધ થશે. મને વિક્ષેપ ના કરીશ."

"અરે મૂઢ પાપી ! યોગીનો વેષ ધારણ કરવા છતાંય તું કુકર્મ છોડતો નથી. આવું પાપ કરતા શરમ નથી આવતી ? જીવનો ઘાત કરવો એ મહાપાપ છે તું જાણતો નથી ? પાપકર્મથી વિદ્યાસિદ્ધિ ના થાય." કુમારે જીવદયાનો

ઉપદેશ આપી કાપાલિકને પ્રતિબોધ પમાડ્યો. કાપાલિકે કહ્યું, "હે નરોત્તમ ! તે મને નરકમાં પડતો બચાવ્યો. ગુરુ પાસે જઈને આ પાપનું પ્રાયશ્ચિત કરીશ. વિજયાવતીના રાજાની કન્યાનું મેં હરણ કર્યું છે. તમે તેના પિતાને સોંપી દે જો." અને યોગી ચાલ્યો ગયો.

## :: નિધિકુંડલ ::

કાપાલિકના ચાલ્યા ગયા પછી કુમાર વિચારમાં કરે છે કે કોણ હશે આ કન્યા ? જે પોતાનું નામ પણ જાણે છે. તે કન્યા પુરંદરયશા તો નહિ હોય તે ? તેણે બાળાને જ પૂછ્યું કે તેનું નામ શું છે ? નિધિકુંડલનું નામ કેવી રીતે દીધું ? કુમારનો પ્રશ્ન સાંભળી બાળાને થાય છે કે આ પુરૂષની વાણી સાંભળીને તેનું રોમ રોમ પુલકિત થઈ ગયું છે તો એ જ પોતાના પતિ હશે નહિતર બીજા પુરૂષમાં તેનું હૈયું પુલકિત થાય નહિ. કંઈક વિચારીને બાળાએ કહ્યું, "મારી વાત હું પછી કરીશ, પરંતુ આપ કહો કે આ ભયંકર અરણ્યમાં કેવી રીતે આવ્યા ?" કુમાર કહે છે કે તે બાળાના પુણ્ય થકી પ્રેરાઈને પરિવારથી વિખુટો પડી ગયો છે અને અકસ્માતે અહીં આવી ચઢ્યો છે. પછી પોતાની હકીકત કહી જણાવી. તેમની વાતચીતમાં રાત્રિ પુરી થઈ. પ્રાતઃકાળ થતા સૈન્ય આવી પહોંચ્યું અને સુખ પૂર્વક બધા વિજયાવતી નગરીએ બધા આવી પહોંચ્યા. રત્નચૂડ રાજાએ રાજકુમાર તથા તેના પરિવારનું સન્માન કર્યું અને પુરંદરયશાની વાત સાંભળી પોતાના ભાવી જમાઈ પર અધિક પ્રસન્ન થયા. એક શુભ મુહૂર્તે ધામધૂમપૂર્વક બંનેના લગ્ન થઈ ગયા.

કેટલાક દિવસ પછી રાજાની રજા લઈને નિધિકુંડલ પોતાની પ્રિયા અને પરિવાર સાથે પોતાના નગરે આવ્યો. પિતાએ કુમારનો પ્રવેશ મહોત્સવ કર્યો. પિતાની છાયામાં કુમાર સુખો ભોગવતો સમય પસાર કરતો હતો ત્યારે એક દિવસ નરશેખર રાજા શત્રુની સામે યુદ્ધે ચડ્યા. શત્રુ સાથે યુદ્ધ કરતાં રાજાને કારમો ઘા લાગ્યો અને એ ઘાની પીડાથી રાજા નરશેખર આયુષ્ય પૂર્ણ કરી પરલોક સિધાવી ગયા. પિતાના મરણથી રાજકુમાર દુઃખી થઈ ગયો.

રાજ્ય અને ભોગથી વિરક્ત થઈ ગયો. તેણે વિચાર્યું કે અરે, લક્ષ્મી, જીવન, યૌવન, પરિવાર વગેરે બધું અનિત્ય છે. જે કાલે હોય તે આજે હોતું નથી. ભોગો તો રોગ કરનારા છે. જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ આવવાનો જ છે. સંસારના સુખ અને મોહ ક્ષણભંગુર છે. જન્મ, મૃત્યુ, રોગ, શોક પ્રતિદિન નાશ કરી રહ્યા છે. માતાપિતા પ્રત્યેનો મોહ પણ દુઃખદાયી છે. આ બધુ પંખીના મેળા જેવું છે. જેમ રાત્રે વૃક્ષ પર ભેગા થયેલા પંખીઓ સવાર થતાં જુદા જુદા માર્ગે ઊડી જાય છે તેમ પરિવાર (માતા-પિતા) પણ મૃત્યુ પછી કઈ ગતિમાં જાય છે તે જાણી શકાતું નથી. માતા મરીને બીજા ભવમાં પ્રિયા થાય અથવા પ્રિયા મરીને બીજા ભવમાં માતા થાય તેવી આ સંસારની મોહદશા છે.

પિતાના મૃત્યુથી શોકગ્રસ્ત નિધિકુંડલ કુમારને પિતાનું સામ્રાજ્ય ભોગવવા છતાં મનમાં ભોગનો આનંદ નથી. સંસારનું અનિત્ય સ્વરૂપ તેના હૈયામાંથી ખસતું નથી. એ સમયમાં શ્રીમન્ અનંતવીર્ય તીર્થંકર ભગવાન ત્યાં સમોવસર્યા. દેવતાઓએ સમવસરણની રચના કરી. વનપાલકે રાજાને આવીને કહ્યું નિધિકુંડલ રાજા પ્રસન્ન થઈને પોતાનો શોક દૂર કરવા પરિવાર સહિત તેમજ મંત્રી, સામંત અને સેનાપતિ વગેરે ચતુરંગ સેનાને લઈને ભગવાનને વાંદવા ચાલ્યો. સમવસરણ જોઈને રાજચિહ્નનો ત્યાગ કરી પ્રદક્ષિણા પૂર્વક જિનેશ્વરને નમીને યોગ્ય સ્થાનકે સાંભળવા બેઠો. ભગવાન દેશના આપે છે.

"આ સંસારમાં પ્રાણીઓ ચોરાસી લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરે છે. એમને મનુષ્યભવ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે. એવો દુર્લભ મનુષ્યભવ પામીને પણ જો માણસ સંસારમાં રાચીમાચીને હારી જાય, ધર્મકર્મ વગર મનુષ્યજીવન નકામું જાય તો પછી દોહ્યલો નરભવ ફરીથી પ્રાપ્ત થતો નથી. મનુષ્યભવમા સર્વે સમાન હોવા છતાં ઊંચ-નીચ, ગરીબ-તવંગર, અમીર-ફકીર, રંક અને રાજા એ બધો તફાવત પોતપોતાના કર્મોના લીધે જોવામાં આવે છે. કેટલાક ધર્મીજનો આત્મહિતમાં મગ્ન હોય છે જ્યારે કેટલાક

પાપકર્મમા રચ્યાપચ્યા રહીને આનંદ માનતા હોય છે. ઉત્તમ જાતિ, ઉત્તમ દેશ, દીર્ઘાયુષ્ય, નિરોગીપણું, શ્રેષ્ઠ બુદ્ધિ વગેરે દુર્લભ વસ્તુઓ મોટા પુણ્યાનુયોગથી મળે છે. અને એ સામગ્રીને મેળવીને જેઓ એનો સદુપયોગ કરે છે અને આત્મહિત સાધે છે તે ભવસાગર તરી જાય છે. નારકીમાં નરક જીવો સદાકાળ દુઃખમાં પોતાનો સમય પસાર કરે છે. તિર્યંચોને પણ ભૂખ, તરસ, પરવશતા, તાપ, ટાઢ વગેરેનું અપાર દુઃખ હોય છે."

ભગવાનની દેશના સાંભળી રાજા નિધિકુંડલ જીનેશ્વરને વંદન કરી નગરમાં ગયો. સારા મુહૂર્તે પુત્રને રાજ્ય પર સ્થાપન કરી સાતક્ષેત્રમાં ધન વાપર્યું. પત્ની સહિત રાજાએ કર્મનો નાશ કરનારી દીક્ષા ગ્રહણ કરી. દીક્ષાને સારી રીતે આરાધીને બંને જણ સુધર્મ લોકમાં દેવદેવીપણે ઉત્પન્ન થયા. કષ્ટથી આરાધન કરેલા સંયમનું ફળ તો મોક્ષપ્રાપ્તિ છે. મોક્ષે જવા માટે દેવભવ વિસામારૂપ છે.

## :: લલિતાંગ ::

વિજય નામના નગરમાં મહાસેન રાજાની ચંદ્રા નામે પટ્ટરાણી હતી. પુત્રની અભિલાષાથી વિવિધ ઉપાયોના ફળ સ્વરૂપે નિધિકુંડલનો પુણ્યવાન જીવ પુત્ર પણે ઉત્પન્ન થયો. પુત્ર જન્મથી હર્ષિત થયેલા રાજાએ મોટો મહોત્સવ કરી. પુત્રનું નામ લલિતાંગ પાડ્યું. યોગ્યવયે કલા શિખતો રાજકુમાર યૌવનવયમાં આવ્યો. અનેક મિત્રોથી શોભતો લલિતાંગ વિકાર રહિત હતો. ઐશ્વર્ય સંપન્ન છતાં અહંકાર વગર અને બળવાન છતાં બીજાને પરમઆનંદનું કારણ હતો. તે જ ક્ષેત્રમાં આવેલા પરમભૂષણ નગરના રાજા પુણ્યકેતુ અને તેની રાણી રત્નમાળા થકી પુરંદરયશાનો જીવ પુત્રી પણે ઉત્પન્ન થયો તેનું નામ પાડ્યું ઉન્માદયંતી તે પણ અનુક્રમે ભણીગણીને યૌવનવય પામી. યુવાન હોવા છતાં બાળાને વિષયના કોઈપણ સાધન તરફ પ્રીતિ થતી નહિ. કુમારીને વૈરાગી જાણી માતા કહે છે કે કન્યા વર વગર શોભતી નથી ત્યારે ત્યારે કુમારી કહે છે જ્યોતિષકળા, નભોગામી વિમાન રચવાની કળા,

રાધાવેધકળા અને વિષ-ગારૂડીમંત્ર કળા એ ચારેય કળાઓમાં નિપુણ જે નર હશે તેને તે પરણશે કુમારીની પ્રતિજ્ઞા જાણી રાજાને રાણીએ વાત કરી. રાજાએ એવા વર માટે સ્વયંવર યોજ્યો. દેશદેશાંતરથી રાજકુમારોને તેડાવ્યા. અનેક રાજકુમારો પોતાના પરિવાર સાથે આવ્યા. રાજાએ તેમનું સ્વાગત કર્યું. મુહૂર્તના દિવસે રાજકુમારો સ્વયંવર મંડપમાં પોતપોતાના સ્થાને બેઠા. લલિતાંગ કુમાર પણ ત્યાં હાજર હતો. લલિતાંગને જોઈને રાજકુમારી ભવાંતરના સ્નેહથી અત્યંત હર્ષ પામી અને મનથી લલિતાંગને વરી ચૂકી. ત્યાં રાજબાળાને જોવા માત્રથી કામાતુર થયેલો કોઈ ખેચર મોહનીમંત્રથી મુગ્ધ કરીને રાજબાળાનું હરણ કરી ચાલ્યો ગયો. ક્ષણવારમાં બધું વ્યવસ્થિત થતાં રાજકુમારી અદશ્ય થયેલી જણાઈ. રાજા અને બધા જ હાહાકાર કરવા લાગ્યા. તેમને ઉદ્દેશીને રાજાએ કહ્યું, "હે રાજકુમારો ! કોઈ દુષ્ટ વિદ્યાધર રાજકુમારીને હરી ગયો છે. અને અત્યારે આનંદની જગ્યાએ વિશાદ છવાઈ ગયો છે. પરંતુ જે બળવાન પુરુષ વિદ્યાધર પાસેથી મારી કન્યાને પાછી લાવશે તેને હું મારી કન્યા આપીશ."

રાજાની ઉદ્દ્ઘોષણા સાંભળીને લલિતાંગે પૂછ્યું કે કોઈ એવો પુરુષ છે જે પોતાને બતાવી શકે તે દુષ્ટ ક્યાં છે ? બીજા એક રાજકુમારે કહ્યું જ્યોતિષ લગ્નના બળથી પોતે જાણી શકે છે કે રાજકુમારીને લઈને વિદ્યાધર ખૂબ દૂર જતો રહ્યો છે. તે સ્થાનકને પોતે જાણે છે. જો કોઈ ત્યાં લઈ જાય તો બતાવી શકાય. એ રાજકુમારની વાત સાંભળીને કોઈ ત્રીજા રાજકુમારે પોતાની વિદ્યાશક્તિ વડે આકાશગામી વિમાન તૈયાર કર્યું. વિમાનમાં લલિતાંગ સહિત બધા રાજકુમારો પોતાના આયુધો લઈને ચાલ્યા. અને પેલા નિમિત્ત કહેનાર રાજકુમારની વાણીના અનુસારે પેલા દુષ્ટ વિદ્યાધરની નજીક આવી પહોંચ્યા. લલિતાંગ એ વિદ્યાધરને જોઈને ગર્જ્યો. "વિદ્યાધરથી સહન થયું નહિ તે કન્યાને એક બાજુએ મૂકી લલિતાંગ સાથે યુદ્ધ કરવા માંડ્યો. બંને ભયંકર યુદ્ધ કરવા માંડ્યા. યુદ્ધમાં લલિતાંગે વિદ્યાધરને મારી નાખ્યો. તેને મારીને બધા ઉન્માદયંતી પાસે આવ્યા તેને મરેલી જોઈ બધા વિચારમાં.

પડ્યા. પછી સર્પના દંશથી મૂર્છિત થયેલી જાણી બાળાને ગારૂડીમંત્રના જાણકાર એક રાજકુમારે સિદ્ધ વિદ્યા વડે સજીવન કરી. રાજબાળાને વિમાનમાં બેસાડી બધા રાજકુમારો રાજાની પાસે આવ્યા. રાજકુમારી તેના પિતાને સોંપીને તેમણે પોતપોતાના પરાક્રમો કહ્યા. ચારેય રાજકુમારો રાજબાળાને પરણવા પરસ્પર વિવાદ કરવા લાગ્યા. રાજા ચિંતામાં પડી ગયો. એમના વિવાદને નિવારી શક્યો નહિ. ચારેય કન્યા માટે હકદાર હતા. લલિતાંગે વિદ્યાધરને મારી નાખ્યો હતો. બીજાએ જ્યોતિષ લગ્નથી વિદ્યાધરને બતાવ્યો હતો. ત્રીજાએ વિમાન બનાવીને બધાને વિદ્યાધર પાસે લઈ જવામાં સહાય કરી હતી. ચોથો મૃત રાજકુમારીને સજીવન કરનાર હતો. ચારે ય રાજકુમારો સમાન બળ અને રૂપવાળા હોવાથી ત્રણનું અપમાન કરીને એકની સાથે લગ્ન કરાવવાની રાજાની હિંમત ચાલી નહિ. રાજા ચિંતામાં પડી ગયો. આ હકીકત સાંભળી રાજબાળા મનમાં દુઃખી થઈને વિચારવા માંડી, "મારા રૂપને ધિક્કાર થાઓ જે રૂપમાં લોભાઈને આ ચારે ય ઉત્તમ રાજકુમારો વિવાદ કરે છે. જો કે મારું મન તો લલિતાંગ તરફ આકર્ષયેલું છે છતા દુર્ભાગ્યવશ હું તેમને મેળવી શકું નથી અને પિતાનું પણ વિવાદ ટાળી શકતા નથી એટલે દુઃખી છે. આ આપત્તિમાં મરણ સિવાય કોઈ ઉપાય નથી. જો કે આત્મઘાત કરાય નહિ પણ ક્યારેક કરવો પડે."

રાજકુમારી એ આ દુઃખમાંથી છુટવા પિતાને વિનંતી કરી, "પિતાજી, આપ વિષાદ ના કરો. આપ મને કાષ્ટ ભક્ષણ કરવાની રજા આપો કે જેથી આ આપત્તિમાંથી હું મુક્ત થઈશ અને રાજકુમારો ક્લેશ બંધ કરશે અને પોત-પોતાના વતન ચાલ્યા જશે." રાજકુમારીની વાત સાંભળી રાજાએ મંત્રી સામે જોઈને કહ્યું મંત્રી તો એ જ કહેવાય જે રાજાને ચિંતાના સાગરમાંથી મુક્ત કરવા માર્ગ કાઢે. દુઃખી રાજાને જોઈને મંત્રીએ કહ્યું, "રાજબાળાને કાષ્ટ ભક્ષણ કરવાની અનુમતિ આપો. તેનું પરિણામ સારું આવશે. કન્યા અને વરને સુખ થશે અને તમારી ચિંતાનો પણ અંત આવશે." રાજાએ નગર બહાર ચંદનના લાકડાની ચિતા ખડકાવી. રાજબાળા પણ સ્નાનથી પવિત્ર

થઈ બળી મરવાને ત્યાં આવી. રાજા મંત્રી આખો પરિવાર ત્યાં હતો. બધા જ શોકમગ્ન થઈ ગયા. સુબુદ્ધિ મંત્રીએ પેલા ચાર રાજકુમારોને ત્યાં બોલાવ્યા અને શાંતિથી કહ્યું, "તમે ચારે સમાન રૂપગુણવાળા છો એથી ત્રણનું અપમાન કરીને એકની સાથે રાજપુત્રીને કેવી રીતે પરણાવીએ ? માટે આ કન્યાને અગ્નિમાં બળી મરવાની તમે રજા આપો. શોક કરતા નહિ. છતાંય જે આ કન્યા ઉપર ગાઢ પ્રેમવાળો હોય તે કન્યા સાથે અગ્નિસ્નાન કરી શકે છે."

મંત્રીની વાણી સાંભળી ચારેય રાજકુમારો મંત્રીના બુદ્ધિબળ પર વારી ગયા. એ બુદ્ધિશાળી મંત્રી એ કોઈનું પણ અપમાન કર્યા વગર વિવાદ ટાળી દીધો. રાજકુમારોએ દુભાતા હૃદયે કન્યાને અનુમતિ આપી. રાજકુમારીએ ચિતામા પ્રવેશ કર્યો ચારે બાજુથી અગ્નિ પ્રજવલિત થયો. ધુમાડાથી ચારે બાજુ અંધકાર છવાઈ ગયો. લલિતાંગ એકદમ વ્યાકુળ થઈ ગયો એને થયું અનાથ એવી પ્રિયાને અગ્નિ બાળી નાખે તો પોતાને જીવવાનું શું પ્રયોજન ? એમ વિચારી ચિતામાં પડવા તૈયાર થયો. મંત્રી, સામંતો વગેરે એ વાર્યા છતાં તે ચિતામાં કૂદી પડ્યો. બધા વિસ્મય પામી ગયા. રાજકુમાર લલિતાંગને ચિતામાં કૂદી પડેલો જોઈને રાજબાળાએ સ્નેહોલ્લાસથી કહ્યં, "મારા જેવી તુચ્છ સ્ત્રી માટે આપ જેવા નર રત્નનું મરણ યોગ્ય નથી." લલિતાંગ તેનો જવાબ આપવા લાગ્યો તે દરમિયાન ચિતાની નીચેના ભોંયરામાં મંત્રીએ રાખેલા પુરુષોએ ભોંયરાના દ્વાર ખોલી, ચિતાના લાકડા આઘાપાછા કરી અગ્નિ સ્પર્શે તે પહેલા બંનેને અંદર લઈ લીધા. અને ભોંયરાના દ્વાર બંધ કરી દીધા જેથી બંનેને અગ્નિ સ્પર્શે નહિ. એ પુરુષોએ બંનેને ભોંયરા વાટે બહાર લાવી મંત્રીના મકાનમાં હાજર કર્યાં. બંનેને સાજાસમા જોઈ મંત્રી ખુશ થયા અને તે રાત તેમના ઘરમાં છુપાવી દીધા. આ બાજુ અગ્નિ જ્વાળાઓ આકાશને સ્પર્શતી ચાલી લલિતાંગનું સાહસ જોઈ બધા વિસ્મય પામ્યા અને રાજકુમારો પણ શોકમગ્ન થઈને ત્યાંથી ચાલી ગયા રાજપરિવાર પણ પુત્રીના મરણથી દુઃખી થઈ ચાલ્યો ગયો.

## :: લગ્ન ::

રાજા પ્રાતઃકાળે રાજસભમાં રાજકુમારીના મૃત્યના શોકના લીધે ઉદાસ થઈને બેઠા છે. રાજાના શોકને ઓછો કરવા મંત્રીઓ અનેક પ્રકારના વાર્તાલાપ કરી રહ્યા છે. છતાં રાજાનો શોક ઓછો થતો નથી. સભાજનો લલિંતાંગના સાહસને વર્ણવી રહ્યા હતા. રાજા અને મંત્રીઓ પણ લલિતાંગનો પત્ની સ્નેહ જોઈને તાજુબ થઈ ગયા હતા. રાજાએ મંત્રીને કહ્યું બે જીવોની હત્યા થઈ ગઈ તેને સારું કેવી રીતે કહેવાય ? મંત્રી મૂછમાં હસતા હતા. આનાથી પણ સારું પરિણામ આવશે. રાજા પૂછે છે કેવી રીતે ? મંત્રી કહે છે પહેલા પેલા ત્રણ રાજકુમારો હવે શું કરવાના છે તે જાણવું જોઈએ. ત્રણેયને રાજસભામાં બોલાવવામાં આવે છે. રાજકુમારો કહે છે કે તેઓ પતાના દેશ જવા માંગે છે. મંત્રી મુદ્દાની વાત કરે છે, "તમે જાઓ તે જ યોગ્ય છે કારણ કે ઇન્સાફ પતી ગયો છે. રાજકુમારી બળીને ભસ્મ થઈ ગઈ છે અને તમે તમારો હક જતો કર્યો છે." મંત્રી કહે છે રાજકુમાર લલિતાંગે બલિદાન આપી દીધું છે. હવે દૈવયોગે પાછો આવે તો એનો હક ભોગવશે. કોઇને વાંધો હોવો જોઈએ નહિ. મંત્રી કબુલ કરાવી લે છે કે બંને જણ જો દેવતાની સહાયથી પાછા આવશે તો લલિતાંગ જ કુમારીને યોગ્ય ગણાશે.

એ વાતચીત દરમિયાન લલિતાંગ અને રાજકુમારી રાજસભામાં આવીને હાજર થયા. બધા ફાટી આંખે તેમને જોઈ રહ્યા. આવું કેવી રીતે બની શકે ? આ સ્વપ્ન હશે કે માયા ? ત્યારે મંત્રી કહે છે કે જે બધા જુએ છે તે સત્ય છે. રાજકુમારો જોઈ રહે છે. તેમણે પોતે જ પોતાનો હક ગુમાવ્યો હતો. હવે શું ? મંત્રી ખુલાસો કરે છે કે કેવી રીતે બચાવી લેવામાં આવ્યા છે. રાજકુમારોના મનનું પણ સમાધાન થઈ થઈ જાય છે. રાજા ધામધૂમથી લલિતાંગ અને રાજકુમારીના લગ્ન કરાવી દે છે. પેલા ત્રણેય રાજકુમારો વિવાહ ઉત્સવમાં ભાગ લઈને પોતપોતાના વતન ચાલી જાય છે. લલિતાંગ શ્વસુરના આગ્રહથી ત્યાં રહે છે.

કેટલાક દિવસ પછી સાસુસસરાની આજ્ઞા મેળવીને પોતાના વતન જવા તૈયાર થાય છે. રાજા પુત્રીને મોટો કરિયાવર આપીને સાસરે વિદાય કરે છે. પોતાના પુત્ર પરિવારને આવેલો જાણી રાજા મોટો પ્રવેશોત્સવ કરાવે છે. ઘણાં દિવસે પુત્રને જોઈ રાજા પ્રસન્ન થયા. લલિતાંગ અને ઉન્માદયંતી પંચવિધિ સુખોને ભોગવતા સમય પસાર કરે છે. એક દિવસ રાજા પુત્રને યોગ્ય જાણી એનો રાજ્યભિષેક કરાવે છે. કુમાર લલિતાંગ નરપતિ લલિતાંગ થાય છે.રાજાએ જવાબદારીમાંથી મુક્ત થઈ આત્મહિત સાધ્યું. લલિતાંગ ન્યાયથી પ્રજા પાલન કરતો પોતાનો સમય સુખમાં વ્યતીત કરતો હોય છે.

## :: વૈરાગ્ય ::

શરદઋતુના એક દિવસે લલિતાંગ રાજા પોતાની પ્રિયા સાથે ઝરૂખે બેઠો હતો. સાંજનો સમય હતો. આકાશમાં અનેક પચરંગી વાદળ એકઠા મળીને વિખરાઈ જતા હતા. નવીન નવીન સ્વરૂપને ધારણ કરતા હતા. રાજાએ અકસ્માતે આકાશ તરફ દૃષ્ટિ કરી વાદળથી બનેલા પંચવર્ણવાળો મનોહરક પ્રાસાદ નજરે પડ્યો. રાજા જોઈને બહુ ખુશ થયો. પ્રાસાદના સૌંદર્યને એક ચિત્ત જોઈ રહ્યો. ક્ષણવાર પછી રાજાની નજર પડી તો વાદળા વિખરાઈ જવાથી પ્રાસાદ છિન્ન-ભિન્ન થઈ ગયો હતો. રાજા રાણીને કહે છે, "પ્રિયે ! શરદઋતુના વાદળની ચપળતા તો જો ? સુંદર આકારવાળો આકાશપ્રાસાદ ક્ષણમાં જ વાયુથી વિખરાઈ ગયો." રાણી કહે છે, "વાદળનો તો એ સ્વભાવ જ છે." રાજા : "એવી જ આ દુનિયાની વસ્તુઓ ધન, યૌવન, વૈભવ, ઐશ્વર્ય બધુ એક દિવસ નષ્ટ થઈ જશે ને ?"

રાણી : "આયુ પૂર્ણ થતા કોઈ ક્ષણ માટે પણ સંસારમાં રહેતું નથી."

રાજા : "તારી વાત સાચી છે. યૌવન, લક્ષ્મી, જીવન બધું જ કમળપત્ર પર રહેલા જલબિંદુ સમાન છે. ક્યારે સરી પડે

કહેવાય નહિ. છતાં મનુષ્યો પરલોક સાધવામાં ઉત્સાહી નથી."

રાણી : આ લોકના સુખમાં મગ્ન માનવીને પરભવની પડી નથી. માનવી કુટુંબ પરિવારાદિક ઉપાધિમાંથી મુક્ત થાય ત્યારે પરલોક સંભારે ને ?

રાજા : "મોહમાં મુંઝાયેલ માનવી કંઈ જોઈ શકતો નથી. આ પ્રાસાદની માફક અનિત્ય આયુષ્ય પૂરું થતાં હાથી, ઘોડા, રથ, પાયદળના બળ હોવા છતાં માનવીને હરી લે છે. ત્યારે શું કરે છે ?"

રાણી : "પરવશ પડેલો માનવી શું કરી શકે ? એનું ચાલે તો મૃત્યુને પણ છેતરવા તૈયાર થઈ જાય."

રાજા : "છતાં સ્વાધીનપણે માનવી ધર્મ પામવાનો પ્રયાસ કરતો નથી તે ઓછું છે ?"

રાણી : "કુટુંબ પરિવારમાં મુંઝાયેલ માનવી માતાપિતાના લાડમાં બાળપણ વ્યતીત કરે છે. યૌવન વિલાસોમાં પસાર કરે છે. વૃદ્ધાવસ્થા તો ધર્મારાધના કરવામાં નકામી હોવાથી પુત્રાદિકનું મુખ જોઈને પરાધીનપણે પસાર કરે છે. આજ માનવીનો સામાન્ય ક્રમ છે. કોઈક વીરલા જ ધર્મારાધન કરી આત્મહિત પામી જાય છે."

રાજા : "જે હોય તે. આ અસાર કાયામાં કંઈ સાર નથી. સપ્તધાતુથી પોષાયેલ આ શરીરનો ડાહ્યા પુરુષો ધર્મારાધન વડે સદુપયોગ કરે છે. રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શાદિ ભોગો તો રોગોને નોંતરનારા છે. આ નવયૌવન શરીર, ખાન, પાન, વસ્ત્ર તો ક્ષણભંગૂર છે. આવા અસાર અને ક્ષણભંગૂર રોગોથી હવે સર્યું."

રાણી : "આપની વાત સત્ય છે. આપણે ભોગો ઘણા ભોગવ્યા હવે આત્મહિત તરફ આપણે વળવું જોઈએ."

રાજારાણીનું હૃદય વૈરાગ્યથી ભરાઈ ગયું. અને બીજા દિવસે નગરીના ઉદ્યાનમાં જિનેશ્વર ભગવાન પધાર્યા. દેવાતાઓએ સમવસરણની રચના કરી. ભગવાને દેશના આપી. જીનેશ્વરની વાણી સાંભળી રાજાએ મોહનો પરાજ્ય કર્યો. શુભ મહૂર્તે પુત્રનો રાજ્યાભિષેક કર્યો. જિનેશ્વર પાસે રાણી ઉન્માદયંતી સાથે દીક્ષા લીધી. બાર પ્રકારના તપને આચરતા નિરતિચારપણે સંયમની આરાધના કરવા માંડ્યા.

રાજા લલિતાંગ નિરતિચારપણે પણ સંયમને પાળી સમાધિપૂર્વક કાળ કરીને ઈશાન દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ઉન્માદયંતી રાણી પણ સમાધિપૂર્વક કાળ કરીને તે જ દેવની દેવી તરીકે ઉત્પન્ન થયા. ઈશાન દેવલોકમાં અઠ્ઠાવીસ લાખ વિમાન રહેલા છે દરેક વિમાનોમાં દર વિમાને એક જિન ચૈત્ય હોય છે. દરેક ચૈત્યમાં એકસોએંશી જિન પ્રતિમા શાશ્વતપણે રહેલા છે. તે દેવ-દેવી ત્યાં પણ વિરહમાન જિનેશ્વરની ભક્તિ કરતા સુખમાં સમય પસાર કરવા માંડ્યા.

## :: વિદ્યાધર બાલા ::

જંબુદ્વિપમાં વિશ્વપુરી નગરીના રાજા સુરતેજ અને તેની પટ્ટરાણી પુષ્પાવતીની કુક્ષિએ લલિતાંગ દેવનો જીવ પુત્ર પણે ઉત્પન્ન થયો. માતા-પિતાએ જન્મોત્સવ કરીને બાળકનું નામ દેવસેન પાડ્યું. દેવસેન શસ્ત્ર અને શાસ્ત્રમાં પારંગત થઈને યૌવનાવસ્થામાં પ્રવેશ્યો.

ઉન્માદયંતીનો જીવ દેવીભવનમાંથી આયુષ્યપૂર્ણ થતાં વૈનાઢ્ય પર્વતની દક્ષિણે આવેલા સુરસુંદર નગરના વિદ્યાધર રાજા રવિકિરણ અને તેની પટ્ટરાણી રવિકાન્તા થકી પુત્રી થઈ. તેનું નામ ચંદ્રકાન્તા. ચંદ્રકાન્તા સ્ત્રીની ચોસઠ કળામાં નિપુણ થઈ યૌવનવયમાં આવી. છતાં એને પુરુષનું નામ પણ ગમતું નહિ તો પછી લગ્નની તો વાત જ ક્યાં ? સખીઓ અનેક

પરાક્રમી વિદ્યાધરોના પરાક્રમ તેની આગળ કહેતી પણ ચંદ્રકાન્તા સાંભળતી નહિ. પુત્રીના વિરક્તપણાથી માતાપિતાને ચિંતા રહેવા માંડી. એકવાર ચંદ્રકાન્તા તેની સખીઓ સાથે ક્રીડા કરવા પર્વત ના શિખર ઉપર આવી. ત્યાં તેણે કિન્નર યુગલ દ્વારા તાલબદ્ધ ગવાતું મનોહર ગીત સાંભળ્યું. તે ગીતમાં દેવસેન કુમારના રૂપ, ગુણનું વર્ણન હતું. પૂર્વભવના સ્નેહથી એ વિદ્યાધર બાળા દેવસેન તરફ રાગવાળી થઈ. દેવસેનનું નામ સાંભળતા તેના રોમરોમમાં આનંદ થયો.

ચંદ્રકાન્તાના કહેવાથી પિયંકરી નામની સખીએ કિન્નર યુગલ પાસે આવીને પૂછ્યું, "તમે જેની કીર્તિ ગાથાનું વર્ણન કરો છો તે દેવસેન કોણ છે ? કિન્નરોએ કહ્યું, "એના ગુણોની વાત થાય એવી નથી. દેવતા હોય કે મનુષ્ય તેના ગુણોનું વર્ણન કરે છે. અમે પૃથ્વીના સૌન્દર્યનું નિરીક્ષણ કરતા અનુક્રમે વિશ્વપુરી નગરીના ઉદ્યાનમાં આવ્યા ત્યાં દેવકુમાર જેવો દેવસેન કુમાર દાન કરીને યાચકોને હર્ષ પમાડતો જોયો. એની સૌમ્યતાની હરીફાઈ કરતા ચંદ્ર, સૂર્ય, બૃહસ્પતિ, શુક્ર અને બુધ પણ તેનાથી અંજાઈને દૂર જતા રહ્યા તે એનું વિશેષ શુ વર્ણન કરીએ ?" એમ કહી કિન્નર યુગલ ચાલી ગયું એ યુગલની વાત સાંભળીને સખીએ ચંદ્રકાન્તાને કહ્યું કે ખૂબ મોડું થઈ ગયું છે. હવે પાછા ફરવું જોઈએ. માતાપિતા ચિંતા કરતા હશે. ચંદ્રાકાન્તાને દેવસેનકુમારના ગુણોથી થયેલા આનંદની વાત સખીએ માતાને કરી. સમર્થ શક્તિશાળી વિદ્યાધરની દીકરી અલ્પશક્તિવાળા ભૂચરને પરણે તે વાત ચંદ્રકાન્તાના ભાઈઓને ગમી નહિ. તેઓ પોતાની બહેનના મનને બીજા દિશામાં વાળવાનો પ્રયત્ન કરવા માંડ્યા. તેમણે કહ્યું, "ચંદ્રા, હજી તું નાદાન છે. વિદ્યાધર અને મનુષ્યમાં જમીન આસમાનનો તફાવત છે. ક્યાં શક્તિ સંપન્ન વિદ્યાધર અને ક્યા નિઃ સત્વ મનુષ્ય ! વિદ્યાધરો તો મન ફાવે ત્યાં જઈ શકે, ક્ષણમાં અષ્ટાપદ ઉપર તો ક્ષણમાં નંદનવનમાં કોઈકવાર નંદીશ્વર દ્વીપ તો વળી કોઈ વાર મેરૂ પર્વત પર. વિદ્યાધરો વિદ્યા વડે ગમે તે સ્વરૂપ ધારણ કરીને ગમે ત્યાં જઈ શકે છે. એવા ભાગ્યવાન વિદ્યાધરો ક્યાં ? અને

દીન, અનાથ, રાંકની માફક વારંવાર પરાભવ પામનારા મનુષ્યો ક્યાં ? જેઓ કર્મભૂમિમાં વિહાર કરતા અરિહંત ભગવાનને વાંદવાને સમર્થ નથી, તેમની દેશના સાંભળવા શક્તિમાન નથી એવા પૃથ્વીના કીડા જેવા મનુષ્ય તરફ શું જોઈને પ્રીતિ થાય છે ?"

પોતાના બંધુઓની અને સ્વજનોની શિખામણને સાંભળીને બોલી, "પોતાની સ્તુતિ અને પારકી નિંદાનું કારણ રાગદ્વેષ છે. બાકી મધ્યસ્થ પણે વિચાર કરીએ તો જન્મ, જરા, મૃત્યુ રોગાદિક ભાવો જેમ મનુષ્ય - ભૂચારીને વળગેલા છે તેમ વિદ્યાધરોને પણ વળગેલા છે. "હવે અમે વિચારીએ કે વિદ્યાધરો આકાશગામી હોવાથી ગમે ત્યાં જઈ શકે તો પંખીઓ પણ ગમે ત્યાં ઊડી જ શકે છે ને ? રૂપ પરાવર્તન નટ લોકો પણ આબેહૂબ રીતે કરી શકે છે. મનુષ્યમાં જો વિદ્યાધરની જાતિ ઉત્તમ મનાતી હોત તો અરિહંત, ચક્રવર્તી, બલદેવ અને વાસુદેવ એ જાતિમાં કેમ ઉત્પન્ન થતા નથી. મનુષ્યમાં ઉત્પન્ન થઈને પરાક્રમી વિદ્યાધરોને વશ કરે છે."

ચંદ્રકાન્તાની વાત સાંભળી એના ભાઈઓ મૌન થઈ ગયા. વિદ્યાધર રવિકિરણે વિચાર્યું કે દેવસેનકુમાર વગર આ કન્યા અન્યને પરણશે નહિ. પણ દેવસેનનો રાગ કન્યા પ્રત્યે કેવો છે તે જાણવું જોઈએ. તેની પરીક્ષા કરવા તેમણે કન્યા ચંદ્રકાન્તાનું ચિત્રપટ તૈયાર કરાવી વિશ્વપુરી નગરીમાં રાજા પાસે મોકલ્યું. ચિત્રપટ જોતા જ રાજુકુમાર એ કન્યા પર ગાઢ રાગ વાળો થઈ ગયો. વિદ્યાધર, રવિકિરણ ચંડાળનું સ્વરૂપ ધારણ કરી ગાંધર્વ બનીને વીણા વગાડતો પોતાની પુત્રી સાથે રાજાની સભામાં આવ્યો. આખી સભા તેના મધુર ગાયનથી ખુશ થઈ સિવાય કે દેવસેનકુમાર. એ તો ચંડાલ સાથે આવેલી ચંડાલપુત્રીને જોવામાં જ લીન થઈ ગયો. રાજસભાને પણ ગણકારી નહિ. બસ ચંડાલીને ફાટી આંખે જોઈ રહ્યો. કુમારની પ્રીતિની પરીક્ષા કરીને પછી રવિકિરણ પરિવાર સહિત વિવાહની સામગ્રી લઈને વિશ્વપુરના ઉદ્યાનમાં આવ્યો અને રાજાને વધામણી મોકલી. સુરતેજ રાજાએ પણ વિવાહની તૈયારી કરી વિદ્યાધરોનું સન્માન કર્યું. શુભ મહૂર્તે દેવસેન અને ચંદ્રકાન્તા વિવાહ

આડંબરપૂર્વક થઈ ગયા. વિદ્યાધર પોતાની પુત્રીને પુષ્કળ જરઝવેરાત, વસ્ત્રો વગેરે દિવ્ય વસ્તુઓ આપી. કેટલાક દિવસ ત્યાં રહીને રવિકિરણ સૂરતેજ રાજાની રજા લઈ પરિવાર સાથે પોતાની રાજધાની વૈતાઢ્ય પર ચાલ્યો ગયો. અને ત્યાંથી દરરોજ પોતાની પુત્રી માટે દિવ્ય ભોગો મોકલવા માંડ્યો.

## :: દેવસેન ::

પ્રતિદિવસ, શ્વસુર તરફથી આવતા દિવ્ય ભોગોને ભોગવતો દેવસેનકુમાર દેવતાઓની જેમ સુખેથી સમય પસાર કરતો હતો. લોકો પણ મનુષ્યભવના અદ્ભુત સુખોની પ્રશંસા કરતા હતા. દેવસેનના પિતા સુરતેજ રાજાએ પણ ગુરૂમહારાજની ધર્મદેશના સાંભળી દેવસેનકુમારને રાજ્ય અર્પણ કરી પોતે સંયમ અંગીકાર કરી લીધો. દેવસેન રાજા ન્યાયપૂર્વક રાજ કરતા હતા. ધર્મપૂર્વક અનુપમ ભોગો પણ ભોગવતા હતા. ચંદ્રકાન્તા રાણીથી પુત્ર ઉત્પન્ન થયો તેનું નામ રાખ્યું સૂરસેન. બાળક ચંદ્રમાની માફખ અનુક્રમે વૃદ્ધિ પામતો. દિવ્ય કાંતિવાળો સૂરસેન શસ્ત્ર અને શાસ્ત્રની કળામાં પ્રવિણ થઈ યૌવન અવસ્થામાં પ્રવેશ્યો.

દરરોજ ચંદ્રકાન્તાના પિતા વિદ્યાધરરાજ રવિકિરણ તરફથી દિવ્ય ભોગો આવ્યે જતા હતા. મનુષ્યના ભોગો ઉપરાંત દિવ્ય ભોગો ને ભોગવતા એક દિવસ વિઘ્ન આવ્યું. વિદ્યાધરરાજ રવિકિરણ ચિત્તની વ્યાક્ષિપ્તતાથી પુત્રી ચંદ્રકાન્તાને દિવ્યભોગ મોકલી શક્યો નહિ. પિતા તરફથી એક દિવસ ભોગ નહિ આવતાં ચંદ્રકાન્તા અત્યંત વ્યાકુળ થઈ ગઈ. તેના મનમાં ઉથલપાથલ મચી ગઈ. તેને બધું નિરસ લાગવા માંડ્યું. પિતા માટે એના મનમાં કંઈક વિચાર આવી ગયા. પોતાના પર ગુસ્સે થયા હશે ? પોતાને ભૂલી ગયા હશે ? એવા વિચારોથી એના મનમાં ગ્લાનિ છવાઈ ગઈ. સખીઓ સમજાવવા માંડી કે સજ્જન પુરુષો સંતોષ ધારણ કરી જે મળે તેમાં સુખ માને છે. બીજાઓની આપેલી વસ્તુઓથી મળતું સુખ કાયમ રહેતું નથી. સખીની વાત સાંભળીને ચંદ્રકાન્તાએ કહ્યું, "પારકી આશા સદા નિરાશા. પંચેન્દ્રિયના

પરાધીનપણાથી નિશ્ચયપણે પરાભવ જ મળે છે. જે ભોગોને ભોગવ્યા છતાં પણ તૃપ્તિ ના મળી શકે તો એવા મોહને શું કરવાનો ? હું તો હવે સ્વાધીન એવી પ્રવજ્યાને જ અંગીકાર કરીશ. પરાધીન એવા કામભોગથી હવે સર્યું."

એ દરમિયાન પ્રતિહારીએ આવીને કહ્યું, "મહારાજ જિનેશ્વરને વંદન કરવા જાય છે. અને આપને ત્વરાથી બોલાવ્યા છે. "રાણી આનંદ પામી રાજા સાથે જિનેશ્વરને વાંદવા ગઈ. ભગવાને દેશના શરૂ કરી :

"આ સંસાર સમુદ્રમાં દુઃખ એ સાગર સમાન છે. સુખ સાગરમાં બિંદુ સમાન છે. નરકગતિમાં પાપ કરનારા નારકીઓ શીત અને ઉષ્ણ વેદના તેમજ શસ્ત્રના ઘા, શલ્મલિ વૃક્ષના પત્રાદિકથી થતી ભયંકર વેદના સહન કરી રહ્યા છે. તિર્યંચગતિમાં શીત, ઉષ્ણ, ભૂખ તરસ, બંધન, ભારવાહન અનેક દુઃખો સહન કરવા પડે છે જે આપણે નજરે જોઈએ છીએ. દેવતાઓને પણ ઈર્ષ્યા, વિષાદ, ક્રોધ, લોભ દોષોવાળી વિટંબણાઓ ભોગવવી પડે છે. મનુષ્યમાં પણ જન્મ, જરા અને મૃત્યુના દુઃખ ઉપરાંત દુર્ભાગ્ય, દારિદ્ર, શોક, વિયોગ અનેક દુઃખો રહેલા છે. માટે હે ભવ્ય જીવો ! આ ભયંકર દુઃખોથી છૂટવા તમે અવિનાશી અને નિરાબાધ મુક્તિની સાધના કરો. મુક્તિની સાધના માટે જૈન ધર્મ પ્રત્યે રુચિ રાખો."

ભગવાનની દેશના સાંભળી દેવસેન રાજા એ શૂરસેનને રાજ્યગાદી સોંપી જિનમંદિરમાં અષ્ટાન્હિકા મહોત્સવ કર્યો. સાતે ક્ષેત્રમાં પુષ્કળ ધન વાપરી, ગરીબ જનોને છૂટે હાથે દાન આપી સાધર્મિકોને સંતોષી પરિગ્રહનો ત્યાગ કર્યો અને રાણી ચંદ્રકાન્તા સાથે જિનેશ્વર પાસે દીક્ષા ગ્રહણ કરી. સિદ્ધાંતના ઉચ્ચ તત્ત્વને જાણતા રાજર્ષિ ભણીગણીને શાસ્ત્રના પારગામી થયા, અપ્રમત્તપણે ચારિત્રની આરાધના કરતા હતા. બાર પ્રકારના તપને તપતા રાજર્ષિ પાપરૂપ કર્મોને બાળીને ભસ્મ કરવા લાગ્યા. મુક્તિમાં જ લક્ષ્ય રાખી નિરતિચારપણે ચારિત્રની આરાધના કરતા કેટલાક વર્ષો પસાર કર્યા. પ્રાંતે રાજર્ષિએ સંલેખનાપૂર્વક આરાધના કરી, અનશન અંગીકાર કર્યું, સુકૃત્યોની

અનુમોદના અને પાપોની આલોચના કરતા કરતા, મનમાં જિનેશ્વરનું ધ્યાન ધરતા, અનશનવ્રતમાં જ કાળ કરીને પંચમદેવલોકના બ્રહ્મલોકમાં બ્રહ્મેન્દ્ર પણે ઉત્પન્ન થયા. ચંદ્રકાન્તા પણ તે દેવલોકમાં દેવ થયો. પૂર્વના સંસ્કારથી બંને મિત્રો થયા.

## :: જિનપૂજાનું અંતિમફળ ::

ભરતક્ષેત્રના મધ્યખંડમાં કુરુદેશ આવેલો છે ત્યાં ગજપુર નગરના રાજા શ્રી વાહનને લક્ષ્મીનામની પટ્ટરાણીની કૂખે ચૌદ સ્વપ્નનોથી સૂચિત દેવસેનનો જીવ બ્રહ્મદેવલોકમાંથી ચ્યવીને ઉત્પન્ન થયો. ચંદ્રકાન્તાનો જીવ શ્રીવાહનરાજાના બુદ્ધિસાગર મંત્રીની સુદત્તા પત્ની થકી પુત્રપણે ઉત્પન્ન થયો. રાજપુત્રનું નામ પ્રિયંકર અને મંત્રીપુત્રનું નામ મતિસાગર પાડ્યું.

વૃદ્ધિને પામતા બંને કુમારો પરભવના સ્નેહથી આ ભવમાં પણ એકબીજાના વિયોગને સહન કરી શકતા નહિ. સાથે જ રમતા, સાથે જ જમતા અને અભ્યાસ પણ સાથે જ કરતા. શસ્ત્ર - શાસ્ત્રની કળામાં પાવરધા બની યૌવનાવસ્થામાં આવ્યા. શ્રીવાહનરાજાએ રાજકુમાર પ્રિયંકરને અનેક રાજાઓની કન્યા સાથે પાણિગ્રહણ કરાવ્યું. મંત્રીએ પણ મતિસાગરને અનેક મંત્રીની પુત્રીઓ સાથે પરણાવ્યો. પોતપોતાની પત્નીઓ સાથે અનુપમ સુખ ભોગવતા મંત્રીપુત્ર અને રાજકુમાર સુખમાં સમય પસાર કરવા માંડ્યા.

એક દિવસ શ્રીવાહન રાજાએ ગુરુના ઉપદેશથી સંસારને અસાર જાણતા રાજકુમાર પ્રિયંકરને રાજગાદી સોંપી પોતે દીક્ષા ગ્રહણ કરી. પોતાના સ્વામી સાથે બુદ્ધિસાગર મંત્રીએ પણ મતિસાગરને મંત્રીપદે સ્થાપના કરી દીક્ષા લીધી રાજગાદી ભોગવતા અને ન્યાયથી પ્રજાનું પાલન કરતાં પ્રિયંકર રાજાના શસ્ત્રાગારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. એ દિવ્ય ચક્રના પ્રભાવથી પ્રિયંકર રાજાએ ષટ્ ખંડ ભરતને જીતી લીધું અને ચક્રવર્તી થયા. બત્રીસ હજાર મુગુટબદ્ધ રાજાઓ તેમની સેવા કરવા માંડ્યા. ચૌદરત્નોના સ્વામી પ્રિયંકર ચક્રવર્તી પોતાના પરાક્રમથી ઉપાર્જન કરેલા ચક્રવર્તીના મનોહર ભોગો ભોગવવા માંડ્યા. આટલા

મોટા સામ્રાજ્યના ચક્રીને અનેક મંત્રીઓ હોવા છતાં મતિસાગર મંત્રી વગર ચાલતુ નહિ. પરભવના સ્નેહના લીધે આ ભવમાં પણ મતિસાગર પ્રત્યે જેટલો પ્રેમ હતો. એટલો પોતાની રમણીઓ કે સ્ત્રી રત્નોમાં નહતો. મતિસાગર પણ દેવતાની માફક ચક્રવર્તીની સેવા કરતા હતા. પોતાનું સર્વસ્વ મંત્રી માટે ચક્રવર્તી જ હતા. એકબીજા પ્રત્યે સ્નેહ હોવાનું કારણ તેઓ સમજી શકતા નહિ એટલે જ્ઞાની પાસે ખુલાસો મેળવવા આતુર હતા.

એક દિવસ સુપ્રભ નામે તીર્થંકર ભગવાન ગજપુર નામના ઉદ્યાનમાં સમવસર્યા. ત્રણ છત્ર, ભા મંડલ, ધર્મચક્ર, સિંહાસન, ચામર, દંદુભિ, સુર પુષ્પવૃષ્ટિ અને અશોકવૃક્ષ એ આઠેય પ્રતિહાર્યથી શોભતા ભવ્યજનોનો બારે પર્ષદા આગળ દેશના આપવા માંડ્યા. ચક્રી અને મંત્રી પણ દેશના સાંભળવા આવ્યા હતા.

"સંસારમાં કેટલાક દીક્ષાના અર્થી હોવા છતા કાળ વિલંબ કરતા તેમના મનોરથો અધૂરા રહી જાય છે. કેટલાક જ્ઞાનીજનો સંસાર તરવામાં કુશળ છતાં કુગ્રાહરૂપ કદાગ્રહના વશથી પાતાળમાં ડૂબી જાય છે. કેટલાક સંસાર સમુદ્ર તરીને કાંઠે આવ્યા છતાં પ્રમાદરૂપી કાદવમાં ખૂપી જાય છે. હે ભવ્યજનો ! બોધ પામો ! સંસારના મોહમાં ના લપટાઓ. અપ્રમાદરૂપી વહાણમાં આરૂઢ થઈને આ સંસાર સાગરનું ઉલ્લઘન કરી અનંતસુખના ધામ મુક્તિસાગરને તમે પામો."

સુપ્રભ જિનેશ્વરની દેશના સાંભળી મોહરૂપી અંધકારને નાશ થતા ચક્રવર્તીના જ્ઞાન લોચન ખુલી ગયા. તેઓ બોલ્યા, "હે ભગવાન ! આપની વાણી સત્ય છે. ધર્મરૂપી નાવ વગર સંસારસાગર તરી શકાતો નથી. આપના પ્રસાદથી અમે શુદ્ધ તત્ત્વ જાણ્યું છતાં મારે અને મંત્રીના અરસપરસ ગાઢ સ્નેહના સંબંધ પર આપ પ્રકાશ પાડો."

ચક્રવર્તીના પ્રશ્નના જવાબમાં જિનેશ્વરે શુકના ભવથી ચક્રવર્તીના ભવ સુધીનો બંનેનો પરભવનો સંબંધ કહી સંભળાવ્યો. બંને જણે સરખું જ પુણ્ય કર્યું છે અને સરખું જ ફળ ભોગવ્યું છે. શુકના ભવમાં જિનેશ્વરની

પૂજા કરીને જે બીજ વાવેલું તેનું પુણ્યરૂપી વૃક્ષ અત્યારે ફાલેલું છે. જેનું ફળ તો બંને જણે સિદ્ધગતિ પ્રાપ્ત કરીને લેવાનું છે. પ્રભુનું વચન સાંભળી બંનેને જાતિ સ્મરણ થયું. જ્ઞાનથી વૈરાગ્ય પામેલા ચક્રી અને મંત્રી બંને ચારિત્ર લેવા તૈયાર થયા. જિનેશ્વરને વાંદી ચક્રી અને મંત્રી પોતાના પરિવાર સાથે નગરમાં ગયા. ચારિત્રની પ્રબળ ઇચ્છાવાળા ચક્રીએ ષટ્ ખંડનું મોટી સમૃદ્ધિવાળું રાજ્ય તૃણની માફક ગણી પોતાના જ્યેષ્ઠ પુત્રને સોંપી દીધું. પુત્ર, કલત્ર અને સ્નેહીજનોના સ્નેહની મજબૂત સાંકળ તંતુની માફક તોડી નાખી. ચોસઠ હજાર સ્ત્રીઓનો ત્યાગ કરી ચક્રી દીક્ષા લેવા તૈયાર થયા. પ્રિયંકર ચક્રીએ મંત્રી મતિસાગર સાથે ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી.

આમ રાજા અને મંત્રી ચારિત્રને પાળતા તપ - તેજથી શોભવા માંડ્યા, અનુક્રમે તપરૂપી અગ્નિથી કર્મરૂપી લાકડાંને બાળીને ભસ્મ કરી નાખ્યા. આયુઃપૂર્ણ કરી તેઓ અનંત સુખોને ભોગવનારા થયા. આ પ્રમાણે અજ્ઞાનથી કરેલું દ્રવ્યસ્તવ પણ પરંપરાએ વિશેષ સુખના હેતુરૂપ થયું તો જ્ઞાનયોગથી બહુમાનપૂર્વક શ્રદ્ધા વડે જો દ્રવ્યસ્તવ સંબંધી કથા સાંભળી પ્રિયા સહિત દેવસિંહ કુમાર ધર્મ પામીને પોતાના સ્થાનકે ગયા. ગુરુ પણ વિહાર કરી અન્યત્ર ચાલી ગયા.

## :: શ્રાવક ધર્મારાધન ::

શ્વસુર નગરમાં સુખથી સમય પસાર કરતો દેવસિંહ કુમાર યથાશક્તિ ધર્મના અનુષ્ઠાન કરવાનું ભૂલી જતો નહિ. પરંતુ માતાપિતાનું સ્મરણ થતાં દેવસિંહ કુમારે શ્વસુરની આજ્ઞા લઈ પ્રિયા સાથે સ્વદેશ જવા પ્રયાણ કર્યું. માર્ગમાં રાજાઓથી માન મેળવતો, નદી, તળાવ, વાવ આદિમાં ક્રીડા કરતો, પર્વત, નગર, શહેર વગેરેમાં જિનેશ્વરની પૂજા રચાવતો, દુઃખીજનોને દાનથી રાજી કરતો અનુક્રમે મથુરાનગરીમાં આવ્યો.

પિતાએ આડંબરપૂર્વક પ્રવેશોત્સવ કરાવ્યો. અતિ આનંદથી પોતાની પાટે બેસાડી મેઘરથ રાજાએ દીક્ષા અંગીકાર કરી. દેવસિંહ રાજાએ યુદ્ધ કર્યા વગર અનેક રાજાઓને પોતાના પ્રભાવથી વશ કરી લીધા અને ન્યાયથી એક

ચક્રે રાજ્ય કરવા લાગ્યો. સંસારના સુખ ભોગવીને થાકી રહેલા દેવસિંહ એક દિવસ પ્રાતઃકાળે નિંદ્રામાંથી જાગીને વિચાર કરવા માંડ્યો. "આ પૃથ્વી પર જે રાજાઓએ પોતાના રાજપાટનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરી છે તેઓ ધન્ય છે. અને હું અધન્ય છું. કારણ કે જાણવા છતાં વિરતિ પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરતો નથી. ભોગલાલસા મને વળગેલા છે એટલે દુષ્ટ ચારિત્ર મોહનીય કર્મરૂપ શયતાનો હું શી રીતે જીતી - શકીશ ? તેને જીતવાનો ઉપાય પૂર્વ સૂરિશ્વરે બતાવ્યો છે. તો દ્રવ્યસ્તવ હું આદરૂ, કે જેનાથી મને ભાવસ્તવની પ્રાપ્તિ થાય."

એક સુપ્રભાતે જાગૃત થયેલા રાજા એ પ્રમાણે ભાવના ભાવતો દ્રવ્યસ્તવ આદરવા હેતુ સારા મુહૂર્તે શુદ્ધ પૃથ્વી જોવરાવી કેટલાક સૂત્રધારોને જિનમંદિર તૈયાર કરવાની સૂચના કરી, કેટલાકને જિનપ્રતિમા તૈયાર કરવાનું ફરમાન કર્યું. પોતે બ્રહ્મચર્ય ધારણ કરીને એ ધર્મ કાર્ય તરફ, અપૂર્વ ઉત્સાહ ધારણ કરવા માંડ્યો. જિનપ્રાસાદ અને જિનપ્રતિમા તૈયાર થતા સારા મુહૂર્તે મોટો પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. પ્રિયા સહિત એ જિન પ્રાસાદમાં ત્રણેકાળ જિનપૂજન કરવા માંડ્યો. રાજા કોઈ કોઈ સમયે રથયાત્રા કરતો. મહાપૂજાના મહોત્સવ કરતો. જે ઉત્સવ કરતો તેમાં અનેક લોકો લાભ લેતા. એ નિમિતે રાજા દાન પણ આપતો કે જેથી લોકો જિનભક્તિના વખાણ કરતા, બીજા જિનમંદિરોમાં પણ પૂજા રચાવતો પોતાના સમક્તિને શોભાવવામાં માંડ્યો. જૈનધર્મને જગતમાં પ્રસિદ્ધ કરી લોકોને પણ ધર્મના અપૂર્વ રાગી બનાવ્યા. રાજાના જૈનશાસના પ્રભાવથી પ્રજા પણ જૈનધર્માનુરાગી થઈ. જિનેશ્વરની પૂજામાં પ્રીતિ ધારણ કરી, સાધુઓને દાન આપી પ્રજા પણ પોતાનો માનવભવ સફળ કરવા માંડી. આ પ્રમાણે દ્રવ્યસ્તવપૂર્વક ભાવથી જૈન ધર્મની આરાધના કરતા રાજા દેવસિંહ વૃદ્ધ થયા.

શ્રમણધર્મને અંગીકાર કરવાની ઈચ્છાવાળા ભાવસંયમી રાજા વિચારવા માંડ્યા, "ગૃહસ્થ ધર્મરૂપી વૃક્ષનું ફળ શ્રવણધર્મ હવે મારા માટે યોગ્ય છે પણ શું કરું ? મારો પુત્ર હજી બાળક છે. જેથી તેનો ત્યાગ કરવા હું શક્તિમાન

નથી પરંતુ હાલમાં એ બાળકને રાજ્ય સ્થાપન કરી હું નિવૃત્ત થાઉ અને જ્યારે તે મોટો થશે ત્યારે દીક્ષા અંગીકાર કરીશ." રાજાએ સર્વજનની સંમતિથી કુમારનો રાજ્યાભિષેક કર્યો અને રાજાએ શ્રાવકના પાંચ અણુવ્રત ધારણ કર્યા. રાજ્યની ઉપાધિથી મુક્ત થઈને ધર્મના અનુષ્ઠાનની ક્રિયામાં પ્રવૃત્ત થયો. વિવિધ પ્રકારના તપ કરી પોતાની કાયા શોષવી નાખી. ચારિત્ર ના હોવા છતાં ભાવચરિત્રના પરિણામને ધારણ કરતા રાજાએ દોષ રહિત અનશન આદરી સાતમા મહાશુક દેવલોકમાં દેવ થયો. કનકસુંદરીનો જીવ પણ રાજાની સાથે વિશુદ્ધ શ્રાવકધર્મનું આચરણ કરી તે જ વિમાનમાં દેવ થયો.

પરિચ્છેદ ૪

# દેવરથ અને રત્નાવલી

## :: સાતમા ભવમાં ::

જંબુદ્વીપ પૂર્વવિદેહમાં અયોધ્યા નામે નગર આવેલું છે. તેનો રાજા વિમલકીર્તિ રાજ કરે છે. અંતઃપુરમાં ઘણી રાણીઓમાં તેની પટ્ટરાણી પ્રિયમતી છે. તેની કુક્ષિમાં સાતમા સ્વર્ગથી રચવીને દેવસિંહનો જીવ પુત્રરૂપે ઉત્પન્ન થયો. પટ્ટરાણીએ સ્વપ્નમાં સુશોભિત અને શણગારેલો દિવ્યરથ જોયો. એ સ્વપ્નની વાત રાણીએ રાજાને કહી એટલે રાજા બોલ્યા ઉત્તમ, રાજભોગને યોગ્ય અને સુલક્ષણવંત પુત્ર થશે. પૂર્ણ દિવસે રાણીએ પુત્રને જન્મ આપ્યો. જન્મોત્સવ કરી રાજાએ પુત્રનું નામ રાખ્યુ દેવરથ. દેવરથ સુંદર દેખાવવાળો, સરળ, શાંત, સંતોષી, દયાળું, મધુરવાણી બોલનાર, શસ્ત્ર અને શાસ્ત્રોમાં નિપૂણ થઈ યૌવનાવસ્થામાં આવ્યો. યુવાન થવા છતાં વિષયથી વિરક્ત હતો. મિત્રો સાથે નિર્દોષ ગોષ્ટી કરતો. શાસ્ત્રોના અગાધ તત્ત્વોનું ચિંતવન કરતો એના આનંદમાં જ મસ્ત રહેતો હતો.

બીજી બાજુ સુપ્રતિષ્ઠ નામે નગરમાં રવિતેજ નામના રાજાને ત્યાં વસંતસેના નામે પટ્ટરાણીને એક પુત્રી થઈ. કનકસુંદરીનો જીવ દેવલોકના સુખ ભોગવી રવિતેજ રાજાને ત્યાં પુત્રીપણે ઉત્પન્ન થયો. સ્વપ્નમાં રત્નાવલી જોવાથી રાજાએ પુત્રીનું નામ રત્નાવલી રાખ્યું. રત્નાવલી ભણી ગણીને યૌવનવયમાં આવી. યૌવનવનમાં આવેલી રત્નાવલીના સૌંદર્યની અને એના ગુણોની સુવાસ દેશપરદેશ પ્રસરી ગઈ. અનેક રાજકુમારો તરફથી એની માગણી થઈ. છતાં રત્નાવલી વિષયોથી વિરક્ત હતી અને તત્ત્વ ચિંતનમાં જ મગ્ન રહેતી. વિવાહને યોગ્ય થયા છતાં રત્નાવલીની લગ્ન તરફની ઉપેક્ષા જોઈ રાજાએ સ્વયંવરની તૈયારી કરી. દેશપરદેશથી અનેક રાજકુમારોને બોલાવ્યા. એક ચતુર દૂતને અયોધ્યા વિમલકીર્તિ રાજા પાસે મોકલ્યો. દૂતે

રાજાને રવિતેજ વિનંતી કહી સંભળાવી. "હે રાજન ! આપ દેવરથકુમારને રાજકન્યાની સંમતિથી રચાયેલ સ્વયંવરમાં મોકલશો." દૂતની વાણી સાંભળી રાજાએ દેવરથને બોલાવ્યા અને કહ્યું કે રવિતેજ રાજાએ સ્વયંવર મંડપમાં પધારવા નિમંત્રણ મોકલ્યું છે. પિતાના વચનને માન આપી પોતાની ના મરજી હોવા છતાં દેવરથ કુમારે સ્વયંવરમાં જવાની તૈયારી કરી.

ચતુરંગી સેના અને સુભટોના સમુદાય સાથે રાજકુમારે શુભમુહૂર્તે પ્રયાણ કર્યું અનેક ગામ, નગર પસાર કરી રાજકુમાર એક અટવીમાં આવ્યો. એ ભયંકર અરણ્યમાં છેદાયેલી પાંખવાળા પક્ષીની માફક એક સુંદર નવજવાન પુરુષને ભૂમિ પર પડેલો જોયો. રાજકુમાર વિચારમાં પડ્યો કે ભાગ્યવાન દેખાતો હોવા છતાં અત્યારે દીન- રંકની જેમ ભૂમિ પર કેમ પડ્યો હશે ? નજીક આવીને તે પુરુષને એ આવા ભયંકર એકાકી જંગલમાં ક્યાંથી આવી પડ્યો છે ?" તે પુરુષે કહ્યું, "આપને જવાની ઉતાવળ લાગે છે. છતાં મારી વાત સાંભળો વૈતાઢ્ય પર્વત પર આવેલા કુંડલ/પુરનગરમાં વિદ્યાધરોના રાજા શ્રીધ્વજનો હું પુત્ર ચંદ્રગતિ છું. અમારા વંશમાં ચાલી આવતી વિદ્યાથી હું મરજી મુજબ આકાશગમન કરી રહ્યો હતો તે સમયે વસ્ત્રોથી ઢંકાયેલી સુંદર બાળાને મૂર્છિત સ્થિતિમાં મેં જોઈ. તેની સખીઓ આક્રંદ કરી રહી હતી મને જોઈને બોલી, અહીં આવો. આ ગાંધર્વ રાજકન્યા આશીવિષ સર્પના વિષથી મૂર્છિત થઈ ગઈ છે. તેને જીવતદાન આપો. મેં દયાભાવથી જળ મંગાવી મારી રત્નમુદ્રિકા (વીંટી) પ્રક્ષાલિત કરીને તે જળનો અભિષેક તેના શરીર પર કર્યો. તે સમયે તેના ડાબા હાથમાં રહેલી મુદ્રિકા મેં ગ્રહણ કરી. તેના અચિંત્ય પ્રભાવથી તે બાળા બેઠી થઈ ગઈ અને પરપુરુષને જોઈને લજ્જા પામી ગઈ. અને સખીઓને પૂછ્યું. આ બધું શું છે ? આ સુંદર પુરુષ કોણ છે ?"

સખીઓએ કહ્યું, "આપણે અહીં ક્રીડા કરવા આવેલા તે દરમિયાન અચાનક કૃષ્ણસર્પના કરડવાથી તું બેભાન થઈ ગઈ હતી. આ ઉત્તમ પુરુષે તને બચાવી છે. (જાગૃત કરી છે.)" ગાંધર્વ કન્યા વળી વિસ્મય પામતી બોલી કે પોતાની મુદ્રિકા ક્યાં ગઈ ? સખીઓએ કહ્યું કે તેની મુદ્રિકા ઉત્તમ પુરુષના

હાથમાં છે અને તે પુરુષની મુદ્રિકા કન્યાના હાથમાં છે. તેટલામાં તેના પિતા ગંધર્વરાજ આવી પહોંચ્યા અને હકીકત જાણી તે બંનેને પરણાવી દીધા. બંને જણાએ સુખમાં ઘણો કાળ વ્યતીત કર્યો. એકવાર અમે દક્ષિણસમુદ્રના કિનારે ક્રીડા કરીને પાછા ફરતા હતા ત્યારે માર્ગમાં મારા ફોઈનો પુત્ર સુમેધ વિદ્યાધર મળ્યો. મને જોઈને ઈર્ષ્યાની આગમાં બળતો મારી સાથે લડવા આવ્યો. હું પણ તેની સાથે લડવા તૈયાર થયો. પરંતુ ચિત્તની વ્યગ્રતાથી વિદ્યાનું એક પદ ભૂલી ગયો, જેથી ભૂમિ પર પડી ગયો, તેનો લાભ લઈ તે મારી પ્રિયાને લઈને ચાલ્યો ગયો. હું એ ભૂલેલા પદને ઘણું યાદ કરું છું. પણ યાદ આવતું નથી એટલે ઊડી શકાતું નથી. ભૂમિ પર પડી જવાય છે." તે વિદ્યાધરે પોતાની કથા ટૂંકાણમાં કહી.

વિદ્યાધરની કથા સાંભળી દેવરથકુમાર દુઃખી થયો. અને નમ્રતાથી બોલ્યો, "ભાઈ ! તમારા જેવા સમર્થ પુરુષને હું શું મદદ કરું ? છતાં તમારી વિદ્યાનો કલ્પ જેટલો યાદ હોય તેટલો બોલી જાઓ."

રાજકુમારની મધુર વાણી સાંભળી વિદ્યાધરે આકાશગામી વિદ્યાનો કલ્પ પોતાને યાદ હતો તેટલો બોલી ગયો પણ છેલ્લો યાદ આવ્યો નહિ એટલે અટકી ગયો. પદાનુસારી લબ્ધિથી કુમાર આગળના પદ સંભળાવીને બોલ્યો કે બાકીનો પાઠ આ પ્રમાણે છે ? "એકદમ બરાબર છે." કહીને વિદ્યાધર પોતાની વિદ્યા સિદ્ધ કરીને બોલ્યો, "તમારા જેવા ગુણી પુરુષ ભાગ્યે જ હોય છે. પણ મારા સારા ભાગ્યને લીધે તમે મળ્યા અને મારું કાર્ય સિદ્ધ થયું. હવે મારે મારા શત્રુની ખબર લેવા જવું પડશે. વિલંબ કરવો પાલવે તેમ નથી. તમારા ઉપકારના બદલામાં મારી પાસેથી આ વૈક્રિય વિદ્યાને ગ્રહણ કરો જે પાઠ કરવાથી જ સિદ્ધ થશે."

રાજકુમાર બંને વિદ્યાઓથી શોભતો આગળ ચાલ્યો અને સુપ્રતિષ્ઠપુર નગરે આવી પહોંચ્યો. વિદ્યાધરને સહાય કરવાથી તેના મનમાં હર્ષ હતો. પરોપકારીઓનો સ્વભાવ જ એવો હોય છે કે જેઓ પારકા પર ઉપકાર કરીને રાજી થાય છે.

## :: સ્વયંવર ::

રવિતેજ રાજાએ સ્વયંવરને સુશોભિત બનાવવા અથાગ પરિશ્રમ લીધો હતો. એના બુદ્ધિશાળી મંત્રીઓએ એ વિશાળ મંડપમાં રાજકુમારોના આસન એવી ખૂબીથી ગોઠવેલા કે કોઈને એમાં પોતાનું અપમાન જણાય નહિ સ્વયંવરના દિવસે રાજકુમારો સજ્જ થઈને મંડપમાં આવવા માંડ્યા તેમને મંડપના પુરુષો યોગ્ય સ્થાને બેસાડવા માંડ્યા. મંડપમાં જવા તૈયારી કરતા દેવરથકુમારને એકાએક નવીન વિચાર સ્ફૂર્યો, "અરે આ સુંદર વસ્ત્રો અને આભૂષણોથી સાથે જશે ? અનેક રાજકુમારી પોતાના વૈભવનું પ્રદર્શન કરવામાં બાકી રાખશે નહિ છતાં પણ બાળા તો એક જ જણને પસંદ કરશે. આવા સ્વયંવરનો હર્ષ શોક શું ? ભવાંતરમાં કન્યા સાથે જેને ઋણાનુબંધ હશે તે જીતી જશે બાકી બધાનો પરાભવતો સમાન જ ગણાશે. તો મારા નિર્ણય માટે હું કંઈક કૌતુક કરું." દેવરથકુમારે પોતાના જેટલા કદવાળા મિત્રને પોતાનું પદ અર્પણ કરી સ્વયંવર મંડપમાં મોકલ્યો. વૈક્રિય લબ્ધિથી પોતે પોતાનું કુરૂપ બનાવી હાથમાં વીણા વગાડતો એક ગંધર્વ બની ગયો. હાથમાં વગાડતો કદરૂપ, ગાંધર્વ લોકોને ખુશ કરતો નગરમાંથી ચાલીને અનુક્રમે સ્વયંવર મંડપમાં પ્રવેશ્યો. અને બધાનું મનોરંજન કરવા માંડ્યો.

તેજ સમયે સખીઓ સાથે સુંદર તૈયાર થઈ રત્નાવલી સ્વયંવર મંડપમાં પોતાના નાજુક હાથ સુંદર વરમાળાને લઈને મંદ મંદ ડગલા ભરતી આવી પહોંચી. મંડપમાં શાંતિ છવાઈ ગઈ. રાજકુમારોની દૃષ્ટિ રાજબાળાના સૌંદર્યમાં સ્થિર થઈ ગઈ. બધા તેની સામે જોતા હોવા છતાં ગભરાયા વગર ધૈર્યથી ડગલા માંડતી મંડપમાં આવી. એક નિપુણ દાસી રાજકુમારોના રૂપ, ગુણ અને શક્તિનું વર્ણન કરતી ગઈ તેમ તેમ તે તે રાજકુમારને છોડીને બાળા મંડપમાં આગળ વધતી ગઈ. કોઈના તરફ તેનું મન આકર્ષાયું નહિ. વરમાળા એના હાથમાં જ રહી. છેક છેલ્લું આસન આવી ગયું. હીરા-માણેકથી ઝળહળી રહેલા બધાય રાજકુમારો એને મન કોડી સમાન હશે. કોઈના ય

પર મન ના ઠરવાથી એણે એક નિશ્વાસ મૂક્યો. એના પિતાને બહુ દુઃખ થયું. શું આજ સ્વયંવર સભા નિષ્ફળ જશે ? આ ઉદ્ધત રાજબાળા બધાય રાજકુમારોનું અપમાન કરશે ? પણ ત્યાં તો આશ્ચર્ય સર્જાયુ. જેના યશોગાન કોઈ એ ગાયા નથી, જે સામાન્ય વેશમાં હાથમાં વીણા લઈને બીજાને આનંદ આપી રહ્યો છે એવો પેલો ગાંધર્વ બાળાની નજરમાં પડ્યો. એ સામાન્ય યુવાનને જોઈને મનમાં કંઈક ભાવો ઉત્પન્ન થયા અને વરમાળા એના જ કંઠમાં જઈ પડી.

કોઈ ભયંકર ધડાકો થયો હોય તેમ બધા સ્તબ્ધ થઈ ગયા. બધાય રાજકુમારો ક્ષોભ પામી દિગ્મૂઢ થઈ ગયા. ધીમો કોલાહલ ચાલુ થયો અને ઘડીકમાં શાંત દેવાલય જેવા મંડપમાં રણસંગ્રામની જેમ ખળભળાટ મચી ગયો. કુમાર દેવરથના સુભટોને આ બનાવની જાણ થતાં વિજયના વાજિંત્રો વગાડવા લાગ્યા. પણ રાજા રવિતેજના મનમાં ધ્રાસકો પડ્યો. "અરે ! કન્યા એક સામાન્ય વીણાધારીને વરી તે સારૂ થયું નહિ.પછી રાજા વિચારે છે, "ભવિતવ્યતા બળવાન છે. રાજલક્ષ્મી ક્યારેય તુચ્છ પુણ્યવાળીની ઈચ્છા કરે શું ? એણે જે નરને પસંદ કર્યો. તેનું મારે ગૌરવ કરવું જોઈએ." પેલા વીણાધારીને હણી નાખવાને તૈયાર થયેલા રાજકુમારોને નિવારી કેટલાક ડાહ્યા રાજવંશીઓ રાજા પાસે આવ્યા અને કહેવા લાગ્યા, "રાજન ! તમારે આ વીણાધારીને જ કન્યા આપવાની હતી તો રાજકુમારોને બોલાવીને તેમના અપમાન કરવાની જરૂર ન હતી." રાજા રવિતેજ બોલ્યા, "અરે, સ્વયંવરમાં કન્યા પોતાની મરજીથી ગમે તેને વરે એમાં બીજાની માનહાનિ ક્યાં થઈ ? છતાંય તમારો ક્રોધ કાબુમાં ના રહેતો હોય તો હું લડવાને તૈયાર છું."

"અરે ભાઈઓ ખોટા અભિમાનથી ઉદ્ધત બની પોતાના કુળને કલંકિત કરો નહિ. એનું પુણ્ય જ્વલંત હોવાથી કન્યાનું ચિત્ત ત્યાં આકર્ષાયું છે તેટલું ય નથી સમજતા ? આ ગુણવાન, કલાવાન અને પ્રતાપી નરનો દ્વેષ કરો નહિ." દેવરથના મિત્ર નકલી દેવરથે ચોખવટ કરી. બધા રાજકુમારો એ વાતનો અનાદર કરી પોતપોતાના સૈન્ય સાથે લડવા તૈયાર થઈ ગયા.

તેમની સાથે રવિતેજ રાજા પણ પોતાના સૈન્ય સાથે ચડી આવ્યો. રવિતેજ રાજાને યુદ્ધે ચડતો જોઈ પેલો સામાન્ય વીણાધારી રાજા પાસે આવ્યો અને બોલ્યો, "મહારાજ ! તમે પ્રેક્ષક બનીને જુઓ હું તેમનું રણકૌતુક કેવી રીતે પૂરું કરું છું ?" રાજાને અટકાવીને તે રથ પર બેસીને રાજકુમારો સામે આવી યુદ્ધ કરવા માંડ્યો. ધનુષ પર બાણ ચડાવી એક પછી એક બાણ છોડવા માંડ્યો. પરંતુ દયાભાવથી તે કોઈના રથની ધ્વજા છેદી નાખતો, કોઈના સારથીનું ધનુષ તોડી નાખતો, કોઈના અશ્વ, હાથી કે રથને નુકસાન કરતો. બધા મુંઝાઈ ગયા. શત્રુસેના કુમારના મારાથી નાસભાગ કરવા માંડી. શત્રુઓ શરમના માર્યા બમણા જોરથી યુદ્ધ કરવા માંડ્યા. એ બળવાન પુરૂષે દયાથી કોઈને માર્યા નહિ. પણ વિદ્યા વડે નાગપાશથી બધાને મૂર્છિત કરી દીધા. યુદ્ધની પૂર્ણાહુતિ પછી બધા એના પરાક્રમથી આશ્ચર્ય પામ્યા. રાજા રવિતેજ તો તાજુબ થઈ ગયો, કે આ પરાક્રમી નર કોણ હશે ? તેને વિચાર કરતો જોઈ કુમારના મિત્રએ કહ્યું, "રાજન ! શત્રુઓનો ગર્વ ઉતારનાર આ બળવાન પુરુષ અમારો નેતા તેમજ વિમલકીર્તિ રાજાનો પુત્ર દેવરથ કુમાર છે." મિત્રનો ખુલાસો સાંભળી રાજા ખુશ થયો. કુમારના અપૂર્વ પરાક્રમને વધાવતા કહ્યુ કે તેના જેવા નરવીરોથી આ પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે. રાજકુમારે પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી નાગપાશથી બંધાયેલ સર્વ રાજકુમારોને મુક્ત કર્યા. રાજકુમારો પણ દેવરથનું સ્વરૂપ જાણીને ખુશ થયા અને પોતાના નગરમાં ગયા. રાજાએ ધામધૂમપૂર્વક રત્નાવલીના લગ્ન કુમાર દેવરથ સાથે કરી દીધા. સામાન્ય વીણાધારીને વરેલી રાજબાળા પણ ભેદ ખુલી જતા ખુશ થઈ ગઈ. કેટલાક દિવસ સુધી શ્વસુરના આગ્રહથી દેવરથકુમાર ત્યાં રહ્યો. પછી શ્વસુરની રજા લઈ પ્રિયા સાથે પોતાના નગરે જવા તૈયાર થયો. પિતાએ આપેલો અપૂર્વ દાયજો ગ્રહણ કરી પિતાનું ઘર છોડવાથી અશ્રુ વહાવતી બાળાને કુમાર મધુર વાણીથી રીઝવવાનો પ્રયત્ન કરતો હતો.

## :: પંચપરમેષ્ટિ સ્મરણફળ ::

દેવરથકુમાર પરિવાર સહિત પોતાને નગર આવી પહોંચ્યો. પિતાએ પ્રવેશ મહોત્સવ કર્યો હતો. આવીને પિતાને નમ્યો. તેના મિત્રોએ કુમારની પરાક્રમ ગાથા પિતાને કહી. અત્યંત હર્ષ પામેલા રાજાએ (પિતા) સુખની સર્વે સામગ્રી ભરી આકાશ સાથો વાતો કરતો પ્રાસાદ કુમારને આપી દીધો. કુમાર અને રત્નાવલી અનેક સુખો ભોગવતા સમય પસાર કરવા માંડ્યા એકવાર ધર્મવસુ આચાર્ય અયોધ્યાના ઉદ્યાનમાં પધાર્યા રાજા પરિવાર સહિત ગુરુને વાંદવા આવ્યા. વિધિપૂર્વક ગુરુને વંદન કરી ધર્મોપદેશ સાંભળવા બેઠા રાજાના મનોભાવ વૈરાગ્યવાળા જાણી ગુરુએ દેશના આપવી શરૂ કરી. "સંસારી જીવોને પાખંડીરૂપ કેટલાય પલિતો વળગેલા છે. અપરાધી જીવો, વિષયસુખમાં રક્ત જીવો, મોહમાં મૂંઝાતા હોવા છતાં આત્મહિતનો નાશ કરે છે. જીવોને રાજકથા, ભક્તકથા, સ્રીકથા જ ગમે છે. ધર્મકથા માટે સમય જ નથી. સંસારના બધાય દુઃખોથી નહિં મૂંઝાયેલો પ્રાણી જ સિદ્ધિના કારણરૂપ એવા ચારિત્રરૂપી મહા વિદ્યાને સાધે છે. સમ્યગ્ જ્ઞાનવંત પુરુષ જ જ્ઞાની થઈ શકે છે. આપ્ત પુરુષોના વચન સાંભળવાથી જ્ઞાન થાય છે. રાગદ્વેષ રહિત, અજ્ઞાન, મોહ અને મિથ્યાત્વ રહિત પ્રાણીઓના હિતકારક શ્રીતીર્થંકર દેવ જ આપ્તપુરુષ કહેવાય છે. કારણકે પરમાર્થથી તેમના રાગદ્વેષ, અજ્ઞાન વગેરે દોષો ક્ષય થયેલા છે. માટે પંચપરમેષ્ટિનું સ્મરણ કરવામાં તેમ જ એમની સ્તુતિ કરવાનો અવશ્ય પ્રયત્ન કરો. જિનેશ્વરના દર્શનથી કેવું કલ્યાણ થાય છે તે વિશે એક દૃષ્ટાંત સાંભળો.

જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં સદગ્રામ નામના ગામમાં સંગત નામે એક પામર રહેતો હતો. એક દિવસ ગામમાં આવેલા સાધુઓને રાત્રી પસાર કરવા ઉપાશ્રય આપ્યો. અને ઉપરાંત તેમની ભક્તિ અને વૈયાવચ્ચ પણ કરી. મુનિએ એ પામરને યોગ્ય જાણી પાપનો નાશ કરનારી ધર્મદેશના આપી. "આ જગતમાં પ્રાણીઓને ધર્મ થકી શું નથી મળતું ? પર્વત સમાનઉન્નત

ગજરાજો, વાયુવેગવાળા અશ્વો, મુગટધારી સામંતો રાજાઓ, મંત્રીઓ, રૂપવતી લલનાઓ, સુવર્ણ અને રત્નોથી ભરેલા ભરપુર ભંડારો, ગગનચુંબી પ્રાસાદો તેમજ દેવને દુર્લભ એવા ભોગો એ બધુંય ધર્મથી મળી શકે છે માટે તું ધર્મની આરાધના કર જેથી આ ભવમાં તેમજ ભવાંતરમાં તારું સારું થાય."

મુનિરાજનો એ પ્રમાણે સુધારસ સમાન ઉપદેશ સાંભળીને શ્રદ્ધા ધારણ કરી એ બોલ્યો, "હે ભગવન ! આપ મારા પ્રત્યે વાત્સલ્યમય છો પરંતુ અનાર્ય અને પામર - મૂર્ખ એવા મને એ ધર્મ કરવાનું સૌભાગ્ય શી રીતે પ્રાપ્ત થાય ? માટે ગૃહસ્થને ઉચિત એવો મારે યોગ્ય ધર્મ આપો." પામરની વાણી સાંભળી ગુરુમહારાજે કહ્યું કે પંચપરમેષ્ટિ મંત્રનું ત્રણે સમય દરરોજ સ્મરણ કરવું. ભોજન સમયે અને શયન સમયે પવિત્ર થઈને ત્રણ, પાંચ કે આઠ વાર સ્મરણ કરવું. એમ કહીને મુનિરાજ પંચપરમેષ્ટિ નમસ્કારમંત્ર આપીને મુનિરાજ ચાલ્યા ગયા. પામર પણ તે દિવસથી પંચપરમેષ્ટિનું સ્મરણ કરવા માંડ્યો. પ્રતિદિવસ સ્મરણ કરતો, નિષ્પાપ જીવન વ્યતિત કરતા ઘણો સમય વીતી ગયો. અંતે વિરુદ્ધ ભાવથી મરણ પામી પરમેષ્ટિ મંત્રના પ્રભાવથી નંદીપુર નગરના પદ્માનન રાજાની કુમુદિની રાણી થકી પુત્ર પણે ઉત્પન્ન થયો. સ્વપ્નમાં રત્નનો સમુહ જોવાથી માતાપિતા એ નામ પાડ્યુ રત્નશિખ. કુંવર કલાથી શોભતો અનુક્રમે યૌવનાવસ્થામાં આવ્યો. કોશલાધિપતિની કૌશલ્યા નામે કન્યાને કુમાર પરણ્યો અને રાજબાળા સાથે અનુપમ ભોગો ભોગવવા માંડ્યો.

એક દિવસ કુમુદિની દેવીએ રાજાના માથામાં સફેદ વાળ રાજાને બતાવ્યો. તેનાથી રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. રત્નશિખ કુમારને પોતાની પાટે બેસાડી રાજા પત્ની સહિત વનવાસી તાપસ થયો. રત્નશિખ અનેક સામંત અને મંત્રીથી શોભતો મોટો પૃથ્વી મંડલનો શાસક થયો. સંતોષથી રાજ કરતો હતો અને સારી સારી કથા કહેનાર પંડિતોને દાન આપતો હતો. એક દિવસ એક કથાકાર રાજસભામાં આવ્યો અને રાજા આગળ વિરાંગદ અને સુમિત્રનું કથાનક શરૂ કર્યું.

વિજયપુર નગરના રાજા .સુરાંગદને ગુણવાન અને ભાગ્યશાળી વીરાંગદ નામે પુત્ર હતો. પ્રધાનપુત્ર સુમિત્ર સાથે અને ગાઢ મિત્રતા થઈ. એક વાર રાજકુમારે સુમિત્રને કહ્યું, "મિત્ર ! પુણ્યની પરીક્ષા કરવા માટે આપણે દેશાંતર જઈએ. અનેક કૌતુકથી ભરેલી પૃથ્વીને જોઈએ. સજ્જન અને દુર્જનની પરીક્ષા પણ કરીએ. કારણકે ધન, કીર્તિ, યશ, વિદ્યા, પુરુષાર્થ બધુ પ્રાયઃ કરીને પરદેશમાં જ પુરુષને પ્રાપ્ત થાય છે." રાજકુમારની વાત સાંભળી સુમિત્રે કહ્યું, "આપણે પરદેશ જઈએ અને એક શહેર કે એક રાજાની મુલાકાત લઈને પાછા આવીએ એમાં ચતુરાઈ શી ? અનેક નગરો, શહેરો જોઈએ, પુષ્કળ વિજ્ઞાનવિદ્યાનો અભ્યાસ કરીએ, ઘણા રાજાઓની સેવા કરીએ, અનેક જગ્યાએ ફરીને અનુભવ મેળવીએ." રાજકુમાર વીરાંગદ બોલ્યો કે વાત તો સાચી છે પરંતુ માતાપિતાનો ત્યાગ કેવી રીતે થાય ? છાનામાના જતા રહેવાથી દુઃખ થાય અને રજા માગવાથી મળે નહિ.

સુમિત્ર કહેવા લાગ્યો કે કંઈક ઉપાય મળશે. કેટલાક દિવસ પસાર થયા પછી એક દિવસ બે મિત્રો ઉદ્યાનમાં ગોષ્ટિ કરતા હતા ત્યારે કોઈક પુરુષ શરણ શરણ પોકારતો રાજકુમારના પગને વળગી પડ્યો. તેની પાછળ પકડવા આવેલા રાજપુરુષો કુમાર પાસે આવીને બોલ્યા, "રાજકુમાર ! આ દુષ્ટ ચોરે સુદત્ત શ્રેષ્ઠીના મકાનમાંથી ઘણું ધન ચોર્યું છે. રાજાએ એને શૂળી પર ચડાવવાનો હુમક કર્યો છે. અમારી પાસેથી છટકીને આપના શરણમાં આવ્યો છે. માટે અમને સોંપી દો." વીરાંગદે કહ્યું, "જો તે ચોર છે તો આશરો આપીને રાજાજ્ઞાનો ભંગ કરવો વ્યાજબી નથી. પણ મારા શરણે આવેલો હોવાથી તમારાથી હણી શકાશે નહિ. પિતાને કહો કે છોડી મૂકે."

રાજપુરુષો રાજા આગળ જઈને બધી વાત કરી. આજ્ઞા ભંગ થવાથી રાજાએ ગુસ્સે થઈ રાજકુમારને દેશનિકાલ કર્યો. કુમાર મિત્ર સાથે ખુશ થઈ ને પરદેશ ચાલ્યો ગયો.

# :: બે મિત્રો ::

કન્યા, ગામ, શંખ, ભેરી, દહી, ફળ, ફૂલ, અગ્નિ, અશ્વ, રાજા, હાથી જળ ભરેલો ઘડો, ધ્વજા વગેરે જો સામા મળે તો પરદેશગમન કરતા વ્યક્તિનું મંગલ થાય છે.

વીરાંગદ અને સુમિત્રને પણ સારા શુકન થયા. શુભ શુકને નીકળેલા બંને મિત્રો પરદેશ ગમન કરતાં અનુક્રમે ઘણા આગળ નીકળી ગયા. તેમના મનમાં ઉત્સાહ હતો છતાં થાકી ગયા હોવાથી ભયંકર અટવીમાં એક મોટા ઘટાદાર વૃક્ષની છાયામાં આરામ લેવા બંને જણ બેઠા. રાત ત્યાં જ પસાર કરવાનો વિચાર કર્યો. રાતના સમયે રાજકુમાર વીરાંગદ થાક્યો હોવાથી ઊંઘી ગયો અને પ્રધાનપુત્ર સુમિત્ર તેની રક્ષા કરતો જાગૃત રહ્યો. એ ઘટાદાર વડના વૃક્ષમા ભાસુરપ્રભવ નામનો યક્ષ(દેવ) રહેતો હતો. આ બંને મુસાફરના રૂપ અને સૌભાગ્યથી આકર્ષાયો. અવધિજ્ઞાનથી તેમનું વૃત્તાંત જાણીને સુમિત્ર આગળ આવ્યો અને બોલ્યો, "તમે બંને મારા અતિથિ છો, તો મને કહો કે તમારા બંનેનું હું શું આતિથ્ય કરું ?"

પ્રસન્ન થયેલા દેવતાને પોતાની સમક્ષ પ્રગટ થયેલા જોઈને સુમિત્ર ખુશ થયો. "દેવ, તમારું દર્શન થયું તેથી જ મારા મનોરથ સફળ થયા માનુ છું કારણકે દેવના દર્શન મોટા ભાગ્યાવાળા કોઈક વીરલાને જ થાય છે." દેવે પ્રસન્ન થઈને બે મણિરત્ન સુમિત્રને આવ્યા અને કહ્યું, "એક નીલમણિ છે તે ત્રણ ઉપવાસના અંતે રાજ્ય આપે છે અને બીજું રક્તમણિ 'ૐ' મંત્રના જાપથી મનોવાંચ્છિત પૂરે છે. પહેલો રાજકુમાર માટે યોગ્ય છે. બીજો તારા માટે યોગ્ય છે." દેવે આપેલા બે મણિ, ગ્રહણ કરીને સુમિત્રે ખુશ થઈને દેવતાની સ્તુતિ કરી, "પૂર્વોપાર્જીત પુણ્ય મનુષ્યને ગમે ત્યાં સહાય કરે છે. કુમારને પણ ધન્ય છે કે જેની સહાય માટે દેવતાઓ પ્રગટ થાય છે." બે રત્નો આપી યક્ષ અદશ્ય થઈ ગયો. રાજકુમાર પણ પ્રાતઃકાળે યથા સમયે જાગ્યો. બંને ત્યાંથી આગળ ચાલ્યા. ત્રણ દિવસ સુધી સુમિત્રે રાજકુમારને

અપવાસ કરાવ્યા અને કંઈ ખાવા દીધું નહિ. ત્રણ ઉપવાસ પછી સુમિત્ર અને રાજકુમાર મહાસાલપુર નગરના ઉદ્યાનમાં આવ્યા. ત્યારે પેલું નીલરત્ન બતાવીને રાજકુમારને કહ્યું, "હે મિત્ર હવે આ રત્નની તમે પૂજા કરો, જેના પ્રભાવથી તમે મહારાજા થશો." રત્ન જોઈને વિસ્મય પામેલા રાજકુમારે પૂછ્યું, 'હે મિત્ર ! આ તને ક્યાંથી પ્રાપ્ત થયું ?' સુમિત્ર બોલ્યો, "તારા ભાગ્યથી મને પ્રાપ્ત થયું છે એનો ઇતિહાસ તમને રાજ્ય મળશે પછી કહીશ." રાજકુમારે નીલરત્નની પૂજા કરી.

પોતાના મિત્રને ત્યાં રાખી સુમિત્ર લતાકુંજમાં ગયો. પોતાના રક્તરત્નની પૂજા કરી. અને સ્નાન માટેની સાગગ્રીની યાચના કરી. તરત જ મણિના પ્રભાવથી દિવ્ય અંગમર્દન કરનારાઓએ બંનેને સ્નાન કરાવ્યું, દિવ્ય સ્રીઓએ બંને ને મનગમતા ભોજન કરાવ્યા અને તાંબુલ (પાન) આપ્યા. પછી મણિના પ્રભાવથી દિવ્ય શ્રૃંગાર ધારણ કરી તેઓ સ્વસ્થ થયા અને બધું અદશ્ય થઈ ગયું. હવે મહાશાલ નગરનો રાજા અપુત્ર મરણ પામેલો હોવાથી મંત્રીઓ રાજવ્યવસ્થા માટે વિચારમાં પડ્યા. છેવટે પંચદિવ્યના નિર્ણય પર આવી તેમણે પંચ દિવ્ય કર્યા અને અનુક્રમે ઉદ્યાનમાં આવ્યા. કુમારને જોઈ ગજરાજે પોતાની સૂંઢમાં રહેલા કલશ વડે કુમારનો અભિષેક કરી પોતાના સ્કંધ પર બેસાડ્યો. મંત્રી અને રાજપુરુષોએ જય જય શબ્દ પોકાર્યા. એ પ્રસંગનો લાભ લઈ મંત્રીપુત્ર સુમિત્ર પોતાના મિત્રને રાજ્ય પ્રાપ્ત થયેલું જાણી ત્યાંથી ખસી ગયાં અને ગુપ્તપણે નગરમાં રહીને સ્વતંત્રપણે મોજ કરવાનો વિચાર કર્યો. સુમિત્રને નહિ જોવાથી વીરાંગદ રાજાએ મંત્રીઓને કહ્યું, "મારો મિત્ર મારી પાસે હતો તે અત્યારે ક્યાં છટકી ગયો ? તેની શોધ કરો."

મંત્રીએ મોકલેલા તમામ સુભટોએ નગરમાં અને બહાર તપાસ કરી પણ ક્યાંય મિત્ર મળ્યો નહિ. મંત્રીઓના આગ્રહથી રાજાએ મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો. રાજ્યાભિષેક થયો ઉપરાંત આઠ કન્યાઓ સાથે વિવાહ (લગ્ન) થયો. દેવાંગના સમાન પ્રિયાઓ સાથે સુખમાં સમય પસાર કરતો હતો. ઉત્તમ રાજાની માફક રાજ્યનું પાલન કરતો હતો. છતાં પણ મિત્રનો

વિયોગ અહર્નિશ હૃદયમાં ખટક્યા કરતો. મહાશાલમાં મોજ કરતા સુમિત્રને એક નરવૈરિણી રતિસેના નામની વેશ્યાએ જોયો. પુત્રીની તેના પરની મમતા જાણી વૃદ્ધ માતાએ સુમિત્રને પોતાની પાસે બોલાવ્યો. રતિસેનાના સ્નેહપાશમાં બંધાયેલો સુમિત્ર પણ પોતાનો સમય સુખમાં ત્યાં જ પસાર કરવા માંડ્યો. એની દ્રવ્ય ઇચ્છાને પેલા મણિના પ્રભાવથી પુરવા માંડ્યો. કોઈક વાર ગુણવાન પુરુષો પણ પાપ માર્ગે ચાલ્યા જાય છે. ગણિકામાં સાચો પ્રેમ હોતો નથી. જ્યાં સુધી પૈસો હોય ત્યાં સુધી જ એ સંબંધ રાખે છે. ગુણવાનના ગુણોની એને કદર હોતી નથી. ધનની લાલચી એવી વેશ્યા ચંડાલને પણ ઈચ્છે છે, અરે, કોઢિયા સાથે પણ જો ધનનો લાભ થતો હોય તો રાખે.

વેશ્યાની નીતિને જાણવા છતાં પણ સુમિત્રએ કેટલોક સમય રતિસેનાના સહવાસમાં પસાર કર્યો. મણિના પ્રભાવથી વસ્ત્ર, અલંકાર વગેરેથી વેશ્યાની મહાઈચ્છાને પણ પૂર્ણ કરી. વારંવાર ઈચ્છે તે મળવાથી દુષ્ટ વેશ્યા વિચારમાં પડી ચિંતામણી રત્ન વગર આટલું બધું ધન કોઈ કેવી રીતે આપી શકે ? કોઈપણ ઉપાયે તેનો મણિ પડાવી લેવો જોઈએ. અને તે માટે દુષ્ટ વૈશ્યા યોગ્ય સમયની રાહ જોવા માંડી. એકવાર પોતાના વસ્ત્રો દૂર મૂકીને સુમિત્ર સ્નાન કરવા બેઠો. તે સમયનો લાભ લઈ દુષ્ટ વેશ્યાએ વસ્ત્રો તપાસીને એક છેડે વસ્ત્રમાં બાંધેલા મણિને કાઢી લીધો. તેને સંતાડીને સુમિત્ર પાસે ધનની માંગણી કરી. સુમિત્ર પેલા મણિની પૂજા કરવા એકાંતમાં ગયો. પણ મણિ મળ્યો નહિ. તેનાથી ગુસ્સે થઈને ઘરના માણસોની જડતી લેવા માંડી. તેની આ ચેષ્ટાથી ગુસ્સે થયેલી દુષ્ટ વેશ્યા સુમિત્ર પર ગુસ્સે થઈ અને બોલી, "અરે, તારી પાસે હવે ધનના હોય તો હવે સર્યું. અમારા પર ખોટા આળ ના મુક." સુમિત્રને ખ્યાલ આવી ગયો કે આ દુષ્ટાએ જ મારો મણિ લઈ લીધો છે. હવે શું થાય ? રાજાને ફરિયાદ કરવી ? હવે આ દુષ્ટા તો અહિં રહેવા દેશે નહિ. એમ વિચારીને સુમિત્ર મકાનમાંથી નીકળી ગયો. એને થયું આવી નમાલી વાતમાં રાજાને શું કહેવું ? હાલમાં તો પરદેશ જવું જ ઠીક રહેશે એમ વિચારી દેશાવર ચાલ્યો ગયો.

જતા જતા વિચાર કરતો રહ્યો કે ઈચ્છા મુજબ ધન આપવા છતાં એ લોભી સ્ત્રીએ છેતરીને મણિ લઈ લીધો. પૂજાવિધિની તો એને ખબર નથી. એટલે એને કોઈ લાભ થશે નહિ. પરંતુ કંઈક ચમત્કાર કરીને એ દુષ્ટા પાસેથી મણિ પાછો મેળવવાનો વિચાર કરતો કરતો એક નગરમાં આવી પહોચ્યોં. ઘણા ઉદ્યાનોવાળા નગરને જોઈને આશ્ચર્ય પામતો સુમિત્ર નગરમાં પ્રવેશ કરી રાજમંદિર તરફ ચાલ્યો. મનુષ્ય રહિત એવા રાજમંદિર જોઈને આશ્ચર્ય પામતો સાતમે માળ પહોંચી ગયો. ત્યાં તેણે સાંકળથી બંધાયેલ બે હસ્તિની જોઈ. એમના અંગ કંકુથી વિલેપન કરેલા હતા. કપુરની સુગંધથી એમના મસ્તક સુવાસિત હતા. એમના ગળામાં પુષ્પમાળા હતી. આ શું હશે ? એમ વિચારતો ચારે બાજુ જોવા માંડ્યો. સામે ગોખમાં શ્વેત અને કૃષ્ણ અંજનયુક્ત બે ડબીઓ હતી. અંજન માટે સળી પણ ત્યાં પડેલી હોવાથી તેને કંઈક ભેદ જણાયો. પછી પેલા યુગલ સામે જોયું. એ કરભી યુગલની આંખ જોતા શુભ્ર અંજનયુક્ત જણાઈ એટલે એણે ધાર્યું કે નક્કી સફેદ અંજનના પ્રયોગથી બે સ્ત્રીઓને કરભી કરેલી છે, તો કૃષ્ણ અંજનથી એમનું મૂળ સ્વરૂપ પ્રગટ થતું હશે. એટલે એણે પેલી સળી વડે કૃષ્ણ અંજન એમની આંખોમાં આંજ્યું. તરત જ બંને સુંદર મનુષ્ય સ્ત્રીઓ બની ગઈ. સુમિત્રને નવાઈ લાગી અને હકીકત શું છે એ વિશે પૂછ્યું.

સુમિત્રના જવાબમાં એક સ્ત્રીએ કહ્યું, “ગંગાનદીની ઉત્તર દિશાએ ભદ્રક નામે શહેર આવેલું છે. ત્યાં ગંગાદિત્ય નામે શ્રેષ્ઠિ રહેતો હતો. તેને વસુધારા નામની પત્ની થકી આઠ પુત્રો પર બે પુત્રીઓ અવતરી. એકનું નામ જયા અને બીજીનું નામ વિજયા. એ બંને બહેનો જ્યારે યૌવાનવયમાં આવી ત્યારે ગંગા તટ ઉપર એક શર્મક નામે પરિવ્રાજક રહેતો હતો. ક્રિયાવાન, શૌચ ધર્મમાં તત્પર, બોલવામાં હાજર જવાબી, વૈદ્યક અને નિમિત્તનો જાણકાર સુંદર આચારવાળો હતો. પણ અંતરથી ક્રૂર પરિણામી હતો. તેને પારણા માટે એક દિવસ તેમના પિતાએ આમંત્રણ આપ્યું. પિતાએ

તેનું સન્માન કરી આદરથી તેને જમવા બેસાડ્યો. તેમની આજ્ઞાથી તે બંને બહેનો બે બાજુ બેસી પવન નાખવા માંડી. ઉત્તમ ભોજન છતાં તેમના રૂપમાં આશક બનેલો તેમને જોઈને નિઃશ્વાસ મૂકતો કંઈ વિચારવા માંડ્યો. તેને થયું ગમે તેટલા જપ અને તપ કરશે. પણ જો આ મનોહરબાળાઓ સાથે ભોગ ના ભોગવ્યા તો બધું જ વ્યર્થ છે. સુંદર ભોજનનો ત્યાગ કરીને વ્યગ્ર ચિત્તવાળા પરિવ્રાજક ને બાળાઓના પિતાએ પૂછ્યું કે તે શેનો વિચાર કરે છે ? ભોજન ઠંડુ પડી રહ્યું છે. વારંવાર આગ્રહ છતાં ભોજન કરવામાં એ પરિવ્રાજક મંદ પડી ગયો. "દુઃખથી દગ્ધ થયેલાને સુંદર ભોજનથી પણ શું ?" એમ કહી હાથ ધોઈને ઊઠી ગયો એકાંતમાં શ્રેષ્ઠી એ તેના દુઃખ વિશે પૂછ્યું. શ્રેષ્ઠીની વાણી સાંભળી તાપસ બોલ્યો, "સંસારની મોહમાયાનો ત્યાગ કર્યા છે. એવા અમારે તમારા જેવાનો સંગ દુઃખદાયી છે. તમારા જેવા સજ્જન જનનું દુઃખ જોવા હું શક્તિમાન નથી પણ એ વાત હાલમાં તમને કહીશ નહિ." એમ કહીને પરિવ્રાજક પોતાના મઠમાં ચાલ્યો ગયો."

## :: કરભી યુગલની કથા ::

પરિવ્રાજકના વચનથી શંકાશીલ થયેલો શ્રેષ્ઠી ધીરજ રાખી શક્યો નહિ. અને તેની પાછળ દોડ્યો. પરિવ્રાજકને હાથ જોડીને બોલ્યો, "કૃપા કરીને આપ કહો કે મારું શું અહિત છે ?" "કંઈ કહેવાય તેમ નથી. સંસારી બાબતોમાં મારા જેવા ઉત્તમ સાધુઓએ પડવું જોઈએ નહિ." તપસ્વીની વાણીથી વધારે શંકાશીલ થયેલા શ્રેષ્ઠીએ કહેવા માટે આગ્રહ કર્યો. એટલે તેણે કહ્યું, "તારી કુલક્ષણવાળી પુત્રી ઓ તારા કુળનો ક્ષય કરનારી છે. એ જાણીને અતિ ઉત્તમ ભોજનમાં પણ મારું મન લાગ્યું નહિ. તમારા આગ્રહ છતાં હું જમી શક્યો નહિ." શેઠે આતુરતાથી પૂછ્યું આનો કોઈ ઉપાય છે ? પરિવ્રાજકે કહ્યું કે એનો ઉપાય તો છે પણ શેઠથી થઈ શકે તેમ નથી. એટલે શેઠનું મન ડામાડોળ બની ગયું અને કહ્યું, "જે ઉપાય હોય તે મને

કહો. કઠીનમાં કઠીન કાર્ય પણ હું કરીશ." પરિવ્રાજકે કહ્યું, "પોતાનું કલ્યાણ ઈચ્છતા હોય તેમણે કુલક્ષણવંત વસ્તુઓ ગમે તેવી પ્રિય હોય તો પણ તેનો ત્યાગ કરવો જોઈએ. તારી પુત્રીઓને વસ્ત્રાભૂષણથી સજ્જ કરી પેટીમાં પૂરીને ગંગાના પ્રવાહમાં વહેતા મૂકી દે જેથી તારા કુળનું કુશળ થાય."

શ્રેષ્ઠી ઘેર આવ્યા અને બંને બહેનોને વસ્ત્રાભૂષણથી સજ્જ કરી પેટીમાં પૂરીને તાપસના કહેવા પ્રમાણે ગંગા-પ્રવાહમાં તરતી મૂકી દીધી અને ઘેર જઈ પુત્રીઓનું શોક કાર્ય કર્યું. આ વાત જાણી ખુશ થયેલો પરિવ્રાજક પોતાના મઠમાં આવી શિષ્યોને કહેવા લાગ્યો, "મારી ભક્તિથી પ્રસન્ન થઈને ગંગાદેવીએ હિમાલયથી મારા મંત્રની સિદ્ધિ માટે પૂજોપકરણથી ભરેલી એક પેટી ગંગાના પ્રવાહમાં તરતી મૂકી છે. તે આજે આવી પહોંચશે. તમે તરત જાઓ અને તેને ઉઘાડ્યા વગર મારી પાસે લાવો." પરિવ્રાજકની વાતથી વિસ્મય પામેલા શિષ્યો મઠથી દૂર બે ગાઉ, પ્રમાણભૂમિએ જઈને ગંગામાં પેટી શોધતા આમ તેમ ફરવા માંડ્યા. દરમિયાન વચમાં એક ઘટના બની ગઈ.

તે ભદ્રક શહેરનો સુભૂમ નામે રાજા નાવમાં બેસીને ગંગાનદીની સહેલ કરી રહ્યો હતો. તેણે આ પેટી જોવાથી પોતાના માણસો મારફત લેવડાવી અને નદી કાંઠે રહેલા પોતાના મહેલમાં મંગાવી. એને ઉઘડાવી તો અદ્ભૂત સ્વરૂપવાળી બહેનો જોઈ મોહ પામી ગયો અને મંત્રી આગળ રૂપની તારીફ કરવા માંડ્યો. રાજાની આવી વ્યાકુળતા છતાં દુ:ખના માર્યા બે માંથી એક પણ બોલી શકી નહિ. મંત્રીએ કહ્યું, "આવી શ્રૃંગારથી શણગારેલી કન્યાઓ કારણ વગર કોઈ ત્યાગ કરે નહિ. કોઈ એ પોતાની સ્વાર્થ સિદ્ધ માટે ગંગામાં આ બને બાળાઓને વહેતી મૂકી હશે. માટે આ કન્યાઓ લઈને બીજી બે સ્ત્રીઓને પેટીમાં મૂકીને વહેતી મૂકી દો. કોઈકે કહ્યું, "અરે ગંગાને વળી સ્ત્રીઓનું શું કામ ? બે વાનરીઓને મૂકી પેટી વહેતી મૂકી દો એટલે પત્યું." રાજાને આ વિચાર પસંદ પડી ગયો. જંગલમાંથી વાનરીઓ મંગાવી પેટીમાં પૂરી ગંગામાં પાછી તરતી મૂકી દીધી.

કેટલાક સમય પછી પેટી ગંગાના પ્રવાહમાં તણાતી આવતી જોઈ શિષ્યોએ ગુરુની વાણીની પ્રશંસા કરીને પેટી પાણીમાંથી કાઢી લીધી અને ગુરુ પાસે લાવીને મુકી દીધી. ગુરુએ ગુપ્તરૂમમાં એ પેટી મુકાવી. આજના દિવસને ધન્ય માનતો તે પરિવ્રાજકે સૂર્ય અસ્ત થતા પોતાના શિષ્યોને કહ્યું, "તમે બધા આજે મઠના દ્વારને તાળુ મારી દૂર જઈને રાત વીતાવજો. કોઈની બૂમ સાંભળો તો પણ તમે મઠ પાસે આવશો નહિ. મારો મંત્ર સિદ્ધ થયા પછી તમને બોલાવીશ." શિષ્યો મઠને તાળું મારી દૂર જતા રહ્યા પેલો પરિવ્રાજક મનમાં ખુશ થતો પેટી પાસે આવીને બોલ્યો, "હે ભદ્રે ! ગંગાદેવીએ પ્રસન્ન થઈને તમારો બંનેનો વર થવાનું મને વરદાન આપ્યું છે. માટે આજથી હું તમારો પતિ છું." એવા મંત્રને ભણતા પેટી ઉઘાડીને જેવો પેટીમાં પોતાનો હાથ નાખ્યો તેવી જ ચપળ સ્વભાવવાળી અને પેટીમાં પુરાઈ રહેવાથી ભૂખ અને તરસથી વ્યાકુળ થયેલી એ વાનરીઓએ એને વલુરી નાખ્યો. વાનરીઓના ત્રાસથી બૂમો પાડતો પરિવ્રાજક ધમપછાડા કરવા લાગ્યો. શિષ્યોને બૂમો પાડવા માંડ્યો. અને છેવટે વિલાપ કરતો ભૂમિ પર મૂર્છિત થઈને પડી ગયો. બૂમો સાંભળવા છતાં તેના શિષ્યોમાંથી કોઈ પાસે આવ્યું નહિ. ભૂમિ પર પડેલા પરિવ્રાજકના શરીરને ચૂંથતી હાડમાંસનું ભક્ષણ કરતી અને રક્તનું પાન કરતી વાનરીઓથી ચુંથાતો તે તાપસ મરણ પામીને અજ્ઞાન તપથી અજ્ઞાનથી ભરેલો રાક્ષસ થયો. વાનરીઓ લાગ મળતા નાસી ગઈ. પ્રાતઃ કાળે શિષ્યોએ ગુરુને મરણ પામેલા જાણી તેમની. ઉત્તરક્રિયા કરતા શોક કરવા માંડ્યા.

રાક્ષસ થયેલા પરિવ્રાજકે વિભંગજ્ઞાનથી સુભૂમ રાજાનું કરેલું જાણી તરત જ સુભૂમ રાજાને મારી નાખ્યો એના જુલમથી નગરના લોકો નાસી ગયા પણ પરભવના પ્રેમથી અમો બંનેને મીઠી નજરે જોતો. તે જ્યારે બહાર જાય છે ત્યારે શ્વેત અંજનથી કરભીરૂપે બનાવે છે અને આવે છે ત્યારે કૃષ્ણાંજનથી સ્ત્રીરૂપે પ્રગટ કરે છે. આ અમારી કથા છે. આ રાક્ષસના પંજામાં કેટલાય સમયથી અમે હેરાન થઈએ છીએ. માટે અમને આ પાપીના પંજામાંથી મુક્ત કરો."

તેમની વાત સાંભળી દયાવાન સુમિત્રએ રાક્ષસ ક્યાં જાય છે અને ક્યારે આવે છે તે વિશે પૂછપરછ (પૃછા) કરી. બાળાઓ એ કહ્યું કે તે રાક્ષસ રાક્ષસદ્વીપમાં જાય છે. અને બેત્રણ દિવસે આવે છે. અહીં અઠવાડિયું પંદર દિવસ રહે છે પછી પાછો જતો રહે છે. આજે આવવો જોઈએ. એટલે આજની રાત સુમિત્રએ ભોંયરામાં રહેવું. તેને વાત યોગ્ય લાગી. એટલે શ્વેતાંજનથી બંને બાળાઓને કરભીરૂપે બનાવી નીચે ઉતરી ભોંયરામાં છુપાઈ ગયો.

સંધ્યા સમયે રાક્ષસ આવી પહોંચ્યો. તે બંનેને મૂળ સ્વરૂપ ધારણ કરાવતો બોલ્યો, "માણસ ગંધાય છે." બંને બાળાઓએ પોતે જ મનુષ્ય અહીં છે તેવો વિશ્વાસ પમાડ્યો. તેમના વચનથી વિશ્વાસ પામેલ રાક્ષસ રાત્રી પસાર કરી પ્રાતઃકાળે જવા માંડ્યો પોતાને કરભી બનાવે તે પહેલા બાળાઓ એ કહ્યું, "અમને એકલા ભય લાગે છે એટલે તમારે જલદી થી આવવું." રાક્ષસ તેમનું વચન સ્વીકારી કરભી બનાવી ચાલ્યો ગયો તે ગયો એટલે સુમિત્ર ઝડપથી ઉપર આવ્યો અને બંને કરભીયુગલમાંથી કૃષ્ણાંજનથી મૂળ સ્વરૂપે પ્રગટ કરી.

આ બંને મહાન રૂપવાન કન્યાઓને ફરીથી કરભી બનાવી એક ઉપર રત્ન વગેરે ઝવેરાત લાદ્યું અને બીજી પર પોતે બેઠો. બંને અંજનની ડબીઓ અને સળીઓ લઈને ઝડપથી મહાશાલપુર નગર તરફ ચાલ્યો. મહાશાલપુર તરફ જતા એક સિદ્ધ પુરુષ મળ્યા. એ મંત્રસિદ્ધ પુરુષને પોતાની હકીકત કહી સંભળાવી. સિદ્ધ પુરુષે વાત સાંભળી સુમિત્રને આશ્વસાન આપ્યું. પાછળથી રાક્ષસ ક્રોધથી ધમધમતો આવી પહોંચ્યો. એ ભયંકર રાક્ષસને જોઈ સુમિત્ર તો નાસી ગયો, પણ પેલા સિદ્ધ પુરુષે મંત્રવિદ્યાથી એ બળવાન રાક્ષસને થંભાવી દીધો. મંત્રની અપૂર્વ શક્તિથી રાક્ષસનો મદ ગળી ગયો. મંત્રસિદ્ધ પુરુષને વંદન કરીને બોલ્યો, "હે મહાભાગ ! મને મુક્ત કર. અમારા જેવા બળવાનથી પણ મંત્રશક્તિ અધિક બળવાન છે તેની આજે જ ખબર પડી." સિદ્ધપુરુષે રાક્ષસને કહ્યું, "પહેલા સુમિત્ર સાથેના વેરનો ત્યાગ કર." રાક્ષસ બોલ્યો, "મારી આ બે પ્રિયાઓ મને પાછી અપાવો." સિદ્ધ પુરુષે

કહ્યું, "અરે અધમ, પરસ્ત્રી તારે શું કામની છે ? પહેલા પણ સ્ત્રીઓના લોભથી અકાળે મરણ પામી પલિત રાક્ષસ થયો છે. માટે હવે બોધ પામી તેમનો ત્યાગ કર." સિદ્ધ પુરુષના વચનથી બોધ પામેલા રાક્ષસે તેમનું વચન અંગીકાર કર્યું. સુમિત્રને માફ કરી બે સ્ત્રીઓ તથા દોલત તેને અર્પણ કરી પોતાના સ્થાનકે ચાલ્યો ગયો. સુમિત્ર સિદ્ધ પુરુષનો ઉપકાર માની મહાશાલપુર નગરમાં આવ્યો. ત્યાં મકાન રાખી બંને પ્રિયાઓ સાથે સુખ ભોગવતો સમય પસાર કરવા માંડ્યો.

## :: મેળાપ ::

મહાશાલપુરનગરમાં વૃદ્ધ અક્કાએ મણિની ચોરી કર્યા પછી સમય વર્તીને સુમિત્ર તો ગુપચુપ નીકળી ગયો. અક્કા તો રાજી થઈ ગઈ કે ટાઢા પાણીએ ખસ ગઈ. સુમિત્રના જવાથી રતિસેના દુઃખી દુઃખી થઈ ગઈ. તેણીએ ખાવાપીવાનું, ન્હાવાનું, શણગાર સજવાનું છોડી દીધું આમને આમ રતિસેનાને ત્રણ ઉપવાસ થયા. રતિસેનાની સ્થિતિ જોઈ એની માતા ગભરાઈ. પુત્રી મરી જશે તો શું થશે ? ચિંતામગ્ન તે રતિસેના પાસે આવીને બોલવા માંડી. "અરે, તને થયું છે શું ? આ નગરમાં એક એકથી ધનવાન અને રૂપવાન નવજવાનો છે. એમની સાથે ગમતા ભોજન કર. આપણે તો ધનને જ વરીએ મનુષ્યને નહિ." કુટ્ટિની ની વાણી સાંભળી સુમિત્રમાં નિષ્ઠાવાળી રતિસેના બોલી, "અનેક નદીઓના સંગમથી પણ સાગર તૃપ્તિ પામતો નથી. તેવી રીતે હે પાપીણી, મારા સ્વામીએ તને ધનથી માલામાલ કરી હોવા છતાં તારું પેટ ભરાયું નહી. પણ યાદ રાખજે સુમિત્રને છોડીને બીજો સુંદરમાં સુંદર ગણાતો નર પણ મારા શરીરને સ્પર્શી શકશે નહિ."

રતિસેનાનો અડગ નિશ્ચય જાણી કુટ્ટિનીએ આખરે નમતું મૂક્યું. સુમિત્રને શોધી નાખવાનું કબુલ કરી પારણું કરાવ્યું. ત્યારથી અક્કા નગરના ચારે ખુણે શોધ કરવા માંડી પણ શોધ કરી શકી નહિ. કેટલોક સમય પસાર થઈ ગયા પછી એક દિવસ કુટ્ટિની બજારમાંથી જતી હતી ત્યારે રથની અંદર

વસ્ત્રાલંકારથી સજ્જ બેઠેલો સુમિત્રને જોયો. તે દોડતી આવીને કહેવા લાગી, “તું અમને કહ્યા વગર જતો રહ્યો છું તે સારું કર્યું નથી. મારી નિર્દોષ પુત્રી તારા વિરહથી દુ:ખમાં મરવા પડી છે તો આવીને તેને જીવતદાન આપ. અમે તને ક્યાં નથી શોધ્યો ? તે અમને નિર્દોષને ત્યજી દીધા તે સારું કર્યું નથી.”

માયા કપટ ભરેલા કુટ્ટિનીનાં વચન સાંભળી સુમિત્ર વિચારમાં પડ્યો. તેને થયું આ હજી માયા કપટથી ભરેલી છે. પોતાના પાપને છુપાવીને ફરી ઠગવા આવી લાગે છે. પણ તેની પાસે રહેલું પોતાનું ચિંતામણી રત્ન પોતે પણ માયાએ પાછું મેળવી લેવું જોઈએ. મનમાં વિચાર કરી સુમિત્ર મીઠી ભાષામાં બોલ્યો, “તમે મળ્યા તો સારું થયું. હું તો હજી ગઈકાલે જ આ નગરમાં આવ્યો છું. પરંતુ વ્યસ્તતાને લીધે આપને મળવા આવી શક્યો નથી. હું પુષ્કળ ધન કમાઈને આવ્યો છું એટલે તેની વ્યવસ્થા કરીને સાંજે તમને મળવા આવીશ. દૂર હોવા છતાં સમ ખાઈને કહું છું કે તમને એક દિવસ પણ ભૂલ્યો નથી.”

સુમિત્રની મધુર વાણી સાંભળી અક્કાએ વિચાર્યું કે આ પોતાનું પાપ જાણતો લાગતો નથી. ભલે આવતો ધન પડાવી લેવાશે. મણિ તો આપવો જ નથી. સુમિત્રને આમંત્રણ આપી રતિસેનાને હર્ષના સમાચાર આપ્યા. સંધ્યાકાળે સુમિત્ર તૈયાર થઈને પેલી શ્વેતાંજનની ડબી લઈને રતિસેના મળવા ગયો. આડી અવળી વાતોથી તેને ખુશ કરી અને પછી કહે,. “જો તને કંઈક આશ્ચર્ય બતાવું” આશ્ચર્ય જોવાને આતુર થયેલી રતિસેનાની આંખમાં શ્વેતાંજનનું અંજન કરી કરભી (હાથણી) બનાવી દીધી. અને પોતાના મકાને ચાલ્યો ગયો. પ્રાત: કાળે કુટ્ટિનીએ પોતાની પુત્રીના બદલે હાથિણી જોઈને છાતી કૂટવા માંડી. એના વિલાપથી આજુબાજુના લોકો ભેગા થઈ ગયા. એમને પૂછવાથી અક્કાએ કહ્યું, “આ દુષ્ટા રાક્ષસીરૂપ કરભી મારી પુત્રીને ખાઈ ગઈ.” કોઈકે પૂછ્યું કે તેની પુત્રી સાથે હાલમાં કોણ રહેતું હતું ? અક્કાએ કહ્યું કોઈક પરદેશી જેનું નામ, કામ તેને ખબર ન હતી. લોકો

એ કહ્યું નક્કી પુત્રીના કોઈ અપરાધથી પરદેશીએ જ તેને કરભી બનાવી દીધી લાગે છે. હવે એ અહીંથી નાસી જાય તે પહેલા રાજસભામાં પોકાર પાડ લોકોની સલાહથી કુટ્ટિની એ વીરાંગદ રાજાની સભામાં ફરિયાદ કરી. તેની રસભરી કથા સાંભળી રાજા સહિત રાજસભા હાસ્ય ચકિત બની. રાજા વિચારમાં પડ્યો. "આટલી શક્તિ ધરાવતો મારો મિત્ર તો નહિ હોય ?"

રાજાએ રાજુપુરુષોને હુકમ કર્યો, "આ અક્કા ડોસીની સાથે આપણા નગરમાં એ પુરુષની તપાસ કરો. તે જે પુરુષ બતાવે તેને અહિં હાજર કરો." રાજાની આજ્ઞાથી રાજપુરુષો નગરમાં ભમતા ભમતા સુમિત્ર રહેતો હતો ત્યાં આવી પહોંચ્યા. કુટ્ટીનીના બતાવવાથી તે પુરુષને રાજસભામાં રાજા સમક્ષ હાજર કર્યો. રાજા સુમિત્રને ઓળખી સિંહાસન પર ઊઠીને એ પુરુષને ભેટી પડ્યો. બંને જણ ખુશ થઈને ભેટ્યા. પછી રાજાએ પૂછ્યું, "મિત્ર ! આ ડોશીની પુત્રીને કરભી શા માટે બનાવી તે મને કહે." પહેલા તો સુમિત્રએ મૃદુ હાસ્ય સાથે મશ્કરી કરી કે જ્યાં ડોશીને જવું હોય ત્યાં કરભી પર બેસીને જઈ શકે એટલે કરભી બનાવી છે. તેના હાસ્યજનક વચન સાંભળી કુટ્ટિની ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ. અને બોલવા લાગી. "હે ધુર્ત, રાજા સમક્ષ તો સાચું બોલ અને મારી પુત્રી આપ." સુમિત્રએ કહ્યું, "પહેલા મને મણિ પાછો આપ." રાજા પૂછે છે. "કયો મણિ ?" સુમિત્ર કહે છે, "સ્વામી ! જેના પ્રભાવથી આપણે જંગલમાં ઘરની માફક રહેતા હતા અને મનભાવતા ભોજન કરતા હતા તે મણિ આ ડોશીએ ચોરી લીધો છે." સુમિત્રની વાત સાંભળી ગુસ્સામાં લાલચોળ થઈ ગયેલા રાજાએ ગર્જના કરી. "દુષ્ટા સાચું બોલ." રાજાના ગુસ્સાથી ડોશી ભયની મારી ધ્રુજવા માંડી અને સુમિત્રના પગમાં પડી ગઈ. "મને માફ કર. તારો મણિ પાછો લઈ લે પણ રાજાના ભયમાંથી મને મુક્ત કર."

રાજાને સમજાવીને સુમિત્રે ડોશીને ભયમુક્ત કરી. ડોશીએ મણિ લાવીને સુમિત્રને પાછો આપ્યો. રતિસેનાને મૂળ સ્વરૂપમાં પાછી લાવ્યો. રતિસેના સુમિત્રમાં ગાઢ પ્રીતિવાળી થઈ હોવાથી. અક્કાએ રતિસેના સુમિત્રને

આપી. રાજાના આદેશથી રતિસેના મેળવીને સુમિત્ર ખુશ થયો. રાજાએ મહેલની બાજુમાં મનોહર અને ગગનચૂંબી રંગમહેલ નિવાસ માટે આપ્યો અને મંત્રી પદે સ્થાપિત કર્યો. ત્રણે પ્રિયાઓ સાથે મોજ કરતો સુમિત્ર સુખેથી સમય પસાર કરતો રહ્યો.

એક દિવસ રાજાએ સુમિત્રને પુછ્યું, "હે મિત્ર તને મણીનો લાભ શી રીતે થયો ? તેમજ મને મુકીને તું કેમ જતો રહ્યો ? શું સુખદુઃખ ભોગવ્યું ? તે સર્વ હકીકત મને કહે, "સુમિત્રે મણિ સંબંધી તેમજ બીજી સત્ય હકીકત કહી સંભળાવી. રાજાને આશ્ચર્ય થયું. "જગતમાં લક્ષ્મી ઉદ્યમ (પુરુષાર્થ) થકી જ મળે છે. પુણ્યથી સ્વર્ગ મળે જ." સુમિત્ર કહે છે. પુણ્ય વિના વ્યવસાય પણ ફોતરાંની માફક નિષ્ફળ જાય છે. જગતના પરમ પદાર્થ તો પુણ્ય વગર નથી મળી શકતા. રાજાને રાજલક્ષ્મી પણ પુણ્યના પ્રતાપે જ મળી છે. આ રીતે સુમિત્રે રાજાને પુણ્યનો પ્રતાપ સમજાવ્યો અને પેલા શૂન્ય નગરને ફરી વસાવવાની વાત પણ કરી દીધી.

કેટલોક સમય સુખમાં રહીને રાજા સુમિત્રને લઈને શૂન્યનગરમાં ગયો. શૂન્યનગર મહાપુર ફરીથી વસાવ્યું. એક માણસને તેના કારભાર માટે પસંદ કરી શૂન્યગાર મહાપુરમાં પોતાની આણ વર્તાવી. રાજા વીરાંગદ મંત્રી સુમિત્ર પાછા મહાશાલપુર નગર આવ્યા. ભોગસુખમાં સમય પસાર કરવા માંડ્યા. રત્નશિખ રાજાની સભામાં એક કથાકારે આ પ્રમાણે પોતાની વાર્તા પૂરી કરી.

## :: રત્નશિખ ::

વીરાંગદ અને સુમિત્રની કથા સાંભળી આશ્ચર્ય પામેલા રત્નશિખ રાજા તેમના પુણ્યથી પ્રભાવિત થઈને વિચારવા માંડ્યો. "મારે પણ પરદેશ જઈને ભાગ્ય અજમાવવું જોઈએ. મારું પુણ્ય કેટલું છે તેની ખબર પડે." રાજાએ પોતાના મંત્રીને વાત કરી. પુણ્યના ફળરૂપે મળેલા મોટા રાજ્યને છોડીને પરદેશ જવાની વાતથી મંત્રીને નવાઈ લાગી. છતાં પણ તે બોલ્યો,

“આપની ઈચ્છાને આડે કોણ આવી શકે ? છતાં પણ એક વિનંતી કરું છું પરદેશ જવામાં ડગલે ને પગલે વિઘ્નોનો પાર નથી. આપ સુકોમળ કાયાવાળા છો. તેથી ભાગ્યથી પ્રાપ્ત થયેલું આ રાજ્ય આપ ભોગવો. પૂર્વના પુણ્યના સાક્ષાત ફળ સમાન આ મોટું રાજ્ય આપને મળ્યું છે એનાથી વિશેષ ફળની ઈચ્છા ના રાખો.” મંત્રીએ ઘણું સમજાવ્યા છતાં રાજાએ પોતાનો નિશ્ચય છોડ્યો નહિ. રાત્રીના ચોથા પ્રહરે માત્ર એક ખડગ લઈ રાજા ગુપચુપ નગર બહાર નીકળી ગયો,. સારા શુકન થયા અને રત્નશિખ ઉત્તર દિશા તરફ ચાલ્યો.

મનોરથરૂપ રથમાં બેસીને, પુણ્યરૂપી સૈન્ય ધરાવતો અને સંતોષરૂપી મંત્રીને સાથે લઈને રત્નશિખ અનેક ગામ, નગર, પર્વત, નદી નાળાં વગેરે જોતો, મુનિની માફક ક્ષમા ધારણ કરતો, ભોંય પર સુઈ જતો ભૂખ અને તરસ સહન કરતો, દેશ દેશ ફરતો અનુક્રમે ભયંકર અટવીમાં આવ્યો. એ ભયંકર અટવીમાં કોઈનો પણ ભય રાખ્યા સિવાય આગળ વધ્યો તો એક ભયંકર અને વિકારળ વિચિત્ર ગજરાજ એણે જોયો. તે મદોન્મત હાથીની નજર સામે આવી રહેલા રાજા પર પડી. પોતાની સામે આવતા રાજાને જોઈને બીજાની હાજરી સહન નહિ કરી શકનારો ગજરાજ ક્રોધથી તેને મારી નાખવા સામે ધસ્યો. પોતાની સામે દોડ્યા આવતા આ વિકરાળ ગજરાજને જોઈ રત્નશિખ સાવધ થઈ ગયો. તેને ભગાડી-દોડાવીને યુદ્ધ કરતા કરતા થકવી નાખ્યો. રત્નશિખે હાથીને એવી રીતે વશ કરી લીધો.

આકાશમાંથી મનોહર અને સુગંધી પુષ્પો ગુંથેલી સુંદર માળા વિજયી રત્નશિખના ગળામાં પડી. તેણે ઉપર જોયું તો સ્વર્ગની અપ્સરા સમાન વિદ્યાધર બાળાઓ હતી અને સારું થયું સારું થયું બોલતી ચાલી ગઈ. રત્નશિખ એ પર્વત સમાન ગજરાજ ઉપર બેસીને પેલી સુગંધમય પુષ્પમાળાથી શોભતી ઉત્તર દિશાએ ચાલવા માંડ્યો. આગળ જતા સ્વચ્છ જળનું સરોવર આવ્યું. હાથી પરથી કૂદીને રત્નશિખ સરોવરમાં સ્નાન કરવા ઉતરી પડ્યો. સ્નાન કરીને થાક ઉતારવા, સરોવરના કાંઠે આવેલા મોટા વૃક્ષની નીચે રત્નશિખ

બેઠો. દિવ્ય વસ્ત્રો લઈને કેટલીક રમણીઓ ત્યાં આવી અને સ્વાગત કરતા બોલી, "અપૂર્વ દેવ જેવા આપનું સ્વાગત હો." રાજાએ વિસ્મય પામીને પૂછ્યું, "હું અપૂર્વ દેવ કેવી રીતે ?"

"ઘણો સમય સેવા કરીએ ત્યારે દેવતાઓ જો પ્રસન્ન થાય તો સુખ આપે છે. જ્યારે આપે તો દૃષ્ટિ માત્રથી અમારી સખીને સુખ આપ્યું. એટલે અપૂર્વ નહિં તો બીજું શું ?" એક સખીએ કહ્યું : રાજાએ વધારે પ્રશ્નો પૂછતાં સખીઓએ આ કથા કહી. "ઉત્તર દિશામાં વૈતાઢ્ય પર્વત આવેલો છે. ત્યાં સુરસંગીતપુર નગરમાં સુરણ નામે વિદ્યાધરોનો રાજા હતો. તેને જુદી જુદી રાણીઓ થકી શશિવેગ અને સુરવેદ બે પુત્રો થયા. વૈરાગ્યમય હૃદયવાળા સુરણે વડીલપુત્ર શશિવેગને રાજ્ય અર્પણ કરી દીક્ષા ગ્રહણ કરી આત્મસાધના કરી. શશિવેગ પાસેથી રાજ્યની જિજ્ઞાસાવાળા સુરવેગે પોતાના મામા સુવેગનો આશ્રય લીધો અને તેની મદદ શશિવેગના નગરને ઘેરી લીધું. મંત્રીઓના કહેવાથી રાજનગરનો ત્યાગ કરી શશિવેગ પોતાના પરિવાર સાથે ચાલ્યો ગયો. આ મહા અટવીમાં રહેલા સુગિરિ પર્વત પર નવા નગરની સ્થાપના કરીને સૈન્ય સાથે શશિવેગ રહ્યો. અનુક્રમે તેની ચંદ્રપ્રભા નામે પુત્રી યુવાવસ્થામાં રમવા લાગી. તેને જોઈને નિમિત્તકીએ કહ્યું, "હે રાજન ! જે પુરુષ આ બાળાને પરણશે તેની સહાયથી તમને રાજ્ય મળશે." રાજાએ પૂછ્યું, "આ બાળાનો પતિ કોણ થશે ? એને ઓળખવો શી રીતે ?" સુગ્રિવપુર નગરના રાજા વસુતેજસનો મદોન્મત્ત હાથી આલાન સ્તંભને તોડી જંગલમાં ચાલ્યો જશે. એને જે વશ કરશે તે જ આ બાળાનો પતિ સમજજો." વિદ્યાધરીએ રત્નશિખને કહ્યું, "આજે તમે એ મદોન્મત હાથીને વશ કર્યો છે એટલે વિમાનમાં બેઠેલી એ બાળાએ તમારા કંઠમાં પુષ્પમાળા નાખી તમારા પ્રત્યે પ્રીતિવાળી થયેલી છે.

તે વાત દરમિયાન કેટલાક ઘોડેસ્વારો ત્યાં આવી પહોંચ્યા. રત્નશિખ પાસે આવીને પૂછવા માંડયા, "મદોન્મત ગજરાજ પર બેઠેલો પુરુષ ક્યાં ગયો તે કહેશો ?" પ્રશ્ન સાંભળી વિદ્યાધરીએ પૂછ્યું, "તમે હાથીના ચોરને

પકડવા આવ્યા છો ?" તે પુરુષોએ કહ્યું કે તેઓ પકડવા નથી આવ્યા પણ તેમના સ્વામી તે પુરુષના પરાક્રમથી ખુશ થયા હોવાથી મળવા માંગે છે. વિદ્યાધરીઓએ કહ્યું આ તે જ પુરુષ છે, સાંભળીને ખુશ થતા ઘોડે સવારો પોતાના નગરમાં જઈને રાજાને કહ્યું રાજા વસુતેજ તેને પોતાના નગરમાં લઈ આવવા સરોવર કાંઠે આવ્યો. વિદ્યાધરીઓ ચાલી ગઈ હતી. રત્નશિખ એકલો જ બેઠો હતો. તેને માનપૂર્વક પોતાના નગરમાં તેડી લાવ્યો. યોગ્ય આસને બેસાડી રાજાએ કહ્યું, "હે વીરા ! મારે આઠ કન્યાઓ છે તેને પરણીને મારું આ રાજ્ય તમે ગ્રહણ કરો. હું હવે સંયમ ગ્રહણ કરીશ." રત્નશિખે તેમનું વચન માન્ય રાખ્યું પોતાની કન્યાઓનું પાણિગ્રહણ કરાવી, રાજ્યાભિષેક કરી રાજાએ શિખામણ આપી. "હે કુમાર, આ લોક અને પરલોક વિરુદ્ધ નો ત્યાગ કરવો. ન્યાયથી પ્રજાનું રક્ષણ કરવું. રાજા જો ન્યાયથી પ્રજાનું પાલન કરે તો પ્રજા જે ધર્મ કરે તેનો છઠ્ઠો ભાગ રાજાને મળે. પાપી રાજા હોય તો પ્રજાના પાપનો છઠ્ઠો ભાગ રાજાને મળે. માટે હે રાજા ! તમે પ્રજાનું રૂડી રીતે પાલન કરજો જેથી પ્રજા મને યાદ કરે નહિ." આમ વસુતેજ રાજાએ શિખામણ આપી સંયમ ગ્રહણ કરવાની અનુમતિ માંગી. નવા રાજાએ રૂડી રીતે દીક્ષા મહોત્સવ કર્યા અને વસુતેજ રાજાએ સદ્ગુરુ પાસે દીક્ષા ગ્રહણ કરી. શશિવેગ રાજાએ આ વાત જાણી પોતાની કન્યા ચંદ્રપ્રભાને રાજા રત્નશિખ સાથે પરણાવી અને એક હજાર વિદ્યા આપી સંપૂર્ણ શક્તિમાન બનાવ્યો.

આ હકીકત સુરવેગના મામા સુવેગે જાણી એટલે સુવેગ ક્રોધે ભરાયો અને હાથીનું રૂપ કરી રત્નશિખ રાજાને મારવા આવ્યો. રાજાના ઉદ્યાનમાં વિચિત્ર હસ્તી હોવાની વાત સાંભળી રાજા પોતે ગજને પકડવા આવ્યો અને અનેક ઉપાય જાણનારા રાજાએ આખરે એ ગજરાજને પકડી લીધો. અને તેના ઉપર ચડી બેઠો. એ જેવો બેઠો કે હાથી એ આકાશમાં ઉડવા માંડ્યું. ગજરાજની આ ચેષ્ટા જોઈ રાજાએ વજ્ર મુષ્ઠિથી પ્રહાર કર્યો એટલે હાથી ભગવાનનું નામ લઈ ભૂમિ પર પડી મૂર્છિત થઈ ગયો. રત્નશિખ એનાર મૂ

સ્વરૂપને જોઈને વ્યાકુળ થઈ ગયો. તરજ પાણી અને પવનથી એને સાવધ કર્યો. અને કહ્યું, "તને ધન્ય છે. તું દુઃખમાં પણ જિનેશ્વર ભગવાનને યાદ કરે છે. મેં તારી આશાતના કરી છે. મને માફ કર." રત્નશિખના વચનથી શાંત થયેલો વિદ્યાધર બોલ્યો, "હે રાજન ! તમારો કોઈ દોષ નથી. મેં જેવું કર્મ કર્યું તેવું ફળ મને પ્રાપ્ત થયું." એમ કહી વિદ્યાધરે પોતાની કથા કહી.

## :: વિદ્યાધરોનું ઐશ્વર્ય ::

"આ વૈતાઢય પર્વત પર ચક્રપુર નામના નગરનો અધિપતિ સુવેગ નામનો હું વિદ્યાધર છું. સુરવેગ મારો ભાણેજ થતો હોવાથી તેનો પક્ષપાત કરી શશિવેગ વિદ્યાધરને એના પિતાએ રાજ્ય આપેલું હોવા છતાં એને રાજ્ય પરથી દૂર કરી મેં ભાણેજ ને રાજ્ય અપાવ્યું. હાલમાં મેં સાંભળ્યું કે શશિવેગ મારા ભાણેજ પાસેથી રાજ્ય ગ્રહણ કરવા ઈચ્છે છે ત્યારે તમને મારવાની ઈચ્છાએ ગજનું સ્વરૂપ ધરી તમારા ઉદ્યાનમાં આવ્યો પણ તમે દયાળુંએ શિક્ષા કરીને પણ મને પ્રતિબોધ પમાડ્યો. કારણકે વૈદ્યે આપેલું કડવું ઔષધ પણ ગુણકારી થાય છે. આ વિષમય સંસારને જાણ્યા પછી ડાહ્યો પુરુષ તેની જાળમાં ફસાતો નથી. હું પણ સંયમની અભિલાષાવાળો હોવાથી મારા રાજ્યને પણ તમે અંગીકાર કરો જેથી હું સંયમ લઈ શકું. એટલામાં સુવેગ રાજાના અનેક વિદ્યાધર સુભટો આવી પહોંચ્યા. શશિવેગ પણ પોતાના સૈન્ય સાથે આવી પહોંચ્યા. ભીષણ યુદ્ધના બદલે અહીં તો શાંતિ હતી. સંયમનો અભિલાષી ફરીથી રત્નશિખને કહેવા માંડ્યો, "હે ધર્મબંધુ ! રાજ્ય ગ્રહણ કરીને મને સંયમ લેવામાં વિઘ્ન ના કર."

સુવેગને શાંત કરતા રત્નશિખ અને શશિવેગ બોલ્યા, "તમને ધન્ય છે કે આવું વિદ્યાધરોના ઐશ્વર્યવાળુ સામ્રાજ્ય તૃણની (તણખલુ) માફક છોડવા તૈયાર થયા છે. પણ હાલમાં તમારું સામ્રાજ્ય ભોગવી. સમય આવે સંયમ લેજો કારણ કે યૌવનવયમાં ઈન્દ્રિય નિગ્રહ દુર્જય છે. ચંચળ મનના લીધે ક્યાંક વ્રતનો ભંગ થઈ જાય તો મહા અનર્થ થાય." રત્નશિખે અનેક રીતે

સુવેગને સમજાવવવા છતાં વૈરાગ્યથી ભરેલા હૃદયવાળા સુવેગે ચારિત્ર અંગીકાર કર્યું. પોતાના રાજ્યની વ્યવસ્થા કરી રત્નશિખ શશિવેગ સાથે ચક્રપુર નગરે ગયો. અનુક્રમે રત્નશિખ સમસ્ત શ્રેણીનો અધિપતિ થયો. શશિવેગ સાથી રત્નશિખ વિદ્યાધરોનું અપૂર્વ ઐશ્વર્ય અને સામ્રાજ્ય ભોગવવા લાગ્યો. શશિવેગ વિદ્યાધરે પોતાના ભાઈ સુવેગની ઉપેક્ષા કરવા છતાં, પોતાનું રાજ્ય પડાવી લેવા છતાં શશિવેગ મનમાં કંઈપણ ઓછું લાવતો નહિ. અને જ્યારે સુરવેગને પોતાના મામા વિશે જાણ થઈ ત્યારે તે પણ વૈરાગ્યવાળો થયો અને પોતાના ભાઈ માટે રાજ્ય છોડી ચાલી નીકળ્યો અને ચારિત્ર અંગીકાર કર્યું.

રત્નશિખ પોતાના આત્માને ધન્ય માનતો અને સમક્તિની આરાધના કરતા પૃથ્વી પર રહેલા શાશ્વત જિનેશ્વરોના ચૈત્યોને વાંદવા લાગ્યો. સાધુઓને નમસ્કાર કરતો, સાધર્મિકની ભક્તિ કરતો, હીન અને ગરીબ જનોનો ઉદ્ધાર કરતો તે પ્રજાનું સારી રીતે પાલન કરવામાં માંડ્યો. એના રાજ્યમાં ગુનાઓનું પ્રમાણ નામશેષ થઈ ગયું. સાતક્ષેત્રમાં એણે ધનનો ઉપયોગ (વ્યય) કરવા માંડ્યો. પ્રતિમાઓ ભરાવી, અંજનશલાકા વડે પ્રભાવિત બનાવી, જિનમંદિરોમાં પ્રતિષ્ઠા કરવા માંડ્યો. સ્નાત્રવિધિમાં, જિનપૂજન, અર્ચના તેમજ યાત્રાવિધિમાં ખૂબ ધન વાપરવા માંડ્યો. સંઘ પૂજા, શાસ્ત્ર લખાવવામાં ધનનો સદુપયોગ કરી શાસનની પ્રભાવના કરવા માંડ્યો. રત્નશિખ રાજાએ અનેક લાખ પ્રમાણ વિશાળ સામ્રાજ્ય ભોગવ્યું. તેના રૂડા ભાગ્યયોગે સાકેતપુરનગરના ઉદ્યાનમાં શ્રીસુયશ નામના તીર્થંકર ભગવાન સમવસર્યા. મોટા આડંબરથી ત્યાં જઈને જિનેશ્વર ભગવાનને વંદન કરી દેશના સાંભળવા બેઠો.

"હે ભવ્યો ! આ સંસારરૂપ વનમાં સર્વે જીવો કર્મને આધીન રહેલા છે. પોંતાના કર્મ અનુસારે ઉંચ નીચ ગતિમાં જાય છે. કોઈ નરકમાં જાય છે તો કોઈ દેવલોકમાં જાય છે. કોઈ મનુષ્ય થાય છે તો કોઈ માયા કપટમાં રાચતા હોઈ તિર્યંચમાં જાય છે. મનુષ્ય ભવમાં પણ જીવોને કર્મનો અપૂર્વ પ્રભાવ બતાવે છે કોઈ રાજા તો કોઈ રંક, કોઈ પંડિત તો કોઈ મૂર્ખ, કોઈ

દાતાર તો કોઈ કૃપણ કોઈ સુખી કોઈ દુઃખી કોઈ પૂજનિક બને છે. કોઈ અપમાન પામે છે, કોઈ રૂપવાન કોઈ કદરૂપું આ બધો જ પ્રભાવ સંસારમાં કર્મના લીધે છે. આવા સંસારરૂપી ગહન અરણ્યના મોક્ષનો માર્ગ બતાવનારા જ્ઞાની તો મોટા ભાગ્ય યોગે જ મળે છે માટે ધર્મરૂપી ભાતુ બાંધવા આત્માએ નિરંતર ઉદ્યમ કરવો જોઈએ."

જિનેશ્વરની દેશના સાંભળી રત્નશિખ રાજા પૂછે છે, "હે ભગવાન ! ભવાંતરમાં મે એવું શું સુકૃત કરેલું છે કે આ ભવમાં મને સુખ ઉપર સુખ પ્રાપ્ત થાય છે ?" જિનેશ્વરે કહ્યું, "પરભવમાં તું પામરના ભવમાં નિરંતર ગુરુએ આપેલા પંચપરમેષ્ટિ નમસ્કારનું સ્મરણ કરતો હતો. એના પ્રભાવે આ ભવમાં તું મહાસુખને પ્રાપ્ત વિદ્યાધર થયો છે હે ભાગ્યવાન નવકારના જાપથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. સમ્યક્ત્વથી વિરતિ આવે છે. વિરતિ થકી મોક્ષ પ્રાપ્ત થાય છે. સંસારનું જે ઉત્કૃષ્ટ સુખ છે એ તો નમસ્કાર જાપનું તારે અલ્પફળ સમજવું. પણ મોક્ષ પ્રાપ્તિ એજ એવું સંપૂર્ણ ફળ છે."

પોતાનો ભવ સાંભળી રાજા રત્નશિખે નગરમાં જઈ પોતાના પુત્રને રાજ્યગાદી પર બેસાડ્યો. તીર્થંકર ભગવાન પાસે સંયમ સ્વીકાર્યો. ક્ષપક શ્રેણી પર આરૂઢ થઈ કર્મ ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, પૃથ્વી પર વિહાર કરતા અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરી રત્નશિખ મોક્ષે ગયા."

ધર્મવસુ ગુરુએ પંચપરમેષ્ઠિ જાપ ઉપર રત્નશિખનું દૃષ્ટાંત સાંભળીને ધર્મ રસિકે વિમલકીર્તિ રાજાએ દેવરથ કુમારને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરી.

## :: સમ્યક્ત્વ ધર્મની આરાધના ::

દેવરથકુમાર હવે દેવરથ નગરપતિ થયા. રૂપવતી રાણી રત્નાવલી સાથે વિવિધ ભોગોને ભોગવતા રાજ્યનું પાલન કરવા લાગ્યો સમ્યક્ત્વવાન અને બારવ્રતને ધારણ કરનાર દેવરથ અહર્નિશ પંચપરમેષ્ઠિ નમસ્કારના જાપ જપ્યા કરતો હતો. એ પ્રમાણે રાજ્યસુખનો અનુભવ કરતા અને શ્રાવકધર્મનું આરાધન કરતા ઘણો સમય ચાલી ગયો સમય કોઈનાય માટે થોભતો નથી.

ધર્મનો જાણકાર રાજા એક દિવસ વિચાર કરવા લાગ્યો કે ધર્મના પ્રભાવથી મળેલી રાજલક્ષ્મીને સુપાત્રમાં વાપરી લક્ષ્મીનો સદુપયોગ કરવો જોઈએ. ધર્મતત્વ અને લક્ષ્મીની અનિત્યતાને ચિંતવતો રાજા સમ્યક્ત્વ, અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત વડે શોભતાં રત્નાવલી સાથે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગની સાધના કરતો જૈનશાસનની શોભા વધારતા અનેક કાર્યો કરવા લાગ્યો. રાજાએ અનેક જિનેશ્વરના પ્રાસાદ કરાવ્યા, જિનપ્રતિમાઓ ભરાવી, સમ્યકત્વની શુદ્ધિ માટે અનેક રથયાત્રાના મહોત્સવો કર્યા, ચતુર્વિધ સંઘની સાથે અનેક વાર તીર્થ યાત્રાઓ કરી, સાધાર્મિકની ભક્તિ કરી અનેક દુઃખી અને ગરીબ જૈનબંધુઓના ઉદ્ધાર કર્યા પોતાના રાજ્યમાંથી સાતે વ્યસનોનો નાશ કરાવી નાખ્યો. રાજ્યનું પાલન અને ધર્મની આરાધનામાં અનેક વર્ષો વીતી ગયા.

મહારાણી રત્નાવલીનો પુત્ર ધવલ યૌવનાવસ્થામાં પ્રવેશ્યો. તેને રાજ્યગાદી સોપી પોતે રાજ્યભારથી મુક્ત થયો. રાજા રાજ્યભારમાંથી તો મુક્ત થયો પણ વીર્યાન્તરાય કર્મના ઉદયથી ચારિત્ર ગ્રહણ કરવાને અશક્ત હોવાથી સંસારની ઉપાધિમાંથી મુક્ત રહીને એકાંતે ધર્મસાધના અને ચતુર્વિધ સંઘની પૂજા કરવા માંડ્યો. ઉપાશ્રયમાં અને આવશ્યક ક્રિયાઓમાં સમય પસાર કરતો રાજા તપ કરતો અનુક્રમે અંત સમય નજીક આવી પહોંચ્યો. અંત સમયે રાજાએ ચોરાસી લાખ જીવયોની ને ખમાવી, પાપકર્મની નિંદા અને સુકૃત્યની અનુમોદના કરીને સંસાર-મોક્ષ, જન્મ-મરણ, કનક-કથીરમાં સમાન મધ્યસ્થવૃત્તિ પ્રાપ્ત કરી અંત સમયે રાજા પંચપરમેષ્ઠિના સ્મરણમાં એકચિત્ત વાળો થયો અને મરણ પામીને આનત દેવલોકમાં ઉત્તમ દેવ થયો. રાણી રત્નાવલી પણ રાજાની માફક શ્રાવિકાધર્મનું શુદ્ધ ભાવથી આરાધન કરી આનતલોકમાં ઉત્તમ દેવલોક થયો. ભવાંતરના સ્નેહથી ત્યાં પણ બન્ને દેવો અપૂર્વ સુખો ભોગવતા સમય પસાર કરવા માંડ્યા.

## પરિચ્છેદ ૫
# પૂર્ણચંદ્ર અને પુષ્પસુંદરી

જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં શિવાનગરીમાં સિદ્ધસેન નામનો પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો. તેની **પિયંગુમંજરી** નામે પટ્ટરાણી હતી. દેવલોકમાંથી દેવરથ રાજાનો જીવ આયુ ક્ષયે ચ્યવી પિયંગુમંજરીની કુખે ઉત્પન્ન થયો. રાણીને સ્વપ્નમાં સંપૂર્ણ ચંદ્ર દેખાયો. અનુક્રમે શુભગ્રહના યોગે રાણીએ પુત્રને જન્મ આપ્યો. ચંદ્રના સ્વપ્ન મુજબ ચંદ્ર જેવી સૌમ્ય પ્રકૃતિવાળા પુત્રનું નામ રાખ્યુ. પૂર્ણચંદ્ર. કુમાર કળા, કાવ્ય અને શાસ્ત્રનો અભ્યાસ કરતા યૌવનાવસ્થામાં આવ્યો. મૃગયા મદ્ય અને માંસ વગેરે સાત વ્યસન તેને વળગ્યા નહોતા નવીન કાવ્ય બનાવી એમાં જ રમ્યા કરતો. રાણી પિયંગુણ મંજરીનો વિશાળ નામનો ભાઈ સિંહસેન રાજાનો સામંત હતો. તેની જયા નામની પત્નીની કુક્ષીમાં રત્નાવલીનો જીવ ઉત્પન્ન થયો. સ્વપ્નમાં પુષ્પમાળા જોવાથી પુત્રીનું નામ રાખ્યું પુષ્પસુંદરી. અનેક કળાઓનો અભ્યાસ કરી સુંદર રૂપ ધરાવતી પુષ્પાવલી યૌવનવયમાં આવી. સરળ સ્વભાવવાળી એ નમ્ર બાળામાં સ્રીને ઉચિત ગુણો હતા.

વસંતઋતુના એક દિવસે પિતાની અનુમતી લઈને માતાએ બાળાને સાહેલીઓ સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવાને મોકલી. ઉદ્યાન-વનની શોભા જોઈને આનંદ પામતી એ બાળા સખીઓ સાથે લતામંડપમાં આવી વીણાના સુર સાથે કંઠ મેળવીને ગીત ગાવા લાગી. રાજકુમાર પૂર્ણચંદ્ર પણ એ સમયે વસંત રાજની મોજનો આનંદ માણવા મિત્રો સાથે આવ્યો હતો. તેને જોતાં જ પુષ્પાવલી પરભવના સંબંધથી તેની તરફ આકર્ષાઈ. કુમારને જોઈ પરભવના સ્નેહ સંબંધથી બાળા રોમાંચ અનુભવતી મૂર્ચ્છિત થઈ ગઈ. સખીઓએ પાણી છાંટતા જાગૃત થઈને પૂછવા માંડી."આ સૌમ્ય આકૃતિ સમાન દિલને

ડોલાવનાર સુંદર યુવાન કોણ છે ?" એક સખીએ કહ્યું કે આ તો વિચક્ષણ અને ચપળ નયનવાળો રાજકુમાર છે. પુષ્પા કુમારના દેખાવ અને ગુણોની તારીફ કરવા માંડી. બીજી સખી કહે છે, "એ તો તારા ફોઈના કુમાર છે. તું ઓળખતી નથી ? ગઈકાલે જ તારી ફોઇને તારા પિતાએ કહ્યું હતું કે આ અમારી પુત્રીને યોગ્ય છે." સખીની વાત સાંભળીને પુષ્પા ખુશ થઈ. કુમાર પૂર્ણચંદ્રને પણ તેના મિત્રોએ સમજાવીને ખુશ કર્યો. પછી રાજા અને સામંતે શુભ મહૂર્તે જોવડાવી મહોત્સપૂર્વક બંનેના લગ્ન કરી દીધા. બંને જણા દેવતાની માફક વિષયસુખ ભોગવતા સમય પસાર કરવા માંડ્યા.

## :: શ્રી સુરસુંદરસૂરીશ્વર ::

એક દિવસ રાજસભામાં બેઠેલા રાજાને વનપાલકે આવીને સમાચાર આપ્યા કે પુષ્પશાલ વનમાં શ્રીસુરસુંદર ગુરુમહારાજ પોતાના મુનિસમુદાય સાથે પધાર્યા છે. રાજા હર્ષ પામીને પુત્ર, કલત્ર અને સ્ત્રી આદિકના પરિવાર સાથે વાંદવા ગયા. ગુરુને વંદન કરી ધર્મદિશના સાંભળવા બેઠા. ગુરુએ દેશના આપવી શરૂ કરી.

"હે ભવ્યો ! જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક અને ભયથી આકુળ વ્યાકુળ સંસાર તરફ ઉદાસીનતા રાખો અને પ્રમાદનો ત્યાગ કરી યત્નપૂર્વક ધર્મની આરાધના કરો. પ્રમાદ જીવને સંસારમાં પાડે છે અને ધર્મ જીવને સંસારમાં સુખની પરંપરા પમાડી અંતે મોક્ષની લક્ષ્મીને આપે છે. ધર્મ બંધુની જેમ સ્નેહ રાખે છે, કલ્પદ્રુમની જેમ વાંચ્છિતને આપે છે, ગુરુની જેમ સદ્‌ગુણામાં પ્રીતિ કરાવે છે, સ્વામીની માફક રાજ્યલક્ષ્મી દેનારો છે, પિતાની માફક વાત્સલ્ય રાખે છે અને માતાની માફક ધર્મ જીવનું પોષણ કરે છે.

ચોરાસીલાખ જીવ યોનીમાં મનુષ્યપણું દુર્લભ છે, મનુષ્યપણું મળે તો આર્યક્ષેત્ર મળવું દુર્લભ છે, આર્યક્ષેત્રમાં વિશુદ્ધ કુળમાં જન્મ દુર્લભ છે અને બધું ય હોવા છતાં જો અલ્પાયુવાળો હોય તો ? દીર્ઘાયું પણ મહાભાગ્ય યોગે મળે છે. દીર્ઘાયુ થકી આરોગ્યતા દુર્લભ છે. ધર્માચાર્યનો સમાગમ પણ

અતિ દુર્લભ છે. આચાર્યનો સંયોગ થવા છતા વસ્તુતત્વ સમજવાની બુદ્ધિ દુર્લભ છે અને બધાથી દુર્લભ વિરતિ છે. માટે હે ભવ્યો ! પ્રમાદનો ત્યાગ કરો ધર્મનું આરાધન કરો."

દેશના સાંભળી રાજા પ્રસન્ન થયા. મનોહર કાંતિવાળા યુવાન આચાર્યને જોઈ પૂર્ણચંદ્ર બોલ્યો, "હે ભગવન ! આપના દેહની અપૂર્વ કાંતિ હોવા છતા આપને યૌવનવયમાં વૈરાગ્ય શી રીતે થયો તેનું કારણ કહો." ગુરુમહારાજે ભવ્યજનોના ઉપકાર માટે પોતાનું ચરિત્ર કહેવું શરૂ કર્યું. ગુરુમહારાજનું ચરિત્ર સાંભળળા રાજા, કુમાર અને સર્વે પરિવાર જનો સાવધાન થયા ગુરુએ પોતાનું કથન શરૂ કર્યું.

## :: સૂરીશ્વરની આત્મકથા ::

રત્નપુર નામના નગરમા સુધન નામનો માતબર અને તવંગર શેઠ રહેતો હતો. તેને લક્ષ્મી નામે પત્ની અને સુરસુંદર નામે સુંદર પુત્ર હતો. યૌવનવયમાં સુરસુંદરને એના પિતાએ બત્રીસ રૂપવતી કન્યાઓ પરણાવી. એ બત્રીસે પત્નીઓ સાથે દેવસમાન સુખ ભોગવતો તે સમય પસાર કરતો હતો. એકવાર એનાં માતાપિતા આ સંસારની મુસાફરી પુરી કરી ચાલ્યા ગયાં. તેમના મરણથી વ્યાકુળ થયેલો સુર સુંદર સ્વજન પરિવારના સમજાવવાથી પરંપરાથી ચાલ્યા આવતા વ્યવસાયમાં પ્રવૃત્ત થયો. એ વ્યાપારના વ્યવસાયમાં તેનો શોક પણ દૂર થયો. (નાશ પામ્યો) કારણકે પ્રિયજનના વિયોગથી કોઈ મરી જતું નથી અથવા તો ઘરબાર નો ત્યાગ કરી કોઈ સાધુ થતું નથી. કેટલાક સમય પછી સુરસુંદર શોક રહિત થઈ ગયો પણ સ્ત્રીઓના વ્યાભિચારની શંકાવાળો થયો. સ્ત્રીઓને તેમના પિતાના ઘેર જવા દેતો નહિ. પોતાના ઘેર કોઈ અન્ય પુરુષ સગાસંબંધીને આવવાની મનાઈ કરી દીધી. બહાર જાય તો સ્ત્રીઓને મકાનમાં પૂરી બહાર તાળુ મારીને જતો એ સુરસુંદર તે હું પોતે.

પછી તો ભિક્ષુકો એ મારું ઘર છોડી દીધું. જૈન સાધુઓએ તો વિશેષ છતાંય ભવિતવ્યતા બળવાન છે. એક દિવસ ઉતાવળમાં દરવાજો હું બંધ કર્યા વગર બજારમાં ગયો. અને એક મુનિએ મારા ઘરમાં પ્રવેશ કર્યો. મુનિને જોઈ મારી સ્ત્રીઓ પ્રસન્ન થઈને બોલી પડી. "ઓહો ! આજે તો આપણો ભાગ્યોદય થયો." સ્ત્રીઓએ મુનિને બેસવા માટે આસન આપ્યુ. અકલપ્ય હોવા છતાં જ્ઞાની મુનિ ભવિષ્યનો લાભ જાણીને તેના ઉપર બેઠો અને ધર્મોપદેશ દેવા લાગ્યા. એ દરમિયાન હું કાર્ય પતાવીને ઝટ પાછો ફર્યો ત્યારે એકાંતમાં મારી સ્ત્રીઓ વચ્ચે એક મુનિને મેં જોયા એ રૂપવાન મુનિને જોઈ મને અનેક વિચારો આવી ગયા કે આ મુનિને શું શિક્ષા કરું ? મનમાં અત્યંત ક્રોધ છતાં ગુપ્તપણે છુપાઈને મેં એમની ચેષ્ટા જોવા માંડી. મુનિએ પોતાની દેશના શરૂ કરી."જિનેશ્વર ભગવાને સર્વે ધર્મોનું મૂળ દયા કહેલું છે. જગતમાં પાખંડી મતના ત્રણસો ને ત્રેસઠ ભેદ છે તે બધાય જીવદયાના સિદ્ધાંતને માન્ય રાખે છે. માટે જ્યાં દયા છે ત્યાં જ ધર્મ છે. જ્યાં દયાનું આરાધન થાય છે ત્યાં તપ, જપ, દાન, ધ્યાન અને ક્રિયા બધુંય શોભી ઊઠે છે. દયા વગર કરેલી સર્વ ધર્મક્રિયા વ્યર્થ થાય છે. દયાના પ્રભાવથી દીર્ઘાયુની પ્રાપ્તિ થાય છે. દયા એ સ્વર્ગમાં જવા માટેના પગથિયા છે.

જીવોની હિંસા પ્રાણીઓને કડવાં ફળ આપે છે, જીવહિંસા કરવાવાળા પ્રાણીઓને અનર્થો, આપદાઓ, વ્યાધિઓ મળે છે વળી ભવાંતર વિશે ગર્ભાવસ્થામાં જન્મ થતાં કે બાળપણમાં અથવા યૌવનવયમાં આવતા જ મૃત્યુ પામી જાય છે. અલ્પજીવી થઈને ભોગ ભોગવ્યા વગર ચાલ્યા જાય છે. જે પ્રાણીઓ હિંસા થકી વિરામ પામતા નથી તે અતિ દુઃખને પામે છે. જે હિંસક હોય છે. તેઓ શંત્રુજયરાજા અને શુરકુમારની માફક દુઃખને ભજનારા થાય છે. "આ શંત્રુજય અને શૂર કોણ હતા અને હિંસાથી તેમને શું ફળ મળ્યું તે અમને કહો." સ્ત્રીઓએ પૂછ્યુ મુનિ એ શંત્રુજય અને શુરકુમાર - પિતાપુત્રનું દષ્ટાંત કહેવું શરૂ કર્યું.

વિજયપુર નામના નગરના રાજા શત્રુંજયને બે પુત્રો હતો - શૂર અને ચંદ્ર. વડીલ પુત્રને યુવરાજ પદ આપ્યું. અને ચંદ્રને કાંઈપણ ના આપવાથી તે રિસાઈને વિદેશ ચાલ્યો ગયો. ચંદ્ર વિદેશમાં ભમતો ભમતો અનુક્રમે રત્નપુર નગરના ઉદ્યાનમાં આવ્યો. ત્યાં એક મુનિને જોઈ તેમને વંદન કરી તેમની પાસે બેઠો. મુનિએ દયાધર્મનો ઉપદેશ આપ્યો. જીવદયાનો ઉપદેશ સાંભળી બોધ પામેલા ચંદ્રે સંગ્રામ સિવાય પંચિન્દ્રિય જીવનો વધ ન કરવાનો નિયમ ગ્રહણ કર્યો. અને રત્નપુર નગરના રાજા જયસેનની સેવા કરવા માંડ્યો રાજાનો વિશ્વાસુ થવાથી એક દિવસ રાજાએ ખાનગીમાં કહ્યું કુંભ નામનો સામંત મહાબળવાન અને અભિમાની થઈ ગયો છે. માટે ગુપ્ત રીતે ત્યાં જઈ તેને મારી નાખ. રાજાના વચન સાંભળી ચંદ્ર બોલ્યો, "મહારાજ ! એ પાપ મારાથી નહિ થાય. સંગ્રામ સિવાય કોઈપણ પ્રાણીવધ ન કરવાનો મેં નિયમ લીધો છે." તેના વચનથી રાજા ખુશ થયો, પોતાનો અંગરક્ષક બનાવ્યો, સામંતકન્યા પરણાવી એને પુત્ર જેવો કરી ખુશ કર્યો એકવાર ચંદ્રે કુંભરાજાને પડકાર્યો. અભિમાની કુંભરાજા સામે આવ્યો. તેને હરાવીને બાંધીને જયસેન રાજા સમક્ષ રજૂ કર્યો. રાજાને પોતાની આજ્ઞા મનાવીને કુંભ રાજાને છોડી દીધો અને ચંદ્રનો સારી રીતે સત્કાર કર્યો. ચંદ્ર સુખેથી સમય પસાર કરવા માંડ્યો.

બીજી બાજુ યુવરાજપદથી અસંતુષ્ટ શૂરકુમાર પિતાને મારીને તેના રાજ્યની ઇચ્છા કરતો અનુકૂળ સમયની રાહ જોવા માંડ્યો. એક દિવસ રાતના સમયે શૂર કુમારે રાજાના શયનગૃહમાં ઘુસી જઈ તલવાર ચલાવી દીધી. રાણી જાગી ગઈ અને તેની બૂમાબૂમથી ચોકીદારો દોડી આવ્યા નાસી જતા ખુનીને પકડીને બાંધી દીધો. રાતનો સમય હતો તેથી પ્રાતઃકાળે બાંધેલો ખુની શુરકુમાર હોવાથી રાજાને વાત કરી. ઘાની પીડાથી દુઃખી થઈ રાજાએ પુત્રને દેશનિકાલ કર્યો. અને તરત જ ચંદ્રકુમારની તપાસ કરાવીને તેને તેડાવી રાજપાટ સોંપી દીધુ અને વેદનાથી થોડા દિવસમાં મૃત્યુ પામ્યો. રાજા મૃત્ય પામીને વાઘ થયો. શુરકુમાર પિતાનો ઘાત કરી જંગલમાં કુકર્મ કરીને

આજીવિકા ચલાવતો હતો. પેલા વાઘે તેને એક દિવસ મારી નાખ્યો. મરીને તે ભિલ્લ થયો. એક દિવસ ભિલ્લ વનમાં ગયા તેને પણ પેલા વાઘે મારી નાખ્યો. બંને મરણ પામીને અટવીમાં કલભ અને વરાહ થયા.

પૂર્વના વેરથી બંને યુદ્ધ કરવા માંડ્યા. તેમને કોઈ શિકારીએ મારી નાખ્યા. મરણ પામીને બંને કલભ થયા. પોતાના ટોળામાંથી ભ્રષ્ટ થયેલા એ બંને યુદ્ધ કરવા માંડ્યા. ભિલ્લોએ યુક્તિથી પકડી લીધા અને ચંદ્રરાજાને અર્પણ કર્યા. ત્યાં પણ યુદ્ધ કરતા તે બંને રાજાએ પરાણે જુદા કર્યા તે સમયે ત્યાં કેવલી ભગવાન સમવસર્યા. તેમનો ઉપદેશ સાંભળીને રાજાએ આ બંનેને હસ્તિઓનો વૃત્તાંત પૂછ્યો કેવલી ભગવાનના મુખે એ કલભ યુગલનો વૃતાંત સાંભળી વૈરાગ્ય પામેલા ચંદ્રરાજાએ પોતાના પુત્રને ગાદી પર બેસાડી ચારિત્ર ગ્રહણ કર્યું. શુદ્ધ ચારિત્ર પાળી તે સ્વર્ગે ગયો. પેલા બંને ગજો - કલભો ક્રોધથી ધસમસતા મરણ પામીને પ્રથમ નરકે ગયા. અને અન્યોઅન્યકૃત વેદના ઘણા કાળ પર્યંત ભોગવી વારંવાર કુયોનિમાં ભ્રમણ કરશે. માટે હિંસાનો ત્યાગ કરો." કહી મુનિ વિરમ્યા.

મુનિના ઉપદેશથી વૈરાગ્ય પામી તે સ્રીઓએ પહેલું સ્થુલ પ્રાણતિપાત વિરમણ અણુવ્રત અંગીકાર કર્યું. એટલે મેં વિચાર કર્યો આ મુનિ એ સારુ કર્યું. આ સ્રીઓ હવે કદાચ કોપાયમાન થશે તો પણ મારું અનિષ્ટ કરી શકશે નહિ." આ મુનિને હું ઓછો પ્રહાર કરીશ.

## :: મૃષાવાદ વિરમણવ્રત ::

એ મુનિએ ત્યાર પછી આગળ ચલાવ્યું, "હે શ્રાવિકાઓ ! ત્રણ વર્ગને સુખકારી તેમજ સ્વર્ગ અને મોક્ષને આપનારી સત્યભાષા તમારે બોલવી. સત્યાવાદીને જળ, અગ્નિ આદિ તેમજ બીજી દિવ્ય વસ્તુઓ પણ અનિષ્ટ કરતી નથી. લોકો પણ તેના નિર્મળ યશનો ચારે બાજુ વિસ્તાર કરે છે. જ્યારે જૂઠ બોલનારાઓનો માતા, પિતા, ભાઈ કે મિત્રો કોઈ વિશ્વાસ કરતા નથી. અસત્ય બોલનારાઓને જીહ્વા છેદાદિ તેમજ દુઃસ્વરવાળા દુઃખો

પણ સહન કરવા પડે છે. માટે કદાપિ જૂઠું બોલવું નહિ સત્ય બોલનાર પ્રાણી કોઈને પણ ઠગતો નથી. ધન્યની માફક સરળ સ્વભાવી થઈને સર્વેનો વિશ્વાસ મેળવે છે ત્યારે ધરણની માફક અલીકભાષી પોતાને અને પરને ઠગીને મનુષ્યભવ હારી જાય છે. એમ કહી મુનિએ ધન્ય અને ધરણનું દૃષ્ટાંત આપ્યું.

સુનંદન નગરમાં સુદત્ત શ્રેષ્ઠિને ધન્ય અને ધરણ નામના બે પુત્રો હતા. ધન્ય સજ્જન, સૌમ્ય સત્યવાદી અને પ્રિયવંદ હતો જ્યારે ધરણ એનાથી વિપરીત હતો. ભિન્ન ભિન્ન સ્વભાવવાળા હોવા છતા એ બંનેમાં ગાઢ સ્નેહ હતો. એક વાર ધરણે વિચાર કર્યો. 'આ ધન્યની આબરૂ સારી હોવાથી મારો ભાવ કોઈ પૂછતું નથી. અને એ જીવે છે ત્યાં સુધી કોઈ પૂછવાનું પણ નથી. તો એનો કોઈ ઉપાય કરવામાં ખોટું શું છે ?" એમ વિચારી ધરણે ધન્યની સાથે મીઠું બોલતા એકાંતમાં કહ્યું, "તું મને પ્રાણથી પણ વધારે પ્રિય છે. મારો એક મનોરથ પૂરો કર કે આપણે પરદેશ જઈને પોતાની શક્તિથી ધન ઉપાર્જન કરીએ કારણકે ધન વગર લોકમાં માન મળતું નથી. લોકમાં પણ કહ્યું છે દરિદ્ર, વ્યાધિવાળો, મૂર્ખ, પ્રવાસી અને પરાધીન આજીવિકા વાળો એ પાંચેય જગતમાં જીવતા છતાં મરેલા છે." ધરણની પરદેશગમનની વાત સાંભળીને ધન્ય બોલ્યો કે મહેનત વગર ધન શી રીતે મળે ? ધન્યની વાત સાંભળીને ધરણે કહ્યું, "ધન પેદા કરવું એ તો મારા માટે ડાબા હાથનું કામ છે. પરસેવાનું ધન કમાતા વાર થાય પણ કોઈનો કાન તોડવો, કોઈની ગાંઠ છોડવી, ખીસ્સા કાતરવા, ચોરી કરવી, વગેરે ઉપાય વડે આપણે ધન ઉપાર્જન કરીશું.

ધરણની વાત સાંભળી ધન્ય ચોંક્યો. અને બોલ્યો, "શાંત થા પાપી ! આ પ્રકારનું દુષ્ટ વચન ફરીથી બોલીશ નહિ. એવો વિચાર કરવો પણ પાપ છે. માટે દેવગુરુનું સ્મરણ કરી પાપનું નિવારણ કર." પોતાંના કથનની વિપરીત અસર જોઈને ધરણે વાતની દિશા બદલી નાખીને બોલ્યો, "મે તો ફક્ત તારી પરીક્ષા માટે કહ્યું હતું. પરેદશમાં કોઈક ધનવાનની સેવા કરી

તેની પાસેથી ધન લઈ આપણે વ્યાપાર કરીશું." ધરણે ધન્યને વિશ્વાસ આપીને પરદેશગમનની વાત કબુલ કરાવી. પછી એક દિવસ પિતાને કહ્યા વગર નગરમાંથી નીકળી ગયા. માર્ગમાં ધરણે ધન્યને પૂછ્યું, "જગતમાં ધર્મનો જય છે કે પાપનો જય ?" ધન્ય અચંબો પામી ગયો અને બોલ્યો, "શું તને એટલીય ખબર નથી કે ધર્મે જય થાય છે અને પાપે ક્ષય." ધરણ બોલ્યો "તમે તત્વ જાણતા નથી. અત્યારે તો પાપથી જ જય થાય છે. ધર્મથી નહિ." બંને ભાઈઓ વિવાદે ચડયા. ધરણે કહ્યું આગળ ગામ આવે ત્યાં લોકોને પૂછીને નિર્ણય કરીશું જે ખોટો પડે તે જીતનારને એક લોચન આપે. ધન્ય એ વાત કબુલ કરી એને થયુ મારી વાત સાચી છે એટલે હું નાના ભાઈનું લોચન લઈશ નહિ આગળ જતા એક ગામ આવ્યુ. એ લોકોએ કહ્યું "આજે તો પાપ થકી જય દેખાય છે. ધર્મ થકી નહી." આ અજ્ઞાની અને મૂર્ખ લોકોની વાત સાંભળી ધરણ ખુશ થઈ ગયો. બીજે દિવસે આગળ જતાં કોઈ ગામ આવ્યું ત્યાં લોકોને પૂછ્યું તો તેઓ પણ બોલ્યા કે "આજે તો ધર્મી દંડાય છે. ત્યારે પાપીના પોબાર છે. સજ્જન સંતાપ પામે અને દુર્જન વિલાસ કરે છે. તેથી પાપનો જય છે ધર્મનો નહિ."

માર્ગમાં આગળ જતાં ધરણ નફફટાઈથી બોલ્યો, "ભાઈ ! તારા બંને નેત્રો મને આપી દે અથવા તો શરત કરી નથી એમ કહે." "મેં શરત નથી કરી એવું તો શી રીતે કહેવાય ? હું નેત્રો હારી ગયો છું. તારે જે કરવું હોય તે કર." ધન્ય બોલ્યો. પાપી ધરણે આકડાનું દૂધ આંખમાં ભરીને તેના બંને નેત્રો ફોડી નાખ્યા. ધન્યને અંધ બનાવી પાપી ધરણ વિલાપ કરવા માંડ્યો કે આવી ભૂલ કરીને સંબંધીઓને હું શું મોઢું બતાવીશ ? "વિલાપ કરતા ધરણને શાંત કરીને ધન્ય બોલ્યો, "આ ભાઈ, આ બધો કર્મનો વિલાસ છે એમાં તારે ખેદ કરવો નહિ." વાતો કરતા કરતા આગળ ચાલ્યા ત્યારે એકદમ ધરણ બોલ્યો સામેથી સિંહ આવે છે. શું થશે ? ધન્ય બોલ્યો, "તો તું શીઘ્ર નાસી જા અને આપણા કુળનું રક્ષણ કર." દુષ્ટ ધરણ તરત જ ધન્યને છોડી પોતાના નગર તરફ નાસી ગયો.

અંધ બનેલો ધન્ય જંગલમાં આમતેમ ભટકતો મોટા વૃક્ષ નીચે આવીને બેઠો. ધરણે પોતાને અંધ બનાવ્યા છતા તેની ચિંતા કરવા માંડ્યો. "મારો ભાઈ ક્યાં ગયો હશે ? તેનું શું થયું હશે ?" નાના ભાઈ માટે શોક કરતા ધન્યને જ્ઞાનથી જાણીને વન-દેવી પ્રગટ થઈને બોલી, "દુર્જન શિરોમણી અને ભાતૃદ્રોહ કરનાર ધરણની ચિંતા હવેથી કરીશ નહિ. નેત્રરોગ મટાડનારી આ ગુટિકા લઈ લે." એમ કહી ગુટિકા હાથમાં આપી દેવી અદશ્ય થઈ ગઈ. ધન્ય ગુટિકાના અંજનને આંખમાં આંજવા લાગ્યો. તેવો જ દિવ્ય નેત્રોવાળો થઈ ગયો. રાત્રી ત્યાં જ વ્યતિત કરી દેવીમાં ભક્તિવાળો ધન્ય ત્યાંથી નીકળીને અનુક્રમે સુભદ્રનગરમાં આવ્યો. ત્યાં ધન્યે પટવું વાગતો સાંભળ્યો. રાજપુરુષો ચકલે ઉદ્દ્ઘોષણા કરતા હતા કે જે રાજકુમારીના નેત્રોને સજ્જ કરશે તેને રાજા અર્ધુ રાજ્ય અને રાજકુમારી આપશે.

ધન્યે ઉદ્દ્ઘોષણા સાંભળી પટહનો સ્પર્શ કર્યો. દેવીએ આપેલી ગુટિકા થી રાજકુમારીને દિવ્યનેત્રો વાળી બનાવી દીધી. ધન્યના કાર્યથી ખુશ થયેલા રાજાએ પોતાની પુત્રી પરણાવી રાજ્યનો અર્ધો ભાગ આપી દીધો. સત્યના પ્રભાવથી ધન્ય રાજકન્યા તેમજ રાજ્ય મેળવીને સુખી થયો એક દિવસ રસ્તામાં એક ભિક્ષુક મળ્યો તેણે કહ્યું, "સુનંદપુરથી આવેલા વિપ્રને કંઈક દક્ષિણા આપો." પોતાના નગરનો બ્રાહ્મણ જાણી ધન્ય પોતાના ઘેર તેડી લાવ્યો. ભોજનથી તૃપ્ત કરી માતાપિતાના કુશળ સમાચાર પૂછ્યા ઉત્તમ વસ્ત્ર અને પોતાના નામની વીટી આપી એને વિદાય કર્યો. તેણે સુનંદપુર આવીને ધન્યના માતાપિતાને ધન્યની વાત કરીને ખુશખબર કહ્યા. પિતા અત્યંત ખુશ થયા અને વર્ધાપન મહોત્સવ કર્યો. પરંતુ આ ખબરથી ધરણને ચિંતા થઈ. "અરે ! એવા ભયંકર જંગલમાં કેવી રીતે જીવતો રહ્યો હશે ? અને રાજ્ય લક્ષ્મી અને રાજ્યસુતા પામ્યો એ તો નવાઈની વાત છે. પણ જો અહીં આવશે તો મારી વાત ખુલ્લી પડી જશે."

માતાપિતાની રજા લઈને ભાઈને જોવાના બ્હાને ધરણ સુભદ્રનગર આવ્યો. ભાઈને મળવાથી ધન્ય ખૂબ બહુ ખુશ થયો પણ ધન્યની સમૃદ્ધિ જોઈ ધરણે વિચાર કર્યો. "સત્ય એ છે કે ધર્મનો જય થાય છે. છતાં પણ

હું એવું કંઈક કરું કે જેથી એની સમૃદ્ધિ હવામાં ઊડી જાય અને તે દુઃખી દુઃખી થઈ જાય." પોતાનો વિચાર મનમાં રાખી થોડો સમય પસાર કર્યો. નગરમાં રાજા અને સર્વ લોકોમાં માનીતો થયો. ધન્યનો ભાઈ હોવાથી નોકર, ચાકર તેમજ લોકો પણ માન આપતા. એક દિવસ ખાનગીમાં રાજાને ધરણે કહ્યું, "આપ બુદ્ધિમય છો છતાં ધન્ય આપને ઠગી ગયો છે." રાજા વિસ્મય પામતા પૂછ્યું શું સત્ય વાત છે ? ધરણે કહ્યું, "ધન્ય તો ચંડાળનો પુત્ર છે. દુરાચારી હોવાથી રાજાએ નગર બહાર કાઢી મૂકેલો તે આપના નગરમાં આવીને આપને ફસાવી ગયો." રાજા ચમકી ગયો અને ધરણને કહ્યું, "આ વાત નગરમાં કોઈને કરીશ નહિ. હું એવું કંઈક કરીશ કે ધન્યના સ્થાને તને સ્થાપન કરીશ." ધરણના આનંદનો પાર રહ્યો નહિ રાતના સમયે રાજાએ ધન્યને મારી નાખવા મકાનમાં ગુપ્ત રીતે મારાઓ મૂક્યા. ધન્યના મસ્તકમાં વેદના થવાથી ધન્યનો વેશ પહેરી ધરણ રાજસભામાં જવા પ્રાતઃકાળે જેવો નીકળ્યો તેવો જ મારાઓએ મારી નાખ્યો. ભાઈના મૃત્યુના શોકમાંથી ધન્ય બહાર આવ્યો નહિ ત્યારે રાજાએ એના ભાઈના કારસ્તાનની વાત કરી એટલે શોકમાંથી મુક્ત થઈને ધન્ય સુખમાં સમય પસાર કરવા માંડ્યો એક દિવસ કેવલી ભગવાન ત્યાં સમવસર્યા. રાજા સહિત સર્વે તેમને વાંદવાને આવ્યા. તેમની ધર્મદેશના સાંભળી ધન્યે ભગવાનને પૂછ્યું, "ભગવાન ! મારો ભાઈ નિષ્કારણ મારા પર દ્વેષ કરતો હતો તેનું કારણ શું ? તે મરણ પામીને ક્યાં ગયો ?"

ધન્યના જવાબમા કેવલી ભગવને કહ્યું, "પરભવના વેરથી આ ભવમાં ધરણ તારો ભાઈ હોવા છતાં દ્વેષી થયો હતો, તે મરીને માતંગની પુત્રી થયો છે. યૌવનવયમાં એને ચાંડાલ સાથે પરણાવી. તે સર્પદંશથી મૃત્યુ પામીને હાલમાં ધોબીની પુત્રી પણે ઉત્પન્ન થયો છે. દુર્ગંધ, દુઃસ્વર, મુંગી, બહેરી, કુરુપ એવા અનેક દોષોથી ભરેલી તે અત્યારે છે." કેવલી ભગવાનની વાણી સાંભળી વૈરાગ્ય પામેલા ધન્યે પોતાના પદ ઉપર પુત્રને સ્થાપન કરી દીક્ષા ગ્રહણ કરી દેવલોક ગયો. ધન્ય પોતાના સત્યપણાથી મોક્ષની લક્ષ્મીને વરશે. પેલો ધરણ પોતાની દુર્બુદ્ધિથી અનેક જૂઠ અને કુકર્મ કરતો ભવાટવીમાં

ઘણો કાળ ભમશે. સત્ય અને અસત્યના ગુણદોષ. જાણીને મુનિએ આપેલા દૃષ્ટાંતથી પ્રતિબોધ પામીને સ્ત્રીઓએ ખુશ થઈને બીજુ અણુવ્રત અંગીકાર કર્યું."

તેમની સારી ભાવનાથી હે કુમાર મેં વિચાર કર્યો કે મુનિએ આ તો સારુ કર્યું હવે મારી સ્ત્રીઓ મારાથી કંઈપણ છુપાવી શકશે નહિ મને છેતરી શકશે નહિ હવે હજી હું એક પ્રહર ઓછો કરીશ. હવે સુરસુંદર શું બોલે છે. અને મારી સ્ત્રીઓ પર તેની શું અસર થાય છે તે જોવા હું ઊભો રહ્યો.

## :: ત્રીજું સ્થુલ અદત્તાદાનવિરમણવ્રત ::

મુનિએ ધર્મદેશના આગળ ચલાવી. "હે શ્રાવિકાઓ ! ભગવાને ચૌર્યકર્મને પાપનું મૂળ કહેલું છે કોઈના જીવને પ્રહાર કર્યો હોય તેની વેદના કરતાં તેના સર્વસ્વ હરણની વેદના તેને અધિક દુઃખી કરે છે. માટે ખાસ કાળજી રાખીને બીજાના દ્રવ્યનું હરણ કરતા અટકવું આ પાપના ફળ આ ભવમાં વધ, બંધન કે કારાગૃહ માં પુરાઈને ભોગવવા પડે છે. પરભવમાં દાસપણું, ગરીબી તેમજ તિર્યંચ ગતિમાં જઈને પણ ભોગવવા પડે છે. પરદ્રવ્યનો ત્યાગ કરનારાનું ધન આ લોકમાં પણ વૃદ્ધિ પામે છે. ચોરીના નિયમ ઉપર સિદ્ધદત્ત અને કપિલનું દૃષ્ટાંત બોધદાયક છે. મુનિએ સિદ્ધદત્તનું વ્યાખ્યાન કહેવાનું ચાલુ કર્યું."

વિશાળા નામની નગરીમાં માતૃદત્ત અને વસુદત્ત નામના બે વણિક મિત્રો સામાન્ય આજીવિકા ચલાવતા રહેતા હતા. માતૃદત્તે ત્રીજું અણુવ્રત ગ્રહણ કરેલું હોવાથી ન્યાયથી વેપાર કરી દ્રવ્ય મેળવતો કોઈને ઠગવાની વૃત્તિ રાખતો નહિ. વસુદત્ત ખોટા તોલમાપ રાખી ઓછું આપીને વધારે પડાવી લેવાની કુટનીતિ વાળો હતો. આવો પાપ વ્યાપાર કરવા છતાં પણ વસુદત્તનું ધન તો વૃદ્ધિ પામ્યુ નહિ પણ પાપ વધ્યું હતું તેની તેને ખબર નહોતી. એકવાર બંને મિત્રો થોડા કરિયાણા લઈને વેપાર કરવા માટે પુંડપુર નગરમાં ગયા

ત્યાં વસુતેજ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને તેના ભંડાર માટે એક ભંડારીની જરૂર હતી. તેને વિશ્વાસપાત્ર ભંડારી મળતો ના હોવાથી પરીક્ષા માટે રસ્તા પર એક રત્નજડિત કુંડળ સુભટો પાસે મૂકાવ્યું રાજાના ભયથી નગરના લોકો એ કુંડળ ગ્રહણ કર્યું નહિ. માર્ગમાં આવતા બંને મિત્રો એ કુંડલ જોવાથી વસુદત્તની દાઢ વળગી. "વાહ ! શું મજાના કુંડળ છે. લક્ષ્મી અમારી જ રાહ જોઈ રહી લાગે છે." વસુદત્ત કુંડળ લેવા દોડ્યો માતૃદત્તે તેને વાર્યો. "મિત્ર ! વિષતુલ્ય કુંડળ લઈશ નહિ." તેને લેતો રોકીને આગળ ચાલ્યા. માતૃદત્તે વસુદત્તને બોધ માટે એક દૃષ્ટાંત કહ્યું.

કોઈ એક નગરમાં દેવ અને યશસ નામે બે વણિક વેપાર કરીને ગુજરાન ચલાવતા હતા. દેવ અદત્તાદાનના નિયમ વાળો હતો. જ્યારે યશ નિયમ રહિત હતો. એક દિવસ બંને જણા થોડી ઘણી મૂડી લઈને પરદેશ ચાલ્યા. માર્ગમાં એક કુંડલ પડેલું જોયું પણ દેવને તો નિયમ હોવાથી એના સામું પણ જોયું નહિ. જ્યારે યશ લેવાનો પ્રયત્ન કરવા માંડ્યો તો દેવે તેને અટકાવ્યો. દેવની શરમથી યશે ત્યારે કુંડળ ના લીધું પણ પછી ગુપ્ત રીતે લઈને દેવથી છુપાવી ને આગળ ચાલ્યો. યશ મનાં વિચારવા માંડ્યો કે દેવને ધન્ય છે કે કેટલો નિસ્પૃહ છે. પોતે જ્યારે કુંડળ વેચીને કરિયાણુ ખરીદશે ત્યારે અર્ધુ દેવને આપી દેશે. એ લોકો પછી એક નગરીમાં આવ્યા. યશે કુંડળ વેચી ઘણા દ્રવ્યથી કરિયાણું ખરીદ્યું. યશે તેના ભાગ પાડી દેવને સમજણ પાડી. દેવે તે લેવાની ના પાડી. અને પોતાની મૂડીના જે લાવ્યા હતા તે ગ્રહણ કરી લીધા. તે રાત્રે યશના મકાનમાં ધાડ પડી અને કરિયાણા સહિત બધું લુંટાઈ ગયું. દુઃખી થયેલો યશ દેવ પાસે આવીને રડવા માંડ્યો. દેવે કહ્યું, "મિત્ર ! અન્યાયથી મેળવેલ પદાર્થ મહા અનર્થ કરનારો થાય છે માટે તું અદત્તાદાનનો નિયમ ગ્રહણ કર." દેવના કહેવાથી યશે પણ તે નિયમ અંગીકાર કર્યો. બીજે દિવસે દૂરદેશના વ્યાપારીઓ કરીયાણું ખરીદવા આવ્યા એ વ્યાપારમાં દેવને બમણો લાભ થયો. તે જોઈને યશ પણ સત્યશ્રાવક થયો.

આ રીતે માતૃદત્તે વસુદત્તને દષ્ટાંતપૂર્વક ઉપદેશ કર્યો. ઉપદેશ સાંભળ્યા છતાં વસુદત્તે એ કુંડળ ગુપચુપ ઉપાડી લીધું. છૂપાઈને બેઠેલા રાજપુરુષોએ તરત તેને પકડી લીધો માતૃદત્ત ખૂબ દુઃખી થયો. સૈનિકોએ કહ્યું "તમે ઉત્તમ નર છો રાજા પાસે ચાલો રાજા તમને ઈનામ આપશે." માતૃદત્તે.રાજપુરુષોને કહ્યું. "વસુદત્તને માફ કરીને છોડી દો તેને હું ઈનામ જ ગણીશ. તેને છોડીને રાજપુરુષો બોલ્યા, "હે મહાપુરુષ, તારા કહેવાથી આને છોડી દીધો પણ તું એકવાર રાજા પાસે ચાલ." રાજપુરુષો એ માતૃદત્તને રાજા સમક્ષ હાજર કરી સઘળી હકીકત રાજાને કહી સંભળાવી રાજાએ પ્રસન્ન થઈને પોતાના ભંડારનો તેને ઉપરી - ભંડારી - કોશાધ્યક્ષ બનાવ્યો. અનુક્રમે માતૃદત્ત સમાધિ પૂર્વક મૃત્યુ પામીને ચંદ્રાભા નગરના શ્રેષ્ઠી પુરંદરને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો. 'પિતાએ નામ પાડ્યું. સિદ્ધદત્ત અનુક્રમે યૌવનવયમાં આવ્યો.

વસુદત્ત પણ કુકર્મથી આજીવિકા ચલાવતો મરણ પામીને કોઈ બ્રાહ્મણના કુળમાં ઉત્પન્ન થયો. તેનું નામ કપિલ, દરિદ્ર હોવા છતાં માતાપિતાએ પરણાવ્યો. તેને બહુ પુત્રો થયા. માતાપિતાના મરણ પછી ગરીબીથી ત્રસ્ત કપિલ ધન કમાવા ગયો પણ પાપના ઉદયથી તેને કંઈ લાભ થયો નહિ, પારાવાર દુઃખમાં ભટકતા એ કપિલને એક દિવસ કોઈ કાપાલિક સાથે ભેટો થયો. ધનની જરૂરવાળો જાણી કાપાલિકે કપિલને કહ્યું, "જો તારે ધનની જરૂર હોય તો આશાપૂરિકા દેવીની આરાધના કર તે તારી આશા સફલ કરશે. કપિલ ધ્યાન, મૌન અને ઉપવાસથી દેવીની આરાધના કરવા લાગ્યો. ત્રણ દિવસ પછી રાત્રે દેવી પ્રગટ થયા, "તું શા માટે અહીં બેઠો છું ?" કપિલે ટૂંકમાં જવાબ આપ્યો, "ધન માટે" દેવી એ કહ્યું, "તેં કોઈ દિવસ કોઈને આપ્યું છે કે તું ધન માગે છે ?" કપિલે કહ્યું જો દેવી ધન નહિ આપે તો તેના દ્વારા મરશે. તેનો નિશ્ચય સાંભળી દેવી એ એક પુસ્તક આપ્યું. "પાંચસો રૂપિયા આપે તેને આપજે." એમ કહી દેવી અદશ્ય થઈ ગઈ. કપિલ પુસ્તક લઈને આખા નગરમાં ફર્યો પણ કોઈએ પાંચસો રૂપિયા

આપ્યા નહિ. છેવટે સિદ્ધદત્તે એ પુસ્તક જોઈ તેનો પહેલો શ્લોક વાંચી એના તત્વનો નિશ્ચય કરી પુસ્તક પાંચસો રૂપિયા આપીને ખરીદી લીધું. કપિલ પૈસા લઈને પોતાના નગર તરફ જતો હતો અને લૂટારુંઓ એ મારીને તેની પાસેથી ૫૦૦ રૂપિયા પડાવી લીધા. કપિલા પાછો ઠેરનો ઠેર !

સિદ્ધદત્તના પિતાએ રાત્રે પાંચસો રૂપિયાની વાત જાણી અને ગુસ્સે થઈને ઘરમાંથી કાઢી મુક્યો. રાત્રે નગરના દરવાજા બંધ હોવાથી નજીકના દેવમંદિરમાં પુસ્તક હાથમાં રાખીને ઊંઘી ગયો.

## :: સિદ્ધદત્ત ::

ચંદ્રભા નગરીના રાજાને એક પુત્રી હતી. તેવી જ રીતે મંત્રી, શ્રેષ્ઠી અને પુરોહિતને એક એક પુત્રી થઈ. ચારેય એક જ શાળામાં ભણીગણીને અનુક્રમે યૌવનવયમાં આવી. ચારેય જણા ઘણોખરો વખત સાથે જ પસાર કરતી હતી. ચારેય બાળાઓ વિચાર કરે છે કે તેમના પિતા ચારેયને જુદે જુદે પરણાવશે તો એકબીજાનો વિયોગ શી રીતે સહન કરશે ? વિચારતા અંતે તેમણે નિર્ણય કર્યો કે તેઓ એક જ વરને વરશે જેથી જુદાઈનો સમય આવે જ નહિ.

રાજસભામાં આવેલા કોઈ રાજસેવકના સદાચારથી રાજકુંવરીની નજર તેના પર ઠરી તેણે ખાનગીમાં પેલા રાજસેવકને બોલાવ્યો અને પોતાના મનની વાત કરી. રાજસેવક વાત સાંભળી ચિંતામાં પડી ગયો પણ રાજકુમારીની વિનંતી કબૂલ રાખી નહિ. પોતાની વિનંતી અફળ જવાથી રાજકુંવરીએ દમ ભીડાવ્યો, "લક્ષ્મી ચાંદલો કરવા આવે છે અને તું મોઢું ધોવા જાય છે ? મારી માગણી કબૂલ નહિ કરે તો તને મરાવી નાખીશ." રાજકુંવરીના દમથી રાજસેવકે વાત કબૂલ રાખી. કુંવરીએ અમુક દિવસનો સંકેત કર્યો અને કહ્યું, "તે દિવસે પેલા દેવમંદિરમાં તારે આવવું. હું પણ વિવાહની સામગ્રી લઈને આવીશ. રાજસેવક પોતાના સ્થાને જઈને વિચારવા

માંડ્યો કે સ્ત્રીઓમાં મારે ફસાવું નથી. અને રાતદિવસ ચિંતા કરવા માંડ્યો. સંકેતનો દિવસ આવી પહોંચ્યો ત્યારે તેણે પાછો વિચાર કર્યો કે "સ્ત્રી ખાતર હું મારા કુળને કલંકિત કરીશ નહિ, વળી રાજા તો પોતાનો સ્વામી કહેવાય. સ્વામી દ્રોહ કેવી રીતે કરાય ?" એમ વિચારીને રાત્રી સમયે નગર બહાર ચાલ્યો ગયો પણ સંકેતના સ્થળે ગયો નહિં. દૈવયોગે રાજકુમારીએ જે સમય પેલા રાજસેવકને આપેલો તે સમયે સિદ્ધદત્ત એ મંદિરમાં દાખલ થઈ નિરાંતે સુઈ ગયો. વિવાહની સામગ્રી લઈને રાજકુમારી પોતાની સખીઓ સાથે રાત્રીના પહેલા પ્રહરે દેવમંદિરમાં આવી ભરઉંઘમાં પડેલા સિદ્ધદત્તને પેલો રાજસેવક માની તેને સ્પર્શ કરી ગાંધર્વ વિધિથી તેની સાથે લગ્ન કરી લીધા. લગ્ન કાર્યથી પરવારીને પૂછ્યું "હે સ્વામી વાહન તૈયાર છે ? આપણે ગુપ્ત રીતે પલાયન થઈ જવાનું છે. સવારે રાજા જાણશે તો શું થશે ?" "સવારની વાત સવારે અત્યારે ઊંઘવા દે" એમ કહી સિદ્ધદત્ત વળી પાછો ઊંઘી ગયો. રાજકુમારીને શંકા થઈ કે આતો પેલો પુરુષ નથી લાગતો. એણે દીપક પ્રગટાવી જોયું તો મનોહર સુકમાર પુરુષને જોઈને ખુશ થઈ. એ દરમિયાન પેલી પુસ્તિકા તરફ એની નજર ગઈ. એણે પ્રથમ પાદ વાંચી એની આગળ સળીથી પોતાની આંખમાંથી અંજન કાઢીને લખ્યુ અને ચાલી ગઈ પછી બીજા પ્રહરે મંત્રીપુત્રી આવી પહોંચી. રાજકુમારીએ ત્રણે સખીઓને જણાવી દીધું હતું. અને તે સંકેત મુજબ ચારે સખીઓએ ચારે પ્રહર પોતપોતાના લગ્ન માટે નક્કી કર્યા હોવાથી બીજા પ્રહરે મંત્રીપુત્રીએ આવીને ગાંધર્વલગ્ન કરી લીધું અને પુસ્તકમાં બે પદ પછી વિચારીને ત્રીજુ પદ લખી ચાલી ગઈ તેવી જ રીતે ત્રીજો પ્રહરે શ્રેષ્ઠીસુતા આવીને તે જ પ્રમાણે કરી ચોથા પ્રહરે પુરોહિતબાળા આવી પહોંચી. તેણીએ આ બધી હકીકત જાણી નવીન શ્લોક પુસ્તકમાં લખવાનો વિચાર કર્યો. અને નવો શ્લોક લખી પુરોહિતબાળા પણ પોતાનું કાર્ય સમાપ્ત કરીને ચાલી ગઈ.

પ્રાતઃકાળ થતા ચારે ય બાળાઓએ વિચાર કર્યો કે, "જો આપણે આપણી માતાને આ વાત નહિ કરીએ તો ગુન્હામાં આવીશું." એમ વિચારી પોતપોતાની માતાઓને વાત કરી દીધી. માતાઓએ પોતપોતાના પતિને સમાચાર આપી દીધા. રાજાએ વિચાર કરી પ્રધાનોને દેવમંદિરમાં જઈને તે ભાગ્યવાન પુરુષને આડંબરપૂર્વક તેડી લાવવાનો આદેશ આપ્યો. પ્રધાનો આવીને સિદ્ધદત પાસે આવીને ઊભા રહ્યા. જાગૃત થયેલા સિદ્ધદત્તને હાથી ઉપર બેસાડી મહોત્સવપૂર્વક રાજમંદિરમાં લાવ્યા આ બાજુ સિદ્ધદત્તને બહાર કાઢ્યા પછી તરત તેના પિતાને પસ્તાવો થયો. આખી રાત્રી તેની શોધમાં વ્યતીત કરી. સવારે પુત્ર વિશે અદ્ભુત વાત સાંભળી પુરંદર શેઠ રાજસભામાં આવ્યા. કન્યાઓના માતાપિતા પણ જમાઈને જોઈને ખુશ થયા. શુભમહૂર્તે લગ્ન થયા. રાજાએ આપેલા મહેલમાં સિદ્ધદત્ત ચારે પ્રિયાઓ સાથે સુખમાં સમય પસાર કરવા માંડ્યો.

એક વાર ઉદ્યાનમાં ગુણશેખરસૂરિ પધાર્યા. રાજા તથા ચારે પ્રિયાઓ સાથે સિદ્ધદત્ત પણ સૂરિને વાંદવા આવ્યો. ગુરૂની દેશના સાંભળી પૂર્વભવ જાણી વૈરાગ્ય પામેલા સિદ્ધદત્તે દીક્ષા ગ્રહણ કરી. ચિર કાળ પર્યંત ચારિત્રને પાળી સ્વર્ગે ગયો અને અનુક્રમે મોક્ષે જશે."

મુનિની ત્રીજા વ્રતની કથા સાંભળી મારી સ્ત્રીઓએ ત્રીજુવ્રત અંગીકાર કર્યું. હું ખુશ થયો કે મારી સ્ત્રીઓ મને ઠગીને ગુપ્ત ધન રાખી શકશે નહિ. હવે હું મુનિને બે પ્રહાર કરીશ. મુનિએ પોતાની વાત આગળ ચલાવી.

## :: ચોથું પરસ્ત્રીગમન વિરમણવ્રત ::

"હે શ્રાવિકાઓ ! સર્વ વ્રતમાં શિરોમણિ શીલવ્રતનો મહિમા સાંભળો. સતી સ્ત્રીઓના તેજ અને પ્રતાપ અદભુત હોય છે. તેઓ જગતમાં માન અને સત્કાર પામે છે. જેઓ શીલથી ભ્રષ્ટ થયેલા છે તેમની દશા શોચનીય હોય છે. કુશીલા સ્ત્રી પરભવમાં કુરૂપવાળી, દુર્ભાગી અને મહારોગની પીડાવાળી હોય છે. શીલે કરી સુખસામ્રાજ્ય પામેલી શીલસુંદરીનું દષ્ટાંત મુનિએ કહેવા માંડ્યુ.

વિજયવર્ધન નગરમાં વસુપાલ શ્રેષ્ઠી તેની પત્ની સુમાલા સાથે રહેતો હતો. તેમને જિનાગમને જાણનારી સુંદરી નામે પુત્રી થઈ કલામાં કુશળ તેમ જ ધર્મકાર્યમાં પ્રીતિવાળી સુંદરી યૌવનવયમાં આવી. એના પિતાએ સુભદ્ર નામના શ્રેષ્ઠીના પુત્ર સાથે પરણાવી. એ નગરમાં બે વિપ્રપુત્ર અને બે વણિકપુત્ર એ ચારે પરસ્પર પ્રીતિવાળા થઈને દરરોજ આનંદ ગોષ્ઠિ કરતા. સુંદરીના રૂપગુણ સાંભળીને ચારે જણ એની તરફ આકર્ષાયા. એને મળવાની ઈચ્છાથી દરરોજ બનીઠનીને સુંદરીના ઘર આગળથી નીકળતા અને બંસી વગાડતા ગાયન ગાતા હતા. એના મકાન આગળ ઊભા રહીને અનેક ચેષ્ટાઓ કરી સુંદરીના ચિત્તને આકર્ષવાનો પ્રયત્ન કરતા છતાંય સુંદરીએ એમની તરફ જરાય નજર સરખી પણ કરી નહિ. આ લંપટ પુરુષોએ કોઈ સ્ત્રીને ધન આપીને વશમાં કરી અને શીખવાડીને સુંદરી પાસે મોકલી. એ સ્ત્રી સુંદરી પાસે આવી છતાં તે મિથ્યાત્વી હોવાથી સુંદરીએ તેનો આદરસત્કાર કર્યો નહિ. છતાં પણ તે સુંદરી પાસે બેસીને શિખામણ આપવા માંડી. "શ્રાવકો તો સર્વે જીવની રક્ષા માટે અતિ સાવધ હોય છે. કોઈને દુઃખી કરતા નથી. દુઃખીયાનું પણ પોતાના સર્વસ્વના ભોગે તેઓ રક્ષણ કરે છે. તો તારે પણ તારા માટે તરફડી રહેલા જીવોની આશા પૂર્ણ કરવી જોઈએ." સુંદરીએ પેલી સ્ત્રીને કહ્યું, "કુલીન સ્ત્રીઓના કુળને કલંક લાગે તેવું શું બોલે છે ? તમારા જેવી એ આવું બિભત્સ બોલવું પણ ના જોઈએ જે પ્રાણી બીજાને પાપબુદ્ધિ આપી અવળે માર્ગે ખેંચી જાય છે. તેમનો આત્મા પણ દુર્ગતિમાં પડે છે." પેલી અભિમાની સ્ત્રી જેમ તેમ બોલીને ચાલી ગઈ અને પુરુષો પાસે જઈને બધી હકીકત કહી શિખામણ આપી કે તેમણે જીવતા રહેવું હોય તો તે સ્ત્રીની ઈચ્છા છોડો. પછી એ સ્ત્રી તો ચાલી ગઈ પણ પેલા પુરુષોની ઈચ્છા બળવત્તર બની.

હવે એ પુરુષોએ કોઈ મંત્ર સિદ્ધ પુરુષને સાધ્યો. એ મંત્રસિદ્ધના કહેવાથી કૃષ્ણ ચતુર્દશીની રાત્રીએ ચારેય પુરુષો સ્મશાનમાં આવ્યા. ત્યાં બેસીને મંત્રની અધિષ્ટાઈકા દેવીની વિધિપૂર્વક પૂજા કરવાથી દેવી હાજર થઈ. મંત્રસિદ્ધ

પુરુષે સુંદરીને હાજર કરવા ફરમાવ્યુ. પિતાના ઘેર રહેલી પૌષધવ્રતવાળી સુંદરીને દેવીએ સિદ્ધપુરુષ પાસે હાજર કરતાં બોલી, "અરે પાપી ! આવા પાપકાર્યમાં મને જોડીને તે તારી શક્તિનો દુરુપયોગ કર્યો છે." એ સિદ્ધપુરુષે પેલા ચારે દુષ્ટ પુરુષોને સુંદરીને બતાવીને કહ્યું, "તમારી ઈચ્છાવાળી સ્ત્રી આ રહી, જેમ રૂચે તેમ કરો." ચારે પુરુષો જે પહેલો સ્પર્શ કરે તે પહેલો રમે એવી શરત કરીને દોડ્યા. પણ વચમાં જ વનદેવી એ તેમને અટકાવી દીધા. એ ચારે દુષ્ટોને અટકી ગયેલા જોઈ સિદ્ધપુરુષ ભયથી કાંપવા માંડ્યો. અને સુંદરીના પગમાં પડી ગયો. "હે ભગવતી ! તારી પવિત્રતાને હું પામર જાણતો ન હોવાથી મેં આ અકાર્ય કરેલું છે તો મારા આ એક અપરાધની ક્ષમા કર. હું બીજીવાર આવો અપરાધ કરીશ નહિ. મને અભય આપ." આ સ્થિતિમાં પ્રાતઃકાળ થયો. નગર હિલોળે ચડ્યું. લોકો ભેગા થયા. રાજા પણ ખબર પડતા મંત્રી સાથે આવી પહોંચ્યો. એ દુરાચારી અટકી ગયેલા પુરુષોને તેણે હકીકત પૂછી. જવાબ મળ્યો નહીં એટલે પેલા સિદ્ધપુરૂષે અભય મેળવીને બધી જ હકીકત રાજાને જણાવી. દેવીએ પણ તે પુરુષોને મુક્ત કર્યા એટલે પુરુષોએ પણ વૃતાંત કહી સંભળાવ્યું કોપાયમાન થયેલા રાજાએ ચારેય પાપીઓને જેલમાં પુરી દીધા અને સિદ્ધપુરુષને અભય આપેલું હોવાથી માર્યો નહિ પણ દેશ નિકાલ કર્યો. રાજાએ સુંદરીના ચરણને નમસ્કાર કર્યા અને એના પિતા વસુપાલ શેઠને કહ્યું કે એ પિતા ધન્ય છે જેમને આવી મહાસતી પુત્રી છે. શેઠે નમ્રતાથી જવાબ આપ્યો કે રાજા પણ ધન્ય છે જેમના રાજમાં આવી મહાસતી વસે છે. રાજાએ પ્રસન્ન થઈને પિતા અને પતિને કરમુક્ત કર્યા અને સુંદરીનું કિમતી વસ્ત્રાલંકારથી સન્માન કરી શીલસુંદરી નામ જાહેર કર્યું. શીલના પ્રભાવથી પ્રસિદ્ધ થયેલી શીલસુંદરી ચિરકાળ પર્યંત સુખ ભોગવીને સ્વર્ગમાં ગઈ અને પરંપરાએ મુક્તિ પામી.

આ પ્રમાણે શીલવ્રત ઉપર બોધ કરવાથી મારી સ્ત્રીઓએ પરપુરુષનો નિયમ સ્વીકારી ચોથું અણુવ્રત અંગીકાર કર્યું. "હે પૂર્ણચંદ્ર ! હું તેમના વ્રતથી પ્રસન્ન થયો. મુનિએ આ કામ તો સારૂ કર્યું હવે મારી સ્ત્રીઓ વ્યાભિચાર કરશે નહિ. એટલે હવે હું મુનિને એક એક પ્રહાર જ કરીશ."

# :: પાંચમું પરિગ્રહ પરિમાણ વ્રત ::

મુનિએ આગળ વધતા પરિગ્રહ વિશે બોધ આપવાનું શરૂ કર્યું. "હે નિર્મળ શીલવંતીઓ ! જેમ જેમ પરિગ્રહ વધે છે તેમ તેમ તેને લગતી ચિંતા પણ વધે છે. પરિગ્રહ રહિત સંતોષ ધારણ કરનાર સાધુઓને જે સુખ હોય છે તે સુખ પરિગ્રહધારી મનુષ્યને હોતું નથી. પરિગ્રહ વાળો પુરુષ અનેક પાપકર્મ કરી ક્લેશ પામે છે. આ ભવમાં લોભી લોકોનો તિરસ્કાર પામે છે. પરભવમાં નરક અને તિર્યંચ ગતિમાં જઈને અનંત દુઃખ ભોગવે છે. જે પરિગ્રહનું પરિમાણ કરે છે તે ગુણાકારની માફક સુખી થાય છે અને નથી કરતો તે અનેક પાપોમાં આગળ વધીને ગુણધરની માફક દુઃખી થાય છે. અને મારી સ્ત્રીઓના કહેવાથી ગુણાકર અને ગુણધરનો વૃતાંત કહેવાનું મુનિએ શરૂ કર્યું."

"જયસ્થળ નગરમાં વિહુ અને સુવિહુ નામના બે વણિક ભાઈઓ રહેતા હતા. તેમાં જે વિહુ હતો તેનો વ્યવહાર બરોબર ન હતો. તેની આબરૂ પણ નહોતી. તે યાચકોને ઘેર આવવા દેતો નહિ, સજ્જનો સાથે ક્લેશ કરતો અને ખાવાપીવામાં પણ કંજૂસ હતો. બધા તેને ધિક્કારતા હતા. છતો પૈસે ગરીબની જેમ રહેતો હતો. બીજો સુવિહુ રૂડા મનવાળો, સંતોષી, સત્પાપાત્રમાં દાન દેવાની રૂચિવાળો સદાચારી અને દાનવીર હતો. બધા તેને ખૂબ માન આપતા. એક દિવસ તપના પારણે કોઈ મહાત્મા સુવિહુના મકાને આવ્યા. સુવિહુએ મિષ્ટાન્ન વડે એ મુનિને પ્રતિલાભિત કર્યા જેથી ભોગકર્મવાળુ મનુષ્ય આયુ બાંધ્યું. વિહુ એ મશ્કરી કરી એટલે મુનિની નિંદા કરતા વિહુએ નીચ ગોત્ર બાંધ્યું. એકવાર કેટલાક ચોરોએ વિહુને એકાંતમાં બોલાવીને કહ્યું, "વિહુ, આ પર્વતની નીચે ખૂબ ધન છે પણ અમારી પાસે એવી સામગ્રી નથી. તો તું સહાય કર. અમે તને એમાંથી ભાગ આપીશું." ચોરના વચનથી વિહુએ એમને સર્વ સામગ્રી પૂરી પાડી અને ચોરો સાથે પર્વતની તળેટીમાં ગયો. ત્યાં પલાશ વૃક્ષના મૂળમાં ધન હોવું જોઈએ તેવો અભિપ્રાય આપ્યો.

ચોરોએ પણ તપાસ કરી તો લાગ્યું કે રત્નો હોવા જોઈએ. ચોરોએ ખોદી રત્નનો ઢગ કાઢ્યો. બધા ખુશ થયા અને વિહુને ગાડુ લેવા મોકલ્યો. વિહુ ગાડુ લેવા ગામમાં ગયો કે તરત જ ચોરો રત્નો લઈને ભાગી ગયા. ગાડુ લઈને આવેલા વિહુએ પોતાના સાગરિતો ના જોવાથી દુઃખનો માર્યો બેભાન થઈ ગયો. વનમાં શીતળ પવન લહેરાઈ રહ્યો હતો તેનાથી ભાનમાં આવ્યો. દુઃખી થઈને ઘેર આવ્યો. કોઈકે રાજાને વાત કરતાં રાજાએ વિહુને બોલાવીને પૂછ્યુ. ભય પામેલા વિહુએ સાચી વાત કરી દીધી."

ચોરને સહાય કરવાથી રાજાએ તેનું ધન લઈ લીધુ. અને નગરની બહાર કાઢી મૂક્યો. વિહુ ખૂબ જ દુઃખી થઈને મરણ પામ્યો. અને પોતાના આંગણાં કૂતરો થયો. આખો દિવસ તે ઘરના આગણામાં બેસી રહેતો પણ તેને કોઈ ખાવાનું આપતું નહિ. ભૂખ અને તરસથી મરણ પામીને બિલાડો થયો. બિલાડાના ભવમાં અનેક પાપ કરી લોકો વડે મૃત્યુ પામી ચંડાલ થયો. ચાંડાલના ભવમાં અનેક પાપો કરી નારકીમાં ગયો અને ત્યાં પરમાધામી અને ક્ષેત્રની વેદના સહન કરવા માંડ્યો.

સુવિહુ ન્યાયથી કાળ વ્યતિત કરી મરણ પામીને કુરુક્ષેત્રમાં ઉત્તમ યુગલીઓ થયો. દસ પ્રકારના કલ્પવૃક્ષથી મનની ઇચ્છા પૂરી કરતો આયુષ્ય પૂર્ણ કરી પહેલાં દેવલોકમાં દેવ થયો ત્યાં પણ દિવ્ય ભોગોને ભોગવતો આયુષ્ય પૂર્ણ કરી જયસ્થલ નગરમાં પદ્મદેવ શ્રેષ્ઠીનો ગુણાકર નામે પુત્ર થયો. અનુક્રમે યૌવનવયમાં આવ્યો. વિહુનો જીવ નરકમાંથી નીકળીને તે જ નગરમાં ધનંજય શેઠનો ગુણધર નામે પુત્ર થયો. યૌવનવયમાં આવતા પૂર્વભવના પ્રતાપે ગુણાકર સાથે મૈત્રી થઈ. ધનની ઇચ્છાવાળા તેઓ એક દિવસ ઉદ્યાનમાં ગયા ત્યાં તેમણે ધર્મદેવ નામના ગુરુને જોયા. ગુરુને નમસ્કાર કરીને પૂછ્યું, "ધનપ્રાપ્તિ કેવી રીતે થાય ?" મુનિ એ કહ્યું, "ધર્મસાધન કરો. જેથી આલોક અને પરલોકમાં દુઃખ ત્યાગીને ધન મેળવશો. પાપ કરનારને સંપત્તિ મળતી નથી. માટે સંતોષ ધારણ કરો અને લોભનો ત્યાગ કરો. જે ઇચ્છાઓ રોકતો નથી તે ધન મેળવવા માટે અનેક પ્રકારના ક્લેશ પામે છે અને જેમ જેમ

લાભ થતો જાય છે તેમ તેમ લોભ વધતો જાય છે. માટે સમજદાર હોય તેમણે પરિગ્રહનું પ્રમાણ કરવું જોઈએ." મુનિનો ઉપદેશ સાંભળી ગુણાકારે પોતાની મરજી મુજબ પરિગ્રહનું પ્રમાણ કર્યું. શ્રદ્ધા વગરના ગુણધરે કોઈપણ પ્રકારનું વ્રત લીધુ નહિ. અને વળી વિચાર્યું કે જે સંતોષ ધારણ કરી પોતાની ઈચ્છાને રોકે છે તેને દેવ કંઈ અધિક આપતો નથી. ગુણાકર તો મૂર્ખ છે કે મુનિની વાતમાં આવી ગયો. એમ બંને જુદી જુદી ભાવનાઓ ધારણ કરતા પોતપોતાના ઘેર ગયા.

એકવાર પોતાના મિત્રને કહ્યા વગર ગુણધર પરદેશ ધન કમાવા ગયો. ત્યાં તેને વ્યાપારમાં ખૂબ લાબ થયો. વધારે લાભ મેળવવા ત્યાંથી વધારે દૂર ગયો. ત્યાં તેને વધારે લાભ થયો. પછી પોતાના દેશ તરફ આવતો હતો ત્યારે માર્ગમાં ભયંકર અટવી આવી. ત્યાં ભયંકર દાવાનળને જોઈને સેવકો નાસી ગયા. ધન અને માલના ભરેલાં ગાડાં બળી ગયા. બળદો મરી ગયા. ત્યારે થાકીને જીવતા રહેવાની આશામાં ગુણધર પણ પલાયન થઈ ગયો. સાત દિવસે કોઈક નગરમાં આવ્યો ત્યાં કોઈ દયાળુએ એને ભોજન કરાવ્યું અને પોતાના મઠમાં આશરો આપ્યો. તેની હકીકત જાણીને તેની ઈચ્છા તૃપ્ત કરવા એક જગ્યાએ જઈને ઔષધી બતાવીને કહ્યું, "આને બરાબર ઓળખી લે. મધ્યરાત્રીએ વિધિપૂર્વક ગ્રહણ કરજે. તેઓ બંને પાછા મઠમાં આવ્યા. સાધુએ ગુણધરને કહ્યું. "મારી શક્તિથી તું ત્યાં જઈને ઔષધિને ડાબા હાથમાં લઈ લેજે અને મુઠ્ઠીવાળી મારી પાસે લઈ આવજે. પાછુ વાળીને જોઈશ નહિ. જરાય ભય પામીશ નહિ. ઔષધિના પ્રતાપથી તારી ગરીબી દૂર થશે." સાધુના કહેવા પ્રમાણે ગયો અને વિધિ કરીને મૂઠીમાં ઔષધિને લઈ મઠ તરફ પાછો ફર્યો. તે સમયે એક રાક્ષસનો કર્કશ અને ભયંકર શબ્દ સાંભળી ગભરાઈ ગયો અને જરાક પાછળ જોઈ આગળ ચાલ્યો. પણ પેલી ઔષધિ અદશ્ય થઈ ગઈ. દુઃખી થઈને પાછો પેલા સાધુ પાસે આવ્યો. સાધુએ તેની હકીકત સાંભળીને કહ્યું, "વત્સ ! તુ ઉદ્યમી તો છે પણ અત્યારે તારો પુણ્યોદય નથી. એટલે મહેનત નકામી જાય છે. એટલે

હમણાં સંતોષ રાખી ઘેર પાછો જા." સાધુની શિખામણ છતા પોતાના ગામ તરફ ના જતાં બીજી તરફ ગયો. ત્યાં કોઈ પરિવ્રાજક સાથે મેળાપ થયો. ગુણધરનું વૃતાંત સાંભળી તેણે તેનું દરિદ્ર દૂર કરવાનો એક ઉપાય બતાવ્યો. ગુણધરે કહ્યું આપણે બંને સાથે જઈએ બંને સાથે ચાલવા માંડ્યા. તેઓ આગળ જંગલમાં ગયા ત્યારે સિદ્ધિ યોગ જોઈ પરિવ્રાજકે એક સ્નુહિને અભિમંત્રી એક કુંડ બનાવ્યો અને અગ્નિ પ્રજ્વલિત કર્યો. ઉત્તમ સુગંધીમય લાકડામાં એ સ્નુહિને મૂકીને ગુણધરના મસ્તકે ગોઠવ્યા અને અગ્નિકુંડમાં હોમવા ગયો. ગુણધરને પણ વહેમ આવી ગયો એટલે પેલાના પંજામાંથી છૂટવા પ્રયત્ન કરવા લાગ્યો. તેમને લડતા જોઈ એક ગોવાળિયાએ બૂમાબૂમ કરી. એ સમયે શિકાર પર નીકળેલો રાજકુમાર ત્યાં હતો. તે બૂમો સાંભળીને આવ્યો. ગુણધરે પોતાની દુઃખકથા કહી સંભળાવી. રાજકુમારે ગુસ્સે થઈ ગુણધરના માથેથી લાકડા લઈ પેલા પારિવ્રાજકના માથે મૂકી અગ્નિમાં હોમી દીધો. એક ક્ષણમાં તે સુવર્ણ પુરુષ થઈ ગયો. થોડું સોનુ આપી ગુણધરને વિદાય કર્યો અને સુવર્ણ પુરુષ લઈને રાજકુમાર પોતાના નગરમાં ગયો.

## :: ગુણાકર અને ગુણધર ::

રાજકુમારની સહાયથી બચેલો ગુણધર પોતાના ગામ તરફ ચાલ્યો. રસ્તામાં તેને કોઈ મંત્રવાદી પુરુષ મળ્યો. બંને વચ્ચે મિત્રતતા થઈ. મંત્રવાદીને શક્તિ સંપન્ન જાણી ગુણધરે પોતાના દુઃખની વાત તેને કહી સંભળાવી. ભોજનનો સમય થવાથી પેલા મંત્રવાદીએ પૂછ્યું, "મિત્ર શું ખાવાની ઇચ્છા છે ?" પરીક્ષા હેતુથી ગુણધર બોલ્યો, "કેસરીયા મોદક, પણ આ જગ્યાએ કેવી રીતે મળે ?" "મળશે" એમ કહી પેલા સિદ્ધ પુરુષે ક્ષણવારમાં કેસરીયા મોદક હાજર કર્યા. પછી તો વિસ્મય પામેલા ગુણધરે મંત્ર સિદ્ધ પુરુષને પૂછ્યુ, "હે ઉત્તમ ! આવી શક્તિઓ કેવી રીતે પ્રાપ્ત થઈ ?" જવાબમાં પેલા પુરુષે કહ્યું, "કારમી ગરીબીથી દુઃખી થઈ બહુ દેશોમાં ભમ્યો ત્યારે મંત્ર શક્તિનો જાણકાર કાપાલિક મળ્યો.-મેં તેની ખૂબ સેવા કરીને પ્રસન્ન કર્યો અને તેણે

મને આ વેતાલમંત્ર આપ્યો જે મેં આદરથી સિદ્ધ કર્યો." વાતો કરતા કરતા આગળ જતા બંનેના માર્ગ છૂટા પડવાથી પેલા પુરુષે કહ્યું કે હવે ગુણધરનું નગર આવશે. તો તેને શું જોઈએ છે ? કોટિધનથી પણ સંતોષ નહિ પામનારો ગુણધર બોલ્યો, "મને એ વૈતાલમંત્ર આપો." સિદ્ધ પુરુષે કહ્યું, "ધાર્મિક અને પરોપકારી પુરુષ જ તેને સિદ્ધ કરી શકે છે નહિંતર તેમાં જીવનું જોખમ છે." છતાં પણ ગુણધરે માગણી કરતા તેને વિધિપૂર્વક મંત્ર આપી પોતાના વતન તરફ ચાલ્યો ગયો. ગુણધર ત્યાંથી પોતાના મામાને ઘેર ગયો અને કેટલોક સમય સુખમાં પસાર કરી મંત્ર સાધવાનો વિચાર કર્યો. તેના મામાને સર્વ હકીકત કહીને કૃષ્ણ ચતુર્દશીની રાત્રે સ્મશાનમાં જઈ ત્રિકોણ કુંડ કરી વિવિધ પ્રકારના હોમ દ્રવ્યથી હવન કરવા લાગ્યો. ક્ષુદ્ર ઉપદ્રવોથી તે ચલાયમાન થયો નહિ ત્યારે નીચેનું પૃથ્વીચક્ર ભમવા માંડ્યુ અને ભયંકર ગર્જનાઓ થવા માંડી. તેથી ભયભીત થઈને મંત્રનું એક પદ ભૂલી ગયો અને વૈતાળ ક્રોધમાં બોલ્યો, "અરે પાપી ! તુ મને વશ કરવા માગે છે ?" કહીને લાકડીથી બરાબર ફટકાર્યો. એ તો ત્યાં જ મૂર્છિત થઈ ગયો. સવારે એનો મામો પોતાના ઘેર તેડી લાવ્યો. કેટલાક દિવસે સાજો થયો પછી તેના ઘેર લઈ ગયો. સ્વજનોએ આશ્વાસન આપ્યું. પરંતુ લોકોમાં હાંસીપાત્ર થવાથી શરમનો માર્યો દુર્ધ્યાનપૂર્વક ગળે ફાંસી ખાઈ મૃત્યુ પામ્યો. દુર્ધ્યાનથી મરણ પામીને ગુણધર નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો. ત્યાં દુઃખ ભોગવીને તિર્યંચ યોનીમાં આવી પાછો નારકીમાં જશે. આમ સંસારમાં તે દુઃખ માત્રનો જ ભોક્તા થશે.

સમુદ્રની માફક મર્યાદાવાળો, ધનાઢય, લોકોની આશાને પૂરનારો ગુણાકર સંસારમાં ખૂબ પ્રતિષ્ઠા પામ્યો. વૈરાગ્યને ધારણ કરનારો ગુણાકર પાંચમા અણુવ્રતને સારી રીતે પાળી સ્વર્ગે ગયો ક્રમે કરીને મોક્ષે જશે. "મુનિએ દષ્ટાંત પૂર્ણ કર્યું. મારી સ્રીઓએ ઇચ્છાનું પરિમાણ કરી પાંચમું અણુવ્રત ગ્રહણ કર્યું. મારી સ્રીઓને પાંચે અણુવ્રત આપી ધર્મશીલા બનાવનાર આ મહામુનિ પર મેં કેવી દુષ્ટ વિચારણા કરી મારી શી દશા થશે ? અને પ્રગટ થઈને

હું મુનિના ચરણમાં પડી ગયો અને તેમને ખમાવવા માંડ્યો. મારો પશ્ચાતાપ જાણી મુનિ બોલ્યા, "ત્રણ જગતને માન્ય, બ્રહ્મચારી અને કષાયરહિત એવા સાધુ માટે આવો વિચાર કરવો એ મહાપાપ છે. ચારિત્રગ્રહણ કર્યા વગર આ પાપથી તું મુક્ત થઈ શકીશ નહિ. માટે હે ભાગ્યવાન ! આ સંસારની અનિત્યતાનું સ્મરણ કર. તુચ્છ સાંસારિક સુખોનો ત્યાગ કરી મુક્તિસુખ આપનારા સંયમને ગ્રહણ કર. પરનિંદા, ક્રોધ, લોભ, આળસ વગેરે દોષોનો ત્યાગ કર અને સંતોષ અને સમતા ધારણ કરી સંયમ અંગીકાર કર. એ મુનિની અખંડ દેશના સાંભળી હે કુમાર ! મારી મોહનિંદ્રા નાશ પામી ગઈ, વિવેક ચક્ષુ ખુલી ગયા અને મારી વિચારશ્રેણીને પળવારમાં પલટાતા વાર લાગી નહિ. અને મારી લક્ષ્મી સાતેય ક્ષેત્રોમાં વાપરીને મારી સ્ત્રીઓ સાથે મેં ગુરુમહારજ શ્રીસિંહસેનસૂરીશ્વર પાસે દીક્ષા લીધી. અને ગુરુરૂપી સૂત્રધાર વડે શિક્ષિત થયેલો હું આજે દેવની માફક સંયમના પ્રભાવથી વંદનીય થયો. ગુરુ એ પોતાનું ચારિત્ર કહી સંભળાવ્યું.

## :: પૂર્ણચંદ્ર નરપતિ ::

સુરસુંદરસૂરીશ્વરના વૈરાગ્યનું કારણ સાંભળી રાજા સહિત આખી સભા દંગ થઈ ગઈ. તેમના ચારિત્રથી વૈરાગ્ય પામેલો રાજા સિંહસેન ગુરુની સ્તુતિ કરતાં બોલ્યો, "આપ પુણ્યવાન છો. ત્યાગીઓમાં પણ શ્રેષ્ઠ છો કે જેમણે સુંદરીઓના સમૂહને એક ક્ષણમાં તૃણની જેમ ત્યજી દીધો અને મોક્ષમાર્ગ ગ્રહણ કરી લીધો." રાજા ગુરુમહારાજને પોતે સંયમ ગ્રહણ કરવાની વિનંતી કરીને નગરમાં ગયો. પૂર્ણચંદ્રકુમારનો રાજ્યાભિષેક કર્યો. પછી જિનેશ્વરની મોટી પૂજાઓ રચાવી. તે નિમિત્તે મોટો અષ્ટાન્હિકા મહોત્સવ કર્યો અને શાસનનો પ્રભાવ વધારી રાજાએ દીક્ષા ગ્રહણ કરી. ગુરુ પાસે ઉચ્ચરેલા મહાવ્રતને સારી રીતે પાળવા માંડયા. કષાયોને વશકરી, શાંત પ્રકૃતિવાળા તેમ જ ઇન્દ્રિયોનું દમન કરી વિષય વિકારોને વશ કરી સિંહસેન છઠ્ઠ, અઠ્ઠમ વગેરે તપસ્યા કરી જ્ઞાન ધ્યાનમાં પ્રવૃત્ત થઈ સંસાર અને મોક્ષમાં

સમાન વૃત્તિવાળા થયા. પૂર્ણચંદ્ર નરપતિ શુદ્ધ શ્રાવકધર્મની આરાધના કરતા, મેરુની માફક સ્થિર સ્વભાવવાળા તેમજ સર્વાંગ રાજ્યલક્ષ્મીથી શોભતા ન્યાયથી પ્રજાનું પાલન કરતા હતા. શ્રાવકધર્મ પાળવામાં દૃઢ નિશ્ચયવાળા હોવા છતાં રણવાર્તામાં કાયર નહોતા. યુદ્ધમાં શત્રુઓના સમુદાયને જીતી પોતાની કીર્તિ દિગંત પર્યંત તેમણે ફેલાવી હતી.

અણુવ્રતની જેમ ગુણવ્રત અને શિક્ષાવ્રતને પાળતા. શ્રાવકોના મનોરથપૂર્ણ કરી સાધન સંપન્ન બનાવી ધર્મમાં સ્થિર કર્યા. શ્રાવકોના ઉદ્ધાર માટે ઉદાર હાથે દાન આપવા માંડ્યું, જીનમંદિરોમાં પૂજા રચાવી, જીનાલયો બંધાવ્યા, પ્રતિમાઓ ભરાવી સાતે ક્ષેત્રમાં રાજ્યલક્ષ્મીનો સદ્‌વ્યય કર્યો અને અનુક્રમે પ્રૌઢવયમાં આવ્યા. પૂર્ણચંદ્ર રાજાએ પુત્ર યૌવનવયમાં આવ્યો અને ધીમે ધીમે રાજ્યની જવાબદારીઓ સોંપવા માંડી પટરાણી પુષ્પસુંદરી પણ સમ્યક્ત્વપૂર્વક પાંચ અણુવ્રત તેમ જ ગુણવ્રત અને શિક્ષાવ્રતને શુદ્ધભાવે પાળતી. એ દરમિયાન પૂર્ણચંદ્ર નરપતિને પોતાના પિતા સિંહસેન મહામુનિના મોક્ષે ગયાના સમાચાર મળ્યા અને વૈરાગ્યભાવના મનમાં ઉત્પન્ન થઈ. પોતે ક્યારે સંયમ લેશે એવી ચિંતામાં પડેલા રાજાને પુષ્પસુંદરીએ આશ્વાસન આપ્યું, "હે નાથ ! ચિંતા શીદને કરો છો ? પુત્રને રાજ્ય સોંપી રાજ્યચિંતામાંથી મુક્ત થાઓ. બ્રહ્મચર્ય વ્રત પાળો. શ્રી સુરસુંદરગુરુ આવે ત્યાં સુધી બધો સમય ધર્મારાધનામાં વ્યતિત કરો. અને ગુરુ આવે ત્યારે આપની ઈચ્છા પૂર્ણ કરજો." રાજાએ રાણીનું વચન માન્ય કરી કુમારને સિંહાસને બેસાડ્યો. અને તમામ ચિંતાથી પરવારી રાજા ધર્મમાં પોતાનો સમય પસાર કરવા માંડ્યા.

દરરોજ રાજા સંપૂર્ણ શાંતિથી એક ચિત્તે જિનેશ્વરની પૂજા કરવા માંડ્યું. સામયિક કરતો, પૌષધ, પરમેષ્ઠિ જાપ, તત્ત્વચિંતનમાં સમય પસાર કરતો. પ્રમાદનું સેવન કરતો નહિ. પોતાના દેહના મમત્વનો પણ ત્યાગ કરવા માંડ્યો. દાન, શિયળ, તપ અને ભાવ ચારેય પ્રકારના ધર્મનું આરાધન કરતો રાજા ધર્મધ્યાનમાં રહેવા માંડ્યો. રાણી પણ રાજાને અનુસરતી તપ

અને ધર્મધ્યાનમાં રત થઈને ગુરુમહારાજની રાહ જોવા માંડી. ભાવી બળવાન છે. તે આધાર ગુરૂમહારાજની રાહ જોતા રાજા પૂર્ણચંદ્રને એકવાર અતિસારની ઉગ્ર વેદના થઈ. પીડાથી દુઃખ અનુભવતો રાજા પોતાનો અંતકાળ નજીક જાણી ધર્મભાવના ભાવવા માંડ્યો. ધર્મભાવનામાં એક ચિત્તવાળો રાજા રોગની પીડાને સહન કરતો શરીરનો ત્યાગ કરી દેવલોકમાં ઉત્પન્ન થયો. રાણી પણ કાળ કરીને ત્યાં જ ઉત્પન્ન થઈ. બંને મિત્ર દેવ થયા.

પરિચ્છેદ ૬

# શૂરસેન અને મુક્તાવલી

## :: મિથિલા નરેશ ::

જગતભરમાં પોતાના રૂપ, ગુણ તેમ જ વૈભવથી પ્રસિદ્ધ થયેલી મિથિલા નગરીની જાહોજલાલીમાં મનોહર રાજમાર્ગો, અનેક ગગનચૂંબી ઈમારતો, પ્રખ્યાત ઉદ્યોગમંદિરો, ફળ, ફૂલ અને લતાથી શોભતા ઉદ્યાનો વધારો કરતો હતા. ત્યાં નરસિંહ નામનો રાજા રાજ્ય કરી રહ્યો હતો. અને ગુણમાલા નામની તેની જ પટ્ટરાણી હતી. રાજા પાંચેય પ્રકારના વિષયસુખ ભોગવતો સુખેથી સમય પસાર કરી રહ્યો હતો. એકવાર એકાંતમાં બેઠેલા રાજા પાસે એક ચરપુરુષ આવ્યો અને રાજાને કહ્યું કે નગરમાં સ્ત્રીઓ વાતો કરતી હતી કે રાજાને પુત્ર નથી છતાં કેમ કોઈ ઉદ્યમ (પ્રયત્ન) નહિ કરતા હોય ? રાજા એ ચરપુરુષની વાત સાંભળી અને મંત્રીઓ બોલાવ્યા. તેમને પુત્ર પ્રાપ્તિનો ઉપાય પૂછ્યો. તેના જવાબમાં મંત્રીએ કહ્યું, “હે સ્વામી ! આપણા નગરમાં મંત્ર તંત્ર જાણનારો વિચિત્ર વેશવાળો યોગી આવ્યો છે. લોકો એની શક્તિના ખૂબ વખાણ કરે છે. આપ એને પૂછો.” મંત્રીની વાત સાંભળીને રાજાએ યોગીને બોલાવ્યો. રાજાએ યોગીને પૂછ્યું, “યોગીરાજ ! તમારામાં કેટલી શક્તિ છે ?” યોગીએ કહ્યું, “એમાં પૂછવાનું શું ? તમે કહો એમ કરું. તમે કહો તો નાગ કન્યા તમારી સેવામાં હાજર કરું. તમે કહો તેટલી સમૃદ્ધિ મેળવી આપું.” રાજાએ આશ્ચર્ય પામીને કહ્યું. નાગકન્યા હાજર કરો. યોગીએ ક્ષણ માત્ર હૃદયમાં કંઈક મંત્ર ચિંતન કર્યું અને તરત સુંદર અને શ્રૃંગાર સજેલી નાગ પત્ની હાજર થઈ. યોગીને પૂછ્યું શું હુકમ છે ? યોગીએ કહ્યું રાજાને પૂછો. નાગ કન્યા રાજા સમક્ષ હાથ જોડીને ઊભી રહી. રાજાએ આશ્ચર્યથી પૂછ્યું, “તું કોણ છે ?” તે સ્ત્રીએ જવાબ આપ્યો, “હું નાગરાજની પત્ની છું. યોગી રાજનની શક્તિથી નાગલોકમાંથી અહીં

આવી છું." યોગીની અપૂર્વ શક્તિ પર વિશ્વાસ કરતા રાજાએ પેલી સ્ત્રીને વિદાય કરી અને યોગીને કહ્યું. "મારે એક પુત્ર જોઈએ છે." યોગી બોલ્યો, "હે રાજન ! આ કાર્ય તો મારા કોઈ વિસાતમાં નથી. કૃષ્ણ ચતુર્દશીના દિવસે રાત્રે ખડ્ગ ધારણ કરી તમે એકલા (સ્મશાન) પિતૃવનમાં આવજો. ત્યાં જ્વલિની દેવી તમને પુત્ર આપશે, બીજી પણ અભિલાષા પૂર્ણ કરશે અને મને પણ લાભ આપશે." યોગીની વાત રાજાએ સ્વીકારી લીધી. મંત્રીઓએ રાજાને રોક્યો કે, "તમારાથી એકલા ના જવાય માયાવી યોગીનો વિશ્વાસ ના થાય."

તેમ છતાં રાજાએ યોગીની વાતનો સ્વીકાર કર્યો હોવાથી કૃષ્ણ ચતુર્દશીની રાત્રીએ સંધ્યા સમયે સ્મશાનમાં આવ્યો. યોગી પણ સર્વ સામગ્રી સાથે ત્યાં આવી દીપક પ્રગટાવી ત્યાં મંત્ર જપવા બેઠો. તેણે દેવતાઓને બલિ બાકુળ આપીને રાજાને કહ્યું, "દક્ષિણ દિશાએ જતા મોટું વડલાનું વૃક્ષ આવે છે એની શાખાએ એક શબ બાંધેલું છે તે લાવીને અહીં હાજર કર." યોગીની આજ્ઞા માનીને રાજા વડલા નજીક આવ્યો. વડલાની શાખા ઉપર ચઢી તેની સાથે બાંધેલા મૃતકના બંધન કાપી એ મૃતકને લઈ રાજા વડલાની નીચે ઊતર્યો. એ દરમિયાન મૃતક ફરી વડ પર બંધાઈ ગયો. રાજા ફરી ચડ્યો અને બંધન કાપીને લઈને નીચે ઉતર્યો. રાજાના સાહસની પરીક્ષા કરવા એ મૃતકની અંદર રહેલો વ્યંતર બોલ્યો, "હે રાજન ! જો મારો પીછો નહિ છોડે તો તને મારી નાખીશ." વ્યંતરની ધમકીથી રાજા ડગ્યો નહિ તેણે પોતાનું મૌન છોડ્યું નહિ. રાજાને ભયભીત કરવા માટે ભયંકર રૂપો પ્રગટ કરી ભયંકર ત્રાડો પાડવા માંડ્યો. તો પણ રાજા સ્હેજ પણ ડગ્યો નહિ. રાજાના સત્યથી પ્રસન્ન થયેલો વ્યંતર બોલ્યો.

"હે વીર ! તારા નિશ્ચયપણાથી હું પ્રસન્ન થયો છું. સત્ય વાત એમ છે કે તું પુત્રની ઇચ્છાવાળો છું છતાં આ યોગી તારી ઇચ્છા પૂરી કરશે નહિ. યોગી માયાવી છે. તું સરળ છે. તારા દેહનું બલિદાન કરી યોગી પોતાની વિદ્યા સિદ્ધ કરવા માગે છે. એ દુર્જન શિરોમણીની વાતામાં તુ આવતો નહિ.

તે યોગીનો તું ત્યાગ કર. હે રાજન્ ! મારા વચનથી સાત રાત્રી પછી સૂર્યના સ્વપ્નથી સૂચિત તારે પુત્ર થશે. આ યોગી તો તને મારી નાખશે પણ તારું ખડ્ગ એને આપીશ નહિ. તારા ખડ્ગના પ્રતાપે મારી સહાયથી તું એને જીતી લઈશ." વ્યંતરની વાત સાંભળીને રાજા યોગી પાસે આવ્યો. યોગીએ મૃતકની પૂજા કરી મંડલમાં સ્થાપન કર્યા પછી રાજા પાસે ખડ્ગ માંગ્યુ. વ્યંતરના વચનને યાદ કરી રાજાએ ખડ્ગ આપ્યું નહિ. યોગીએ રાજાને ઘણો સમજાવ્યો પણ રાજા માન્યો નહિ એટલે ક્રોધાયમાન થઈને યોગી રાજાને મારવા ધસ્યો ત્યારે રાજા યોગીને ગળચીમાંથી પકડી બોલ્યો, "તારા જેવા પાપીને મારે મારીને મારો પુરુષાર્થ કલંકિત કરવો નથી. માટે મારી નજરથી દૂર ચાલ્યો જા." ભય પામી ગયેલા યોગીએ રાજાને મણિ આપ્યો અને માફી માંગીને પોતાના સ્થાનકે ચાલ્યો ગયો. રાજા પણ પ્રાતઃકાળ થતા પોતાના મહેલમાં આવી ગયો અને મંત્રીઓને રાત્રી સંબંધી વાત કરી. રાજાનું વૃતાંત સાંભળી મંત્રીઓ ખુશ થયા અને નગરમાં મહોત્સવ કર્યો.

## :: અગિયારમા ભવમાં ::

દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને પૂર્ણચંદ્ર રાજાનો જીવ ગુણમાળા પટરાણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તે સમયે મહાદેવીએ સ્વપ્નાવસ્થામાં સુશોભિત અને તેજસ્વી અર્કમંડળ જોયું. પ્રાતઃકાળે રાજાને સ્વપ્નની વાત કરી એટલે રાજાએ વ્યંતરના વચન અનુસાર રાણીને કહ્યું કે આપણને રાજ્યભાર વહન કરનાર યોગ્ય પુત્ર થશે. સાતમે મહિને રાણીને દોહદ ઉત્પન્ન થયો સમગ્ર સૈન્ય સહિત પોતે રાજલીલાનો અનુભવ કરવા વનક્રીડા માટે જાય. રાજાએ તેની ઇચ્છા પૂર્ણ કરી. ગુણમાળા રાણી હાથી ઉપર બેસીને, તેની આજુબાજુ મંત્રીઓ, સામંતો અને નગરપતિઓ રહ્યા અને અદ્ભુત દાન વડે દીન અનાથ અને રંકજનોને સંતોષ પમાડતા રાજા સાથે નગરની બહાર અરણ્યમાં ગઈ. એ સમયે કરૂણ સ્વરે રૂદન કરતી કોઈ સ્ત્રીનો શબ્દ સાંભળી રાણી બોલી, "હે સ્વામી ! કોઈ વિદ્યાધરી રૂદન કરે છે તો તેની પાસે જઈએ."

બંને જણા અવાજની દિશામાં ગયો તો એક વિદ્યાધર ઘવાઈને અતિપીડા અનુભવી રહ્યો હતો અને તેની આગળ દિવ્યસ્વરૂપા વિદ્યાધરી રૂદન કરી રહી હતી. રાજાને યોગીએ આપેલા મણિને જળમાં પ્રક્ષાલિત કરી એ જળનું ઘા ઉપર સિંચન કરવાથી ઘા રૂઝાઈ ગયો. વિદ્યાધર ચેતનવંતો થઈ રાજાને કહેવા લાગ્યો, "અમારો ભાગ્યોદય થયો કે તમારા જેવા સજ્જનો મળ્યા." રાજા પૂછે છે, "તમારા જેવા ભાગ્યશાળીને આફત ક્યાંથી ?" રાજાની વાત સાંભળી વિદ્યાધર પોતાનું વૃતાંત કહે છે.

વૈતાઢ્ય પર્વત ઉપર રત્નધર્મપુર નગરના જયંત રાજાનો હું જયવેગ નામનો પુત્ર છું. ત્યાં જ આવેલા કુંભપુર નગરનો રાજા ધર હતો. તેણે મારી મોટીબેન મારા પિતા પાસે માંગી પણ તેનું અલ્પ આયુષ્ય જાણી મારા પિતાએ તેને કન્યા આપી નહિ અને બીજા વિદ્યાધરને આપી. એ જાણીને ક્રોધે ભરાયેલો ધરરાજા અમારી પર યુદ્ધ કરવા આવ્યો. મહાયુદ્ધ થયું અને તેને મારા પિતાએ મારી નાખ્યો. તેના પુત્ર કિન્નર અમારા પર વેર વાળવાની તક શોધતો હતો. જ્યારે હું આ અરણ્યમાં મારી પ્રિયા સાથે ક્રિડા કરવા આવ્યો અને તેને ખબર પડી એટલે અહીં આવીને મારા પર તીવ્ર પ્રહાર કર્યો અને હું મૂર્છિત થઈ ગયો. પ્રિયાનું રૂદન સાંભળી તમે આવી પહોંચ્યા. પછીની હકીકત તમે જાણો છો. રાજા એ વિદ્યાધરને તેની પ્રિયા સાથે નગરમાં તેડી લાવ્યો અને સારી રીતે આગતાસ્વાગતા કરી. પટરાણી અને વિદ્યાધરીને સખીપણા થયા. મહેમાનગતિ માણી વિદ્યાધર પ્રિયા સહિત પોતાના સ્થાનકે ચાલ્યો ગયો.

પૂર્ણ સમયે પટ્ટરાણીએ પુત્રને જન્મ આપ્યો. મોટો જન્મોત્સવ કરીને પુત્રનું નામ પાડ્યું શૂરસેન. મિત્રને ઘેર પુત્ર જન્મ થયો જાણી વિદ્યાધર પ્રિયા સાથે ત્યાં આવી પહોંચ્યો. કુમારના અદ્‌ભુત રૂપથી પ્રસન્ન થયેલી વિદ્યાધરીએ રાણીને કહ્યુ, "સખી ! મને કોઈ નિમિત્તકે કહ્યું છે મને પ્રથમ કન્યાનો જન્મ થશે. જો મને પુત્રી આવશે તો હું એ કન્યાને આ કુમાર સાથે પરણાવીશ." આ વિદ્યાધર અને વિદ્યાધરી ને ત્યાં સુંદરીનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને

વિદ્યાધરીને કુક્ષીમાં કન્યારૂપે ઉત્પન્ન થયો. તે વખતે વિદ્યાધરીએ મનોહર કાંતિવાળી મોતીની માળા જોઈ. પૂર્ણ માસે પુત્રીનો જન્મ થયો અને સ્વપ્ન અનુસારે નામ પાડ્યું મુક્તાવલી. શુરસેન અને મુક્તાવલી બંને જણ અનુક્રમે યૌવનવયમાં આવ્યા. તેઓ જિનેશ્વરની પૂજા કરતા અને સાધુજનોની ભક્તિ કરતા.

એક દિવસ વિદ્યાધર પોતાના પરિવાર સહિત પુત્રીના લગ્ન માટે મિથિલાનગરી આવી પહોંચ્યો. રાજાએ વિદ્યાધરનું સન્માન કર્યું. અને શુભ મહૂર્તે, મોટા મહોત્સવપૂર્વક કુમાર કુમારીના લગ્ન થઈ ગયા. વિદ્યાધરે ખૂબ રત્નો અને સુવર્ણથી કોટિ દ્રવ્ય આપ્યું. અને પુત્રીને સારી રીતે શિખામણ આપી પોતાના નગર તરફ ચાલ્યો ગયો. માતાપિતાના જવાથી વિદ્યાધરબાળા શોકમાં રહેવા માંડી. એને માતાપિતાની વારંવાર યાદ આવવાથી તેને કોઈપણ વિનોદના સાધનોમાં આનંદ આવતો નહિ. છતાં પૂર્વભવના સ્નેહથી રાજકુમાર તેને રીઝવવાના પ્રયત્નો કરતો. સમય જતા તે બાળા પણ માતાપિતાના વિયોગને ભૂલીને સુખમાં સમય પસાર કરવા માંડી.

## :: શૂરસેનને રાજ્ય પ્રાપ્તિ ::

દેવ સમાન ભોગોને ભોગવતાં બંને જણ સમયને પણ જાણતા નહિ. શાસ્ત્ર વિનોદમાં સવાલ કરતું અને જવાબ મેળવતું એ યુગલ દેવતાની માફક સુખો ભોગવતું હતું. એક વાર નરસિંહ રાજા સ્નાનકાર્યથી પરવારીને અલંકાર ધારણ કરવાને અરીસાભુવનમાં આવ્યા. અરીસામાં પોતાના દેહની સુંદરતા જોતા વૈરાગ્ય ઉપજ્યો. તેણે વિચાર્યું અનિત્ય શરીર માટે મેં ઘણું કષ્ટ ભોગવ્યું. છતાં આત્મહિત કર્યું નહિ. આ રીતે ભાવના ભાવતા નરસિંહ રાજાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. સિંહ જેવા પરાક્રમી રાજા એ પંચમુષ્ટિ લોચ કરી સંયમ ગ્રહણ કરી લીધો અને પૃથ્વી પર વિહાર કરતા ભવ્યજનોને બોધ આપવા માંડ્યા.

પિતાની ત્યાગવૃત્તિથી શોકગ્રસ્ત થયેલા કુમારને મંત્રીઓ એ સમજાવી રાજ્યાભિષેક કર્યો. રાજ્યસુખનો અનુભવ કરતા રાજા સૂરસેનનો ઘણા સમય વીતી ગયો. ત્યારે મુક્તાવલી પટ્ટરાણીને ચંદ્રસેન નામનો પુત્ર થયો. ચંદ્રસેન અનેક કલાઓમાં પારંગત થઈ યૌવનવયમાં આવ્યો. પિતાએ આઠ રાજ્ય કન્યાઓ પરણાવી. તેમની સાથે વિષયસુખ ભોગવતો ચંદ્રસેન પિતાની છાયામાં સુખમાં સમય પસાર કરતો હતો. એકવાર શરત માટે રાજા મંત્રીઓના કહેવાથી નગરની બહાર આવ્યો. ત્યાં અશ્વોને છોડાવીને પરીક્ષા કરતા બપોરનો સમય થયો. ભયથી વ્યાકુળ થયેલો રાજા એક વૃક્ષ નીચે આરામ કરવા બેઠો. સૂર્યની સામે ધ્યાનમાં બેઠેલા મુનિ પર રાજાની દૃષ્ટિ પડી. રાજાએ તરત જ મુનિ પાસે આવીને વંદન કર્યા. મુનિએ પણ ધ્યાન પૂર્ણ કરી રાજાને ધર્મદેશના આપી.

"હે રાજન ! ડાહ્યો માણસ રોગની માફક ભોગમાં રક્ત થતો નથી. ભોગવિષયો ભોગકાળે તો મધુરા જ હોય છે પણ એના પરિણામ ભયંકર છે. મનુષ્યમાં ભોગ સામગ્રી હોવા છતાં પ્રિયનો વિયોગ, રોગ વગેરે આવે છે. દેવતાઓને પણ ભોગ સામગ્રી શાશ્વતી નથી હોતી. મારે અસાર ભોગોનો ત્યાગ કરી તમારે આત્મહિત સાધી લેવું." મુનિની દેશના સાંભળી રાજા નગરમાં ગયો. મુનિના ગુણને યાદ કરતો રાજા નિંદ્રાવશ થઈ ગયો. દેવદંદુભિથી રાજાની નિંદ્રા ઊડી ગઈ. મુનિને કેવળજ્ઞાન પ્રગટ થયેલું જાણી રાજા મુનિને વાંદવા આવ્યો. એ સમયે કોઈ તેજસ્વી દેવ પુરુષ ગુરુના ચરણોમાં નમ્યો. તેને જોઈ રાજાએ મુનિને પૂછ્યુ, 'હે ભગવન ! આ પુરુષ કોણ છે ? આપના પ્રત્યે અત્યંત ભક્તિનું કારણ શું ? કેવલી ભગવાને એ પુરુષનું ચરિત્ર કહેવાનું શરૂ કર્યું,

## :: રાત્રિ ભોજનનું ફળ ::

જેમ જેમ સમ્યક્ત્વ શુદ્ધ થાય છે તેમ તેમ દેવગુરુ અને ધર્મ ઉપર શુદ્ધ ભક્તિરાગ જાગે છે. પદ્મખંડ નગરમાં ધનવાન ઈશ્વર અને ધનેશ્વર નામે બે વણિક મિત્રો રહેતા હતા. ઈશ્વર જૈન ધર્મમાં પ્રીતિવાળો તેમજ રાત્રી ભોજનના ત્યાગરૂપ વ્રતવાળો ધર્માનુરાગી હતો ત્યારે ધનેશ્વર વિપરીત બુદ્ધિનો મિથ્યાત્વધર્મી હોવા છતાં બંને વચ્ચે મિત્રતા હતી.

પ્રતિદિવસના આઠમાં ભાગે ભોજન કરવામાં તત્પર ઈશ્વરને જાણી કદાગ્રહી ધનેશ્વર ધર્મની અને રાત્રિભોજન ત્યાગની નિંદા કરવા લાગ્યો. ધનેશ્વરની વાત સાંભળી ઈશ્વર બોલ્યો, "મિત્ર ધર્મની નિંદા કરીને તારા આત્માને શા માટે પાપકર્મ વડે બાંધે છે ? બુદ્ધિમાનોએ તો વિચાર કરીને અલ્પદોષવાળું આદરી બહુ દોષવાળું ત્યાગી દેવું જોઈએ. અલ્પદોષવાળું ભોજન કરી મહાદોષવાળા માંસાદિકનો ત્યાગ કરવો પરદ્રવ્યહરણ અને પરસ્ત્રી સેવન બહું દોષવાળા પાપનો ત્યાગ કરીને શ્રાવકે સ્વદ્રવ્ય અને સ્વસ્ત્રીમાં જ સંતોષ ધારણ કરવો તેમજ રાત્રી ભોજનમાં તો પારાવાર દોષ હોવાથી વિવેકી પુરુષે તેનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ." ઈશ્વરની સત્ય વાત સાંભળવા છતાં ધનેશ્વરે પોતાનો મમત્વ મૂક્યો નહિ. એ ધનેશ્વર આર્તધ્યાને મરણ પામીને વાગોળમાં ઉત્પન્ન થયો ત્યાં મરણ પામી ઘુવડ, ચામાચીડિયા અને શિયાળના ભવોમાં ભ્રમણ કરી એક બ્રાહ્મણકુળમાં પુત્રપણે ઉત્પન્ન થયો. જન્મથી જ રોગી થયો. એક રોગ મટે તો બીજો બે નવા ઉત્પન્ન થાય. મોતના મેમાન એવા પુત્રનું નામ પણ ના પાડવાથી ગામમાં રોગ નામે પ્રસિદ્ધ થયો.

ઈશ્વર શ્રાવકના વ્રતને ધારણ કરનારો વૈરાગ્ય પામીને ધર્મેશ્વર ગુરૂ પાસે દીક્ષા ગ્રહણ કરી પૃથ્વી પર વિહાર કરતા તે મુનિ ધનેશ્વરના નગરમાં આવ્યા. તે મુનિને પેલા બ્રાહ્મણે (પિતા) જોયા અને તેમને નમસ્કાર કરી પોતાના રોગનું કારણ પૂછ્યું. મુનિએ બ્રાહ્મણને ધર્મરૂપી ઔષધ આચરવાનું કહી ચાલ્યા ગયા. પાછળથી પિતા-પુત્ર આવીને ધર્મરૂપી ઔષધ વિશે પૂછવા

લાગ્યા. મુનિ એ ઉપદેશ આપતાં કહ્યું, "રોગની શાંતિને માટે પ્રથમ રોગનું કારણ જાણવું જોઈએ. એ કારણનો ત્યાગ કરવાથી અને ઔષધરૂપી ધર્મનું સેવન કરવાથી સારૂ થશે રોગના કારણરૂપ જીવહિંસા, અસત્ય, ચોરી મૈથુન અને પરિગ્રહ તેમજ રાત્રી ભોજન છોડી દેવા. પંચપરમેષ્ટિનો જાપ, કષાય અને ઇન્દ્રિયનું દમન યથાશક્તિ દાન, પાપની નિંદા એ બધા ધર્મ ઔષધ જાણવા. જેના સેવનથી આરોગ્ય પ્રાપ્ત થાય છે." મુનિએ વિસ્તારથી ધર્મ સ્વરૂપનું વર્ણન કરવાથી બ્રાહ્મણ પુત્ર સમક્તિને પામીને શ્રાવક વ્રતને આચરનાર થયો. રૂઢ શ્રદ્ધાથી ધીરજથી સમય પસાર કર્યો. તેની પરીક્ષા કરવા સ્વર્ગમાંથી દેવતાઓ વૈદ્ય બનીને આવ્યા. તેમણે મધ, માંસ, માખણ અને દારૂથી મિશ્રિત દવાઓ ખવરાવવા અનેક પ્રયત્ન કર્યા છતાં તે નિશ્ચયમાં ડગ્યો નહિ. દેવતાઓએ પ્રસન્ન થઈને તેને નીરોગી કર્યો ત્યારથી લોકોમાં તે અરોગ નામથી પ્રસિદ્ધ થયો. અરોગ ધર્મમાં ભાવ રાખી અનુક્રમે મરણ પામી સ્વર્ગમાં દેવ થયો. તે દેવ અવધિજ્ઞાને મને ધર્માચાર્ય જાણી નમવાને આવ્યો છે. મને કેવળી જાણી વિશેષ પ્રસન્નતા દર્શાવવા નૃત્ય કરી રહ્યો છે. ઈશ્વર કેવલીના વચનથી રાત્રી ભોજનનો અનેક લોકોએ ત્યાગ કર્યો.

## :: સૂરસેનની દીક્ષા ::

શ્રી ઈશ્વર કેવલીનો ઉપદેશ સાંભળી વૈરાગ્યવાન રાજા સૂરસેન બે હાથ મસ્તકે લગાડતા બોલ્યા, "ભગવન્ ! આપને ધન્ય છે કે આપે વ્યાધિથી પીડાયેલા પુરુષનો ઉદ્ધાર કર્યો. દેવ પણ કૃતજ્ઞ છે કે જેમને પોતાના ઉપકારી ગુરૂ પ્રત્યે આવી અપૂર્વ ભક્તિ છે. જો મારી યોગ્યતા હોય તો મને સંયમલક્ષ્મી આપો." ગુરુએ એ યોગ્ય છે તેમ જણાવ્યું. રાજા નગરમાં ગયો અને પોતાની સંયમ લેવાની ઈચ્છા જાહેર કરી. રાણી મુક્તાવલી પણ એમાં અનુમતિ આપતા બોલી, "સ્વામી ! ક્ષણ માત્રનો પણ વિલંબ કરશો નહિ. કારણ કે ગુરુનો જોગ પામવો દુર્લભ છે." રાજાએ ચંદ્રસેન કુમારને શુભ મુહૂર્તે ગાદી પર બેસાડ્યો અને શિખામણ આપી કે પ્રજાને પુત્રની માફક પાળવી અને

અનીતિ દુરાચારનો રાજ્યામાંથી નાશ કરવો. મંત્રીઓની હિતવાર્તાનો અનાદર કરવો નહિ. "રાજાએ જિનમંદિરોમાં અષ્ટાન્હિકા મહોત્સવ કરી શ્રાવકના સમૂહને દાન આપી ગુરુ પાસે આવીને પ્રિયા સહિત દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે રાજારાણી અગીયાર અંગના જ્ઞાતા થયા. નિરભિચારપણે ચરિત્ર પામતાં રૂડી ભાવના વડે આત્માને નિર્મળ કર્યો. તપરૂપી અગ્નિ વડે મહાન ગાઢ કર્મ બળી મિથ્યાત્વરૂપી વૃક્ષનો નાશ કર્યો. દીર્ઘકાલ પર્યંત ચારિત્રને પાળી અંત સમયે એક માસનું અનશન કરી લીધુ. ચારિત્રના પ્રતાપે આયુષ્ય પૂર્ણ કરી બંને ઉત્તમ દેવ થયા અને ઈન્દ્રની પદવીને પ્રાપ્ત થયા."

પરિચ્છેદ ૭

# પદ્યોત્તર અને હરિવેગ

## :: વનમાલા ::

ભરતક્ષેત્રમાં ઉત્તર દિશાએ ગર્જનપુર નગર હતું. નગરનો રાજા સુરપતિ મહા પરાક્રમી હતો. તેની સતી નામે પટ્ટરાણી હતી. શૂરસેન રાજાનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને સતીની કુક્ષિએ ઉત્પન્ન થયો. તે રાત્રે રાણીએ સ્વપ્નમાં હંસ અને સારસથી શોભતા પદ્મકરને જોયું. શુભ ગ્રહ અને સારા નક્ષત્રના યોગે રાણીએ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ પાડ્યું. પદ્યોત્તર. સર્વે કલાઓમાં વિશારદ થઈને રાજકુમાર યૌવનવયમાં આવ્યો. દયાળુ, દાનેશ્વરી, શાંત અને સૌમ્યમૂર્તિ કુમાર મિથ્યાત્વીના કુળમાં ઉત્પન્ન થવા છતાં યજ્ઞની વાત તેને ગમતી નહિ. બ્રાહ્મણનું ઔચિત્ય પણ માત્ર પિતાની ખુશી માટે કરતો બ્રાહ્મણ હોવાથી જૈનધર્મથી વંચિત હતો.

વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણીમાં (દિશામાં) સુભૌમપુર નામે નગર હતું. તેમાં તારવેગ નામનો રાજા અને કમલમાલા નામની રાણીની કુક્ષીએ મુક્તાવલીનો જીવ પુત્ર પણે ઉત્પન્ન થયો. સ્વપ્નમાં સિંહના બાળકને જોવાથી તેનું નામ રાખ્યું હરિવેગ. વિદ્યાધરની લક્ષ્મીથી લાલન પાલન કરાતો હરિવેગ યૌવનવયમાં આવ્યો. એ સમયે મથુરા નગરીના ચંદ્રધ્વજ નામે રાજાને બે સ્ત્રીઓ થકી એક એક પુત્રી થઈ. શશિલેખા અને સૂર્યલેખા. એ બંને પુત્રીઓ જ્યારે યૌવનવયમાં આવી ત્યારે પિતાએ તેમનો સ્વયંવર કર્યો. દેશ દેશના રાજકુમારોને આમંત્રણ આપવા રાજાએ દૂતોને મોકલ્યા. એક દૂતે ગર્જનપુર નગરમાં આવીને રાજાને વિનંતી કરી સ્વયંવર માટે કુમારને આમંત્રણ આપ્યું.

પિતાની આજ્ઞાથી પદ્યોત્તર કુમારે પરિવાર સહિત મથુરા નગરી તરફ પ્રસ્થાન કર્યું. શહેરો અને નગરોનું નિરીક્ષણ કરતાં કરતાં વનમાં રહેતા તાપસ આશ્રમ પાસે આવ્યા. અનેક ફળો અને સહકારાદિક વૃક્ષરાજીથી શોભી રહેલા

આશ્રમને જોઈને કુમારે ત્યાં પડાવ નાખ્યો અને તાપસપતિને નમવા આવ્યો. તાપસપતિને નમીને બેઠો એટલે તાપસપતિએ પણ એને ઉત્તમ અતિથિ જાણી (રાજકુમાર) એને લાયક મનોહર કન્યાને બોલાવી. કુમાર તેના સૌંદર્ય ને જોઈને દિગ્મૂઢ થઈ ગયો. "આટલું અદ્દ્ભૂત સૌંદર્ય ! તે પણ ઋષિના આશ્રમમાં ક્યાંથી ?" કુમારને શંકાશીલ જોઈને તાપસપતિએ ખુલાસો કરવા માંડ્યો. કુમાર પણ સાંભળવા તત્પર થયો.

"ઉત્તર દશિાએ સુરભિપુર નગરમાં વસંતરાજા રાજ્ય કરતો હતો. તેને ઘણી રાણીઓ હતી તેમાં પૈકી પુષ્પમાલા રાણીને ગુણમાલા નામે પુત્રી થઈ. રાજકુમારી ઉપર રાજાને અપૂર્વ પ્રેમ હોવાથી યૌવનવયમાં અનેક રાજકુમારો એને વરવાને આતુર હતા છતાં રાજાએ કોઈને કન્યા આપી નહિ. એકવાર ચંપાનગરનો યુવરાજ શુકકુમાર મોટા સૈન્ય સાથે ફરતો ફરતો ત્યાં આવ્યો. રાજાએ તેનો આદરસત્કાર કર્યો અને મંત્રીઓની સમજાવટ પછી આ રાજકુમાર સાથે ગુણમાલાને પરણાવી દીધી. રાજાએ આપેલા રાજભુવનમાં પ્રિયા સાથે નિવાસ કરતા રાજકુમારમાં અનેક ગુણો હતાં છતાં ચંદ્રમાના કલંકની માફક એક અવગુણ હતો. તેને શિકારનું વ્યસન હતું. રોજ દૂર દૂર જંગલમાં જઈ અનેક નિર્દોષ પ્રાણીઓનો શિકાર કરી મારી નાખતો હતો. રાજાએ તેને શિખામણ (ઉપદેશ) આપી શકે તેવા સુમુખ નામના ભટને આજ્ઞાકરી. સુમુખ રાજકુમાર પાસે આવીને ઉપદેશ આપવા માંડ્યો. "ઉત્તમ જનોએ પ્રાણીવધનું પાપ ના કરવું જોઈએ. દીન, અનાથ તેમજ નાસી જતા જીવોને પાછળ પડી ઘા કરવો એ ક્ષત્રિયનો કુલાચાર નથી અન્યને પીડા કરવાથી અનેક પ્રકારની વ્યાધિઓ ભોગવવી પડે છે. આકાળે મરણ થાય છે. બીજા પ્રાણીનો વિયોગ કરવાથી પોતાને પણ વિરહ અગ્નિમાં બળવું પડે છે. મૂળમાં તૃણ નાખેલા શત્રુને પણ શૂરવીરો અભય આપે છે ત્યારે તૃણ ખાતા પશુઓને મારી નાખવામાં નીતિ નથી." ભટ્ટનો ઉપદેશ સાંભળી કુમાર કંઈક રીતે અસર પામ્યો પણ મનથી એણે ત્યાગ કર્યો નહિ. એકવાર

પિતાનો સંદેશો આવવાથી કુમાર રાજાની આજ્ઞા લઈને પ્રસૂતા પત્ની સાથે પોતાના નગરે જવા નીકળ્યો રસ્તામાં આ તાપસ આશ્રમ નજીક આવી પહોંચ્યો.

અનેક વનચર પશુઓને કિલકિલાટ કરતા જોઈ શુકકુમારની મૃગયાવૃત્તિ સતેજ થઈ. પોતાના અશ્વને એ પશુઓ તરફ દોડાવ્યો. દૈવયોગે માર્ગમાં તૃણથી આચ્છાદિત એક ખાઈમાં અશ્વ પડી ગયો. અશ્વ નીચે દબાયો અને કુમારને ઘણી ઈજા થઈ. સુભટો આવી પહોંચ્યા અને કુમારને ખાઈમાંથી બહાર કાઢ્યો. પતિના દુઃખથી ગુણમાલા પણ અત્યંત વ્યથિત થઈને વિલાપ કરવા માંડી. એના માતાપિતા પણ સમાચાર મળવાથી આવી પહોંચ્યા. છતાંય બે દિવસ મહાવ્યથા ભોગવી કુમાર પીડાથી મરણ પામ્યો. મૃગયારૂપી પાપનું ફળ એ રીતે અને તરત જ મળી ગયું. ગુણમાલા પતિ સાથે બળી મરવા તૈયાર થઈ. માતાપિતાએ સમજાવી અને ત્રણેય દુઃખીજીવ આ તપોવનમાં કુલપતિ પાસે આવ્યા. કુલપતિએ વૈરાગ્યનો ઉપદેશ આપી શાંત કર્યા. ઉપદેશથી વૈરાગ્ય પામી રાજારાણીએ તાપસી દીક્ષા લેવાનો વિચાર કર્યો. મોટા પુત્રને ગાદી પર બેસાડી રાજા, રાણી અને પ્રસૂતા ગુણમાલાએ દીક્ષા ગ્રહણ કરી. કેટલાક દિવસ પછી ગુણમાલાએ મનોહર પુત્રીને જન્મ આપ્યો અને શૂલની વ્યાધિથી પીડાઈને ત્યાં જ કાળધર્મ પામી ગઈ. પુત્રીના મરણથી વ્યથિત થયેલી પુષ્પમાલાએ તે બાળાને ઉછેરવા માંડી. વનમાલા નામે વૃદ્ધિ પામતી બાળા યૌવનવયમાં આવી. વસંતમુનિને પોતાના પદ ઉપર સ્થાપન કરી કુલપતિ પણ સ્વર્ગે ગયા. પુષ્પમાલા પણ દૈવવશાસાત્ કાળધર્મ પામી ગઈ. વસંતમુનિ એટલે હું પોતે :

મારા ગુરુએ કહ્યું હતું કે "આ બાળાનો જે પતિ થશે તે મોટો મહારાજ-ધિરાજ થશે. માટે આ બાળા વનમાલાને ગ્રહણ કરી મને મોહબંધનમાંથી મુક્ત કર." વસંત રાજર્ષિનું વચન સ્વીકારી કુમારે વનમાલા સાથે પાણિગ્રહણ કર્યું. નવોઢા પ્રિયા સાથે કેટલાક દિવસ રહી કુલપતિની આજ્ઞા લઈને પદ્મોત્તર કુમાર મથુરાના માર્ગે ચાલ્યો.

## :: મથુરા નગરીમાં ::

પદ્મોત્તરકુમાર મથુરા નગરી આવી પહોંચ્યો. અનેક દેશના રાજકુમારો ત્યાં આવ્યા હતા. સ્વયંવર સમયે અનેક રાજકુમારો હીરા, માણેક, મોતી અને રત્નોથી ઝળહળી રહ્યા હતા અને રાજકન્યાના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. યથા સમયે બંને કન્યાઓ હાથમાં વરમાળા ધારણ કરી મહા કીંમતી વસ્ત્રાભરણમાં સજ્જ થઈ ને મંડપમાં આવી પહોંચી. પોતાના સૌંદર્યથી સભાને મુગ્ધ કરતી બાળાઓ, પોતપોતાના મંચ પર રહેલા રાજકુમારોનું અવલોકન કરવા લાગી. બંને બાળાઓ અન્ય રાજકુમારોના ત્યાગ કરતી પદ્મોત્તર કુમાર બેઠો હતો. ત્યાં અટકી. કુમારને જોઈ બંને બાળાઓની દૃષ્ટિ ત્યાં સ્થિર થઈ ગઈ અને બંને વરમાળાઓ પદ્મોત્તરકુમારના ગળામાં પડી. એક જ નરને બંને બાળાઓ વરવાથી મંડપમાં ખૂબ ખળભળાટ થયો. રાજકુમારોને પોતાનું અપમાન થઈ ગયું હોય તેમ યુદ્ધ માટે તૈયાર થઈ ગયા. સાકેતપુરપતિ વિદુરાજા રાજકુમારોને ઉદ્દેશીને બોલ્યો, "આ રાજાએ બંને કન્યાઓ જો પદ્મોત્તરને આપવાની હતી તો અન્ય રાજકુમારોને અપમાન માટે શા માટે બોલાવ્યા ?" રાજાઓ રણસંગ્રામ ખેલવા અને પદ્મને મારવા ઉત્સુક થઈ ગયા. અનેક રાજાઓ અને તેમના સૈન્યના સમુદાયો એકાકી રથારૂઢ રાજકુમારને જોયો. રાજા વિદુર અટ્ટાહાસ્ય કરતાં બોલ્યો, "અરે બાળક ! નાસી જા !" પદ્મોત્તરે કહ્યું, "હું નાસી જવાનો નથી. તમારી તાકાત અજમાવો." પછી તો રણસંગ્રામની શરૂઆત થઈ અને કુમારે સિદ્ધ વૈતાલી વિદ્યાનું સ્મરણ કર્યું. તેના પ્રભાવથી શત્રુઓ જે શસ્ત્રો છોડતા તે શસ્ત્રોથી પોતે જ હણાવા લાગ્યા. આ અપૂર્વશક્તિથી શત્રુ રાજાઓ કુમારના ચરણમાં પડ્યા. કુમારે સિદ્ધ વૈતાલી વિદ્યા સંકેલી લીધી.

ચંદ્રધ્વજ રાજાએ વિદુરાદિક રાજાઓનું સન્માન કરીને વિદાય કર્યા અને બંને કન્યાઓ સાથે કુમારનો વિવાહ મોટી ધામધૂમપૂર્વક કર્યો. ચંદ્રરાજાના આગ્રહથી કેટલોક કાળ કુમાર શ્વસુરનગરમાં રહ્યો. એકવાર

શ્વસુરની રજા લઈને કુમાર બંને પ્રિયાઓ તથા પોતાના પરિવાર સાથે પોતાના નગર તરફ ચાલ્યો. પિતાએ મોટો પ્રવેશોત્સવ કર્યો અને રાજકુમારને યુવરાજ પદ્વીથી વિભૂષિત કર્યો. કુમાર પુણ્યના મધુર ફળોને ભોગવતો પિતાની છાયામાં પોતાનો સમય પસાર કરવા લાગ્યો.

## :: મેળાપ ::

વૈતાઢ્ય પર્વતની ઉત્તર દક્ષિણે વિદ્યાધરોની બે શ્રેણીઓ રહેલી છે. એ શ્રેણીઓમાં રાજધાની સહિત આઠ અને પચાસ નગરો આવેલા છે. ઉત્તર શ્રેણીમાં ગગનવલ્લભ નામનું રમણીય નગર આવેલું છે. ત્યાંના રાજા કનકકેતુની કનકાવતી અને રત્નાવતી નામે બે રાણીઓ થકી કનકાવલી અને રત્નાવલી નામે બંને પુત્રીઓ યૌવનવયમાં પ્રવેશી ચૂકી હતી. બંને બાળાઓના મનોહર રૂપની ખ્યાતિ બંને શ્રેણીઓમાં પ્રસરી ગઈ હતી. નિમિત્તિયાએ બંને બાળાઓની ભાગ્યરેખા જોઈને કહેલું કે જે એક બાળાનો પતિ થશે એક શ્રેણીનો અધિપત્તિ થશે અને બંને બાળાઓના થનાર પતિ બંને શ્રેણીના અધિપતિ થશે. એ બાળાઓ માટે રાજાએ સ્વયંવરની રચના કરી. સ્વયંવરમાં આવેલા અનેક વિદ્યાધરોમાંથી બંને બાળાઓ હરિવેગ કુમારને વરી. મોટા મહોત્સવપૂર્વક તેમનો વિવાહ ઉત્સવ ઉજવાયો. શ્વસુરના આગ્રહથી હરિવેગ થોડા દિવસ રોકાઈને પછી તેમની રજા લઈ પોતાના નગરે પ્રિયાઓ સાથે આવ્યો. એનો પિતા પુત્રને ભાગ્યશાળી હોવાથી રાજભોગોને યોગ્ય જાણી વૈરાગ્યના પંથનો વિચાર કરે છે. "મારો પુત્ર ભાગ્યશાળી છે કે તે બંને શ્રેણીનો અધિપતિ થશે. અનેક વિદ્યાધર નરેશોનો ત્યાગ કરી મારા પુત્રને આ બંને બાળાઓ વરી એમાં પુત્રનું પુણ્ય જ મુખ્ય કારણ છે. ભવાંતરના મોટા તપ સિવાય આ શક્ય નથી માટે એના પુણ્યભવની વાત કોઈ જ્ઞાનીને પૂછીશ."

રાજાએ તારવેગે એ પ્રકારના વિચારો કર્યા અને કેવલી ભગવાન શ્રીતેજ નગરીની બહાર સમવરસર્યા. પરિવાર સહિત રાજા કેવલીને વાંદવા આવ્યા અને તેમની ધર્મદેશના સાંભળી. પછી રાજાએ હરિવેગનો પૂર્વભવ

પૂછ્યો. કેવલી ભગવાને શંખરાજા અને કલાવતી રાણીથી શરૂ કરી પદ્મોત્તર અને હરિવેગ સુધીના સર્વે ભવ તથા તેમણે કરેલી ધર્મ કરણી કહી સંભળાવી. પુત્રના ચારિત્રથી વૈરાગ્ય પામેલા તારવેગ રાજાએ પુત્રને રાજ્ય અર્પણ કરીને ચારિત્ર અંગીકાર કર્યું. હરિવેગે પણ ગુરુના મુખથી પદ્મોત્તર કુમારની હકીકત લીધી. ધર્મરહિત પદ્મોત્તર પોતાના થકી ધર્મ-સમ્યક્ત્વ પામશે એ બીના પણ કેવલી ભગવાને કહી સંભળાવી.

અદ્વિતીય હરિવેગ રાજાએ પોતના અતુલ તેજ વડે કરીને વિદ્યાધરની બંને શ્રેણીઓ તાબે કરી ચક્રવર્તી રાજા થયો. એકવાર પોતાના સ્નેહી પદ્મોત્તર કુમારને મળવા માટે હરિવેગે મંત્રીને રાજ્ય સોંપી મોટા પેટવાળો માર્જાર (બિલાડો) વિકુર્વી તેની સાથે સામાન્ય રૂપમાં ગર્જનપુરના બજારમાં ઉપસ્થિત થયો. રાજમાર્ગમાં અનેક વિપ્રો તથા અન્ય લોકોનું ટોળું વીંટળાઈ વળ્યું. પણ માર્જારની કિંમત એક લાખ ટકા સાંભળી બધા પાછા પડ્યા. અંતે તે પુરુષ રાજ્યસભામાં આવી પહોંચ્યો. કુમાર પદ્મોત્તરના હૃદયમાં આ પુરુષ ને જોતાં જ સ્નેહ આવ્યો. તેની સાથે રહેલા સ્થૂલ કાલ માર્જરને જોઈને પૂછ્યુ, "હે સુંદર ! આ તમને ક્યાંથી મળ્યો ?" "મારી ભક્તિથી પ્રસન્ન થયેલા દેવતાએ મને ભેટમાં આપ્યો છે. એનામાં ઘણાં ગુણો છે. એક લાખ દીનાર આપે તે જ આને લઈ શકે છે." રાજાએ તેના ગુણ વિશે પૂછવાથી વિદ્યાધરે કહ્યું, "એક તો મહા પ્રમાણિક છે. બીજો ગુણ ત્રીજો ગુણ જણાવીને કહ્યું આતો એના બાહ્ય ગુણો છે. પરંતુ અભ્યંતર ગુણોનો તો પાર નથી. વિદ્વાનો પાસે એ કિંમત કરાવો. પછી હું જાઉ."

રાજાએ બ્રાહ્મણોને બોલાવી એ માર્જાર હવાલે કર્યો. બ્રાહ્મણો અને હરિવેગ વચ્ચે માર્જારના ગુણ સંબંધી વિવાદો થાય છે. તેમાં હરિવેગે શાસ્ત્રોના દૃષ્ટાંતો સહિત વિવાદ કરીને બધાને દંગ કરી દીધા. બ્રાહ્મણો નિરૂત્તર થઈ ગયા. સુરપતિ રાજા દંગ થઈ ગયો. બ્રાહ્મણોને તેને માટે આદર ઓછો થઈ ગયો. પરંતુ પદ્મોત્તર કુમાર વિચારવા માંડ્યો, "શું આ માર્જારને વેચનાર હોઈ શકે ? કોઈ મહાપુરુષ લાગે છે તેને જ ધર્મનું સ્વરૂપ પૂછું." કુમાર પૂછે છે, "તમારું મન ક્યા દેવ, ગુરુ અને ધર્મમાં રમે છે ?" કુમારના પૂછવાથી

તે પુરુષ બોલ્યો, "સર્વ દર્શનના શાસ્ત્રો હું જાણું છું પણ જૈન દર્શન વગર બીજું કોઈ દર્શન વિવેકવંત નથી. બધા દર્શનવાળા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મ અને સંતોષયુક્ત વ્રતને ધર્મ કહે છે પણ એ પ્રમાણે તેમનું વર્તન નથી. તેઓ કીટકાદિની હિંસા કરે છે. કેટલાક કંદમૂળનો આહાર કરે છે પણ વનસ્પતિમાં જીવ છે તે જાણતા નથી. ધર્મમાં યજ્ઞના નામે પશુઓને પણ હોમે છે અને દયાધર્મ પાળતા નથી. નિર્દોષમાં ધર્મ જિનેશ્વર ભગવાને કહેલો ધર્મ છે. જ્યાં અઢાર દોષરહિત જિનેન્દ્ર તે જ દેવ કહેવાય છે. પંચ મહાવ્રત ધારણ કરનારા ગુરુ કહેવાય છે."

## :: ગુરૂ સમાગમ ::

શુદ્ધ, દેવ, ગુરૂ અને ધર્મનું સ્વરૂપ જાણી કુમાર ખૂબ પ્રસન્ન થયો. હરિવેગે કહ્યું, "જૈનધર્મના પ્રભાવથી ઘણાં કાલપર્યંત ભોગવેલા સુખને ભૂલી ગયો ? ધર્મને સાંભળવા છતાં તું આચરતો કેમ નથી ?" હરિવેગની પરભવને સૂચન કરનારી વાણી સાંભળી પદ્યોત્તરને જાતિ સ્મરણ થયું. આશ્ચર્યથી તે બોલ્યો, "વાહ ! કેવો પરભવનો સ્નેહ ! પરોપકારમાં કેવી પ્રીતિ ! મુક્તાવલીનો જીવ તું અત્યારે મહાન વિદ્યાધરોમાં ચક્રવર્તી થયો છે છતાં મારા બોધ માટે અહીં આવ્યો છે તો હવે માયાનો ત્યાગ કરી તારું મૂળ સ્વરૂપ પ્રગટ કર." મૂળ સ્વરૂપ પ્રગટ કરી હરિવેગ બોલ્યો, "હે મિત્ર ! તને મળવા ઘણા સમયથી ઉત્સુક હતો. કેવલી ભગવાન પાસેથી આપણા પૂર્વભવની હકીકત જાણી ત્યારથી વિદ્યાધરના ઐશ્વર્યમાં સુખી હોવા છતાં ક્ષણવાર પણ તને ભૂલ્યો નહિ અને આજે અવસર મેળવી તને મળવા આવી પહોંચ્યો." હરિવેગનું વચન સાંભળી કુમાર બોલ્યો, મારા માટે તો આજે સોનાનો સૂરજ ઊગ્યો છે." બંનેનો પરસ્પર સ્નેહભાવ જાણી રાજા સુરપતિએ પૂછ્યું, "તમારે બંનેને આવો સ્નેહસંબંધ ક્યાંથી ?" પ્રશ્નના જવાબમાં હરિવેગે પૂર્વભવ (બધા જ) કહી સંભળાવ્યા. બ્રાહ્મણોથી રાજા પણ જૈન ધર્મમાં પ્રીતિવાળો થયો. નગરમાં પણ ઉદ્‌ઘોષણા કરાવી, "જૈનધર્મ પૃથ્વી પર જયવંત છે."

એ દરમિયાન કેવલી ભગવાન શ્રીગુણસાગર કેવલી વિહાર કરતા કરતા એ નગરના ઉદ્યાનમાં સમયવસર્યા. રાજા પરિવાર સાથે તેમને વાંદવા આવ્યો. ભગવાને પાપનો નાશ કરનારી દેશના આપી.

"જન્મ, જરા અને મૃત્યુ રૂપી ભંયકર સંસાર સમુદ્રમાં ધર્મરૂપી વહાણ જ સમર્થ છે. તમને પ્રાપ્ત થયેલ અનિત્ય વસ્તુઓનું તમે રક્ષણ કરો છે અને અધિક મૂલ્યવાન ધર્મ પામવા કેમ પ્રયત્ન કરતા નથી. ? ગુરુના ઉપદેશ વગર એવા શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થતી નથી. એ તત્વત્રયીના ઉપદેશક ગુરૂ મહારાજ જ હોય છે. ગુરુના સમાગમે એ સંસાર સમુદ્રથી પાર ઉતારનાર દુર્લભ જૈનધર્મ પૂર્વના પુણ્યથી પ્રાપ્ત કરીને તેને આરાધવાનો તમે પ્રયત્ન કરો."

કેવલી ભગવાનની દેશનાથી વૈરાગ્ય પામેલા રાજાએ પદ્મોત્તર કુમારને રાજ્ય સોંપી ભગવાન પાસે દીક્ષા લીધી. પદ્મોત્તર રાજાએ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. વિદ્યાધર ચક્રવર્તી હરિવેગ રાજા પદ્મોત્તર રાજાને વૈતાઢય પર્વત ઉપર પોતાના નગરમાં તેડી લાવ્યો. અને ખૂબ આગતા સ્વાગતા કરી. પછી હરિવેગે મિત્રને કહ્યું, "મારું બંને શ્રેણીનું રાજ્ય અને પરંપરાથી આવેલી વિદ્યાઓ ગ્રહણ કરી મને કૃતાર્થ કર." પદ્મોત્તરે જવાબ આપ્યો, "તારા અને મારામાં શું અંતર છે ? તારું રાજ્ય મારું છે. અને મારું રાજ્ય તારું છે, દુર્લભ એવો જૈનધર્મ આપીને તેં મને શું નથી આપ્યું ? હે મિત્ર ! આપણે બંને સાથે રહીને સાથે બંને રાજ્ય ભોગવીએ જ્યારે રાજ્યભારને સમર્થ પુત્ર થાય ત્યારે સાથે જ દીક્ષા લઈશું." હરિવગે વાતનો સ્વીકાર કર્યો અને બંને મિત્રો સાથે જ રહીને રાજ્ય ભોગોને ભોગવવા લાગ્યા.

## :: ચારિત્ર ગ્રહણ ::

હરિવેગ અને પદ્મોત્તર રાજા બંને સાથે રહીને ધર્મકર્મ પ્રીતિપૂર્વક કરવા મહાવિદેહાદિક ક્ષેત્રમાં જઈને જિનેશ્વરોને વંદન કરી તેમનો ધર્મોપદેશ સાંભળતા હતા. નંદિશ્વરદ્વીપાદિના શાસ્વત ચૈત્યોમાં યાત્રા પૂજાદિક ભક્તિથી કરતાં કરતાં જૈનધર્મના મોટા પ્રભાવક થયા અને ધર્મની પ્રભાવના કરી.

શ્રાવક ધર્મના ઉદ્ધાર માટે પોતાની સમૃદ્ધિનો વ્યય કરી નાખ્યો. પ્રજાને પણ સુખી કરી. એ રામરાજ્યમાં લોકો મહાઆનંદ પામ્યા. બ્રાહ્મણો પણ જૈનધર્મ પ્રત્યે આદર વાળા થયા. એકવાર બંને સમર્થ મિત્રો ગર્જનપુર નગરે આવ્યા. ત્યાં શ્રીમંત જૈનો જિનાલયમાં મહાપૂજાઓ રચાવતા, ગીત, વાજિંત્ર અને નાટકાદિ વડે મહાભક્તિથી મોટો મહોત્સવ કરતા હતા. આ બંને મિત્ર-રાજાઓ પણ મોટી સમૃદ્ધિ વડે જીનભવનમાં આવ્યા. ભગવાનની પૂજાને જોઈ પરમ સંતોષથી ભગવાનની સ્તુતિ કરવા માંડ્યા. સ્તુતિ કરીને બંને રાજમિત્રો પોતાના સ્થાનકે ચાલ્યા ગયા.

માર્ગમાં કોઈ મલીન પુરુષને બાંધીને મારતા અને બિભત્સ શબ્દોથી નવાજતા કેટલાક પુરુષોને રાજાએ બૂમ પાડીને બોલાવ્યા. પેલા પુરુષોએ કહ્યું, "નવક્રોડ દ્રવ્યના સ્વામી વરૂણશેઠનો આ પુત્ર, આપણા નગરનો વ્યવહારિયો છે પણ જુગારના વ્યસને ચડી જવાથી ઘણું દ્રવ્ય હારી ગયો. પિતાએ સમજાવ્યો છતાં વ્યસન નહિ છોડતા પિતાએ ઘરબહાર કાઢી મૂક્યો. તો પણ વ્યસનને રોક્યું નહિ અને હારી જાય એટલે જુગારીઓ પીડા આપતા. તેને જોઈને પિતાએ સાતવાર છોડાવ્યો. હાલમાં અમારી એક લાખ દ્રવ્ય હારી જતા અમને અમારા લાખ દ્રવ્ય માગવા છતાં આપતો નથી. તમે તેને છોડી દો."

રાજા વિચારમાં પડ્યો ? અજ્ઞાનની આવી ચેષ્ટા કરનારના કર્મનું કેવું પરિણામ છે ? પછી કહ્યું આ પુરુષ સાથે જે જુગાર રમશે તેને મહાદંડ થશે. એક લાખ દીનાર પોતાના ભંડારમાંથી મંગાવી પેલા પુરુષોને આપી જુગારીને મુક્ત કરી રાજા હરિવેગ સાથે નિવાસ તરફ ચાલ્યા ગયા. વૈરાગ્યવાન રાજા હરિવેગને કહેવા લાગ્યા, "આ જુગારી મૂર્ખ છે. જુગારના વ્યસનથી વારંવાર પીડા પામે છે. છતાં જુગારને છોડતો નથી. આપણે પણ ગુરુમહારાજનો ઉપદેશ સાંભળવા છતા વિષયથી વિરામ પામતા નથી. આ જુગારીને આ જ લોકમાં કષ્ટ થાય છે. તેવી રીતે આપણને નરક પ્રાપ્ત થશે.

માટે આ દુઃખપૂર્ણ સંસારમાં હવે વધારે આત્માને ડૂબાડવો નથી." મિત્રને સાંભળી હરિવેગ બોલ્યો, "હે મિત્ર ! મારી ઈચ્છા પણ ઘણા કાળથી સંયમ ગ્રહણ કરવાની છે. પણ તમારો સ્નેહ મને રોકે છે."

સંયમની ભાવનાવાળા બંનેએ પોતપોતાના પુત્રને રાજ્યપદે સ્થાપન કરી રત્નાકરસૂરિ ગુરૂ પાસે દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે બાર અંગને જાણનારા થયા. તેમનું ચારિત્રપાલન મોટા મહર્ષિઓને પણ અનુસરવા યોગ્ય થયું. અંત સમયેઆ બંને મહામુનિઓએ સંલેખના કરી- અનશન કરી દીધું. પાપની આલોચના કરતા અને પરમેષ્ટિના ધ્યાનમાં મગ્ન રહેલા તેમણે આયુષ્ય પૂર્ણ કરી મધ્યમ ગ્રૈવેયકે મિત્રદેવ થયા. પદ્મોત્તર રાજા અને હરિવેગ વિદ્યાધરેન્દ્ર પોતાના અપૂર્વ ચારિત્રના પ્રભાવથી ઈન્દ્રના સામર્થ્ય પણાને પ્રાપ્ત થયા.

પરિચ્છેદ ૮

# ગિરિસુંદર અને રત્નસાર

## :: રાજકુમાર ગિરિસુંદર ::

પૃથ્વી પર પુંદ્રપુર નગર આવેલું હતું. તેમાં શ્રીબલ નામનો પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો. તેને શતબલ નામનો નાનો ભાઈ હતો. તેમને સુલક્ષણા અને લક્ષ્મણા નામની બે રાણીઓ હતી. બંને ભાઈઓ રામલક્ષ્મણની માફક સ્નેહથી રાજ્ય કરતા સાથે રહેતા હતા. કેટલોક સમય પસાર થયા બાદ પટરાણી સુલક્ષણાની કુક્ષિમાં પદ્મોત્તર રાજાનો જીવ ગ્રૈવેયકથી ચ્યવીને ઉત્પન્ન થયો. યથા સમયે પુત્રનો જન્મ થયો ત્યારે રાણીને ગર્ભાવસ્થા દરમિયાન આવેલા મેરૂ ગિરિના આધારે રાજાએ નામ રાખ્યું ગિરિસુંદર. રાજકુમાર યુવાન વયમાં આવ્યો તે દરમિયાન હરિવેગનો જીવ નાના ભાઈની રાણી લક્ષ્મણાની કુક્ષિમાં સ્વર્ગેથી ચ્યવીને ઉત્પન્ન થયો. તે સમયે રાણીએ સ્વપ્નમાં રત્નનો ઢગ જોવાથી એ પુત્રનું નામ રાખ્યુ રત્નસાર. બંને રાજપુત્રો ભણીગણીને સર્વકળામાં પારંગત થઈ યુવાવસ્થામાં આવ્યા. તેઓ સાથે જ ખાતા અને પીતા ક્ષણમાત્ર પણ એકબીજાનો વિયોગ સહન કરી શકતા નહિ.

એકવાર રાજા સભા ભરીને બેઠો હતો ત્યારે નગરલોકોએ આવીને ફરિયાદ કરી, “હે સ્વામી ! તમારા હોવા છતાં દરરોજ કોઈક ચોર નગરમાં આવીને કન્યાઓને અને દ્રવ્યને ચોરી જાય છે. છતાં પણ પકડાતો નથી. માત્ર કન્યાઓની કરૂણ ચીસો જ સંભળાય છે. લોકોની વાત સાંભળી રાજા કોટવાલ પર ગુસ્સે થયો, કે આવી કેવી નોકરી કરે છે રાત્રે નિરાંતે ઉંઘે છે કે ચોરો નીડરપણે આવીને નગરી લૂંટી જાય છે ? કોટવાલે રાજાને નમ્રતાથી કહ્યું કે આ વાત સાંભળીને પોતાને પણ શરમ ઉપજે છે. રાત્રે સુભટો ખડે

પગે નગરીની રક્ષા કરે છે. દરવાજાઓ પણ બરાબર બંધ કરવામાં આવે છે. જરાક અવાજ સંભળાતા બધા દોડ દોડ કરે છે પણ ચોર દેખાતો નથી. રક્ષકની વાત સાંભળીને રાજા વિચારમાં પડી ગયો. તેને મૂંઝવણમાં જોઈને ગિરિસુંદરે રાજાને બે હાથ જોડીને કહ્યું, "દેવ ! મને આજ્ઞા આપો તો સાત રાત્રી સુધીમાં એ દુરાચારી ને ગમે ત્યાંથી પકડી આપની સામે હાજર કરીશ." રાજકુમારની વાત સાંભળીને રાજાએ કહ્યું કે પ્રબળ પુરુષો મુંઝાઈ ગયા છે ત્યાં બાળકનું કામ નથી. રાજકુમારે અતિ આગ્રહ કર્યો છતાં રાજાએ અનુમતિ આપી નહિ. છતાં રાત્રે ખડ્ગને લઈને કુમાર ચોરની તપાસ માટે નીકળી ગયો અને ગુપ્તપણે નગરમાં અને નગર બહાર ભમવા લાગ્યો. નિર્ભયપણે ગિરિસુંદર પર્વતની ગુફામાં, ખંડેરોમાં જીર્ણ દેવાલયોમાં તપાસ કરતા હતો ત્યારે પર્વતની અંદર અગ્નિ બળતો જોઈ ત્યાં ગયો.

પર્વતની મધ્યમાં કોઈ વિદ્યાધર અગ્નિકુંડમાં અગ્નિ પ્રગટાવી ગુગળની ગોળીઓ હોમતો વિદ્યા સાધી રહ્યો હતો. તેની પાસે જઈને કુમાર 'સિદ્ધિરસ્તુ' બોલ્યો. તેના પુણ્યથી આકર્ષાઈ ને ક્ષેત્રપાલ વિદ્યાધરની આગળ પ્રગટ થઈને બોલ્યો, "હે વિદ્યાધર ! આ મહાપુરુષનું આગમન ના થયું હોત તો તારી વિદ્યા સિદ્ધ ના થાત પણ તારું અનિષ્ટ જરૂર થાત. આ પુણ્યવાનના પ્રભાવથી તેને હું સિદ્ધ થાઉ છું." યક્ષના વચનથી ખુશ થઈને વિદ્યાધરે યક્ષની પૂજા કરી અને કહ્યું કે તે જ્યારે પણ યાદ કરે ત્યારે હાજર થવું પછી ગિરિસુંદરને ઉદ્દેશી ને બોલ્યો, "તમે મારી ઉપર મહાન ઉપકાર કર્યો છે. તો હવે મને કહો તમારા માટે હું શું કરું ?" રાજકુમારે કહ્યું કે પોતે અગ્નિ જોઈને ત્યાં આવ્યો હતો એમાં વિદ્યાધરની વિદ્યા સિદ્ધ થઈ એ તો સારું થયું છતાં પણ રાજકુમારને પોતાના ગુરૂ માનીને વિદ્યાધરે તેને રૂપ પરાવર્તનની વિદ્યા આપી. એ જ સમયે કોઈક સ્ત્રીના રડવાનો અવાજ આવ્યો. અવાજની દિશામાં રાજકુમાર દોડ્યો પણ કોઈ દેખાતું નહિ. કુમારે એક નિશ્ચય કર્યો.

# :: ચોર નિગ્રહ ::

પ્રાતઃ કાળ થઈ ગયો હતો. ત્યારે એક નવોઢા સુંદરી નીડરપણે પર્વતની ગુફામાં પરિભ્રમણ કરી રહી હતી. ફરતા ફરતા તેણે વનકુંજની અંદર રહેલા દેવમંદિરમાંથી ભયંકર વેશધારી કોઈ કાપાલિકને નીકળતો જોયો. એ ભયંકર કાપાલિકને આવતો જોઈને એ લલના એક પત્થરની શિલા ઉપર વિશ્રામ કરવા બેઠી. જાણે કાપાલિકને જોયો જ ના હોય એ રીતે ઉદાસ મનથી રુદન કરવા લાગી. મંદ મંદ ડગલા ભરતો કાપાલિક એ રડતી લલના પાસે આવ્યો. તેના સૌન્દર્યથી પ્રભાવિત થઈ ગયેલા કાપાલિકે પૂછ્યું, "તું એકલી કેમ છે ? શા માટે રડે છે ? હું તને શી મદદ કરી શકું ?" લલના એ કહ્યું, "હું તમને સત્ય વાત કહીશ. સુશર્મનગરના રાજાનો કુમાર પિતાથી અપમાનિત થઈ પરદેશ ચાલ્યો, બધાએ ના પાડી છતાં હું તેની પત્ની તેની સાથે ચાલી નીકળી. ગઈ રાત્રીએ આ શિલા ઉપર અમે સુઈ ગયા અને મને ઉંઘતી મૂકીને તે ચાલ્યો ગયો. તેની આ તલવાર પણ ભૂલી ગયો. એટલે હું રુદન કરું છું એકાકી પરદેશમાં મારું શું થશે ?" કાપાલિક બોલ્યો, "એ મૂર્ખના નાસી જવાથી તું રુદન કરીશ નહિ. મારી સાથે ચાલ." એમ કહી એ સ્ત્રીને લઈને દેવકુલિકા તરફ પાછો વળ્યો. મૂર્તિવિનાના શૂન્યમંદિરમાં પ્રવેશ કરી એ કાપાલિકે એક જગ્યાએ પ્રહાર કર્યો અને ગુપ્તદ્વાર ખુલી ગયું. દ્વારમાં એક રૂપસુંદરી નજરે પડી. કાપિલકે પોતાની સાથે આવેલી રમણીને પેલી સુંદરી સાથે રહીને દેવની આરાધના કરવાનું કહીને કાપાલિક ચાલ્યો ગયો.

કાપાલિકના ગયા પછી દ્વાર ઉઘાડનારી સ્ત્રીએ પૂછ્યું કે તેણી આ રાક્ષસના પંજામાં કેવી રીતે આવી ? બહારથી આવેલી રમણીએ કહ્યું, "મારી વાત જવા દે પહેલા તું મને તારી કથા કહે અહીં શી રીતે આવી ?" ત્યારે અંદર રહેલી સ્ત્રીએ કહ્યું, "દંડપાલ નામે વિદ્યાવાળો આ મહાન ચોર દિવસે કાપાલિકના વેશમાં ફરે છે અને રાત્રે આ નગરીના ધનિકોના દ્રવ્ય અને

રૂપવાન કન્યાઓને લૂંટી જાય છે. બધું દ્રવ્ય અને કન્યાઓ ભોંયરામાં એકઠી કરેલી છે. તારા સહિત એકસો આઠ કન્યાઓ એણે ભેગી કરી છે." "આ બધું પરાક્રમ એ કોની સહાયથી કરે છે ? કોઈ દેવની સહાયથી કે વિદ્યાના બળથી ?" "એની મને ખબર નથી પણ તે દુષ્ટ દરરોજ એક ખડ્ગરત્નની પૂજા કરે છે." "એ ખડ્ગ મને બતાવ." પેલી બાળા નવી રમણીને લઈને ભોંયરામાં અંદર આવી અને મણિ, માણેક, અને સુવર્ણના ઢગ પસાર કરી બંને જણ પેલા ખડ્ગરત્ન પાસે આવી પહોંચ્યા. તે ચંદ્રહ્રાસ ખડ્ગને જોઈને પેલી નવીન સ્ત્રી ખુશ થઈ. અને નમસ્કાર કરીને સ્તુતિ કરવા માંડી. સ્તુતિ કરીને તેણે ખડ્ગ ઉપાડી લીધું અને એ ખડ્ગના સ્થળે પોતાનું ખડ્ગ મૂકી દઈ પાછી ફરી. તે રમણીનું આ કૃત્યુ જોઈને બધી કન્યાઓ ગભરાઈ ગઈ અને વિનવવા માંડી કે પેલો દુષ્ટ તને મારી નાખશે અને અમારી બુરી દશા થશે. એ આગંતુક રમણીએ કહ્યું, "સખીઓ ગભરાશો નહિ. ધીરજ ધરી રાખો અને શું થાય છે તે જોયા કરો." એટલામાં જ પેલો કાપાલિક ત્યાં આવી પહોંચ્યો. નવીન રમણીના હાથમાં પોતાનું દિવ્ય ખડ્ગ જોઈને ચમક્યો અને તે પાછું લેવા તેની સામે અત્યંત ક્રોધથી ધસ્યો. પેલી રમણીએ રોક્યો "ખબરદાર !" કહ્યું અને તરત જ મૂળસ્વરૂપે રાજકુમાર તરીકે ચંદ્રહ્રાસ ખડ્ગ સાથે પ્રગટ થયો. "કોણ છે તું ?" કાપાલિક ચોંક્યો. "તારો કાળ" રાજકુમારે કહ્યું. પછી તો ચોર અને કુમારનું ભયંકર યુદ્ધ થયું એ યુદ્ધમાં કુમારે ચોરને ચંદ્રહ્રાસ ખડ્ગના ઘા વડે મારી નાખ્યો. કુમારના પરાક્રમથી ભયભીત કન્યાઓ વિસ્મય પામી ગઈ.

રાજકુમારે બાળાઓને પૂછ્યું કે તે કેવી રીતે તેમના સ્થળે પહોંચાડે ? શ્રેષ્ઠીની કન્યાએ રાજકુમારને ઓળખી કાઢ્યો અને સર્વની સંમતિ લઈને બોલી, "રાજકુમાર ! અમારા સ્વજનોને મોઢું બતાડતા અમને શરમ આવે છે. તમે જ અમારું શરણ છો. તમારા સિવાય અન્ય વરને અમે વરશું નહિ." એ સર્વે કન્યાઓ સાથે વિવાહ કરી તેમની સાથે સુખેથી ત્યાં એક મહિનો રહ્યો.

## :: ભાઈની શોધમાં ::

નાના ભાઈ રત્નાસારનો સ્નેહ યાદ આવવાથી બધી ય પ્રિયાઓને ત્યાં જ રાખીને બહાર નીકળ્યો. રૂપ પરાવર્તન કરી ગિરિસુંદર નગરમાં આવ્યો નગરમાં શોકનું વાતાવરણ હતું. કોઈને પૂછવાથી જવાબ મળ્યો, "રાજકુમાર ગિરિસુંદર ચોરને શોધવા ગયા તે વાતને એક મહિનો થયો છતાં એમના સમાચાર નથી. તેમને શોધવા તેમના લઘુબંધુ રત્નસાર પણ ગયા હોવાથી આખું નગર શોક સાગરમાં ડૂબી ગયું છે." વાત સાંભળીને ગિરિસુંદર પણ ભાઈને શોધવા ચાલ્યો. અનેક ગામ, નગર, શહેર, પર્વત વગેરે સ્થાનકે ફર્યો. છતાં રત્નસારના સમાચાર ના મળવાથી દુઃખી થઈને કોઈ નગરના નજીક સમીપે રહેલા દેવકુલમાં આવ્યો. અનેક મુસાફરો ત્યાં ઉતરેલા હોવાથી રાત્રી પસાર કરવા ત્યાં જ રોકાઈ ગયો. રાત્રીના સમયે બધા મુસાફરો ભેગા થઈને સુખદુઃખની વાત કરવા માંડ્યા. તેમાં એક મુસાફર બોલ્યો, "મારા પ્રત્યક્ષના અનુભવની વાત તમે સાંભળો. પરદેશના કુતૂહલ જોવા હું ઘેરથી નીકળ્યો. અનુક્રમે (ફરતાં ફરતાં) એક અરણ્યમાં આવ્યો ત્યારે ત્યા એક સ્વરૂપવાન નરનો ભેટો થયો એ રાજકુમાર સાથે મુસાફરી કરતાં અમે બંને મિત્રો બની ગયા. ફરતા ફરતા અમે એક શૂન્યનગરમાં પહોંચ્યા આખા નગરમાં અને રાજમહેલમાં કોઈપણ મનુષ્ય કે પ્રાણી અમને મળ્યો નહિ. રાત અમે રાજમહેલમાં પસાર કરી. મધરાતે હું તો નિદ્રાધીન થઈ ગયો પણ રાજકુમાર રત્નસાર મારું રક્ષણ કરતો હતો. એ સમયે એક વિકરાળ સિંહ આવી પહોંચ્યો. ભૂખથી પીડાતા તેણે રાજકુમારને પાસે મારા માટે માગણી કરી. રાજકુમારે તેની માગણી સ્વીકારી નહિ. અને કહ્યું, "મારા શરણે રહેલાને અપાય નહિ. તું ભૂખ્યો હોય તો મને ખાઈ જા." સિંહ નવાઈ પામી ગયો. બોલ્યો, "ગમે તે ભોગે પોતાનું રક્ષણ કરવું તે નીતિ છે. માટે આ નર મને આપી દો." પરંતુ રાજકુમાર માન્યો નહિ અને કહ્યું કે મને ખાવો હોય તો ખાઈ જા. રાજકુમારના સત્યથી પ્રસન્ન થયેલો સિંહ બોલ્યો, "હે

પરોપકારી ! મારી પાસે કંઈક વરદાન માંગ." રત્નસારે નવાઈ પામીને પૂછ્યું, "તમે કોણ છો ?" સિંહે કહ્યુ, "હું આ નગરનો અધિપતિ દેવ છું." કુમારે પૂછ્યું, "તમે અધિપતિ દેવ હોવા છતાં આ નગરજન શૂન્ય કેમ છે ?" સિંહ પોતાનું સ્વરૂપ પ્રગટ કરીને બોલ્યો.

"ગાંધારપુર નગરના રાજા રવિચંદ્રને બે પુત્રો હતા. રતિચંદ્ર અને કીર્તિચંદ્ર. એક દિવસ રાજા રતિચંદ્રને રાજ્યપદે સ્થાપન કરી કીર્તિચંદ્રને યુવરાજપદ આપી વનમાં તપ કરવા ચાલી ગયો. રતિચંદ્ર પણ પોતાના ભાઈ કીર્તિચંદ્રને રાજ્યકારોબર સોંપી ગાનતાનમાં સમય પસાર કરવા માંડ્યો. રાજ્યલોભી કીર્તિચંદ્ર સામંત મંત્રીઓને વશ કરી પોતે રાજ્યનો માલિક થયો અને રતિચંદ્રને બાંધીને પોતાની સામે હાજર કર્યો અને તેનો શિરચ્છેદ કરવાનો હુકમ કર્યો. કીર્તિચંદ્રને સમજાવવાં રતિચંદ્રે ખૂબ પ્રયાસ કર્યો કે, "પિતા સમાન મોટાભાઈને મારીને આપણા નિર્મળ કુળને કલંકિત ના કર. તું જ રાજ્ય ભોગવ. હું પિતાના માર્ગે તપોવનમાં ચાલી જઈશ." રતિચંદ્રની વાત કુબુદ્ધિ કીર્તિચંદ્રના ગળે ઉતરી નહિ અને પોતાનો વિચાર બદલ્યો નહિ. ત્યારે રતિચંદ્રે કહ્યું, "તારે વિચાર ના બદલવો હોય તો મારા લોહીથી હાથ રંગીશ નહિ. મને લાકડાની ચિતા સળગાવી આપ હું જાતે બળીને તારી ઇચ્છા પુરી કરીશ." એ રીતે રતિચંદ્ર આર્તધ્યાને મરણ પામી ભૂતરમણ નામે યક્ષ થયો. તે ભૂતરમણ યક્ષ તે હું. વિભંગજ્ઞાને જ્યારે મેં પૂર્વભવ જોયો ત્યારે ક્રોધથી ધસમસતા મેં કુટબુદ્ધિ મંત્રી અને સામંતોને દૂર ફેંકી દીધા. રાજા કીર્તિચંદ્ર આ વાત જાણીને નાસી ગયો. પ્રજા બધી જ જૈને જ્યાં ઠીક લાગ્યું ત્યાં નાસી ગઈ. ત્યારથી જનશૂન્ય નગર છે. તને આ નગરમાં જોતા જ ક્રોધથી હું તને મારવાને સિંહ બનીને આવેલો પરંતુ તારા પુણ્ય - સત્યથી હું શાંત થયો છું. માટે મારી પાસે કંઈક વરદાન માંગ.

યક્ષની વાત સાંભળી કુમાર રત્નસાર બોલ્યો. "હે દેવ ! જો મારા પર આપ પ્રસન્ન થયા હોય તો આ નગરને ફરી વસાવો કારણ કે રોષ પણ તેનો જ ઉત્તમ ગણાય છે જે પાછળથી પ્રસન્ન થાય છે." કુમારની વાત

સાંભળીને યક્ષે એ શરતે હા પાડી કે નગરનો સ્વામી કુમાર થાય. એણે એમ પણ કહ્યું કે જે ભાઈને કુમાર શોધવા નીકળ્યો છે તે ભાઈ મહિનાના અંતે અહીં જ મળશે. દેવની પ્રેરણાથી મંત્રીઓ અને સામંતો તથા પ્રજા નગરમાં આવી પહોંચ્યાં. સર્વે એ રત્નકુમારનો રાજ્યાભિષેક કર્યો અને નામ રાખ્યું દેવપ્રસાદ.

દેવપ્રસાદને મંત્રી અને સામંતો એ પોતાની રૂપવતી અનેક કન્યાઓ પરણાવી દીધી. અનેક સુખ છતાં રાજાને શાંતિ થતી નહી. એકવાર રાજાએ મને કહ્યું, "મિત્ર ! આ રાજ્ય તું ગ્રહણ કર. કારણ કે તારા સમાગમથી મળ્યું છે." મેં કહ્યું, "આપના ભાગ્યે જ આ રાજ્ય આપને મળ્યું છે. વળી ભાઈનો મેળાપ અહીં જ થવાનો છે. છતાં પણ તમે એનું નામ-ઠામ કહો તો હું શોધવા જાંઉ." રાજાએ એમના ભાઈ સંબંધી સર્વે હકીકત કહી સંભળાવી. તે પછી તરત જ હું રાજકુમાર ગિરિસુંદરની શોધ માટે ત્યાંથી નીકળી ગયો તો આજે ફરતો ફરતો અહીં આવ્યો છું. "એમ કહી મુસાફરે પોતાની વાત પૂરી કરી. બધાય મુસાફરો તેની વાત સાંભળીને ખુશ થયા. પણ સામાન્ય વેશમાં રહેલો ગિરિસુંદર બોલ્યો, "હે પથિક ! તને ધન્ય છે. તારી મિત્રતાને પણ ધન્ય છે કે મિત્ર માટે તું આટલી મુશ્કેલી સહન કરે છે. તું મને દેવપ્રસાદ રાજા સાથે મેળાપ કરાવી આપ. મને જોઈને રાજા પોતાના બંધુના વિરહને ભૂલી જશે." બંને જણા ત્યાંથી ગાંધારપુર જવા નીકળ્યા.

## :: પરદેશમાં ::

ચંદ્રહ્રાસ ખડ્ગના પ્રભાવથી ગિરિસુંદર પેલા મુસાફર સાથે ગાંધારપુરમાં ત્વરાથી આવી પહોંચ્યો. બંને રાજસભામાં આવી પહોંચ્યા. મિત્રએ દેવપ્રસાદને કહ્યું, "આપના દર્શનની ઇચ્છાવાળા આ પુરુષ વિદ્યાવાન અને ગુણવાન નર છે." રાજાને સામાન્ય વેશધારી ગિરિસુંદર પર પરમ સ્નેહ થયો. રૂપ પરાવર્તન હોવાથી પોતાના ભાઈ તરીકે રાજા જાણી શક્યો નહિ. કેટલોક સમય વીતવા

છતાં ગિરિસુંદર ન આવવાથી રાજા વિચાર કરે છે, "ભાઈ તો આવ્યો નહિ. દેવવાણી શું વ્યર્થ ગઈ ? બધું વિયોગના દુઃખથી મુક્ત થવા મૃત્યુ જ એક ઉપાય છે. પોતાનો અગ્નિસ્નાન કરવાનો વિચાર રાજાએ ગિરિસુંદર અને મિત્રને કહ્યો. રાજાનો વિચાર જાણી ગિરિસુંદર બોલ્યો તમારે તેમ કરવું ઠીક નથી. તમારા સ્નેહને વશ થઈને તો હું અહીંયા રહેલો છું તો શું મને પણ મારી નાખવા ધારો છો ?" રાજાએ કહ્યું, "શું કરું ? ઉપાય નથી. દેવતાઓ એ કહેવા છતાં પણ મને ભાઈનો મેળાપ થયો નહિ. ભાઈ વગર મારે જીવવું નથી." ગિરિસુંદરે કહ્યું, "દેવવાણી કદાપિ મિથ્યા થતી નથી. માનો કે હું જ તમારો ભાઈ છું. આખી પૃથ્વીનું ઉલ્લંઘન કરી તને જોઈ હું સંતોષ પામું છું. મને જોઈને તું સંતોષ પામ. (માન)"

એ પુરુષના વચન સાંભળી રત્નસારને થયું. "નક્કી આ જ મારો ભાઈ ગિરિસુંદર છે. રૂપ પરાવર્તન વિદ્યાથી પોતાનું સ્વરૂપ બદલી નાખ્યું છે છતાં મને એના માટે પૂજ્યભાવ રહે છે. અને ગિરિસુંદર જેવો જ સ્નેહ આવે છે કારણકે દેવતાઓની વાણી મિથ્યા થતી નથી." મનમાં વિચાર કરીને રત્નસાર બોલ્યો, "જો કે તમારી વાણી સત્ય છે. તમારા તરફ મારો પક્ષપાત પણ ખૂબ છે છતાં તમારા સામાન્યરૂપથી મને નવાઈ લાગે છે, કે આ શું ?

રત્નસારની આતુરતાથી ગિરિસુંદરે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું. જ્યેષ્ઠ ભ્રાતાને જોઈ ખુશ થઈને રત્નસાર તેને ભેટી પડ્યો. પોતાની ખુશી પ્રગટ કરવા વર્ધાપન મહોત્સવ કર્યો. દેવતાની અનુમતિથી પેલા મહસેન નામના મિત્રને ગાંધારપુરનું રાજ્ય અર્પણ કરી, તેને સારી રીતે શિક્ષા આપી બંને ભાઈઓ પોતાના નગર જવા નીકળ્યા. અનેક રાજાઓથી પૂજાતા અને દેવતાઓ અને વિદ્યાધરો જોવાતા બંને ભાઈઓ પુંડ્રપુરનગર નજીક પહોંચ્યા. પોતાના બંને પુત્રોને પાછા આવેલા જોઈને રાજા પ્રસન્ન થયો અને પ્રવેશોત્સવ કરાવ્યો. ગિરિસુંદરે પેલા પાતાલગૃહમાંથી પોતાની પત્નીઓ તેડાવી લીધી. દ્રવ્ય જેનું હતું તેને આપી દીધુ. અને પિતાને તમામ હકીકત કહી સંભળાવી. પોતાના પુત્રોના પરાક્રમથી રાજા તેમના પુણ્યની પ્રશંસા કરવા માંડ્યો. આવા

મહાન કાર્યો કરનાર નો પૂર્વભવ કેવો હશે તે જાણવાની રાજાને જિજ્ઞાસા જાણી પુરોહિત કહ્યું કે કુસુમાકર ઉદ્યાનમાં શ્રી જયનંદનસૂરીશ્વર પધાર્યા છે. જે રાજાની ઇચ્છા પૂરી કરી શકે છે. રાજા પરિવાર સાથે ગુરુને વાંદવા આવ્યા અને ધર્મોપદેશ સાંભળવા બેઠા. ગુરૂએ ઉપદેશ આપવાનો ચાલુ કર્યો."

"શુભ અને અશુભ કર્મથી પ્રાણીઓ ઉચ્ચ અને નીચ કુળમાં જન્મ લે છે. રાજા અને રંક, વિદ્વાન અને મૂર્ખ, સુખી અને દુઃખી, સ્વરૂપવાન અને કદરૂપા એ બધા શુભ અશુભ કર્મના ભેદો સમજવા. દયા કરીને માણસ પુણ્ય ઉપાર્જન કરે છે તેમજ ચારિત્રધર્મની આરાધના કરીને સ્વર્ગનું સુખ મેળવે છે. માટે તમે પણ જિનેશ્વર ભગવાને કહેલો શુદ્ધ ધર્મ આરાધો."

ગુરુની વાણી સાંભળી રાજા શ્રીબલે ગિરિસુંદર અને રત્નસારનો પૂર્વભવ પૂછ્યો. જેના ઉત્તરમાં ગુરૂએ રાજાને શંખરાજા અને કલાવતી રાણીથી શરૂ કરીને સર્વ ભવ કહી સંભળાવ્યા. ઉપરાંત કહ્યું કે ગ્રૈવેયકત્તા સુખ ભોગવી રાજાના કુળમાં જન્મ લીધો છે. તે રાજનું પણ પુણ્ય છે. રાજાની જિજ્ઞાસાથી ગુરુએ રાજા શ્રીબલનો પૂર્વભવ કહેવો શરૂ કર્યો. "પ્રતિષ્ઠાનપુર નગરમાં સુમેધે નામે કુળપુત્રને વિન્ધ્ય અને શંબર નામે બે પુત્રો હતા. પોતાની ગરીબીના કારણે બંને પુત્રો ધન કમાવા કાંચનપુર તરફ ગયા. માર્ગમાં ભોજન સમયે એક કંદોઈની દુકાનેથી મીઠાઈ વગેરે લાવીને કોઈ વૃક્ષ નીચે ભોજન કરવા બેઠા. ભાગ્યયોગે તે સમયે મહિનાના ઉપવાસી કૃશ થયેલા મુનિ ધર્મલાભ કહેતા ત્યાં આવી ચડ્યા. એ મહામુનિને જોઈ ભક્તિવાળા હૃદયથી નિર્દોષ મિષ્ટાનથી તેમને પ્રતિલાભિત કર્યા. મન, વચન અને કાયાના શુભ કર્મથી તેમણે ભોગ્ય કર્મ ઉપાર્જન કર્યું. તે સમયે યક્ષના મંદિરમાં આવેલી બે રાજકન્યાઓ તેમની અને દાનની પ્રશંસા કરવા માડી. એ રીતે ચારે જણે એક સરખું ઉપાર્જન કર્યું. બંને ભ્રાતાઓ દાનની અનુમોદના કરતા કાંચનપુરના ઉદ્યાનમાં જઈને વિશ્રામ કરવા બેઠા. તે સમયે કાંચનપુર નગરના ચંદ્રરાજાનો હસ્તિ સ્તંભ તોડીને નગરમાં રંજાડ કરવા માંડ્યો. જેથી લોકો ગભરાઈ ને નાસભાગ કરવા માંડ્યા. બંને ભાઈઓ કોલાહલ સાંભળીને

નગરમાં આવ્યા. હસ્તિને કોઈ વશ કરી શક્યું નહિં. રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જે આ હાથીને વશ કરશે તેને રાજા મનગમતુ ઈનામ આપશે. આ બે પરદેશી ભાઈઓમાં વિન્ધ્યે હસ્તિને વશ કરવાની કમર કસી. એ સજ્જ થઈ હાથી પાસે આવ્યો અને ગજવિદ્યામાં કુશળ હોવાથી ગજરાજને વશ કરી સ્થંભે બાંધ્યો."

ગજરાજ વશ થવાથી લોકો આનંદ પામ્યા. રાજપુરુષોએ વિન્ધ્યનો રાજા સમક્ષ હાજર કર્યો. રાજાએ પ્રસન્ન થઈને વરદાન આપ્યું તેમની ઇચ્છાથી રાજાએ બંને ભાઈઓને રાજસભામાં રાખી લીધા. તેમની ઇચ્છા કરતાં વધારે ધન આપ્યું. ચિરકાળ સુખ ભોગવીને સમાધિ મરણ પામી ત્યાંથી દેવકુરુમાં બંને નર તરીકે ઉત્પન્ન થયા. અનુમોદન કરનારી પેલી રાજાની પુત્રીઓ પણ સુખભોગેથી કાળ કરીને દેવકુરુ ક્ષેત્રમાં પેલા બે નરની સ્ત્રીઓ તરીકે ઉત્પન્ન થઈ. ત્યાં દેવસુખ ભોગવી સૌધર્મ કલ્પમાં દેવ થયા. ત્યાંથી પુંદ્રનગરના મહાબલ રાજાની વિલાસવતી રાણી થકી તમે અને બંને રાજપુત્રીઓ તમારી સાથે સુખ ભોગવતી પહેલા દેવલોકે તમારી દેવીઓ થઈ. ત્યાંથી પહેલી પદ્મખંડના મહાસેન રાજાની પુત્રી સુલક્ષ્મણા જે તમારી પત્ની અને બીજી વિજયનગરના પદ્મરથ રાજાની પુત્રી લક્ષ્મણા યુવરાજની પત્ની થઈ. આ બંને કન્યાઓ તમને કેવી રીતે પ્રાપ્ત થઈ તે સાાંભળો.

## :: ગુરૂ ઉપદેશ ::

શ્રીબળ અને શતબલ જ્યારે નવીન યૌવનવયમાં આવ્યા ત્યારે એક દિવસ શ્રી ગુપ્ત સિદ્ધપુત્રે વિદ્યા સાધન કરવા માટે શ્રીબલ કુમારની સહાય માંગી શ્રીબલે તેની વાતનો સ્વીકાર કર્યો. બંને જણા કૃષ્ણ ચતુર્દશીની રાત્રિએ સ્મશાનભૂમિમાં ગયા. ત્યાં મંડલ આલેખી શ્રી ગુપ્ત વિદ્યા સાધવા બેઠો અને શ્રીબલ હાથમાં ખડ્ગ લઈને તેની રક્ષા કરવા માંડ્યો. તે સમયે ભયંકર સ્વરૂપવાળો એક પિશાચ પ્રગટ થયો. અને મંત્રસાધનામાં બેઠેલા શ્રીગુપ્તના વાળને ખેંચી જંગલમાં ઢસડતો ચાલ્યો. શ્રીબલકુમાર તેની પાછળ દોડ્યો.

પિશાચ પાછળ દોડતો શ્રીબલ ભયંકર વનમાં આવી પહોંચ્યો. પ્રાતઃકાળ થયો ત્યારે ના મળે પિશાચ કે ના મળે શ્રીગુપ્ત. પણ એક સ્ત્રીનું કરૂણ રૂદન સાંભળી કુમાર તેની પાસે ગયો. તે બાળા વૃક્ષની શાખાએ ગળા ફાંસો ખાતી હતી તે બોલી, "હે વનદેવતાઓ ! મારા પિતાએ આપેલા શ્રીબલ કુમાર આ ભવમાં તો મારો પતિ ના થયો પણ ભવાંતરમાં થજો." બાળાના શબ્દો સાંભળી શ્રીબલે તરત જ ત્યાં જઈને તેનો ફાંસો છેદી નાખ્યો. આ ભયંકર અરણ્યમાં પોતાને બચાવનાર કોણ હશે એમ વિચારતી બાળાને કુમારે આશ્વાસન આપ્યું અને પૂછ્યું, કે તે કોણ છે ? અને કેમ આત્મહત્યા કરે છે ?

પુરુષના શબ્દોથી રાજી થતી બાળા બોલી, "હું પરાનગરના રાજા મહાસેનની રાજપુત્રી છું. મારું નામ સુલક્ષણા છે. મારા પિતાએ મને મહાબલ નરેશના પુત્ર શ્રીબલને આપી હતી. કોઈ અધમ વિદ્યાધર મારું હરણ કર્યું અને આ જંગલમાં મને મૂકી અપરાજિતા નામની વિદ્યા સાધવા ગયો છે. ત્યારે એ દુષ્ટ મને કંઈ અનિષ્ટ કરે તે પહેલા મારે આત્મહત્યા કરવી છે. પરંતુ આપ કોણ છો ?" ઉત્તરમાં કુમારે પોતાની ઓળખાણ આપી. બાળા પોતાના ભાવિ-પતિને જાણીને રાજી થઈ. તે દરમિયાન વિદ્યા સિદ્ધ કરી શ્રીગુપ્ત પણ નિમિત્તજ્ઞાનથી જાણી શ્રીબલ પાસે આવ્યો. શ્રીબલે પૂછતા શ્રીગુપ્તે જણાવ્યું કે "આ બધી પિશાચની માયા હતી. મારી વિદ્યા પણ સિદ્ધ થઈ અને પછી મેં જાણ્યું કે તારા સત્વથી થયેલા પિશાચે જ તારી પ્રિયાનું રક્ષણ કરવા તને અહીં મોકલ્યો છે. માટે હે મિત્ર ! ગાંધર્વ વિવાહથી તું અત્યારે જ આ બાળા સાથે લગ્ન કર. મુહૂર્ત પણ શુભ છે. "શ્રીબલે સુલક્ષણા સાથે ગાંધર્વ વિદ્યાથી લગ્ન કરી લીધા. પછી ત્રણે જણા વટ્ટ વિદ્યાની સહાયથી ક્ષણ માત્રમાં પુંદ્રપુરનગરમાં આવી ગયા. મહાબલ રાજાએ મહાસેન રાજાને સઘળી હકીકત સંભળાવવાથી રાજા પ્રસન્ન થયા અને વિવાહોત્સવ કરી ખૂબ પહેરામણી આપી.

શ્રીબલના ગુમ થવાથી શતબલ ભાઈને શોધવા ચાલ્યો. દેશના સીમાડે રહેલા તાપસના આશ્રમમાં આવ્યો. તાપસ તાપસીઓને શોકમાં જોઈ તેનું કારણ પૂછ્યું. શતબલને એક તાપસે કહ્યું, "વિજયનગરના રાજાની કન્યા લક્ષ્મણા શતબલકુમારને વરવા પુંડ્રપુર જતી હતી. રાત્રીએ અમારા આશ્રમમાં રોકાયા હતા. રાત્રે કિરાતનગરના રાજાનો પુત્ર કુંજરકુમાર એ કન્યાને પરણવાની ઈચ્છાવાળો હોવાથી તેને ઉપાડી ગયો છે. એટલે અમે શોક કરીએ છીએ કે શતબલને પરણવાની ઈચ્છાવાળી કન્યા રસ્તામાં જ મરી જશે." આ સાંભલી શતબલ ક્રોધથી ધસમસતો કુંજરના માર્ગે દોડ્યો અને ત્વરાથી તેને પકડી પાડ્યો. તેની સાથે યુદ્ધ કરી કુંજરને હરાવી લક્ષ્મણાને લઈને પાછો ફર્યો. ત્યારે શ્રીગુપ્ત આકાશ માર્ગે ત્યાં આવી શ્રીબલના સમાચાર જણાવી તેને ખુશ કર્યો. શ્રીગુપ્તની સહાયથી ક્ષણમાં પુંડ્રપુર આવી પહોંચ્યો. ભાઈને જોઈને શતબલ રાજી થયો અને શુભ મુહૂર્તે લક્ષ્મણાને પરણ્યો. તે પછી તમે બંને રાજા અને યુવરાજ થયા. તમે ચારેય જણે પૂર્વભવે કરેલા સુપાત્ર દાનથી આ ભવમાં તમને ખૂબ સુખ પ્રાપ્ત થયું." મુનિએ પૂર્વ ભવ કહી સંભળાવ્યો. રાજાએ પૂછ્યું, "પેલા વિદ્યા સાધવા ગયેલા વિદ્યાધરનું શું થયું ?" "વિદ્યાધરને દેવીએ છળવાથી ગાંડા જેવો થઈ ભટકવા માંડ્યો. પુણ્યયોગે મુનિ હરિષેણ ગુરુ મળ્યા તેમની પાસે ધર્મ સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લીધી અને અનુક્રમે કેવળજ્ઞાન પામી વિદ્યાધર મુનિ મોક્ષે ગયા." ધર્મ સાંભળી વૈરાગ્ય પામેલા શ્રીબલરાજાએ ગિરિસુંદરને ગાદી સોંપી અને રત્નસારને યુવરાજપદ આપી દીક્ષા ગ્રહણ કરી.

## :: સંયમલક્ષ્મી ::

ગિરિસુંદર અને રત્નસાર બંને ભાઈઓ પુણ્યાનુયોગે ન્યાયથી પ્રજાનું પાલન કરતાં સુખેથી સમય પસાર કરી રહ્યા હતા. સમય પાણીના પ્રવાહની માફક વહી ગયો. એવા સુખમાં પણ ભાગ્યવાનને એક દિવસ વૈરાગ્ય આવ્યો. રાજા ગિરિસુંદરે એક દિવસ રાત્રીના ચોથા પ્રહરે સ્વપ્નમાં પોતાને પર્વતના શિખર ઉપર

ઉભેલો જોયો. સ્વપ્ન જોઈ જાગૃત થયેલ રાજા પરમેષ્ઠિ મંત્રનો જાપ કરતો જિનમંદિરમાં ગયો. સેવા-પૂજા કરી નગરની બહાર આવેલા ઉદ્યાનમાં મુનિને જોઈને વાંદવા આવ્યો. મુનિએ તેને યોગ્ય જાણી ધર્મોપદેશ આપ્યો.

ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય પામેલા રાજા ગુરુને વંદન કરી ઘેર આવ્યા. પોતાની ઈચ્છા રત્નસારને જણાવી. રત્નસારે પણ તેમની સાથે જોડાવવાની ઈચ્છા જાહેર કરી અને યોગ પ્રામ થતાં દીક્ષા લેવાનું કહ્યું. ગુરુ મહારાજ જયનંદન સૂરીશ્વરજીના આગમનની રાહ જોતા બંને ભાઈઓ સમય પસાર કરી રહ્યા હતા. તે દરમિયાન ગુરુમહારાજ આવી પહોંચ્યા. રાજા પોતાના પરિવાર સાથે ગુરુને વાંદવાને આવ્યો. ગુરુએ દેશના આપવી શરૂ કરી.

"હે ભવ્યો ! દુર્લભ મનુષ્યભવ પામીને તમારે ધર્મ વિશે યત્ન કરવો જોઈએ. જેમ સુગંધ વગર પુષ્પ શોભતું નથી, લવણ (મીઠું) વગર અન્ન ભાવતું નથી, જળ વગર સરોવર શોભતું નથી, દેવ વગરનું મંદિર શોભતું નથી, તેમ માનવી પણ ધર્મ વગર શોભતો નથી. માટે ધંતુરાના ફૂલ જેવા અસાર સંસારમાં પ્રીતિ કરવી નહિ. ધર્મની ભાવનાવાળા જીવો જ યત્નથી ધર્મકાર્યમાં જોડાઈને જીવન સુધારી લે છે. જેઓ ભોગમાં આસક્ત બની પાપકર્મો કર્યે જ જાય છે. ધર્મ કરવા માટે સમય કાઢતા નથી તેમને પરમાધામીઓની વેદના સહન કરવી પડે છે. નરકના ભોકતા થવું પડે છે. માટે પ્રમાદનો ત્યાગ કરી ધર્મ વિશે ઉદ્યમ કરનારા થાઓ."

જયનંદસૂરીશ્વરજીનો ઉપદેશ સાંભળી રાજાનગરમાં આવ્યા. રાજકુમાર સૂરસુંદરને રાજગાદી સોંપી. રત્નસાર પણ દીક્ષા લેવાનો હોઈ જિનેશ્વરની પૂજા રચાવી શુભ મહૂર્તે બંને એ દીક્ષા ગ્રહણ કરી. ઉત્કૃષ્ટ સંયમના રંગથી રંગાયેલા, ધ્યાન અને ક્રિયામાં તત્પર, તીવ્ર તપસ્યા કરતા અને પૃથ્વી પર વિહાર કરતા બંને મહામુનિઓ અનુક્રમે અનસન આરાધીને શરીર પણ વોસરાવી દીધું. પંચ પરમેષ્ટિનું ધ્યાન કરતા બંને મહામુનિઓ કાળધર્મ પામી નવા ગ્રૈવયકમાં દેવ પણે ઉત્પન્ન થયા.

પરિચ્છેદ ૯

# કનકધ્વજ અને જયસુંદર

## :: સત્તરમાં ભવમાં ::

સ્વર્ગસમી મનોહર નગરી તામ્રલિપ્તીના રાજાની શ્રીપ્રભા નામની પટ્ટરાણીની કુક્ષિમાં ગિરિસુંદરનો જીવ ઉત્પન્ન થયો. તે સમયે સ્વપ્નમાં સિંહથી અંકિત, પુષ્પોથી પૂજાયેલી, રત્નદંડથી ધજા જોઈ. સ્વપ્નના આધારે ગર્ભકાળ પૂરો થતા જન્મેલા પુત્રનું નામ રાખ્યું કનકધ્વજ. રાજાની બીજી રાણી સ્વયંપ્રભાની કુક્ષિએ રત્નસારનો જીવ ઉત્પન્ન થયો. તેનું નામ રાખ્યું જયસુંદર. અનુક્રમે વૃદ્ધિ પામતા બંને રાજકુમારો ભણીગણી કળામાં વિશારદ પામી યૌવનવયમાં આવ્યા. ભવાંતરના સ્નેહથી આ ભવમાં પણ એમનો સ્નેહ અપૂર્વ હતો. એક દિવસે મિત્રો સાથે રાધા વેધનો પ્રયોગ કરી રહ્યા હતા ત્યારે બે વિદ્યાધરો ત્યાં થઈને આકાશ માર્ગે કોઈ કાર્ય પ્રસંગે જઈ રહ્યા હતા તે આ લોકો પર ખુશ થઈ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી આગળ ચાલ્યા ગયા. એક વાર રાજા સુમંગલ સભા ભરીને બેઠો હતો ત્યારે ઉત્તર દિશા તરફ મોટો કોલાહલ સાંભળી રાજા વિસ્મય પામ્યો. "કોઈ રાજા સેના લઈને ચઢી આવ્યો કે શું ?" બધા જ ક્ષોભ પામી ગયા. સુંદર સ્વરૂપવાળા બે વિદ્યાધરો આકાશમાંથી રાજસભામાં ઉતર્યા. બે હાથ જોડી રાજા સુંમગલને વિનંતી કરી. "વૈતાઢ્ય પર્વતની બંને શ્રેણીનું પાલન કરતા સુરવેગ અને સુવેગ નામે બે વિદ્યાધરેન્દ્રોને સો સો કન્યાઓ છે. બંને ખેચરેશ્વરો રાધાવેધ કરતા તમારા પુત્રો પર પુષ્પવૃષ્ટિ કરીને ચાલ્યા ગયા હતા. પરંતુ તેમની પર્ષદામાં રાજકુમારોની પ્રશંસા કરતા હતા ત્યારે નિમિત્તિયાઓએ તેમની કન્યાઓ યોગ્ય જણાવતા કન્યાઓ પણ બંને રાજકુમારો પ્રત્યે રાગવાળી થઈ છે. એ બંને ખેચરેન્દ્રો તેમની કન્યાઓને લઈને આવી રહ્યા

છે. તો તેમના સ્વાગતની તૈયારી કરો. વિદ્યાધરની વિનંતીથી રાજાએ ખુશ થઈને તૈયારી કરવા માંડી. મંત્રી, સામંતો, રાજપુરુષો, નગરજનો બધા જ રાજી થઈને મહોત્સવની તૈયારીમાં પડ્યા. પલકવારમાં નગરને શણગારી ઇન્દ્રપુરી સમાન બનાવી દીધું."

પોતપોતાની કન્યાઓ સાથે આવેલા ખેચરેન્દ્રોનું સારી રીતે રાજાએ માન સન્માન કર્યું. સારા મુહૂર્તે અને શુભ દિવસે બંને રાજકુમારોના વિદ્યાધરબાળાઓ સાથે ધામધૂમપૂર્વક લગ્ન થઈ ગયા. સુરવેગ વિદ્યાધરેન્દ્રે પોતાની સો કન્યાઓ કનકધ્વજ રાજકુમારને આપી. કન્યાઓનો લગ્નોત્સવ ઉજવી પોતાના સ્થાનકે ચાલ્યા ગયા. એ સિવાય એમના રૂપ, ગુણ, અને સૌભાગ્યથી આકર્ષાઈ અનેક રાજબાળાઓ તેમને પરણી એ પ્રમાણે બંને રાજકુમારોને પાંચસો પાંચસો કન્યાઓ થઈ. ઋદ્ધિ સિદ્ધિ વડે વૃદ્ધિ પામતા અનુપમ સુખો ભોગવવા માંડ્યા.

## :: સુમંગલ રાજાની દીક્ષા ::

પુત્રોના પ્રતાપથી અભ્યુદય અને ઐશ્વર્યમાં વૃદ્ધિ પામતા રાજા સુમંગલ પુત્રોના ભાગ્યથી ખુશ હતા. તેમને વિચાર આવે છે. આ સામ્રાજ્ય પુત્રોને સોંપી પોતે આત્મહિત સાધી લેવું જોઈએ. જે ધર્મની સેવા વગર શક્ય નથી. ધર્મના મનોરથ કરતો રાજા સારા ધર્મની ખેવના કરી રહ્યો હતો ત્યારે નગરના ઉદ્યાનમાં શ્રીસ્વયંપ્રભ નામના સૂરીશ્વર પધાર્યા. તેમને પ્રાતઃકાળે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હતું. રાજા અતિ પ્રસન્નતાથી પરિવાર સાથે સૂરીશ્વરને વંદન કરવા લાગ્યો. વંદન કરી ધર્મ સાંભળવા બેઠો. ગુરુએ દેશના આપી.

"હે ભવ્યો ! અપાર અને મહાભયંકર આ સંસારમાં મુક્તિની ઇચ્છાવાળા પ્રાણીઓને શુદ્ધ માર્ગ પ્રાપ્ત થવો દુર્લભ છે. કારણકે અજ્ઞાની જીવો કુમાર્ગોમાં મૂંઝાઈને જાળમાં ગુંચવાઈ જાય છે. અહીં દ્વેષરૂપી વાઘ, રાગરૂપી સિંહ, મોહરૂપી રાક્ષસ પ્રાણીને પોતાના સકંજામાંથી છટકવા દેતા નથી. માટે કુમાર્ગનો ત્યાગ કરી શુદ્ધ માર્ગે ચાલો જેથી તમે પરમ નિર્વાણ

નગરે પહોંચી શકો. શત્રુ અને મિત્રમાં, સુવર્ણ અને કથીરમાં, રાજા અને રંકમાં સમાન - મધ્યસ્થવૃત્તિ ધારણ કરવી તેને જ ભગવાને ધર્મ કહ્યો છે. એજ મોક્ષનો માર્ગ છે. માટે મોક્ષમાર્ગ આપનારા ધર્મમાર્ગને અંગીકાર કરો."

ગુરુની વાણી સાંભળી બોધ પામેલો રાજા નગરમાં આવ્યો. કનકધ્વજને રાજ્યપદે અને જયસુંદર કુમારને યુવરાજ પદે સ્થાપી રાજાએ દીક્ષા મહોત્સવ કર્યો અને અનેક સામંત અમાત્યની સાથે ચારિત્ર અંગીકાર કર્યું. નવા રાજા કનકધ્વજ અને યુવરાજ ન્યાયથી રાજ્યનું પાલન કરતાં તેમજ પિતાની દીક્ષાનું મનમાં સ્મરણ કરતાં રાજ્યભોગોમાં પણ આસક્તિ રહિત હતા. અનેક કન્યાઓની પ્રીતિવાળા, રાજાઓથી પૂજાતા, વિપુલ સમૃદ્ધિના માલિક હોવા છતાં ગર્વ રહિત અને ગુરુના સમાગમની ઈચ્છા કરતા સમ્યકત્વગુણે કરીને શોભતા તેઓ જીનેશ્વર ધર્મનું આરાધન કરતા હતા. તેમણે દિક્ યાત્રા આદરી પૂર્વ પુરુષોએ બંધાવેલા જિનમંદિરોને વંદન કરતા, અનેક જીર્ણમંદિરોનો પુનરુદ્ધાર કરાવ્યો, દાન વડે દીનદુઃખીનો ઉદ્ધાર કર્યો, નવા જિન ચૈત્યો બંધાવ્યા. સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકાનું સન્માન કર્યું. રાજા કનકધ્વજ અનુક્રમે સાકેતપુર નગર આવ્યા. ત્યાં અરિહંત ભગવાનનું વિશાળ ચૈત્ય જોઈને ખુશ થયેલા રાજાએ ભગવાનની પૂજા-સ્તુતિ કરી. બહાર નીકળ્યા તો મોટા વૃક્ષ નીચે મુનિપરિવાર જોયો. સૂરીને વંદન કરી ધર્મોપદેશ સાંભળવા બેઠા. ત્યાંનો રાજા પણ પરિવાર સાથે દેશના સાંભળવા આવ્યો હતો.

## :: સંકેતપુરમા ::

મુનિએ ધર્મ દેશના આપી. ધર્મ દેશના સમાપ્ત થતાં પુરૂષોત્તમ રાજાના પુરોહિત કપિંજલે ગુરુને પૂછ્યું, "તમે કહો છો તે બધી વાત સત્ય કહેવાય. જતા કે આવતા જીવને કોઈએ જોયો છે કે તમે તેના સદ્ભાવ માટે આટલી બધી વ્યાખ્યા કરો છો ? કોઈપણ જીવ નરી આંખે દેખાતો નથી, શંખ શબ્દની માફક સંભળાતો નથી, કોઈ પણ પ્રમાણ વડે આત્માની સિદ્ધિ

થતી નથી. માટે વસ્તુતઃ તો જીવ જ નથી. પંચભૂતથી ઉત્પન્ન થયેલી શક્તિને જ વિદ્વાનો જીવ એવું ઉપનામ આપે છે." પોતાને વિદ્વાન માનતા કપિંજલે જ્ઞાનનો ઘડો ઠાલવ્યો.

નાસ્તિક બ્રાહ્મણ કપિંજલની વાણી સાંભળી જ્ઞાની ગુરુ બોલ્યા, "હે ભદ્ર ! છદ્મસ્થ જીવા અરૂપી જીવને દેખી શકતા નથી. છતાં જ્ઞાને કરી ભવનું સ્વરૂપ સમજી શકાય છે. તલમાં તેલ, પુષ્પમાં સુગંધ, લાકડામાં અગ્નિ દેખાતા નથી. પણ જાણી શકાય છે. તેવી રીતે શરીરમાં રહેલો આત્મા પણ જાણી શકાય છે, છતાં કેવળ જ્ઞાનથી જે તે પ્રત્યક્ષ સિદ્ધ છે. હે કપિંજલ ! તું પંચભૂતની વાત કરે છે તે બરાબર નથી. કારણકે પંચભૂતને તું સચેતન માને છે કે અચેતન ? જો સચેતન માનીશ તો સિદ્ધ, એકેન્દ્રિયાદિ બધા જીવ છે એ સિદ્ધ થયું. જો અચેતન માનીશ તો અચેતન એવા પંચભૂતમાં ચેતન શક્તિ શી રીતે પ્રગટ થશે ?"

સૂરીશ્વરે કપિંજલને નિરૂત્તર કરી દીધો. કપિંજલ મૌન થઈ ગયા. છતાં જ્ઞાની એવા સૂરીશ્વર આ પામર જીવ પર કરૂણા લાવીને બોલ્યા, "હે કપિંજલ ! તારા મામા કેશવે તને મિથ્યાત્વ તરફ ખેંચ્યો છે. તને ભ્રમિત કર્યો છે." કેશવની વાત સાંભળી રાજાએ મુનિને પૂછ્યું, "કેશવે પરભવમાં શું પાપ કર્યું કે જેથી તેને અંધત્વ પ્રાપ્ત થયું ?" પર્ષદાના બોધ માટે ગુરુએ કેશવનું ચરિત્ર કહેવું શરૂ કર્યું.

## :: મોહનના ભવમા ::

વસંતપુર નગરમાં વીરાંગદ નામે રાજા હતો. તેને મૃગયાનો બહુ શોખ હતો. એક દિવસ ઘોડા પર બેસી અલ્પ પરિવાર સાથે મૃગયા ખેલવા નીકળ્યો જંગલમાં પશુઓને દોડવતો રાજા સેવકના કહેવાથી એક શુકરની પાછળ દોડ્યો અને શરસંધાન કર્યું. બાણની પાછળ રાજા વેગથી ધસી આવ્યો પણ શુકરને જોયો નહિ પણ પોતાના બાણથી વિંધાઈ ગયેલા ધ્યાનમુનિને જોયા. ધ્યાનમાં ઉભેલા મુનિને ક્લેશ પમાડવાથી પશ્ચાતાપ કરતો રાજા મુનિના

ચરણમાં નમી પડ્યો. માફી માંગતા બોલ્યો, "ભગવાન ! મને ક્ષમા કરો. મારું પાપ દૂર કરો. હું તમારા શરણે છું." એમ મુનિના ચરણોમાં ખૂબ પશ્ચાતાપ કરવા માંડ્યો. મુનિએ પોતાનું ધ્યાન પૂર્ણ કરી રાજાને ધીરજ આપતા કહ્યું, "રાજન ! ભય રાખીશ નહિ. અપરાધીજનો પર પણ મુનિઓ કોપ કરતા નથી. તો તારા જેવા પશ્ચાતાપ પરાયણ પર શી રીતે કરે ? કંઈક હિતોપદેશ સાંભળ !

"દૂધનું પાન કરનારો માર્જાર લાકડીના ઘાને જોતો નથી. તેવી રીતે પાપાસક્ત માનવી પણ નરકના ભયને મનમાં લાવતો નથી. એટલે મૃગયારૂપી પાપનો ત્યાગ કરીને ધર્મ વિશે ઉદ્યમ કર. હે રાજન ! ધર્મમાર્ગમાં પ્રીતિવાળો થા, કે જે ધર્મ શરીરનો નાશ થાય તો પણ પરભવમાં આત્માને સુખ આપનારો થાય છે." મુનિના ઉપદેશથી પ્રતિબોધ પામેલો રાજા વીરાંગદ સમ્યકત્વ મૂળ બારવ્રતને યથાશક્તિ ગ્રહણ કરી પોતાના નગરમાં ગયો અને અનુક્રમે શુદ્ધ શ્રાવક થયો.

એ વસંતપુર નગરમાં જીવજીવાદિક તત્વનો જાણકાર જિનપ્રિય નામે શ્રાવક રહેતો હતો. તે શ્રાવક દરરોજ રાજા પાસે આવી શાસ્ત્રની વાત સંભળાવી રાજાને ધર્મમાં સ્થિર કરતો હતો. રાજા પણ શ્રાવકનું બહુમાન કરતો. શ્રાવકની સહાયથી સામાયિક, પૌષધ, જિનપૂજાદિક કાર્ય નિરંતર શુદ્ધપણે કરતો હતો. તે નગરમાં સ્વજન, પરિવાર નગરનો નિર્ધન મોહન નામે કોઈ વિપ્ર રહેતો હતો. નાસ્તિક હોવા છતાં આજીવિકા ખાતર જૈનધર્મને પાળતો, લોકોને જૈનધર્મનો ઉપદેશ કરતો પોતાનું ગુજરાન ચલાવતો હતો. એણે જિનપ્રિય સાથે કપટ મૈત્રી કરી એકવાર એની સાથે રાજા પાસે આવ્યો. રાજા આગળ જૈન ધર્મની પ્રશંસા કરી રાજાનો વિશ્વાસ સંપાદન કર્યો. રાજા એ તેને પોતાના મુખ્ય જિનમંદિરમાં પૂજારી તરીકે રાખ્યો.

સંસાર પર વૈરાગ્યવાન રાજાએ દીક્ષા લેવાનો નિશ્ચય કરીને મોહનને કહ્યું, "હે ભદ્ર ! ગુણવાન એવા કોઈ ધર્માચાર્યને તેડી લાવ કે જેમની પાસે હું દીક્ષા ગ્રહણ કરું અને તેમની સેવા કરી સંસાર સાગર તરી જાઉ." રાજાની વાત સાંભળી મોહન મનમાં વિચાર કરવા માંડ્યો, "આ રાજા જો દીક્ષા

લેશે તો મારી આજીવિકા તૂટી જશે." થોડા દિવસ પછી રાજા પાસે આવ્યો અને કહેવા લાગ્યો "દેવ ! મેં નગરમાં તેમ જ અન્ય સ્થળે ગુરુની બહુ શોધ કરી પણ એવા જ્ઞાનીગુરુ મેં જોયા નહિ. કોઈ આડંબરવાળા, કોઈ પરિગ્રહધારી, કોઈ શિથિલાચારી પણ જેમના ચરણરૂપી યાનપાત્ર વડે સંસાર સમુદ્ર તરી શકાય એવા કોઈ મેં જોયા નહિ. માટે હાલમાં તો આપ ગૃહવાસમાં રહો જ્યાં દાન, શીલ, તપ અને ભાવથી ધર્મ સાધી શકાય છે." મોહનના શબ્દોથી રાજાને સંતોષ થયો નહિ. તેમણે જિનપ્રિયને પૂછવાનો વિચાર કર્યો. જિનપ્રિયને બોલાવી પોતાની ઇચ્છા અને મોહનની વાત કહી સંભળાવી. જિનપ્રિય મોહનને ઉદ્દેશીને બોલ્યો "તું રાજાને મૂંઝવી નાખે છે. સાંભળ સાહસિક પુરુષોને ચપળ ચિત્ત કશું કરી શકતું નથી. પ્રમાદનો ત્યાગ કરી સાવધાન પણે તેઓ ધર્મ પાળે છે. સ્વાધ્યાય, ધ્યાન, તપમાં ઉદ્યમવાળા સાધુઓનું ચિત્ત ક્યારેય ચલાયમાન થતું નથી. કર્મના દોષ થકી કદાચ કોઈક ચલિત થઈ જાય તો શું અન્યજનોએ પ્રવૃત્તિ ના કરવી ? કોઈકનું વહાણ સમુદ્રમાં ડૂબી જાય તો શું બીજાએ ધન કમાવવા સમુદ્રની મુસાફરી ના કરવી ? તું કહે છે કે સંસાર થકી તારનાર ગુરુ દેખાતા નથી તે તારું ગુપ્ત મિથ્યાત્વ જણાય છે. સર્વ સંગ રહિત, પંચ મહાવ્રતપાળનાર, પંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી શોભતા જ્ઞાન અને ધ્યાનમાં લીન ગુરુઓ આજે પણ જોવાય છે છતાં તારા જેવાને દેખાતા નથી. કારણ કે અંધ માણસ નજર સમક્ષ રહેલા ઘટાદિક પદાર્થો પણ જોઈ શકતો નથી. આ પાપનું પ્રાયશ્ચિત કર અને તારા આત્માને નિર્મળ કર." જિનપ્રિયને સાંભળીને પણ મોહને પોતાના પાપની આલોચના કરી નહિ. રાજાએ તેને પોતાની પાસેથી દૂર કર્યો.

## :: ગણધર અને સુમિત્ર ::

મોહનને દૂર કર્યા પછી જિનપ્રિય એ રાજાને કહ્યું, "દેવ ! આપને ધન્ય છે કે આપ નિર્ગ્રંથ થવા ઇચ્છો છો. સુખમાં આવા મનોરથો ઉત્તમ જીવો ને જ થાય છે. આપના મનોરથના પુણ્ય પ્રતાપે નગરના ઉદ્યાનમાં ગઈકાલે જ જયકાંત મુનિશ્વર પધાર્યા છે." રાજા સાંભળીને પ્રસન્નતા

અનુભવતા ગુરૂને વાંદવા આવ્યો. તેમને વંદન કરી ધર્મદેશના સાંભળવા બેઠો. "મનુષ્ય ભવમાં પણ રંક, ગરીબ અને નિર્ધનને દ્રવ્ય કમાવાની, ધનિકને ધનના રક્ષણની ચિંતા, વાંઢાને સ્ત્રીની ચિંતા, પરણેલાને પુત્રની ચિંતા, થયા પછી તેમના લગ્નની ચિંતા એમ ચિંતાઓનો પાર નથી. એ બધી ચિંતાઓનો ત્યાગ કરી મુક્તિનો માર્ગ પસંદ કર." ગુરુની વાણી સાંભળી રાજાએ નગરમાં આવીને વીરસેન કુમારને રાજગાદી સોંપી, જિનપ્રિય, મંત્રી, સામંત અને શ્રેષ્ઠિ સાથે દીક્ષા ગ્રહણ કરી. રાજા વીરાંગદ છઠ્ઠ, અઠ્ઠમની તપસ્યા કરતાં, સાધુધર્મની દશવિધ સમાચારીનું આરાધન કરતા અને મુનિપણાની વૈયાવચ્ચ કરતાં ખૂબ પુણ્ય ઉપાર્જન કર્યું. પ્રાણાંતે અનશનપૂર્વક કાળ કરી મહાશુક્ર દેવલોકમાં ઇન્દ્રપદ પામ્યા. જીનપ્રિય શ્રાવક પણ એ ઈન્દ્રિનો મહર્ષિ એવો સામાનિક દેવ થયો.

પેલો મોહન ત્યારથી સાધુદ્રોહી થઈ ગયો અને સાધુઓના છિદ્ર જોવા લાગ્યો. મિથ્યાત્વવાળો હોવાથી પૌષધ, પ્રતિક્રમણના બ્હાને ઉપાશ્રયમાં જઈ સાધુઓનાં ઝીણામાં ઝીણા છિદ્રોને મોટું સ્વરૂપ આપી લોકોની આગળ સાધુઓની નિંદા કરતો. સાધુઓ માટે ગમે તેમ ભૂલો કાઢીને બોલબોલ કરતો. મુનિઓના પ્રતિદિવસ અવર્ણવાદ બોલતા મુગ્ધ શ્રાવકોનાં મન તેણે સાધુ ધર્મથી ભ્રષ્ટ કરી દીધા. મોહને દરરોજ સાધુઓની નિંદા કરીને મહાપાપકર્મ ઉપાર્જન કર્યું. એ પાપના જોરે તેને આ ભવમાં મુખપાકનો રોગ થયો. એ રોગમાંજ મૃત્યુ પામી વિંધ્યાચળની તળેટીમાં હાથી થયો. ભિલ્લોએ હાથીને પકડીને નગરમાં વેચ્યો. વણિક મહાજને એ હાથીને ખરીદીને રાજાને વેચ્યો. યુદ્ધમાં ઉપયોગી થઈ પડશે એમ માની રાજાએ તેને વૃદ્ધિ પમાડ્યો. ભવાંતરના સ્વભાવથી હાથી ના ભવમાં પણ તે યતિઓનો દ્વેષી થયો. એક દિવસ મનમાં સ્વાધ્યાય કરતા સાધુઓનો શબ્દ સાંભળી ક્રોધથી ધસમસતો હાથી સાધુઓને મારવા દોડ્યો. પણ માર્ગમાં રાજપુરુષોએ એનું મસ્તક ફાડી નાખ્યું. આર્તધ્યાને મરણ પામી રત્નપ્રભા નામે પહેલી નરકનો અતિથિ થયો. ત્યાં પાપકર્મોને ભોગવી શ્યેન પક્ષી થયો. એ ભવમાં પણ બહુ પાપ કરીને વાલુકાપ્રભા નામે

ત્રીજી નરક પૃથ્વીમાં ગયો. ત્યાંથી નીકળી સિંહ થયો. જો ભવમાં ઘણી જીવ હિંસા કરી પંકપ્રભા નરક પૃથ્વીમાં ગયો ત્યાંથી નીકળી ધનપુર નગરમાં કામલી વણિકના ઘેર પુત્ર પણે ઉત્પન્ન થયો. તેનું નામ સુમિત્ર.

તે સમયે જિનપ્રિય સાતમા દેવલોકથી આયુક્ષયે તે જ નગરના વિનયંધર શ્રેષ્ઠીની ગુણવતી સ્ત્રીનો પુરુષ થયો. તેનું નામ રાખ્યું ગુણધર. ગુણધર યૌવનવયમાં આવ્યો. પૂર્વભવના અભ્યાસથી તેને સુમિત્ર સાથે મૈત્રી થઈ. પણ સુમિત્ર ગુણધર સાથે કપટી સ્નેહ ધારણ કરવા લાગ્યો. ગુણધર તવંગર હોવા છતા સુમિત્રને માનની નજરથી જોતો. માતાપિતાના મૃત્યુ પછી સુમિત્ર એકદમ કંગાળ બની ગયો. તેણે પરદેશ ધન કમાવા જવાનો વિચાર કર્યો. અને ગુણધર સાથે પરદેશ સંબંધી વાત કરી. તેની વાત સાંભળી પોતાની સહાયથી મિત્ર સુમિત્ર ધન પેદા કરી શકે તે હેતુથી તેની સાથે પરદેશ જવા તૈયાર થયો. સારા મુહૂર્તે ગુણધર કરિયાણાના ગાડાં ભરી સુમિત્રની સાથે દેશાવર નીકળ્યો. અનુક્રમે એક અટવી આવી એટલે ત્યાં ઉતારો કર્યો. વનની શોભા જોતા બંને મિત્રો એક પીપળાના વૃક્ષ નીચે આવ્યા. ત્યાં બેઠા અને શીતલ પવનની લહેરીઓથી ગુણધરને નિંદ્રા આવી ગઈ. ગુણધરને ઉંઘતો જોઈ સુમિત્રે પોતાનું પોત પ્રકાશ્યુ. ત્યાંથી એકદમ નાઠો અને સાર્થમાં આવી "નાસો ! નાસો ! ગુણધરંને ભિલ્લો લઈ ગયા છે અને બીજાઓ અહીં લુંટવા આવે છે." સુમિત્રની વાણી સાંભળી બધા નાસભાગમાં પડ્યા. પછી એ કરિયાણાનો માલિક બની રાજી થયો બીજા દિવસે મધ્યાહ્નના સમયે સુમિત્રના પાપથી દાવાનળ પ્રગટ થયો. માલ ભરેલા ગાડા દાવાનળથી દગ્ધ (બળી) થઈ ગયા. ચાકરો પણ નાસી ગયા. સુમિત્ર નસીબને હાથ દેતો નાઠો અને એક ગુફામાં ઘુસી ગયો. ત્યાં ભીલ્લોએ તેને ત્રણ દિવસ પકડી રાખ્યો અને પછી છોડી મૂકયો. મહાકષ્ટથી તે પોતાના ઘેર ગયો.

સાંજે મૃગયા રમવા નીકળેલા શેખર નામનો પલ્લીપતિ ત્યાં આવી ચડ્યો. ગુણધરને પોતાના માણસો દ્વારા જાગૃત કર્યો. તેની હકીકત જાણી પોતાના સ્થાનકે તેડી લાવ્યો અને આગતા સ્વાગતા કરી. પોતાના માણસો

મોકલી શેખરે સુમિત્રની તપાસ કરાવી. પણ પત્તો લાગ્યો નહિ. બીજે દિવસે પલ્લીપતિ એ ગુણધરને સિદ્ધ રસનું તુંબડું આપીને રવાના કર્યો. પોતાના બે માણસો તેની સાથે મોકલ્યા. પલ્લીપતિનો આભાર માનીને ત્યાંથી નીકળી ગુણધર અનુક્રમે વીરપુર નગરમાં આવ્યો. ત્યાં જીર્ણ વણિકના ઘેર સુખપૂર્વક રહેવા લાગ્યો.

## :: કેશવની કર્મ કથા ::

ભૂંડે હવાલે ભીખ માગી પેટ ભરતો સુમિત્ર રખડતો રખડતો એક દિવસ વીરપુર નગરમાં આવ્યો. ત્યાં ગુણધરને જોઈને ઓળખી ગયો. પછી તો કપટથી નાટક કરતો ગુણધરને પકડી રડવા માંડ્યો. અને ખોટા ખોટા રોંદડા રડવા માંડ્યો. તેને ઊંધુચત્તું સમજાવ્યું. સરળ સ્વભાવી ગુણધર તેને પોતાના ઘેર તેડી લાવ્યો ખવડાવ્યું- પીવડાવ્યું અને પેલી સિદ્ધ રસ વાળી વાત તેને કહી. સુમિત્રની પ્રેરણાથી એ રસતુંબી વણિકને સોંપી બંને મિત્ર ધન કમાવા પરદેશ ચાલ્યા. તેઓ તામ્રલિપ્તીનગરીમાં આવ્યા. ત્યાં સમુદ્રકિનારે કટાહદ્વીપથી વહાણો આવેલા હતા. આ બંને મિત્રો ત્યાં આવ્યા. ગુણધરને ઉત્તમ નર જાણી વહાણના માલિકે બધો માલ બતાવી સોદો કર્યો. પોતાનો માલ થોડો સમય ત્યાં રાખવાની શરત કરી તે નગરમાં જવાને તૈયાર થયો. નગરમાં ખબર પડતા વેપારીઓ ખરીદી કરવા આવ્યા અને ગુણધર સાથે સોદો કરી માલ પોતાના ઘેર લઈ ગયા. ગુણધરે માલિકને નક્કી કરેલા નાણા આપી દીધા. એમાં તેને કોટિ દીનારનો લાભ થયો. "સમુદ્ર આજે મારા પર પ્રસન્ન થયો." એમ કહી ગુણધરે એ કોટી દીનાર સુમિત્રને આપી દીધા. પણ લોભી સુમિત્ર તૃપ્ત થયો નહિ. તેણે ચીનદ્વીપ જવાનો વિચાર કર્યો. ગુણધર પણ તેની સાથે વહાણ ભરીની ચીનદ્વીપ ચાલ્યો. ગુણધર ત્યાં પણ પુષ્કળ લાભ પ્રાપ્ત કરી સુમિત્ર સાથે પાછો ફર્યો. દુષ્ટ સુમિત્રએ રાત્રીના સમયે ગુણધરને સમુદ્રમાં નાખી દેવાનો વિચાર કર્યો. મધ્યરાત્રી એ ગુણધર પાસે જવા નીકળ્યો પરંતુ અંધકારમાં દિશાભ્રમથી પોતે જ સમુદ્રમાં પડી ગયો.

પ્રાતઃકાળે સુમિત્રને ના જોવાથી ગુણધર વિલાપ કરવા માંડ્યો. સેવકોએ તેને શાંત કર્યો. અનુક્રમે તે તામ્રલિપ્તીનગરીએ આવ્યો. થોડા દિવસ ત્યાં રહી સુમિત્રની શોધ કરાવી પણ પત્તો લાગ્યો નહિ. પોતાના કરિયાણા વેચી ગુણધર વીરપુર નગર આવ્યો. ત્યાંથી પોતાનું સિદ્ધિરસનું તુંબડું લઈ ધનપુર નગરમાં આવ્યો. માતાપિતાના ચરણમાં નમી સ્વજનો તથા જ્ઞાતિજનોનું સન્માન પામ્યો. સુમિત્રને યાદ કરતો ગુણધર કાલાંતરે પણ સુમિત્રને ભૂલી શક્યો નહિ. ઉદ્યાનમાં રહેલા જ્ઞાની ગુરુ સુધર્મમુનિને વાંદવા ગયો. ગુરુએ જ્ઞાનથી એનો વૃતાંત જાણીને કહ્યું, “હે સૌમ્ય ! મોહથી મૂઢ થયેલાની માફક મિત્ર માટે શોક કરીશ નહિ. મિત્ર અને શત્રુનું સ્વરૂપ તું જાણતો નથી.” એમ કહીને જિનપ્રિય અને મોહન ભવ કહીને ગુણધર અને સુમિત્ર સુધીની કર્મકથા તેને કહી દીધી. કપટમૈત્રીથી તેની સાથે રહેતો હતો તે સર્વ હકીકત મુનિ ગુણધરને કહીને જણાવ્યું કે તે પાપબુદ્ધિવાળો હતો અને વારંવાર ગુણધરને કષ્ટમાં નાખવાના પ્રયત્નો કરતો છતાં ધર્મના પ્રભાવથી તેનું અહિત કરી શકતો નહિ. પોતાની આજીવિકાના ભયથી મોહને સાધુઓની નિંદા કરી મહાગાઢ મિથ્યાત્વ બાંધ્યું. જેથી આ ભવારણ્યમાં ઘણો કાળ ભમશે. અનેક દુઃખો ભોગવશે. પરંતુ ગુણધરે ધર્મને જ સાચો મિત્ર માની ચારિત્ર અંગીકાર કરી ભવસાગર તરી જવો.

સુધર્મગુરુની વાણી સાંભળી ગુણધર સંસારથી ભય પામતો બોલ્યો, “હે ભગવાન ! દરિયામાં પડેલો સુમિત્ર હાલમાં ક્યાં છે ?” “સમુદ્રના પાણીમાં તરફડતા તેને મોટા જલચર જીવોએ ફાડી ખાધો. ત્યાંથી મૃત્યુ પામીને સાકેતપુરના દરિદ્ર બ્રાહ્મણને ત્યાં જન્મ્યો. પૂર્વના પાપકર્મથી જન્મ થતાં જ તે અંધ થયો. માતાપિતાએ કેશવ નામ રાખ્યું, અનેક રોગોથી ભરેલો કેશવ માતાપિતાને પણ ઉદ્વેગ કરાવે છે. છતાં વૃદ્ધિ પામે છે.” સુમિત્રની ભવ પરંપરાથી ઉદ્વેગ પામેલા ગુણધરે માતાપિતાની રજા લઈ દીક્ષા ગ્રહણ કરી. સમગ્ર શાસ્ત્રના અધિષ્ઠાના થઈને સૂરિપદ પામ્યા. અને રૂડી રીતે ચારિત્ર પાળતા પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા. વિહાર કરતો કરતો હું પોતે જ

છું અને તમને પ્રતિબોધવા અહીં આવેલો છું વીરાંગદ રાજાના ચારિત્રના પ્રભાવે સાતમા સ્વર્ગે ગયેલા ત્યાંથી સાકેતપુર નગરમાં પુરુષોત્તમ રાજા થયેલા છો. માટે તમારે પણ હવે આરાધન કરવું યોગ્ય છે.

## :: કનકધ્વજ રાજાની દીક્ષા ::

ગુણધર મુનિએ કેશવની કર્મકથા કહી સંભળાવી જેથી પુરુષોત્તમ રાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના પૂર્વભવ જોઈને ગુરુને નમીને બોલ્યો, "હે ભગવન ! ભવાંતરની જેમ આ ભવમાં પણ અમને બોધ કરવા આપ પધાર્યા એ અમારા અહોભાગ્ય છે. હું આપની પાસે દીક્ષા લઈશ." રાજ પુરોહિત કપિંજલ પણ જાતિ સ્મરણથી પોતાનો ભવ જાણી ગુરુને નમીને બોલ્યો, "મને પણ દીક્ષા આપી મારો ઉદ્ધાર કરો." કપિંજલની વાણી સાંભળી રાજાએ કપિંજલને પૂર્વભવ જાણવાની જિજ્ઞાસા બતાવી. મુનિએ કપિંજલનો પૂર્વભવ કહેવા માંડ્યો.

"રાજન વસંતપુર નગરમાં તું જ્યારે રાજા હતો ત્યારે શિવદેવ નામનો આ શ્રાવક હતો. તે અણુવ્રત ધારણ કરનારો અને સામાયિક પૌષધમાં પ્રીતિવાળો બ્રહ્મચારી હતો. છતાં મોહને એની મતિ ફેરવી નાખી જેથી સમક્તિને છોડીને તે પણ સાધુઓની નિંદા કરવા લાગ્યો. ગુરુ વંદન કરવાનું તેમ જ તેમને વહોરવાનું પણ છોડી દીધું તેમની વૈયાવચ્ચ કરવા પણ જતો નહિ ઊલટું મોહનની જેમ સાધુઓની નિંદા કરતો અને તેમની વિરાધના કરતો મિથ્યાત્વી તેવો તે અનુક્રમે કાળ કરી કિલ્લિષિક થયો. દૌર્ભાગ્ય નામના કર્મ ઉદયથી ત્યાં પણ સમૃદ્ધ દેવતાઓએ એને પંક્તિ બહાર કર્યો. તેથી તેણે સ્મશાનમાં જીવન વિતાવ્યું. ત્યાંથી મરીને ચંડાળના કુળમાં અવતર્યો. અનેક પાપકર્મ કરી ધૂમ પ્રભામાં નારકી થયો. નારકીની મહાવ્યથા અનુભવી તારો પુરોહિત કપિંજલ થયો. ભવાંતરના સંબંધથી આજે પણ કપિંજલને કેશવ સાથે પ્રીતિ થઈ. કેશવની સંગતથી કુળને ઉચિત ક્રિયાનો ત્યાગ કરી કપિંજલ નાસ્તિક થયો છતાં પણ ઋજુ પરિણામી હોવાથી શિવદેવ ભવમાં તીવ્ર

મિથ્યાત્વના બાંધવાથી અત્યારે એને જાતિ સ્મરણ જ્ઞાન થયું છે. અને તે પ્રતિબોધ પામ્યો છે. પરંતુ કેશવ તો ગુરૂદ્રોહ કરવાથી તીવ્ર અભિનિવેશને ધારણ કરતો ઘણો કાળ સંસારમાં ભટકશે.

જ્ઞાન, ધ્યાન, તપ અને ઉપધાનની વિધિથી શાસનની ઉન્નતિ કરનારા શુદ્ધિ સંયમધારી ગુણીજન એવા સાધુઓની જે અલ્પ બુધિવાળા જીવો નિંદા કરે છે તે આત્માને વારંવાર નરકમાં પાડે છે. બ્રહ્મચર્ય ધારી શુદ્ધ મુનિવરોના અવર્ણવાદને બોલે છે. તે ભવાંતરમાં કાણા, અંધા, બહેરા, ઠૂંઠા, મૂંગા, દુર્ભાગી, દરિદ્રો અને દુઃખી થઈને સંસારમાં ઘણો કાળ ભમે છે. આ દુષમ કાળમાં તરવાને માટે ગુરુ એક જ સાધન વિદ્યમાન છે. ભગવાનની વાણીને ભણાવનારા જ્ઞાની ગુરુઓ પોતે જ છે માટે સાધુ-મુનિરાજની અવશ્ય આરાધના કરવી તે પછી પુરુષોત્તમ પોતાના પુત્ર પુરુષચંદ્ર કુમારને રાજ્યપદે સ્થાપી કપિંજલ વગેરે સાથે મહોત્સવપૂર્વક દીક્ષા લીધી.

દિગયાત્રા કરવા નીકળેલા કનકધ્વજ રાજા પોતાના બંધુ જયસુંદર વગેરે પરિવાર સાથે ગણધર સૂરીશ્વરની દેશના સાંભળી વૈરાગ્ય પામ્યા અને જયસુંદરને રાજ્યપદે સ્થાપન કરી દીક્ષા લેવાની ઇચ્છા થઈ. તેમણે જયસુંદરને રાજ્ય ગ્રહણ કરવા કહ્યું. "હે વત્સ ! તું રાજ્ય ગ્રહણ કર." રાજાની વાણી સાંભળી ગદગદિત સ્વરે જયસુંદર બોલ્યો. "હે નરેશ્વર ! ગુરુની વાણીથી હું પણ વૈરાગ્યવંત થયો છું અને આપની સાથે જ દીક્ષા ગ્રહણ કરીશ." જયસુંદરનો નિશ્ચય જાણી રાજાએ કુમાર કનકકેતુને રાજ્યાભિષેક કરી દીધો. મંત્રી, સામંત, સેનાપતિ સાથે કનકધ્વજ રાજા અને જયસુંદર યુવરાજે ગુણધર ગુરુ પાસે દીક્ષા ગ્રહણ કરી કનકધ્વજ અને જયસુંદર નિર્મળ ચારિત્રને પાળતા, સમિતિ અને ગુપ્તિ ને ધારણ કરતાં જ્ઞાન અને ચારિત્રની આરાધના કરી. દીર્ઘકાલપર્યંત ચારિત્રવાળી પ્રાણાંતે અનશનપૂર્વક સમાધિમરણ વડે વિજય નામના અનુત્તર વિમાનમાં બંને બાંધવો ઉત્તમ દેવ થયા.

# પરિચ્છેદ ૧૦ કુસુમાયુધ અને કુસુમકેતુ

ભરતધર્મા અંગદેશની રાજધાની ચંપાનગરીમાં શ્રીજય રાજા રાજ્ય કરતા હતા. કનકધ્વજ રાજાનો જીવ વિજય વિમાનમાંથી પોતાનું આયુ પૂર્ણ કરી શ્રીજય રાજાની પટ્ટરાણી પ્રિયમતીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. રાણી સારી રીતે ગર્ભનું પોષણ કરતી હતી. ત્યારે ગ્રીષ્મ ઋતુના દિવસો આવ્યા. એક દિવસ આત્માને શાંતિ આપવા રાજા પટ્ટરાણી સાથે સર્વઋતુફલદાયી ઉદ્યાનમાં ગયો. કર્પુર, અગરૂ, કસ્તુરી મિશ્રિત શીતલવાવના જળમાં ક્રીડા કરી દ્રાક્ષના માંડવામાં પરિશ્રમ ઉતારવા બેઠો. અને તે પછી પટ્ટરાણીના આનંદ માટે હાથમાં વીણા વગાડતા મનોહર ગીતો ગાવા શરૂ કર્યા. શ્રીજય રાજાના ગુણથી પ્રસન્ન થયેલી વનદેવી એની સાથે વરવા મનોહર રમણીનું રૂપ ધરી રાજા આગળ પ્રગટ થઈ. પરસ્ત્રીના નિયમવાળા રાજાએ તેનો તિરસ્કાર કર્યો. રાજાને સમજાવતા તે સ્ત્રી બોલી, "સ્વામી ! હું પરસ્ત્રી નહિ પરંતુ તમારા ગુણોથી અનુરક્ત થયેલી વનદેવી છું. મારા પર પ્રસન્ન થાઓ. પ્રિયમતી પટ્ટરાણીને સમજાવીને મેં નગરમાં મોકલી દીધી છે." રાજા દેવી પર અત્યંત ગુસ્સે થઈ ગયો અને બોલ્યો, "પાપીની ! સૂરજાતિને પણ લજાવનારી તું મારી નજર આગળથી દૂર થઈ જા." રાજાનો ગુસ્સો જોઈને અત્યારે તો દેવી અદૃશ્ય થઈ ગઈ. કોપાયમાન થયેલી દેવી બળવાન અને પુણ્યવાન રાજાનું અપ્રિય તો કરી શકે નહિ એટલે તેણે મધ્યરાત્રિએ પટરાણીનું નિંદ્રાવસ્થામાં હરણ કરીને તેને ઘોર અરણ્યમાં છોડી દીધી. પ્રાતઃકાળે રાજા નગરમાં આવ્યો. રાજમહેલમાં પ્રવેશ કરી પટરાણી ના વાસભુવનમાં આવ્યો તો પટ્ટરાણી હાવભાવ કરતી રાજા પાસે આવી વિકારમય ચેષ્ટાઓ કરવા માંડી. રાજા તાજુબ થઈ ગયો. તરત જ તેને ખ્યાલ આવી ગયો કે આ પટ્ટદેવી ના હોય.

નક્કી પેલી વ્યંતરીની આ માયા છે. ક્રોધાયમાન રાજાએ મુષ્ટિનો પ્રહાર કરી તેના કેશ ખેંચી વાસભુવનમાંથી બહાર ખેંચી કાઢી. ફાળતી ભ્રષ્ટ થયેલી મૃગલીની માફક દેવી જે પટરાણી થઈ હતી ક્ષણમાં અદશ્ય થઈ ગઈ.

રાજાએ જંગલમાં, વનમાં, ઉપવનમાં ચારેકોર પટરાણીની શોધખોળ કરી પણ પત્તો લાગ્યો નહિ. નિરાશ થયેલો રાજા દેવીનું કૃત્ય જાણી ધીરજ ધારણ કરી રહ્યો. સંસારનું સ્વરૂપ ચિંતવતો રાજા સાવધાનપણે બ્રહ્મચર્ય પાળતો મનમાં વિચાર કરવા માંડ્યો, "પુત્ર સહિત દેવીને ક્ષેમકુશળ જોઈશ પછી તરત આ અસાર સંસારનો ત્યાગ કરી સંયમ ગ્રહણ કરીશ. દુષ્ટા વનદેવીએ મારી પ્રિયાને ગમે ત્યાં મૂકી હોય એ ધર્મપ્રસાદે ગર્ભસહિત કુશળ રહો." શોકથી વ્યાકુળ રાજા ભોજનનો પણ ત્યાગ કરીને રાજકાર્યથી પંચમુખ થઈ ગયો ત્યારે મંત્રીઓએ રાજાને ખૂબ સમજાવ્યો. તેમણે નિમિત્તકને રાજા સમક્ષ હાજર કર્યો. રાજાએ પટ્ટરાણીનો વૃતાંત પૂછ્યો ત્યારે તેણે કહ્યું, "દેવ ! આપાના પટરાણી આપને પુત્ર સહિત કાલાંતરે મળશે માટે શોક કરશો નહિ." નિમિતજ્ઞના વચનથી શાંત થયેલો રાજા ભોજન કરી દેહને ટકાવતો સમય પસાર કરવા માંડ્યો.

## :: કુસુમાયુધ ::

ભયંકર અટવીમાં સાવધ થયેલી પ્રિયમતી ચારેકોર ઘોર જંગલ જોઈને વિલાપ કરવા માંડી, તેને થયું, "મારું વાસભુવન ક્યાં અને ક્યાં આ ઘોર જંગલ ? વિના અપારાધે રાજાએ મારો ત્યાગ કર્યો હશે ? નક્કી મારા પરભવના પાપ ઉદયમાં આવ્યા લાગે છે. કે આ દુઃખ મને પ્રાપ્ત થયું." વિલાપ કરતી પ્રિયમતી ભયના લીધે મનમાં "નમો અરિહંતાણ" નો જાપ જપતી મહાકષ્ટે ઉભી થઈ વિચારવા માંડી ક્યાં જાય ? સિંહ, વાઘ અને શિયાળના ભયથી ચાલતી રાણીના પગમાં કાંટા વાગવા માંડ્યા. પીડાથી તે મૂર્છિત થઈ જતી પણ શીતલ વાયુથી સાવધ થઈ ધીમે ધીમે આગળ ચાલી ભૂખ અને તરસની વેદનાથી એ કારમો દિવસ પસાર થયો પણ ભાગ્યયોગે

સંધ્યાકાળે કોઈક તાપસીનો ભેટો થયો. તાપસી તેને આશ્વાસન આપી પોતાના આશ્રમમાં લઈ ગઈ. આશ્રમની વૃદ્ધ ગુરુણીએ તેના દુઃખનું કારણ પૂછ્યુ, પટ્ટરાણીએ પોતાની કથા કહી સંભળાવી. વૃદ્ધ તાપસીએ આશ્વસાન આપવાથી પટ્ટરાણી ભગવાનનું સ્મરણ કરતી આશ્રમમાં પોતાનો સમય પસાર કરવા માંડી. વૃદ્ધ તાપસીએ પોતાના કુલગુરુને વાત કરીને પ્રિયમતીની પોતાના વતન મોકલવાનું જણાવ્યું.

કુલપતિએ કેટલાક વૃદ્ધ તાપસોની સાથે એક દિવસ પ્રિયમતી ને રવાના કરી. શ્રીપુર નગરમાં આવી ઉદ્યાનમાં આરામ કરવા બેઠી અને સમીપમાં જિનમંદિર જોઈ જિનમંદિરમાં આવી ભગવાનની સ્તવના કરવા માંડી. તે સમયે જિનસુંદરી શ્રાવિકાએ પ્રિયમતાને વિદેશી જાણી તેને વિશે પૂછ્યુ. પ્રિયમતી તેને જોઈને રૂદન કરવા માંડી અને ડૂસકાં ભરાઈ આવતા બોલી શકી નહિ. જિનસુંદરીએ તેને આશ્વાસન આપતા કહયુ, “આ પૂર્ણ સંસારમાં ડગલેને પગલે મનુષ્યને દુઃખ જ પ્રાપ્ત થાય છે. માટે રડીશ નહિ. એમાંથી છૂટવા ધર્મનું આરાધન કર.” અને રાણીને પોતાના ઘેર લઈ આવી. તેના માતાપિતાને આ દુઃખી સ્ત્રીએ બધી વાત કહી સંભળાવી. જિનસુંદરીના માતાપિતાએ તેને પુત્રીની જેમ રાખી. અનુક્રમે રાણીને પુત્રનો જન્મ થયો. રાજપુત્રને જોઈ પ્રસન્ન થયેલા ધનંજય શ્રેષ્ઠીએ મહોત્સવ કરી પુત્રનું નામ કુસુમાયુધ રાખ્યું. કુસુમાયુધ બાળક ધનંજય શ્રેષ્ઠીને ત્યાં બે વર્ષનો થયો. તે સમયે શ્રીપુરનગરનો વાસવદત્ત નામનો સાર્થવાહ ચંપાનગરી તરફ જવા તૈયાર થયો. ધનંજય શ્રેષ્ઠીએ સાર્થવાહને બોલાવી સર્વે હકીકત સમજાવો. પ્રિયમતીને પુત્ર સહિત વાહન તથા માણસોનો બંદોબસ્ત કરી તેની સાથે ચંપા જવા રવાના કરી. વાસવદત્ત શ્રીપુરથી પ્રયાણ કરતો અનુક્રમે શિવવર્ધનપુર નગરમાં આવ્યો. અને ઉદ્યાનમાં પડાવ નાખ્યો. પ્રિયમતી એ પણ ત્યાં જ મુકામ કર્યો. એ સમયે શિવવર્ધન નગરનો શ્રીસુંદર રાજા ગુરુ પાસે ધર્મ સાંભળી દીક્ષા લેવાની તૈયારી કરી રહ્યો હતો. રાજાનો નાનો ભાઈ પુરંદર પણ વડીલબંધુ સાથે દીક્ષા લેવા તૈયાર થયો હોવાથી રાજ્ય કોને સોપવું તેની અવઢવમાં રાજપુરુષો હતા.

રાજાએ કંઈક નિશ્ચય કરી પંચદિવ્ય કર્યા અને મંત્રી આદિ પરિવાર સહિત રાજા પંચદિવ્ય પાછળ ચાલ્યો એ પંચદિવ્ય નગરમાં ભમીને ઉદ્યાનમાં બાળક કુસુમાયુધ જ્યાં રમી રહ્યો હતો ત્યાં આવી સ્થિર થઈ ગયા પછી તો રાજા અને યુવરાજ એની માતા સહિત બાળકોને મહોત્સવપૂર્વક નગરમાં લાવ્યા રાજમંદિરમાં ઉચ્ચ પદે કુમારને સ્થાપન કરી બંને ભાઈઓ પ્રિયમતીને કહેવા લાગ્યા, "હે માતા ! તમે આ રાજ્યને ગ્રહણ કરો તો અમે દીક્ષા લઈએ." સાર્થવાહે આવીને રાજાને અરજ કરી રાણીની ઓળખાણ આપી અને કહ્યું કે, "મારે ચંપામાં જઈને મહારાજને સોંપવા એવી ભલામણ છે. માટે આપ એને મુક્ત કરો. તે કલિંગાસધિપતિની રાજકુમારી પ્રિયમતી છે. સાર્થવાહની વાણી સાંભળી બંને રાજબાંધવો પ્રિયમતીના ચરણમાં પડીને બોલ્યા, "તમે તો અમારા માસી થાઓ. રાજાએ સાર્થવાહને જયરાજાને જણાવવા ચંપાનગરી રવાના કર્યો. રાજપુરુષો અને પ્રજાની હાજરીમાં કુસુમાયુધનો રાજ્યભિષેક કરી બંને ભાઈઓએ દીક્ષા લીધી."

## :: શિવવર્ધનપુરમા ::

રાજા કુસુમાયુધ પૂર્વભવના પુણ્ય યોગથી મંત્રી, સામંત અને સેનાપતિના પ્રતાપે અખંડિત શાસનવાળો થયો. એકવાર બાળરાજા કુસુમાયુધ રાજસભામાં બેઠો હતો ત્યારે અવંતિદેશનો રાજા રાજશેખરનો દૂત રાજસભામાં હાજર થઈ કુસુમાયુધને કહેવા લાગ્યો, "હે રાજન ! મારા સ્વામી એ તમને કહેવાડાવ્યું છે હાથી, ઘોડા, રથ વગેરે સમૃદ્ધિ રાજશેખરને સમર્પણ કરી તેમને શરણે આવો એટલે અન્ય રાજાઓ તમને હેરાન કરી શકશે નહિ." દૂતના વચન સાંભળી મુખ્યમંત્રી શાલે જવાબ આપ્યો, "બાલ સ્વભાવી કુસુમાયુધ સેવા કરવાનું જ જાણતો નથી. ગજ, ઘોડા અને રથ સાથે ક્રીડા કરવાવાળો રાજા તમને કેવી રીતે મોકલી શકે ? છતાં તમારે જરૂર હોય તો ધનભંડાર મોકલો તો ખરીદીને મોકલીએ." શાલમંત્રીની વાણી સાંભળી સામાન્ય માનવીની જેમ ક્રોધ કરીને દૂત બોલ્યો, "આવા મંત્રીઓથી કુસુમાયુધ

ચિરપર્યંત રાજ્ય કેવી રીતે કરી શકશે ? માટે હે મંત્રી ઉપહાર આપી રાજશેખર રાજાને પ્રસન્ન કરો રાજશેખર નમસ્કાર કરનાર માટે કલ્પવૃક્ષ સમાન છે અને અભિમાનીઓ માટે યમ જેવો ભયંકર છે." શાલ મંત્રીએ ધૂંઆપૂંઆ થઈ દૂતને રાજસભામાંથી કાઢી મૂક્યો. અપમાનની આગમાં જલતા દૂતે સ્વામી આગળ આવીને સર્વ હકીકત વિસ્તારથી કહી, રાજશેખર રાજાના શાંત હૃદયને ખૂબ ડહોળી નાખ્યું. "આ નાના બાળકનો આ મિજાજ ! વિનાશકાળે વિપરીત બુદ્ધિ. રાજા તો બાળક છે પણ મંત્રીઓ કેમ ઉદ્ધતાઈ કરી રહ્યા છે ?" એમ ગુસ્સામાં રાજા રાજશેખર ચતુંરગી સેનાને લઈને કુસુમાયુધ પર ચડી આવ્યો.

શિવવર્ધનપુરમાંથી નીકળેલો સાર્થવાહ વાસવદત્ત શીઘ્રગતિએ ચંપામાં આવી ચંપાપતિને નમ્યો. ચંપાનરેશ આગળ ભેટ ધરી તેણે દેવીની, પુત્રીની અને રાજ્ય પ્રાપ્તિની વાત નરપતિને કહી સંભળાવી. પોતાના કુટુંબની કુશળતાની વધામણીથી રાજા પ્રસન્ન થયો અને સાર્થવાહને ખૂબ ધન આપી રાજી કર્યો. અને તરત જ મંત્રી સામંત આદિ પરિવાર સાથે શિવવર્ધનામાં આવી પ્રિયા અને પુત્રને મળ્યો. પ્રિયમતી એ પોતાના પિતાને પણ સમાચાર મોકલવાથી રાજા માનતુંગ પણ પરિવાર સાથે પુત્રીને મળવા આવી પહોંચ્યો.

ચર મારફતે અવંતિપતિને માર્ગમાં આ સમાચાર મળતા એના હૈયામાં મોટો ધ્રાસકો પડ્યો. "શ્રીજય રાજા તો મારો મિત્ર ! એના જ બાળ પુત્ર સાથે લડાઈ ? હવે મોઢું શું બતાવું ?" પોતાના અવિચારી કૃત્યથી અવંતિપતિને ખૂબ પસ્તાવો થયો. પોતાને વિશાળ રાજ્ય હોવા છતાં લોભ માટે રાજાને ખેદ થયો. એટલે બંને રાજાઓને ખમાવવાના ઉદ્દેશથી તેણે પોતાના સુંદર નામના મંત્રીને સમજાવી એ રાજાઓ પાસે મોકલ્યો. સુંદર મંત્રી શિવવર્ધન પુરમાં આવી શ્રીજય અને માનતુંગ રાજાને નમ્યો અને પોતાના સ્વામી વતી માફી માગી. જયભૂપતિએ સુંદર મંત્રીનું સ્વાગત કર્યું અને સન્માન વધારીને કહ્યું, "સજ્જન પુરુષો ક્યારેય અવિચારી કૃત્ય કરતા નથી. ભૂલે ચૂકે પણ અકૃત્ય થઈ જાય તો સત્ય સ્થિતિ સમજાતા તરત અટકી જઈ અને પસ્તાવો

કરે છે. તેમને મળ્યાને ઘણો સમય થયો છે. તો ભલે અહીં આવીને અમારા મહેમાન બને." એમ કહી રાજાએ પોતાના મંત્રીને સુંદર મંત્રી સાથે મોકલી આપ્યો. રાજશેખરને તેડાવી ખૂબ માન આપ્યું. ત્રણે રાજાઓના મેળાપથી નગરનું નામ ત્યારથી રાજપુર રાજનગર થયું. રાજા રાજશેખરે કુસુમાયુધને જોઈ પ્રસન્ન થઈને પોતાની બત્રીસ કન્યાઓ પરણાવી. ત્યાર પછી એક દિવસ શિવવર્ધનપુર નગરના ઉદ્યાનમાં શ્રી ગુણસાગર કેવલી ભગવાન સમવસર્યા વનપાલકે રાજાને વધામણી આપી. પ્રભુ ઉપર ભક્તિવાળા ત્રણે નરપતિઓ પોતાના પરિવાર સાથે ગુરુને વાંદવા આવ્યા અને વાંદીને ઉપદેશ સાંભળવાને બેઠા ત્રણેય નરપતિઓને યોગ્ય જાણી ગુરુએ દેશના શરૂ કરી.

## :: મોહરાજાનું સામ્રાજ્ય ::

"હે ભવ્યો ! આ મનુષ્યભવમાં જલના પરપોટાની માફક ચપળ જીવિત્યમાં આત્મહિત કરી લેવું એ જ સાર છે. કામદેવની પીડાથી મુક્ત રહી ક્રોધાદિનો ત્યાગ કરવો અને ધર્મ વિષે પ્રીતિ કરવી." રાજા વચમાં પૂછે છે કે ભગવાનની વાણી ગંભીર હોવાથી મૂઢ મનુષ્યો કેમ સમજી શકતા નથી ? ગુરુ કહે છે, "મોહરાજાએ અજ્ઞાનરૂપી મદિરાપાન તમને કરાવેલું હોવાથી શાસ્ત્ર વચનો પરમાર્થ કોઈને સમજાતો નથી." રાજા પૂછે છે, "મોહરાજા કોણ છે ?" કેવલી ભગવાને કહ્યું, "પરમાર્હત ધર્મરૂપી નરપતિ સુબોધ નામનો દૂત સુદર્શન નામનું ચૂર્ણ આપશે ત્યારે શાસ્ત્રનો પરમાર્થ સમજાવશે તે પહેલા મોહરાજાનું સ્વરૂપ સાંભળો."

"આ સંસાર નગરમાં સુર, અસુર અને નરનાથ પર અખંડિત આજ્ઞા પ્રવર્તાવનાર કર્મપરિણામ નામનો રાજા હતો તેમની કાલ પરિણિતિ નામની રાણી હતી. તેમને મોહ નામે કુમાર થયો. ત્રણ જગત પર પ્રભાવ પાડનારો હતો. રાગ અને દ્વેષ તેના સુભટો હતા. મોહ સિવાય બીજા પણ સાત કુમાર સાત વ્યસનરૂપ હતા. પિતા પર ભક્તિવાળા એ પુત્રો પ્રાણીઓને પોતપોતાના પંજામાં જકડી સંસારમાં સ્થિર કરતા હતા. પુત્રોના પરાક્રમથી પ્રસન્ન રહેતા

રાજા કર્મપરિણામ તેની રાણી કાળપરિસ્થિતિને કહે છે : "મોહ કુમારને રાજ્ય સોંપી આપણે નિવૃત્ થઈએ. રાણી પણ સંમતિ આપે છે. રાજા મોહકુમારને રાજ્ય પર સ્થાપન કરી બીજા ભાઈઓને યોગ્ય પદ આપી નિવૃત્ત થાય છે. જગત પર મોહરાજાનું સામ્રાજ્ય સારી રીતે જામે છે. એક દિવસ સંસાર નગરમાં બૂમાબૂમ મચી ગઈ, "દોડો ! દોડો ! આ ચારિત્ર રાજાનું - ધર્મરાજાનું સૈન્ય ધસી આવ્યું છે. પ્રજાના લોકોને પોતાની શિવનગરીમાં લઈ જાય છે."

· મોહરાજાની સભામાં પોકાર પડતા, ક્રોધથી ધસમસતો મોહરાજા ધર્મરાજા સામે યુદ્ધ કરવા તૈયાર થાય છે. રાગદ્વેષ સુભટો, મિથ્યાત્વ મંત્રી બધાને પૂછે છે, "તમે હોવા છતાં ચારિત્ર કેવી રીતે પ્રજાને હરી જાય છે ?" અવિવેક મંત્રી કહે છે, "આપ ખેદ દૂર કરી પ્રસન્ન થાઓ. પૂર્વે તમારા પિતાએ ચિરસ્થિતિ નામની તમારી માસીના વિવાહ સમયે જગતપુરમાંથી એકસો સીત્તેર નગર ભેટ આપેલા હતા. એ બધાય તમારી માસીએ ધર્મરાજાના અધિપત્ય નીચે મૂક્યા છે. જે જે પ્રજાજનોએ એ ધર્મરાજાનો આશ્રય લીધો તેમને ધર્મરાજા સુખ સમૃદ્ધિ આપવા લાગ્યા ધર્મરાજાએ અર્હત્ ચક્રી, બળદેવ, વાસુદેવ વગેરેની સમૃદ્ધિ પણ આપવાથી લોકો ધર્મમાં ઉજમાળ થવા માંડ્યા. સુખની ઈચ્છાએ લોકો ધર્મની સેવા કરવા માંડ્યા. તમારા મિથ્યાત્વ મંત્રીઓએ દુર્ગતિમાં ફેંકેલા તમારા પ્રજાજનો ત્યાંથી કાળસ્થિતિ પૂરી કરે દુઃખી થયેલ છતાં ધર્મરાજાની સેવા કરવા લાગ્યા. ધર્મરાજાનું રાજ્ય અનુક્રમે વૃદ્ધિ પામવા માડ્યું. ધર્મરાજાએ પોતાના જ્યેષ્ઠ પુત્ર ચારિત્રને રાજ્ય પદે સ્થાપન કર્યો. પરોપકારી ચારિત્ર રાજાને દીનજનો વિનંતી કરવા માંડ્યા, "હે સ્વામી ! મોહરાજાના કૃત્યોથી પીડા પામેલા અમને તમારા શરણમાં લ્યો. અને નિર્ભય સ્થાન બતાવો જ્યાં મોહ રાજાના સુભટો અમને પીડે નહિ."

એમની દીનવાણી સાંભળી ચારિત્રરાજા બોલ્યા, "મારો આશ્રય લઈ મુક્તિનગરીમાં આવી જાઓ. ત્યાં તમને કોઈ હેરાન કરી શકશે નહિ. મુક્તિ નગરીમાં જવા માટે વિવેકરૂપ પર્વત ચઢી જાઓ. એટલે મોહના સુભટો હેરાન કરશે નહિ." આ રીતે ચારિત્રરાજાએ સદાગમ સાથે વિવેકપર્વત ઉપર ચઢાવી

દીધા એટલે આપણા સુભટો પાછા પડવા લાગ્યા. વિવેકારૂઢ થયેલા પુરુષો કેવળજ્ઞાનથી મુક્તિનો માર્ગ જોઈ ત્યાં ચાલવા લાગ્યા. અવિવેકની વાણી સાંભળી મોહરાજા ઝંખવાઈ ગયો. અને થયું કે વાત તો આગળ વધી ગઈ છે. પણ અવિવેકને એણે કહ્યું, "તું હવે બધા પ્રાણીઓને અજ્ઞાનરૂપી મદિરાનું પાન કરાય. જેથી તેઓ અધર્મમાં પણ પ્રીતિવાળા બને."

મોહરાજા અવિવેકની સાથે લઈ નગરનગરમાં ભળવા લાગ્યો. લોકોને અજ્ઞાનરૂપી મદિરાથી નષ્ટ ચેતનાવાળા યોગ્ય શું અયોગ્ય શું ? ધર્મ શું અધર્મ શું ? એવા કાર્યાકાર્યથી રહિત જોયા. પણ પોતાની માસીના નગરના લોકોને ધર્મ કરતા જોઈ મુખ મચકોડતા મોહરાજા બોલ્યો "અરે ! લોકોને તે મદિરાપાન કરાવ્યું છે કે ધર્મ ધર્મ કરતા આ બધા શું બબડી રહ્યા છે ?" મોહરાજાની વાણી સાંભળી અવિવેક બે હાથ જોડી બોલ્યો, "દેવ ! આ બધા પણ અજ્ઞાન મદિરાના પાનથી ભાન ભૂલી ગયા છે. ધર્મની વાતો તો કરી રહ્યા છે એ બ્હાને પોતપોતાના વાડા બનાવી રહ્યા છે. એમના હૈયા તો ધર્મના પરમાર્થથી ઊલટી દિશામાં જ ફફડી રહ્યા છે. આ બિચારાઓ સત્ય સ્વરૂપથી ઠગાયેલા છે." મોહરાજાએ પૂછ્યું, "આ બધું તું શી રીતે જાણી શક્યો ? અવિવેકે કહ્યું, "રાજન ! મિથ્યાદર્શન મંત્રીની આજ્ઞાથી જીવોને હરવા એકદિવસ વિવેકપર્વત પર ગયો હતો જો કે વિવેક પર્વત ઉપર હું ચઢી શક્યો નહિ પણ વ્યુગ્રહ, કદાગ્રહાદિક સુભટોને મોકલી શુદ્ધાગમની વિધિને બોલતા કેટલીક વાતો મેં સાંભળી છે." "એ બધું તો ઠીક પણ મારી માસીના નગરોમાં મારા ભક્તો છે કે નહિ ?" "વિવેકપર્વતની નીચે રહેલા બધાય ત્યાં તમારી જ આજ્ઞા માને છે રાજન ! પર્વત પર રહેતા ઘણા લોકો તમારી આજ્ઞાનો ત્યાગ કરી શકતા નથી."

વાત સાંભળીને પ્રસન્ન થયેલો મોહરાજા નૃત્ય કરવા માંડ્યો. લોકોને પણ નચાવવા માંડ્યો. માતાને સ્ત્રીની જેમ આંલીગન કરવા લાગ્યો. લોકો પાસે અનેક ખેલ કરાવતો જગતપુરમાં ક્ષણમાં લાજ વગરનો થઈ વસ્ત્રો ફેંકી નૃત્ય કરતો મોહરાજા પોતાના પરિવાર સાથે નવા નવા નાટક કરતો માતા

પિતાને ખુશ કરવા લાગ્યો. પ્રમાદની સહાયથી જીતેલા સર્વ લોકોને મોહરાજાએ હણી નાખ્યા. મોહરાજાના કુળમાં ઉત્પન્ન થયેલા વિષય વિકારોએ જગતને પોતાના આધિન બનાવ્યું છે. માટે હે જીવો ! તમે આ વિકારોને જીતીને મોક્ષ સુખ મેળવો. ચારિત્રમાં પ્રીતિવાળા થાઓ." ગુરુ મહારાજે મોહરાજાના કુટુંબનું ટૂંકમાં વર્ણન કહી સંભળાવ્યું.

બંને રાજાઓએ જયભૂપતિને પોતપોતાના રાજ્ય સંભાળવા વિનંતી કરી ત્યારે જયભૂપાલે કહ્યું, "મારો અભિગ્રહ પૂર્ણ થવાથી હું પણ દીક્ષા લઈશ." ત્રણે રાજાઓ એ દીક્ષાનો નિશ્ચય કરી કુસુમાયુધને ત્રણે મહારાજ્યો અર્પણ કરી દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા માટે તૈયાર થયેલી પ્રિયમતીને પિતા અને પતિએ અટકાવી બાલરાજાનું પાલન કરવાની ભલામણ કરી. જેથી તેણીએ દીક્ષાનો વિચાર થોડો સમય મુલતવી રાખ્યો.

## :: કુસુમકેતુ ::

કુસુમાયુધ રાજા યોગ્ય ઉંમરનો થતાં પિતાના રાજ્યમાં આવ્યો. સામંત આદિ પરિવાર વડે વૃદ્ધિ પામતો પુણ્યના ફળરૂપે સુખને ભોગવવા લાગ્યો. ચાર ચાર રાજ્યનો ધણી છતાં ભોગોમાં એનું મન લીન થતું નહિ. પણ પિતાએ આચારેલા માર્ગમાં લીન થતું. જેથી તે શ્રાવકધર્મ આચરતો અર્હત્ ભગવાનની પૂજા, યાત્રા, સ્નાત્રાદિક મહોત્સવો કરવા માંડ્યો. નિષ્કલંક એવો આ રાજા રૂપ અપૂર્વચંદ્ર ઉદય પામ્યો હોવાથી મિથ્યાત્વરૂપી અંધકાર નાશ પામી ગયો હતો. એવા આ કુસુમાયુધ નરેશને રાજશેખર રાજાની સુરૂપા પુત્રી કુસુમાવલી નામે પટરાણી હતી. રાજવૈભવ સાથે રમણીના સુખો ભોગવતા આ નરરાજને ઘણો સમય ચાલ્યો ગયો.

વિજયવિમાનનના સુખને ભોગવતો જયસુંદરનો જીવ આયુપૂર્ણ થયે ત્યાંથી ચ્યવી કુસુમાવલીના ઉદરમાં ઉત્પન્ન થયો. તે રાત્રીએ રાણીએ સ્વપ્નમાં ધુમાડા વગરનો અગ્નિ જોયો. યથા સમયે પુત્રનો જન્મ થયો. પુત્રનું નામ રાખ્યું. કુસુમકેતુ. કુસુમકેતુ વૃદ્ધિ પામતો કલામાં પાવરધો થઈ અનુક્રમે યૌવનવયમાં આવ્યો. કુમારની કીર્તિગાથાઓ જગતના ખૂણે ખૂણે ફરી વળી.

એકવાર કુસુમાયુધની રાજસભામાં મથુરા નગરીના રાજા મહાકીર્તિનો મંત્રી વિનંતી કરવા આવ્યો. "હે રાજા ! અમારા સ્વામીને આઠ કન્યાઓ છે રૂપ અને ગુણવાળી એ કન્યાઓ કોઈપણ કુમારને ઈચ્છતી નથી. એકવાર તેમણે તમારા કુમારની પ્રશંસા સાંભળી. અને આઠેય રાજકુમારીઓ કુમાર કુસુમકેતુ પર રાગવાળી થઈ છે. રાજાએ પુત્રીઓનો અભિપ્રાય જાણી મને આપની પાસે મોકલ્યો છે. હું આપને અરજ કરું છું કે રાજકુમાર કુસુમકેતુને મારી સાથે મોકલો." મહાબુદ્ધિ મંત્રીની વાત સાંભળી રાજા બોલ્યો, "હે મંત્રી ! આપની બધી વાત સાચી પણ આ રાજકુમાર યૌવનવયમાં આવેલો છતાં વિકારરહિત છે. હાસ્યથી વચન બોલવામાં પણ આળસુ છે. સ્રીઓ પર નજર સરખી પણ કરતો નથી. વૈરાગ્યવૃત્તિવાળો આ કુમાર કેવળ યોગીની માફક શાસ્રના વાંચનમાં જ પ્રીતિવાળો છે. છતાં અમારી આજ્ઞાથી કુમાર તમારા નગર તરફ આવશે ખરો."

કુસુમાયુધ મંત્રીને સમજાવતો હતો તે દરમિયાન સાકેતપુરનગરના રાજાનો સુગુપ્ત નામે દૂત રાજસભામાં પ્રવેશ કરીને બોલ્યો, "દેવ ! અમારા રાજા રવિસેનને આઠ સુંદર કન્યાઓ છે. નરવૈરિણી તે કન્યાઓએ અનેક રાજકુમારોના ચિત્રપટ જોયા છતાં તે રંજીત થઈને નહિ પણ કુમારનું ચિત્રપટ જોતા રાગવાળી થઈ છે. રવિસેન રાજાએ મને આપની પાસે મોકલ્યો છે. હે સ્વામી ! કૃપા કરી રાજકુમારને અમારા નગરે મોકલો." રાજા કુસુમાયુધ જવાબ આપે તે પહેલા વત્સ દેશના રાજાએ મોકલેલા સુભર્ણિત નામના દૂતે પ્રવેશ કર્યો. તે પણ બે હાથ જોડી વિનંતીપૂર્વક કહેવા લાગ્યો, "રાજાને રૂપવાન અને ગુણવાન સોળ કન્યાઓ છે. એક દિવસ નિમિત્તિકને તેમના પતિ માટે પૂછતાં તેણે કહેલું, "આ કન્યાઓનો પતિ કુસુમકેતું થશે. માટે કૃપા કરી રાજકુમાસ્ને અમારા નગરે મોકલો."

ત્રણે દૂતોની વાણી સાંભળી રાજા વિચારમાં પડ્યો કે કુમારને ક્યાં મોકલવો ? રાજાએ મહાબુદ્ધિ મંત્રી સામે જોયું. મંત્રીએ મહારાજની ચિંતા જાણીને અરજ કરી, "દેવ ! બાર દિવસ પછી લગ્ન શુદ્ધિનો એક દિવસ

આવે છે. એવો દિવસ બાર વર્ષે પણ આવતો નથી. માટે ત્રણેય નરપતિઓ પોતપોતાની કન્યાઓને અહીંયા મોકલે એટલે બધી કન્યાઓ સાથે એક જ દિવસે લગ્ન થઈ જાય. રાજાની વાત અંગીકાર કરી ત્રણે દૂતોએ પોતપોતાના નગરે જઈ સ્વામીઓને વાત કહી સંભળાવી. પ્રસન્ન થયેલા ત્રણે રાજાઓ સમૃદ્ધિપૂર્વક પોતપોતાની કન્યા ઓ મોકલી દીધી. શુભ દિવસે પિતાની આજ્ઞા અનુસાર કુસુમકેતુ બત્રીસે કન્યાઓ સાથે ધામધૂમથી પરણી ગયો. સુખ ભોગવતા ઘણો કાળ વહી ગયો.

## :: ઉપકારી ગુરૂ ::

શિવવર્ધનપુર નગરના રાજા શ્રીસુંદરે કુસુમાયુધને રાજ્યપદે સ્થાપન કરી પોતાના ભાઈ પુરંદર તથા મંત્રી સામંત સાથે દીક્ષા ગ્રહણ કરેલી તે ભણીગણી આચાર્ય પદે સ્થાપન થયા. સુંદરાચાર્ય પૃથ્વીને પાવન કરતા અનુક્રમે અવધિજ્ઞાની થયા. જ્ઞાનથી કુસુમાધુયનો વ્રતોદય જાણી વિહાર કરતા ચંપાનગરીના ઉદ્યાનમાં આવ્યા. રાજા ગુરુને વાંદવા આવ્યા. શાંતરસના સાગર સમાન ગુરુને જોઈને ભક્તિપૂર્વક નમી ગુરુ પાસે બેઠા. ગુરૂએ ધર્મદેશના આપી અને કહ્યું, "જગતના સંયોગો વિયોગો કરનારા છે. માતા, પિતા, પુત્ર, કલત્રના સંબંધો સ્વપ્ન જેવા જાણવા. માટે આ અસાર સંસારમાં ધર્મનું સેવન કરવું એ જ શ્રેયકારી છે." પછી રાજાને કહેવા લાગ્યા, "હે રાજન ! ચિરકાલ પર્યંત તેં ભોગોને ભોગવ્યા. જગત પર ઐશ્વર્ય ભોગવ્યું હવે ભોગોનો ત્યાગ કરી વ્રતના વિશે પ્રયત્ન કરવો જોઈએ." રાજા વિચારે છે, "આ પૂજ્ય મને એકાંતે હિત કરનારા છે. પરોપકાર વ્રતવાળા સજ્જન પુરુષો જગતમાં આવા જ હોય છે. વરસાદ પરોપકાર માટે વરસે છે. સૂર્ય પરોપકાર માટે અંધકાર દૂર કરે છે." પછી ગુરુ સમક્ષ હાથ જોડી બોલ્યો, "આ અસાર સંસારમાં ભાગ્યયોગે મળેલો આપનો ઉપદેશ સાંભળી મને મનુષ્યભવની કિંમત સમજાઈ ગઈ છે. આપનો આદેશ હું અવશ્ય અંગીકાર કરીશ." રાજા નગરમાં પાછો ફર્યો.

રાજાએ મંત્રીઓની સમક્ષ કુસુમકેતુ કુમારને આસન ઉપર બેસાડી કહ્યું, "હે કુમાર ! જગતમાં એવી નીતિ છે કે પુત્ર કવચધારી થાય ત્યારે રાજાએ રાજ્યભાર સમર્પણ કરી મુક્ત થવું તારા જેવો સમર્થ પુત્ર મને રાજ્ય ચિંતાથી મુકત કરે તો હું પાછલી અવસ્થામાં ગુરુનો જોગ પામી આત્મહિત કરું" કુમાર બોલ્યો, "ધર્મકાર્યમાં હું આપને અંતરાય કરતો નથી. પરંતુ પ્રાતઃકાળે શય્યાનો ત્યાગ કરતાં પ્રથમ જો હું તમારું મુખદર્શન કરું તો જ રાજ્ય, વૈભવ, સુખ સફળ ગણું છું. પરંતુ, બાપુ ! જે રાજ્યમાં રહેવા છતાં આપનું મુખ વારંવાર જોવામાં ના આવે તો એવા રાજ્ય વડે પણ શું ? ભયંકર અરણ્યમાં મુગ્ધ એવા મૃગબાલ સમાન મારો ત્યાગ કરી જતા રહેવું તમને શોભતું નથી." સંયમની ઈચ્છાવાળા પુત્રને રાજાએ કહ્યું, "તું હજી નવયુવાન છું સંયમ કેવી રીતે આચરીશ ? વિષયોને યૌવનવયમાં ત્યાગવા એ કંઈ સરળ વાત નથી માટે અત્યારે તું રાજ્યનું પાલન કરી વિલાસ કર. સમય આવે મારી સાથે દીક્ષા લેજે."

પિતાના વચન સાંભળવા છતાં પણ દીક્ષા લેવાની ભાવનાવાળો કુસુમકેતુ બોલ્યો, "જેમ સાર્થવાહના સાથમાં રહેલા નિઃસત્વ પુરુષો પણ મહા અરણ્યનો પાર પામી જાય છે તેવી રીતે હે તાત ! આપનો આશ્રય લઈને દુર્ગમ એવા શીલરૂપી શૈલ પર હું ચઢી જઈશ. પૃથ્વી રૂપી ઉદ્યાનમાં મનરૂપી વાંદરાને યોગીઓ જ્ઞાનરૂપી શ્રૃંખલાથી બાંધીને શું સ્થિર નથી કરતા ?"

કુસુમકેતુની સંયમભાવના જાણીને કુસુમાયુધ રાજાએ દેવસેનકુમારનો રાજ્યાભિષેક કર્યો. મોટી જિનપૂજાઓ રચાવી, અઠ્ઠાઈ મહોત્સવ કરી, પુષ્કળ દાન આપી રાજાએ કુસુમકેતુ, પાંચસો પુરુષો સાથે, બત્રીસ રાણીઓ તેમજ પુત્રીઓ સાથે આડંબરપૂર્વક સૂરીશ્વર પાસે દીક્ષા ગ્રહણ કરી. કુસુમાયુધ અને કુસુમકેતુ વૈરાગ્યરંગથી તો રંગાયેલા હતા જ વળી ભવોભવના ચારિત્ર પાલનના અભ્યાસી હોવાથી આ ભવમાં એઓ અભ્યાસ વૃદ્ધિ પામવા માંડ્યા. જ્ઞાનનો અભ્યાસ અને તપના આચરણથી તેમણે સંયમરૂપી વૃક્ષને એવું તો વૃદ્ધિ પમાડ્યું કે જેના ફળ હવે અલ્પ સમયમાં જ મેળવવાને ભાગ્યશાળી થશે.

## :: સ્નેહ બંધન ::

ચારિત્રની આરાધના કરતા એ બંને મુનિઓ સંયમ તેજ વડે શોભતા હતા. બંને મુનિઓ (પિતાપુત્ર) સાથે જ તપ કરતા, સાથે જ વિહાર કરતા, સાથે જ રહેતા. સાધુપણાની ઉત્કૃષ્ટ ક્રિયા કરવા છતાં એકબીજાનો વિયોગ તેઓ સહન કરી શકતા નહિ. પિતા પુત્રને એક સાથે નિવાસ એ સ્નેહબંધન સાધુપણામાં અજુગતું ગણાતું હતું. તેમના આવા સંબંધથી એક દિવસ ગુરુએ તેમને શિખામણ આપી. "હે મુનિઓ ! સંસારરૂપી કેદખાનામાંથી નીકળેલા તમારે સ્નેહબંધનથી બંધાઈને મુક્તિમાર્ગમાં અડચણ ઊભી કરવી યોગ્ય નથી. સ્નેહ તો જીવને સંસારમાં બાંધી રાખે છે. આસનસિદ્ધિવાળાઓને પણ સ્નેહ હોય ત્યાં લગી કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. માટે સંસારનું સ્વરૂપ જાણનાર જીવોએ રાગ અને રોષ કરવો યુક્ત નથી." ગુરુની શિખામણ સાંભળી બંને મુનિઓ બોલ્યા, "હે ભગવન ! સંસારના સર્વે સંબંધનો ત્યાગ કરનારા અને મોક્ષમાર્ગની આરાધના કરનારા અમારા જેવા સાધુઓમાંથી અરસપરસનો સ્નેહ જતો નથી તેનું કારણ શું ?" બંને મુનિઓની વાણી સાંભળી ગુરુએ તેમનો પરભવનો સંબંધ મૂળથી અત્યાર સુધીનો કહી સંભળાવ્યો અને કહ્યું, " તમે જન્મોજન્મ સ્નેહને ખૂબ પોષેલો છે તેથી એ સ્નેહ ગાઢ થઈ ગયો છે. સંસારી માટે અશક્ય છે પણ તમારા જેવાએ બંધન તો તોડવા જ જોઈએ. મોક્ષમાર્ગમાં અંતરાય કરનાર આ સ્નેહબંધન તમારી ભવપરંપરા વધારશે. માટે એનો ત્યાગ કરવા તમારે પ્રયત્ન કરવો જ જોઈએ."

ગુરુના મુખથી પોતાના પૂર્વભવો જાણી બંને મુનિઓને જાતિસ્મરણજ્ઞાન થયું. પોતાના પૂર્વ ભવો જોઈને બંને મુનિઓ ત્યારથી સ્નેહબંધન તોડવા જુદા જુદા વિહાર કરવા લાગ્યા અને સ્નેહ બંધન તોડવાનો પ્રયત્ન કરવા માંડ્યા કુસુમાયુધ મુનિરાજ પ્રતિમા ધારણ કરી સંયમ નિર્વાહ કરવા માંડ્યા. ભીષણ સ્મશાન, શૂન્ય ખંડેર, પર્વત ઉપર, વૃક્ષ નીચે સિંહ અને વાઘના ભયથી રહિત થઈ પ્રતિમા ધારણ કરી ધ્યાનમાં રહેવા લાગ્યા કોઈપણ ભયની પરવાહ કરતા

નહિ. તપને પારણે ગમે તેવો નિરસ આહાર મળે તો પણ તેઓ રાગદ્વેષ ધારણ કરતા નહિ,. એકાકીપણે ગુરુઆજ્ઞાએ વિહાર કરતા એ મહામુનિ કુસુમાયુધ એક દિવસ સુભૌમ નામના ગામે આવ્યા. તે ગામના શૂન્યગૃહમાં રાત્રીના સમયે પ્રતિમા ધારણ કરીને ધ્યાનમાં રહ્યા. મધ્યરાત્રીના સમયે કોઈક પ્રમાદીએ એ ગામમાં કોઈના મકાનમાં અગ્નિ મુક્યો. તે અગ્નિ ગામને બાળતો અનુક્રમે ધર્મધ્યાનમાં સ્થિર મુનિના ગૃહને પણ બાળવા લાગ્યો. અગ્નિના ઉપસર્ગથી મુનિ ચલાયમાન થયા નહિ. ધીમે ધીમે અગ્નિ મુનિને પણ બાળવા લાગ્યો. ધર્મધ્યાનમાંથી મહામુનિ શુકલધ્યાનમાં આવ્યા એ મુનિએ અગ્નિનો ઉપસર્ગ સહન કર્યો પણ ધ્યાન કે ચિત્તની સ્થિરતાનો ત્યાગ કર્યો નહિ શુભ ભાવનામાં આસકત એ મુનિ અગ્નિનો ઉપસર્ગ સહન કરી કાળ કરી સર્વાથ સિદ્ધ નામના અનુત્તર વિમાનમાં ઉત્તમ દેવ થયા.

પ્રાતઃકાળે મહામુનિએ અગ્નિથી દગ્ધ થયેલા જોઈ ગામના લોકો હાહાકાર કરવા માંડ્યા. પોતાનું દુઃખ ભૂલી ગયા. શોક કરતા તેમણે મુનિની ઉચિત ક્રિયા કરી. એ સમયે શ્રી સુંદરાચાર્યને કેવલજ્ઞાન ઉત્પન્ન થવાથી આસન્ન રહેલા દેવતાઓ તેમની પૂજા કરવા લાગ્યા. તેમણે સુવર્ણકમલ રચ્યું અને તેની ઉપર બેસી સુંદરાચાર્યે દેશના આપી. દેશના સમાપ્ત થયે કુસુમકેતુ એ પૂછ્યું, "ભગવાન ! અત્યારે કુસુમાયુધ મુનિ ક્યાં વિચરતા હશે ?" કેવલી ભગવાને જ્ઞાનથી મુનિનો વૃત્તાંત જાણીને કહ્યું, "કુસુમાયુધ મુનિના જીવને ધન્ય છે. તેમણે અગ્નિનો ઉપસર્ગ સહન કરી આત્મહિત સાધી લીધું છે." ભગવાને કુસુમાયુધને વૃત્તાંત જાણી કુસુમકેતુને કહ્યું, "જેમણે પોતાનું આત્મહિત સાધી લીધુ છે એવા મહામુનિનો શોક તું કરીશ નહિ. તું એમને અલ્પ સમયમાં જ મળીશ અને થોડા જ કાળમાં બંન્ને ભવસાગર તરી પાર થશો." કેવલી ભગવાનના વચન સાંભળી કુસુમકેતુ મુનિ અધિક વૈરાગ્યવાળા થઈને દ્રવ્યઅને ભાવશલ્ય દૂર કરી અનશન અંગીકરા કર્યું. પચીસ દિવસના અંતે એ મુનિ કાળ કરીને સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવ થયા.

# :: સર્વાર્થ સિદ્ધ મહાવિમાન ::

સર્વાર્થ સિદ્ધ મહાવિમાનમાં પૂરા એક હાથ શરીર પ્રમાણવાળા દેવો ઉત્પાદ શૈય્યામાં અંતઃમુહૂર્ત માત્રમાં ઉત્પન્ન થાય છે. ઉત્પાદ્ શૈય્યામાં ઉત્પન્ન થતા એ દેવોને પોતાના અથાગ અનંત સુખમાંથી પરવારી શય્યા ઉપરથી નીચે ઉતરવાની જરૂર પડતી નથી. તેમનો તેત્રીસ સાગરોપમનો આયુ કાળ શય્યામાં જ સમાપ્ત થઈ જાય છે. જરૂર જણાય તો એક પડખેથી બીજે પડખે ફરી શકે છે. મંદકષાયવાળા, સમકિતવંત અને એક જ અવતારી હોવાથી ત્યાંથી મનુષ્યભવમાં આવી સીધા મોક્ષે ચાલ્યા જાય છે. મણિરત્નોથી વિભૂષિત એ વિમાનમાં ઉત્પાદ્ શય્યા પર વિશાળ ચંદરવો હોય છે. ચંદરવાની મધ્યમાં ચોસઠમણ પ્રમાણનું મોતી હોય છે. તેની ચારે બાજુ બત્રીસ બત્રીસ મણના ચાર મોતી ઝગઝગતા હોય છે પછી સોળમણના આઠ મોતી ઝગઝગે છે.. અને આઠમણના સોળમોતી ઝળકે છે. પછી ચાર ચાર મણના બત્રીસ અને બે બે મણના ચોસઠ મોતી આવેલા છે. પાછળના ભાગમાં એક મણના એકસો અઠ્ઠાવીસ મોતી રહેલા છે. આ પ્રમાણે ચંદરવામાં બસો ત્રેપન મોતીનો ઝૂમખો છે એ મોતીમાં વિવિધ પ્રકારાના નાટારંગ સ્વભાવિક જ થયા કરે છે. એ નાટારંગને જોતા ઉત્પાદ શૈયામાં રહેલા દેવને શૈય્યામાંથી નીચે ઉતરવાની જરૂર પડતી નથી. તેત્રીસ હજાર વર્ષે જ્યારે આહારની ઇચ્છા થાય ત્યારે ઇચ્છા થવાની સાથે જ તૃપ્ત થઈ જાય છે. આહાર પ્રાપ્તિ માટે પ્રયાસ કરવાની જરૂર પડતી નથી. સર્વાર્થ સિદ્ધ વિમાનના દેવતાઓ એ દિવ્ય સુખમાં એવા તો લયલીન છે કે આટલું બધું દીર્ઘાયુષ પસાર થઈ જાય તેની ય ખબર પડતી નથી.

# પરિચ્છેદ ૧૧ પૃથ્વીચંદ્ર અને ગુણસાગર

જબુદ્વીપના દક્ષિણ ભારતમાં કોશલદેશમાં અયોધ્યાનગરી આવેલી છે. જેની રચના પ્રથમ જિનેશ્વરના રાજ્યકાળે હરિના વચનથી દેવતાઓએ કરેલી છે. એવી અયોધ્યાનગરીમાં પરાક્રમી હરિસિંહ નામે રાજા હતો. પ્રજાનું પિતાસમાન પાલન કરતા ખૂબ દાન કરી આશ્રિતાને સુખ આપતો હતો. તેની પદ્માવતી નામે પટ્ટરાણી હતી. સર્વાર્થ સિદ્ધ મહાવિમાનમાંથી કુસુમાયુધ રાજાનો જીવ ચ્યવીને પદ્માવતીની કુક્ષિએ ઉત્પન્ન થયો. પૂર્ણ સમયે પટ્ટરાણીએ મનોહર કાંતિ ધારણ કરનાર પુત્રને જન્મ આપ્યો. અને નામ રાખ્યું પૃથ્વીચંદ્ર. પૃથ્વીચંદ્ર અનેક કલાઓમાં પારંગત થઈને અનુક્રમે યૌવનવયમાં આવ્યો. છતાં કુમારવયને ઉચિત ક્રીડા કરતો નહિ. હાસ્ય કે વિલાસ પણ કરતો નહિ. વીતરાગની માફક શાંત મનવાળો તેમજ અર્હત, ચૈત્ય, સાધુ, સાધર્મિક અને માતા-પિતામાં ભક્તિવાળો હતો. એ આયુધ રમવાનો પ્રયાસ કરતો નહિ કે ગજ અથવા અશ્વ પર સવારી પણ કરતો નહિ. રાજકુમાર પૃથ્વીચંદ્રની વિરક્તાવસ્થા જોઈ રાજા વિચારમાં પડ્યો. "આ વૈરાગી રાજકુમારને ભોગાસક્ત શી રીતે કરવો ? એને પરણાવ્યો હોય તો કદાચ ભોગાસક્ત થાય ખરો. કારણે રમણીઓના સહવાસથી પુરૂષ ધર્મી હોય તો પણ રાગી બની શકે છે. માટે એને પરણાવવો જોઈએ.

મનમાં કંઈક નિશ્ચય કરી હરિસિંહ રાજાએ કુમારના મામા વિજયદેવ પાસે જયપુર નગરે મોકલ્યો. જેણે લલિતસુંદરી નામની કન્યા પૂર્વે પૃથ્વીચંદ્રને આવેલી હતી. રાજમંત્રીએ વિજય દેવ પાસે આવી કન્યા માટે વિનંતી કરતા વિજયદેવ રાજાએ પોતાની બીજી સાત કન્યાઓ સાથે લલિતસુંદરીને સર્વ સામગ્રી સાથે અયોધ્યા તરફ મોકલી. રાજમંત્રી કન્યાઓના પરિવાર સાથે એ કન્યાઓના મામાની રાજધાની રાજપુર નગરે આવ્યો. રાજપુરપતિ (રાજા)

એ પણ પોતાની આઠ કન્યાઓ સર્વ સામગ્રી સાથે પૃથ્વીચંદ્ર કુમાર મોકલી. સોળ કન્યાઓ, હાથી, ઘોડા, રથ, ઝરે, ઝવેરાત, સુભટો, દાસદાસી આદિ પરિવાર સાથે મંત્રી અયોધ્યા આવી પહોંચ્યો. રાજાએ સ્વાગત કરી કન્યાઓના ઉતારાની સગવડ કરી. તે પછી રાજાએ કુમારને પોતાની પાસે બોલાવીને કહ્યું, "કુમાર ! બંને મહારાજાઓ તરફથી તારા માટે આવેલી સોળ કન્યાઓ સાથે તુ વિવાહ કરી તારી યુવાની ભોગવ અને અમને ચિંતામુક્ત કર." પોતાની ખાસ ઈચ્છા ના હોવા છતા કુમારે પિતાનું વચન માન્ય કર્યું. રાજાએ સારુ મુહૂર્ત જોવડાવી કુમાર સાથે સોળે કન્યાઓ પરણાવી.

મોટા મહોત્સવપૂર્વક વિવાહ થતો જોઈ. પૃથ્વીચંદ્ર મનમાં વિચાર કરવા લાગ્યો. "જગતના મોહઘેલા માનવીની પ્રવૃત્તિ કેવી છે ? હાડ, માંસ અને રૂધિર ભરેલા શરીરને બહારથી કેવું મનોહર બનાવે છે. શણગારે છે પણ મલમૂત્રથી ભરેલા આ દેહના સંસર્ગથી ઊલટા મલીન અને અશુચિમય થઈ જાય છે. આ સંસારમાં કોઈનો પુત્ર, કોઈનો બંધુ, કોઈનો સેવક એ બધા ક્ષણિક ભાવો છે. માતાપિતાનો સ્નેહ પણ ક્ષણિક છે. મારા માતાપિતા સ્નેહવશ થઈને મારી માટે કેટલું બધું કરી રહ્યા છે. આ સ્ત્રીઓ માતાપિતાનો ત્યાગ કરી મારા માટે અહીં આવી છે. જ્ઞાનીજનો એ આ મોહમાં રમવું યોગ્ય નથી. જો હું વિવાહ કરવાની ના પાડીશ તો મારા માતાપિતા અને દૂરદૂરથી આવેલી આ બાળાઓ દુઃખીદુઃખી થઈ જશે. દીક્ષાની ભાવનાવાળા મને પિતાએ સંકટમાં નાખી દીધો છે. જો માતાપિતા અને પ્રિયાઓને બોધ કરાવી દીક્ષા ગ્રહણ કરાવું તો બધા સારા વાના થશે." લગ્ન કરી કુમાર પોતાના વાસભુવનમાં આવ્યો. રાત્રી થઈ છતાં કુમાર ભદ્રાસન પર બેઠો. એની આસપાસ સોળે કન્યાંઓ ફરી વળી. રાજકુમારને રીઝવવાનો પ્રયત્ન કરવા માંડી. રાજકુમાર વિરક્તતા જ અનુભવવા માંડ્યો. એક પણ લલના આ વૈરાગીને પોતાના નેત્રકટાક્ષથી વીંધી શકી નહિ. તેમને કુમાર વૈરાગી સાધુ જેવો લાગ્યો. રૂપગર્વિતા લલિતસુંદરી પણ પતિની ચેષ્ટાથી લજ્જિત

થઈ ગઈ. એને થયું. "એમના ચિત્ત કરવા માટે હું અયોગ્ય છું ?" બધી બાળાઓના ખૂબ પ્રયત્ન છતાં કુમારે તો સ્નેહભરી દૃષ્ટિથી તેમને જોઈ નહિ. ત્યારે વિષ્ણુ નામે બટુક બોલ્યો, "હે સ્વામી ! આ બધી બાળાઓના મન શાંત થાય તેવું કરો." કુમારે કહ્યું, "હે બટુક ! સંસારમાં જ્ઞાનીને તો વૈરાગ્ય અનુભવાય છે. પણ કેશવ બટુકની માફક આમને વૈરાગ્યના આવે તો દોષ કોનો ?" "કેશવ કોણ ?" બટુકે પ્રશ્ન પૂછતાં કુમારે કેશવનું વૃતાંત કહેવું શરૂ કર્યું.

## :: કેશવ બટુક ::

પૂર્વે મથુરાનગરીમાં દરિદ્ર એવો કેશવ નામનો બટુક (વિપ્ર) રહેતો હતો. તેને કપટી, કુરૂપા અને કલહ કરનારી કપિલા નામે પ્રિયા હતી. કુલક્ષણા કપિલાનારી કુલક્ષણોથી ભરેલી હતી. ત્યાગ કરવા યોગ્ય નારી કપિલા સાથે પાનું પાડી કેશવ બટુક દુઃખે દુઃખે દિવસો પસાર કરતો હતો. એકવાર કપિલા ગર્ભવતી થઈ ત્યારે કેશવને કહેવા માંડી, "મારા માટે ઘી ગોળ ખરીદવા તમે દ્રવ્ય લઈ આવો." કેશવ બોલ્યો, "દ્રવ્ય ઉપાર્જન કેવી રીતે કરવું તે હું જાણતો નથી. તું જાણતી હોય તો ઉપાય બતાવ." "સ્વર્ણ ભૂમિમાં જઈ મહેનત કરી સુવર્ણ કમાઈ લાવો." કપિલાએ કહ્યું કેશવ સ્વર્ણભૂમિ તરફ ચાલ્યો. ધન ઉપાર્જન કરી પોતાના વતન પાછો ફર્યો. ત્યારે રસ્તામાં ઈન્દ્રજાલીયો મળ્યો. એ પ્રપંચીના સરદારને કેશવે બધું જ સત્ય કહી દીધુ. પોતે સુવર્ણ કમાઈ લાવ્યો છે. તે જાણવાથી ઈન્દ્રજાલીકે કેશવને ઠગીને સુવર્ણ પડાવી લેવાનો વિચાર કર્યો. ઈન્દ્રજાલીકે પોતાની ઈન્દ્રજાળ વિદ્યા ફેલાવી કેશવ સાથે મુસાફરી કરવા માંડ્યો. એક નગર નજીક વૃક્ષ નીચે વિસામો લેવા બંને બેઠા. તે સમયે સોળ વર્ષની એક માયાવી ઈન્દ્રકન્યા સાથે તેના માતાપિતા પણ એજ વૃક્ષ નીચે એક બાજુ વિસામો લેતા બેઠા. એ વિપ્રકન્યા જોઈ કેશવ લોભાઈ ગયો અને વારંવાર એની સામું જોવા લાગ્યો.

નિર્લજ્જ થઈ કેશવે એ કન્યાની એના માતાપિતા પાસે માંગણી કરી જવાબમાં એના પિતાએ સહસ્ર દીનારની માંગણી કરી. પછી કેશવ હજાર દીનાર આપી એ કન્યા સાથે પરણી ગયો. લગ્ન યોગ્ય ખાનપાનની સામગ્રી પણ પેલાની માયાથી ત્યાં હાજર થઈ. નવીન કન્યાને પરણીને બટુક ખુશ થયો. ઇન્દ્રજાલી કે એની પાસેથી સઘળુ સુવર્ણ પડાવી પોતાની ઇન્દ્રજાળ માયા સંકેલી લીધી. પછી તો ના મળે નારી કે ના મળે કંઈ સામગ્રી. આ જોઈને બટુક આભો બની ગયો. દુઃખથી બેબાકળો બની અહીં તહીં ભટકી નવી પત્ની શોધવા માંડ્યો પણ ક્યાંથી જડે ? જંગલમાં તાપ, ભૂખ, તરસ, સહન કરીને થાક્યો ત્યારે કપિલા યાદ આવી. એટલે પુનઃ વતન તરફ વળ્યો. પછી એને વિચાર આવ્યો કે ધન વગર કપિલાને મોઢું શું બતાવશે ? સુવર્ણ માટે ફરી સ્વર્ણભૂમિ જવું કે પ્રિયા પાસે જવું ? વિચાર કરતો કરતો કોઈ ગામે આવ્યો. ત્યાં કોઈએ ભોજન કરાવ્યું. રાત્રીના સમયે વડના વૃક્ષ નીચે ઊંઘી ગયો. સ્વપ્નમાં તેણે જોયુ કે, "પોતાના ઘરમાં ખોદકામ કરતાં રત્નોથી ભરેલુ આખુ ભૂમિગૃહ જોઈને ખુશ થતાં તેણે ગામમાં વર્ધાપન મહોત્સવ કરાવ્યો. સ્વજનોને ભોજન કરાવ્યું રાજાએ પણ સન્માન વધાર્યું. ક નવી કન્યા સાથે લગ્ન કરી સુખી થયો. કપિલા પણ રાજી થઈ તેની સેવા કરવા લાગી." સ્વપ્નમાં મહાલતો કેશવ બટુક ગધેડાના ભોંકવાથી જાગૃત થયો. જાગૃત થયેલો કેશવ વિચારવા માંડ્યો, "મારા મકાનમાં આખું ભૂમિગૃહ રત્નોથી ભરેલું છે છતાં હું પરદેશમાં નાહક ક્લેશ ભોગવું છું. હવે ઘરે જઈ રત્નો બહાર કાઢી સુખી થાઉ." એ પ્રમાણે વિચારતો અને ખુશ થતો ઘેર આવ્યો. એને ખુશહાલ જોઈને કપિલાને થયું કે નક્કી ઘણું ધન લઈને આવ્યો લાગે છે. એણે સારી રીતે સ્નાન કરાવ્યું અને કંઈ જોયું નહિ એટલે પૂછ્યું, "શું લાવ્યા છો બતાવો તો ખરા." કપિલે કહ્યું "ધીરી થા. હું કાલે ઉધારે ઘી ગોળ લાવીશ અને આપણા સ્વજનોને જમાડી તેમની સમક્ષ ચમત્કારપૂર્વક મારી સમૃદ્ધિ પ્રગટ કરીશ."

કપિલાને તેની વાત પર વિશ્વાસ પડ્યો નહિ. તેણે કહ્યું, "પહેલા મને દ્રવ્ય બતાવો. પછી હું તમારા કહેવા પ્રમાણે કરું." તેણે ફરીથી વિશ્વાસ પમાડ્યો કે બધુ વ્યવસ્થિત પડેલું છે. કેશવમાં વિશ્વાસ રાખી કપિલાએ ભોજન માટે સ્વજનોને આમંત્રણ આપ્યું. ઉધાર માલ લાવી બધાને ભોજન કરાવ્યું. બધાને થયું ખૂબ ધન કમાઈ લાવ્યો લાગે છે. ભોજનથી પરવારી સ્વજનો સમક્ષ કોદાળી લઈ સ્વપ્નમાં જોયેલી ભૂમિ ખોદવા માંડી. 'અરે આ શું કરે છે ?' સ્વજનોએ પૂછ્યું. કેશવે કહ્યું, "મને સ્વપ્ન આવેલું કે અહીં ધન છે એટલે હું અહીં ખોદકામ કરું છું." સ્વજનોને થયું આની બુદ્ધિ ફરી ગઈ લાગે છે. કેશવે મકાનમાં ચારે કોર ખોદી નાખ્યું પણ કંઈ નીકળ્યું નહિ. આખું મકાન ખોદીને થાક્યો. કપિલાએ માટીની મૂઠી ભરી એના માથા પર નાખી ધિક્કારી નાખ્યો. સ્વજનો આગળ ખૂબ હાંસીપાત્ર થયો. કપિલાએ કેશવને ગાળો દઈ ઘરની બહાર કાઢી મૂક્યો, સ્વજનોએ ધિક્કારી કાઢ્યો. લોકોમાં ખૂબ વગોવાતો, મશ્કરી કરાતો કેશવ બટુક ભારે દુર્દશાને પ્રાપ્ત થયો." આ પ્રમાણે પૃથ્વીચંદ્રે કેશવનું વૃત્તાંત કહ્યું અને સર્વ સ્ત્રીઓ ખડખડાટ હસી પડી. પૃથ્વીચંદ્ર બોલ્યો, "કેશવનું ચારિત્ર હાસ્યાસ્પદ છે નહિ ? વિષ્ણુ બટુકે પૂછ્યું, "આ વૃત્તાંત હાસ્યાસ્પદ છે પણ સ્વામી ! પણ એ જેવા બધા હશે કે ?"

## :: પ્રિયાઓને પ્રતિબોધ ::

બટુક વિષ્ણુના પ્રશ્નના જવાબમાં પૃથ્વીચંદ્ર બોલ્યો, "હે બટુક ! તું કહે છે કે બધા જીવો શું આવા જ હોય છે ? તો સાંભળ. આ સંસારી જીવ કેશવ બટુક જેવો છે. મોહમાં મુંઝાઈ ગયેલો હોવાથી જ્ઞાનીની નજરમાં જડ તેમજ હિતાહિતના ભાન વગરનો હોવાથી ચોરાસી લાખ જીવયોનીમાં ભમી રહ્યા છે. કેશવ જેમ કપિલાના આદેશથી સ્વર્ણભૂમિમાં ધન કમાવા ગયો તેમ જીવ કર્મપરિણિતીના વશમા પડેલો તેના આદેશથી સ્વર્ણભૂમિરૂપ મનુષ્યભવમાં આવ્યો. જેમ કેશવે સ્વર્ણભૂમિમાં મહેનત કરી સ્વર્ણ પેદા કર્યું

તેમ જીવે પણ અકામ નિર્જરા વડે કંઈક સુકૃત રૂપકાંચન ઉપાર્જન કર્યું. કેશવનું ધન ઈન્દ્રજાલી કે માયા વડે કન્યાની લાલચ આપી હરી લીધું તેમ જીવે મનુષ્ય જન્મમાં ઉપાર્જન કરેલું સુકૃત માયામાં મોહિત થઈ વિષયમાં લુબ્ધ બની અઢારે પાપસ્થાનક આચરીને હારી દીધુ. કેશવની જેમ ફરી સ્વર્ણ મેળવવા દેશાદેશ ફરવા માંડ્યો તેમ જીવ પણ વિષયવિલાસમાં બધું હારી નારક, તિર્યંચ આદિ યોનિરૂપ અનેક દેશમાં ભ્રમણ કરવા લાગ્યો. ભ્રમણ કરતા જેમ કેશવ કોઈ ગામમાં દહીં સહિત ભાત ખાવા લાગ્યો. તેમ જીવને કોઈ ભવરૂપ ગામમાં ધર્માચાર્યનો મેળાપ થયો તેમણે તપરૂપી દહી સહિત ઓદનનું દાન કરાવવાથી - આપવાથી કંઈક સ્વસ્થ થયો. કેશવે જેમ મોટા વડલાના વૃક્ષ નીચે નિંદ્રા લેતા સ્વપ્નમાં રત્નનો સમૂહ જોયો તેમ જીવ પણ એ તપના પ્રભાવથી કોઈ મોટા કુળમાં ધનાઢયના કુળમાં જન્મ ધારણ કરી શક્તિનો દુરુપયોગ કરતો મોહરૂપી મદિરામાં મસ્ત બનેલો મોહનિંદ્રામાં પોઢી ગયો. ક્ષણ ભર વિલાસોમાં રાચી ગયો. આત્માનું ભાન ભૂલી ગયો. કેશવ જેમ કપિલાનું સ્મરણ કરતો પોતાને ઘેર ગયો તેમ જીવ કર્મપરિણિતિને સંભાળતો. પાછો મનુષ્યભવમાં આવ્યો. કેશવ જેમ નહિ હોવા છતાં પોતાના ઘરમાં લક્ષ્મીનું અસ્તિત્વ માનીને ઉધાર લાવી ખાવામાં તેમજ સ્વજનોને જમાડવામાં આનંદ માનવા લાગ્યો તેમ જીવ પણ હાથી, ઘોડા, સેવક, દાસી, ભંડારથી શ્રમિત થયો હોવા છતાં પોતાને અનન્ય સુખી માને છે.

પૃથ્વીચંદ્ર કુમારે કેશવ બટુકનો ઉપનય જીવ સાથે સરખાવી બતાવ્યો. કુમારનો ઉપદેશ સાંભળી એ રૂપવતીઓના રૂપનો મદ ઓગળી ગયો. સંસારની અસારતા ચિંતવતી રૂપમતીઓ બોલી, હે સ્વામી ! તમે કહ્યું તે સત્ય છે. સંસારના વિષજન્ય સુખોમાં આ લાલચું જીવ પોતાને ભૂલી ગયો છે પણ હવે એનો ત્યાગ શી રીતે કરાવો ? કુમારે કહ્યું, "તમે સદ્ગુરુને આરાધીને ધર્મસેવન કરો. ગુરુ પણ એવા જ હોય જે કંચનકામિનીના ત્યાગી અને મોક્ષના ઉદ્યમી હોય." સ્રીઓએ કહ્યું, "હે પ્રભો ! અમને સદ્બોધ આપી વૈરાગ્ય પમાડનારા તમે જ અમારા ગુરુ છો માટે તમે જ અમને ધર્મની

પ્રાપ્તિ થાય તેમ કરો. હે આર્ય પુત્ર ! તમારે પણ અગ્નિથી પ્રદિપ્ત એવા મકાનની જેમ આ સંસારમાં રહેવું યોગ્ય નથી. અમને ધર્મની પ્રાપ્તિ થાય તેમ કરો." કુમારે પ્રસન્ન થઈને કહ્યું, "તમે અત્યારે વિવેકરૂપ પર્વત પર આરૂઢ થયેલા હોવાથી હવે તમારે ધર્મ પ્રાપ્તિ દુર્લભ નથી. હાલમાં તો તમે સંતોષને ધારણ કરી, નમસ્કાર મંત્રનું સ્મરણ કરતી જીવદયા પાળવામાં પ્રીતિવાળા તેમજ સત્યવાણી ઉચ્ચરવાપૂર્વક ધર્મ આરાધન કરતાં છતાં ઘરમાં રહો જ્યાં સુધી ગુરુમહારજનો જોગ પામી યોગ્ય ધર્મ આરાધવાનો અવસર પ્રાપ્ત ના થાય." પૃથ્વીચંદ્રની વાણી બધાએ સ્વીકારી અને યથાશક્તિ ધર્મનું પાલન કરવા માંડી.

## :: પૃથ્વીચંદ્રરાજા ::

વિષ્ણુબટુક થકી સર્વવૃત્તાંત જાણી રાજા પોતાના મનમાં વિચાર કરે છે, "મેં તો ધાર્યું હતું કે કુમાર પરણવાથી સ્ત્રીઓના મોહમાં લપેટાઈ બદલાઈ જશે. પણ આ તો ઊંધુ થયું. કુમારે સ્ત્રીઓને પ્રતિબોધ વૈરાગી બનાવી દીધી. હવે શું કરવું ?" રાજા પછી રાજ્યગાદી સોંપવાનું વિચારે છે અને પટ્ટરાણીને વાત કરે છે રાણી પણ સંમત થાય છે. પ્રાતઃકાળ થતા પૃથ્વીચંદ્ર માતાપિતાને વંદન કરવા આવ્યો ત્યારે પિતા એને આસને બેસાડ્યો અને ધીમેથી કહ્યું, "કુમાર ! તારા જેવો ગુણવંત કુમાર છે એથી અમે ધન્ય છીએ. તને જોઈને એટલા હરખાઈયે છીએ કે મોટા પુણ્યથી અમને આ પુત્ર મળ્યો છે. તું અમારી એક અભિલાષા પૂર્ણ કર." રાજાની વાણી સાંભળી કુમારને વિચાર કરતો જોઈ રાજાએ આગળ ચલાવ્યું. "આ રાજ્યનો સ્વીકાર કરીને અમને સુખી કરીશ તો મારું જીવન સફળ થયું માનીશ." કુમારે વિચાર્યું, "આ તો દીક્ષામાં મોટી ફાંસ ઉભી થઈ. ઘણાં સ્નેહવાળા માતાપિતાનો અનુગ્રહ છે. અને વિચક્ષણોએ કહ્યું છે માતાપિતાની આજ્ઞાનું ઉલ્લંઘન થાય નહિ. પરંતુ હું તો માત્ર ગુરુના આવાગમનની પ્રતીક્ષા કરી રહ્યો છું તે સમય દરમિયાન પિતાનું વચન ભલે પ્રમાણ થાઓ. ગુરુના આગમન પછી મને જેમ યોગ્ય લાગશે તેમ કરીશ."

ખૂબ ડહાપણનો વિચાર કરી કુમારે કહ્યું, "પિતાજી આપની આજ્ઞાનો હું સ્વીકાર કરું છું." તે પછી સારા મુહૂર્તે રાજાએ પૃથ્વીચંદ્રકુમારનો રાજ્યાભિષેક કર્યો. પિતાની આજ્ઞાથી ઈચ્છા નહિ હોવા છતાં રાજ્યારૂઢ થયેલા રાજા પૃથ્વીચંદ્ર રાજ્યલક્ષ્મીમાં અનાસકતપણે રાજ્યનું પાલન કરવા લાગ્યા. રાજાએ પોતાના રાજ્યમાં હિંસાના સાધન બંધ કરી અમારી પ્રવર્તાવી. ખોટા કર માફ કર્યા. કેદીઓને કારાવાસમાંથી મુક્ત કર્યા. સર્વત્ર રાજ્યમાં શાંતિ ફેલાવી. રાજાની માફક પ્રજા પણ વિકથા-કુથલી છોડી નિરંતર ધર્મકથા કરવા લાગી. જૈનશાસનની શોભા વૃદ્ધિ પામે તેવા અનેક કાર્યો થયા. એવી રીતે ધર્મમય રાજ્યને કરનારા પૃથ્વીચંદ્ર નરપતિ એકવાર રાજ્યસિંહાસન પર બેઠા હતા ત્યારે દ્વારપાલે આવીને કહ્યું, "દેવ ! સુધન નામનો શ્રેષ્ઠી - સાર્થવાહ હાથમાં ઉપહાર લઈને દ્વાર આગળ ઊભો ઊભો સભામાં પ્રવેશ કરવાની રજા માંગે છે."

રાજાએ આજ્ઞા આપી અને સુધન શ્રેષ્ઠી સભામાં આવ્યો. રાજાએ સન્માન કરીને પૂછ્યું, "ક્યાંથી આવો છો ? કેમ આવ્યા છો ?" રાજાના વચન સાંભળી શ્રેષ્ઠી બોલ્યો, "મારા નગરમાં આશ્ચર્યને કરનારું ઉત્તમ ચારિત્ર જોઈને વિસ્મયથી મારું હૃદય ફાટી જતું હતું ત્યારે એ ઉત્તમ ચારિત્રથી જાણવામાં આવ્યું છે જેવું એ અદ્ભુત અમારા નગરમાં બન્યું છે તેવું જ બીજું અદ્ભુત આશ્ચર્ય અહીં બનવાનું છે." સુધનન વાત સાંભળી રાજાએ કહ્યું, "હે શ્રેષ્ઠી ! એ કેવું અદ્ભુત છે તે કહો !" સુધન શ્રેષ્ઠી એ કહેવા માંડ્યું.

## :: ગુણસાગર ::

"ભરતાર્ધ કુરુદેશમાં હસ્તિનાપુર નામે નગરનો હું રહેવાસી છું. અમારા નગરમાં બનેલું કૌતુક સાંભળો. એ ગજપુરમાં રત્નસંચય નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેને સુમંગલા નામની પત્ની હતી. બંને એકબીજાને યોગ્ય હોવાથી સુખી અને સંતોષી હતા. તેમને ત્યાં ભાગ્યવંત પુત્રનો જન્મ થયો ગર્ભધારણ સમયે માતાએ સ્વપ્નમાં શ્રેષ્ઠ એવા સાગરનું પાન કરેલું હોવાથી

તે સ્વપ્ન અનુસાર પુત્રનું નામ રાખ્યું ગુણસાગર. માતાપિતાને આનંદ પમાડતો, નગરની નારીઓ વડે રમાડાતો, કલા અભ્યાસ કરતો ગુણસાગર યૌવનવયમાં આવ્યો. નગરની દરેક યુવતીઓ ગુણસાગરને સ્નેહની નજરે જોવા માંડી. પરંતુ ગુણસાગર અલિપ્ત હતો. એક દિવસ ગુણસાગરને કોઈ શ્રેષ્ઠીની આઠ કન્યાઓએ માર્ગમાં જતો જોયો. આઠે કન્યાઓની દૃષ્ટિ ગુણસાગરમાં સ્થંભી ગઈ. આઠેય કન્યાના માતાપિતાએ કન્યાઓનો નિશ્ચય જાણી રત્નસંચય શ્રેષ્ઠીને વાત કરી. એ શ્રેષ્ઠીઓની વિનંતી રત્નસંચયે સ્વીકારી લીધી સ્વીકારી લીધી અને આઠેય કન્યાઓ સાથે વિવાહ નક્કી કર્યા. એક દિવસ પોતાના મહાલયની અગાસીમાં ઉભો ઉભો ગુણસાગર કુમાર નગરીનું અવલોકન કરી રહ્યો હતો ત્યારે તપથી ખુશ થયેલા એક મુનિને ગોચરી અર્થે નગરમાં ભ્રમણ કરતા જોઈ કુમારની નજર તે મુનિ પર પડી. અને ત્યાં જ સ્થંભી ગઈ. "આ મુનિનો વેશ કેવો આનંદકારી છે. ભૂમિ તરફ દૃષ્ટિને સ્થાપન કરતા મંદ ગતિએ કેવા ગમન કરી રહ્યાં છે ? આવું મુનિપણું મેં પણ ક્યાંક અનુભવેલું છે." મુનિને જોઈને વિચાર કરતો ગુણસાગર ત્યાં જ મૂચ્છિર્ત થઈ ગયો. માતાપિતા અને પરિવાર ઝટ દોડતા આવી મૂર્છા વાળવાના પ્રયત્ન કરવા લાગ્યા. અનેક ઉપાયોથી જ્યારે ગુણસાગર સ્વસ્થ થયો ત્યારે દુઃખી થયેલા તેના પિતાએ પૂછ્યું, "હે પુત્ર ! અકાળે તારા શરીરને શું થયું ? કોઈ રૂપવતી લલનાને જોઈને મૂર્ચ્છા આવી ગઈ ? મને કહે, હું તરત જ તેને મેળવી આપું." કુમાર ગુણસાગર બોલ્યો, "પિતાજી ! એવી મોહની રમતમાં મને જરાય મજા નથી આવતી. કારણ કે દેવગતિમાં મેં દેવલોકના સુખ સારી પેઠે ભોગવ્યા છતાં જીવને તૃપ્તિ થઈ નહિ તો મનુષ્યના આ તુચ્છ ભોગોથી જીવને તૃપ્તિ શી રીતે થશે ? હે પિતાજી ! તમે જો મારા મનોરથ પૂર્ણ કરવાને પ્રસન્ન થયા હો તો મને શ્રમણપણું અંગીકાર કરવાની રજા આપો. કારણકે ઝરૂખામાં ઉભેલા મને મુનિદર્શન જ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણ્યો અને પિતા પાસે દીક્ષા લેવાની રજા માગી. પુત્રની વાત સાંભળી પિતા ગ્લાનિ પામ્યા અને કહ્યુ. "પુત્ર ! અત્યારે તારો દીક્ષાનો

સમય નથી. કારણકે પંડિતોએ ત્રણ વર્ગ સાધવાની આજ્ઞા ફરમાવેલી છે. પહેલી અવસ્થામાં વિદ્યાભ્યાસ, બીજી વયમાં ધનઉપાર્જન કરી ગૃહસ્થ ધર્મનું પાલન અને ધર્મ તો ત્રીજી અવસ્થામાં સેવવાનો કહ્યો છે. માટે અત્યારે તારે ધર્મ સાધનાનો વિચાર કરવો નહિ." પિતાના વચન સાંભળી પુત્ર બોલ્યો, "હે પિતાજી ! અનાદિકાળથી આજ પર્યંત રસાદિક જે ભોજન કર્યા તે જો એકત્ર કરી ઢગલો કરવામાં આવે તો મેરૂથી પણ અધિક થઈ જાય. જે જળનું પાન કર્યું છે તે જળ એકઠું કરતા સાગરના સાગર થઈ જાય. આ સંસારમાં એવા કોઈ ભોગો નથી જે ભોગો આ જીવે અનંતવાર ન ભોગવ્યા હોય જો એવા ભોગોથી ય જીવને તૃપ્તિ થઈ નહિ ભૂતકાળમાં એ બધા ભોગવતા સુખો આ ભવમાં જીવને પ્રાયઃ સ્વપ્નની માફક થઈ જાય છે. જેથી જીવની લાલસા તૃપ્ત થતી નથી. માટે એવા ભોગમાં ના લપટાતા હે પિતા ! બોધ પામો. મોહમાં મૂંઝાઓ નહિ. ભોગોને ભોગવવા છતાં સંતોષ થતો નથી. મુક્તિમાં રક્ત વિવેકીજનો ભોગોની ઈચ્છા કરતા નથી. મુક્તિની વરમાળા વ્રતના ધન વિના પ્રાપ્ત થતી નથી. આપ સમજુ અને વિવેકી થઈ મને દીક્ષા લેવામાં બાધા કરશો નહિ.

પુત્રની દીક્ષા નિશ્ચય જાણી પિતા મૌન થઈ ગયા. કોઈ ઉપાય ના રહેવાથી માતા રૂદન કરતી પુત્ર પાસે આવી. "હે વત્સ ! તારા જેવા વિનયવાન પુત્ર માટે અમારા જે કાંઈ મનોરથ હતા તેને નિષ્ફળ કરીશ નહિ નહિંતર મારું હૃદય ફાટી જશે. અમારા મૃત્યુ પછી તું તારી ઈચ્છા પૂર્ણ કરજે. માતા વચન સાંભળી ગુણસાગર બોલ્યો "હે માતા ! હું તો અવશ્ય સંયમને આદરીશ. આ અસાર સંસારમાં જીવો અનંતવાર પુત્રપણાને પામે છે. અનંતીવાર માતાપણે કે પિતાપણું ઉત્પન્ન થાય છે. કર્મને આધીન સ્થિતિવાળા જીવો સ્ત્રી, પુત્ર, માતા, પિતા, મિત્ર, ભાઈ, ભગિની, શત્રુ કે સ્નેહીપણે ઉત્પન્ન થાય છે. એવા સંસારસ્વરૂપનો વિચાર કરનારી હે માતા ! તુ તારા માટે ખેદ કરીશ નહિ જો હું જ તને ઈષ્ટ છું તો મરણથી ભય પામેલા મને

દીક્ષા લેતા તારે અટકાવવો જોઈએ નહિ. મુક્તિની રાજ્યલક્ષ્મીને ઉત્પન્ન કરતા પુત્રને કઈ માતા અટકાવી શકે ? ભવસાગરમાંથી બહાર નીકળતા એવા મને તું રજા આપ. સંસાર તરવા માટે મને સહાય કરનારી થા."

## :: શુભલગ્ન સાવધાન ::

ગુણસાગરનું વચન સાંભળી માતાએ યથાશક્તિ સમજાવવાનો પ્રયત્ન કર્યો. માતાના કોમળ વચન સાંભળી જાતિસ્મરણ જ્ઞાનથી પોતાના ભવોની પરંપરા જાણનાર ગુણસાગરે કહ્યું, "માતા ! આ જીવે દુનિયામાં અનંતવાર કષ્ટ સહન કર્યા છે. પૂર્વે મેં નરકને વિષે વૈતરણીના દુઃખો ભોગવ્યા છે." ગુણસાગરે તેના ભવદુઃખોનું વર્ણન કર્યું અને પોતાની મક્કમતા જાહેર કરી. પુત્રનો નિશ્ચય જાણી માતા ઓશિયાળી થઈ ગઈ. પુત્રના ચરણ પકડીને બોલી, "દીકરા ! તારો નિશ્ચય અપૂર્વ છે. મારી આટ આટલી કાકલૂદી છતાં તારા નિશ્ચયમાં ફેર પડ્યો નથી. પરંતુ મારી એક વાત માન્ય રાખ. તારા વિવાહ માટે જે કન્યાઓ આવેલી છે તેમની સાથે વિવાહ કરી મને વહુઓના મુખ બતાવ. તને પરણેલો જોઈ કૃતાર્થ થયેલી હું અનુમતિ આપીશ." માતાની મોહ ઘેલછા જાણી પુત્ર બોલ્યો, "પરણીને હું તરત દીક્ષા અંગીકાર કરનાર હોવાથી એવા લગ્નથી લાભ શું ? છતાં પણ હું તારું વચન અંગીકાર કરું છું. તારી ઈચ્છા પૂર્ણ થયા બાદ તારે મને બીજા કોઈ કારણથી અટકાવવો નહિ. કન્યાઓના માતાપિતાને પણ મારી દીક્ષાની વાત જણાવવી જેથી તેમને ઠગવાપણું થાય નહિ."

રત્નસંચય શેઠે કન્યાઓના પિતાઓને તેડાવી તેમને સ્પષ્ટ વાત જણાવી દીધી. તેમણે કહી દીધું કે તેમનો પુત્ર લગ્ન પછી તરત જ દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છે છે. માટે કાંતો લગ્ન કરો કાં તો વિવાહ તોડી નાખવો. શેઠની વાત સાંભળી બધા વિચારમાં પડી ગયા. સૌ પોતપોતાના ઘેર આવી પોતાની કન્યાને પૂછવા લાગ્યા. કન્યાઓએ પોતાનો નિશ્ચય જણાવી દીધો

કે તાકીદે લગ્ન કરી નાખવા. તેઓ પણ સંયમ લેશે. માતાપિતાએ રાજી થઈ રત્નસંચય શ્રેષ્ઠીને સમાચાર જણાવી દીધા વિવાહની તૈયારી થઈ ગઈ. કુલાચાર પ્રમાણે ગુણસાગર મોટા આડંબરપૂર્વક પરણવાને આવ્યો. કુમાર તોરણે આવીને ઊભો રહ્યો ત્યારે મંગલ વાજીંત્રો વાગતા હતા, મંગળ ગીતો ગવાતા હતા, લોકોનો સત્કાર કરાતો હતો ત્યારે પોંખવાને ઉભેલા વરરાજા ગુણસાગર જુદા જ વિચારોમાં મશગૂલ હતો. વિવાહની સામગ્રીને જ્યારે લોકો બાહ્ય દષ્ટિથી જોતા હતા ત્યારે ગુણસાગર અંતરદષ્ટિથી તેની તુલના કરતો હતો એને થાય છે શેરડીથી પોંખવા વડે હવે તારે ગૃહસ્થધર્મ ચલાવવા જીવહિંસા કરવી પડશે મુશલથી પોંખવા તેની માફક જીવોને ખાંડવા પડશે. નારીરૂપી જોતરું ગળે વળગે છે. તે તારે સહન કરવું પડશે માયરામાં પેસતા જાણે માયારૂપી ગૃહમાં પેસી. અંતદષ્ટિથી વિચાર કરતા ગુણસાગરનો વિવાહ વિધિ સમાપ્ત થઈ ગયો. પરિવાર સાથે આઠેય કન્યાઓને લઈને ગુણસાગર પોતાના મકાન તરફ ચાલ્યો.

## :: ગુણસાગરન કેવલજ્ઞાન થાય છે ::

આઠ કન્યાઓ સાથે શોભતા વરરાજાને કેટલાક વખાણતા હતા. કેટલાક કહેતા હવે દીક્ષા કેવી રીતે લે છે ? કન્યાઓ શું જોઈને વૈરાગ્યવાન સાથે પરણી હશે ? જુદા જુદા પ્રકારની વાતો સાંભળતો ગુણસાગર પોતાના મકાને આવ્યો. પરિવાર અને કન્યાઓ સાથે બેઠેલો કુમાર વિચારે છે, “માતાપિતાની અભિલાષા પૂર્ણ થવાથી હવે પ્રાતઃકાળે જ હું ગુરુ પાસે દીક્ષા અંગીકાર કરીશ. ગુરુનો વિનય વૈયાવચ્ચ કરીશ. ધ્યાન અને જ્ઞાનમાં સજાગ રહીને ભવસાગર પાર ઉતરીશ.” એ પ્રમાણે આત્મ-ચિંતન કરતો ગુણસાગર જાતિ સ્મરણ જ્ઞાન વડે પૂર્વભવોને સંભારતો અને ચારિત્રની આરાધનાનું સ્મરણ કરતો ધર્મ ધ્યાનમાંથી શુક્લધ્યાને ચડ્યો. એ શુકલ ધ્યાન આરૂઢ થયેલા ગુણસાગર ક્ષપકશ્રેણીએ ચઢી ત્યાં જ કેવળજ્ઞાન પામ્યા.

શાંતરસમાં મગ્ન ગુણસાગર - પોતાના સ્વામીને નિશ્ચલ દૃષ્ટિવાળા જોઈ લજ્જાથી અવનત મસ્તકવાળી સર્વ નવોઢાઓ વિચારમાં પડી. "ગૃહસ્થ અને મોહના મંદિરામાં રહેવા છતાં અમારા સ્વામીને ધન્ય છે કે તેઓ શાંતરસમાં જ લીન છે. અમારા માટે એમને જરાય રાગ નથી. અમને પણ ધન્ય છે કે આવા સ્વામીને પામ્યા. અમે પણ એમની પાસે દીક્ષા ગ્રહણ કરી પરમપદ પામીશું. ધર્મ ધ્યાનમાં શુભભાવનારૂઢ થયેલી આઠેય કન્યાઓ પણ ધર્મધ્યાનમાંથી શુક્લધ્યાને આરૂઢ થઈ ક્ષપકશ્રેણીએ ચઢી ચાર ઘનઘાતી કર્મનો નાશકરી કેવળજ્ઞાનને પામી.

તે સમયે આકાશમંડળમાં નૃત્ય કરતા દેવતાઓ દુંદુભિ વગાડવા માંડ્યા અને એના મકાન પર સુગંધિત જલની વૃષ્ટિ કરવા માંડ્યા. પુષ્પના ઢગ આંગણામાં પડવા માંડ્યા. દેદિપ્યમાન દેવોથી આચ્છાદિત ગુણસાગરનું ભવન જોઈ આશ્ચર્ય પામતા બોલવા માંડ્યા, "અહો ! ગુણસાગરના વિવાહ એના પુણ્યથી આકર્ષયેલા દેવતાઓ, ભાગ લેવા આવ્યા છે કે શું ? દેવતાઓ સાધુવેષે તેમની સમક્ષ પ્રગટ થયા. સાધુ વેષધારી તેમને નમસ્કાર કરી દેવતાઓએ કેવલજ્ઞાન મહોત્સવ કર્યો. આ વૃતાંત જાણી ગુણસાગરના માતાપિતાને પણ ધર્મધ્યાનની ભાવના આવતાં શુકલધ્યાન પ્રગટ થયું અને કર્મોનો નાશ થતાં તેમને પણ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું.

આ બધા વૃતાંતની ખબર પડતાં શ્રીશેખર રાજા આશ્ચર્ય પામતો ત્યાં આવી ત્રણ પ્રદક્ષિણા ફરી કેવળજ્ઞાનીને નમસ્કાર કરી તેમની આગળ બેઠો. તે સમયે હે પૃથ્વીચંદ્ર નરેશ ! હું તમારા નગર તરફ આવવાની તૈયારીમાં હતો અને વૃતાંત જાણવાથી હું ત્યાં ગયો. અને તેમની પાસે બેઠો. "શું આમને કેવળજ્ઞાન થયું હશે ?" મારા મનના વિતર્કનો જવાબ આપતા હોય તેમ તરત જ ગુણસાગર કેવલી બોલ્યા, "હે સૌમ્ય ! તું સ્વયં અયોધ્યા તરફ જવાની તૈયારીમાં હતો પણ કૌતુક જોવા અહિ આવ્યો. પણ હે સુધન ! એમાં આશ્ચર્ય શું છે ? આનાથી પણ વધારે આશ્ચર્ય તો તું અયોધ્યા રાજસભામાં જોઈશ.

## :: પૃથ્વીચંદ્ર રાજાને હવે કેવળજ્ઞાન થાય છે ::

એકવીસ ભવના સાથી ગુણસાગરનું વૃત્તાંત સાભળી રાજા પૃથ્વીચંદ્ર અજબ વિચારમાં પડી ગયા. એમની વિચાર શ્રેણી બદલાઈ ગઈ. નિસ્તબ્ધ થઈ શુભ ભાવનારૂઢ થઈ ગયા. ખરા મહામુનિ મહાત્મા ગુણસાગર છે કે જેમણે મોહને જીતી પોતાનું કાર્ય સાધી લીધું છે. તેઓ તો ભવસાગર તરી ગયા અને હું ? હું તો જાણતાં છતાં પણ માતાપિતાની દાક્ષિણ્યતાથી વિકટ એવા રાજ્યરૂપ યંત્રના ચક્રમાં પડી ગયો. એ દિવસ ક્યારે આવશે જ્યારે ગુણોએ ગરિષ્ઠ એવા મુનિજનોના દર્શન કરી તેમના ચરણે નમીશ. ગુરુની ભક્તિ કરતાં રત્નત્રયીને ધારણ કરનારો હું ક્યારે થઈશ ? કોઈપણ સ્થળ હોય પણ સમતારસને ઝીલતો અને ધ્યાનમાં એકાગ્ર એવા કાઉસગ્ગ ધ્યાને ઉભો હોઉં એવો દિવસ મારો ક્યારે આવશે ? શુભભાવના ભાવતા પૃથ્વીચંદ્ર રાજા ક્ષપક શ્રેણીએ આરૂઢ થયા. શિવમંદિરમાં પહોંચવા માટે ત્યાંથી અનુક્રમે પગથિયાં ચઢવા લાગ્યા. અને તે ક્ષીણ મોહનામાં બારમાં ગુણસ્થાનકે પહોંચી ગયા. ત્યાં અંત સમયે શુકલધ્યાનરૂપી અગ્નિ વડે ઘનઘાતિ કર્મનો નાશ કરી નાંખ્યો.

જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચતુષ્ક, અંતરાય પાંચ એમ ચૌદ પ્રકૃતિ ક્ષય કરી કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી તેરમે સ્થાનકે આવ્યા અને કેવળજ્ઞાની પૃથ્વીચંદ્ર થયા,. તે સમયે સૌધર્મ ઈન્દ્રે દેવતાઓ સાથે ત્યાં આવી મુનિવેષ અર્પણ કરી કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો. તે સમયે હરિસિંહ રાજા પણ પદ્માવતી દેવી સાથે ત્યાં આવ્યો. મુનિમાં વેષમાં કેવળજ્ઞાની પુત્રને જોઈને હર્ષથી નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યા. "દીક્ષા અમે લેવાને યોગ્ય હતા. તે દીક્ષા તમે શી રીતે પામી ગયા ?" રાજા કેવલીની સ્તુતિ કરતા હતા અને પોતાની નિંદા કરતા હતા તે દરમિયાન સ્વામીનું અદ્‌ભુત ચરિત્ર જાણી સોળે નવોઢાઓ ત્યાં આવી પહોંચી કેવલીને નમસ્કાર કરી પદ્માવતી દેવીની પાછળ બેઠી. કેવલી ભગવાનની પ્રશાંત મુદ્રાને જોતી એ સ્ત્રીઓની વિચારશ્રેણી

ભાવિના યોગે પલટાઈ ગઈ. તે બાળાઓ અનિત્યતાનું સ્મરણ કરતી શુભ ભાવનામાં આરૂઢ થઈને તરત જ કેવળજ્ઞાન પામી. ઇન્દ્રે તેમને સાધ્વી વેષ આપી તેમને નમસ્કાર કર્યા. તેમની સ્તુતિ કરી.

એકવીસ ભવના સંબંધવાળા પૃથ્વીચંદ્ર રાજા અને ગુણસાગર કેવલજ્ઞાન પ્રાપ્ત કરી કૃતકૃત્ય થઈ ગયા. કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી આત્મા તે જ ભવમાં શેષ આયુ પૂર્ણ કરી શિવમંદિરમાં ચાલ્યો જાય છે.

## :: પૃથ્વીચંદ્રની દેશના ::

રાજા હરિસિંહના કથન બાદ પર્ષદાની આગળ પૃથ્વીચંદ્ર કેવલી ધર્મોપદેશ આપવા લાગ્યા. "હે ભવ્યજનો ! સંસારની મોહમાયામાં મૂંઝાઈ તમે પ્રમાદી થાઓ નહિ. જો તમારે ભવસાગર તરી પાર થવું હોય તો સંયમરૂપી રથમા આરૂઢ થઈ જાઓ. કારણકે જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોકાદિ નીર જેમાં ખળભળી રહ્યા છે, કષાયરૂપી તુચ્છ મત્સ્યો જ્યાં કૂદાકૂદા કરી રહ્યા છે, રાગ અને દ્વેષરૂપી ઉદ્વેગો જેમાં ઉછાળા મારી રહ્યા છે એવા સંસારરૂપી સમુદ્રમાંથી તરી પાર જવું હોય તો સંપૂર્ણ જ્ઞાનરૂપી નાવિકની સહાયથી ચારિત્રરૂપી વહાણમાં આરૂઢ થાઓ તો તમે પાર પામશો. અન્યથા એ સમુદ્રનો પાર પામી શકાશે નહિ. ચોરાસી લાખ જીવયોનિમાં ચારિત્રને અનુકૂળ સામગ્રી માત્ર મનુષ્યભવમાં પ્રાપ્ત થઈ શકે છે માટે ધર્મને યોગ્ય સામગ્રી મનુષ્યભવમાં પ્રાપ્ત થવા છતાં જો પ્રમાદી બનીને હારી જશો અને ધર્મની ઉપેક્ષા કરશો તો ધનદના પુત્રોની માફક તમને એવી તક મળવી દુર્લભ થઈ પડશે.

તામ્રલિપ્તનગરીમાં શ્રીકીર્તિ નામે રાજા હતો. નગરીમાં ધનાઢયજનો જેની પાસે કોટિ દ્રવ્ય હોય તે પોતાના મકાન પર ધ્વજા ચડાવે એવી રાજ આજ્ઞા હોવાથી નગરમાં અનેકના મકોના ઉપર ધ્વજાઓ ફરકતી હતી. કોઈ કોઈના મકાનો પર એક કરતાં પણ અધિક ધ્વજાઓ જોવાતી હતી. એવું સુખી અને આબાદીવાળું એ શહેર હતું. તે નગરમાં ધનદ નામે. મોટો શાહુકાર

રહેતો હતો. કુબેરભંડરી સમાન ધનિક હોવા છતાં પોતાના મકાન પર ધજા ફરકાવતો નહિ. જ્યારે ધનદના પુત્રોના વિચારો જુદા હતા. પોતાના મકાન પર ધજા ફરકતી જોવા તેઓ ખૂબ આતુર હતા. પિતાની મર્યાદાનું ઉલ્લંઘન કરી પોતાની ઈચ્છા પાર પાડવામાં તેઓ માનતા ન હતા. ધ્વજાઓ ફરકતી હોય તેવા નગરજનોનું સન્માન રાજા સારું કરતો. અન્ય લોકો પણ તેમને ખૂબ માન આપતા. અન્યનો સત્કાર થતો જોઈ એક દિવસ તેમણે પૂછ્યુ, "પિતાજી ! આપણી પાસે વિપુલ ધનસામગ્રી હોવા છતાં શા માટે ધજા ફરકાવતા નથી ?" પિતાએ જવાબ આપ્યો, "આપણા ધનની સંખ્યા થઈ શકે તેમ નથી. અને ગણતરી કર્યા વગર મૃષા બોલવું એ સજ્જન પુરુષોને યોગ્ય નથી. વળી ધર્મકાર્ય કર્યા વગર બાહ્ય આડંબર કરવો યોગ્ય નથી."

આ પ્રમાણે પુત્રોને સમજાવવા છતાં તેમના મનનું સમાધાન થયું નહિ. કેટલોક સમય ચાલ્યો ગયો. એક દિવસ વિવાહ કાર્યમાં સ્વજનોના આગ્રહથી ધનદ પુત્રોને સમજાવી બહારગામ ગયો. ત્યારે પુત્રોએ અવસર પ્રાપ્ત થવાથી પિતાના સંચય કરેલા રત્નો ભંડારમાંથી કાઢી બહાર બજારમાં વેચી નાખ્યા બહારગામના વ્યાપારીઓ ખરીદી લઈ દ્રવ્ય આપી ચાલ્યા ગયા. આ બધુ દ્રવ્ટય કોટિ સંખ્યામાં થવાથી પોતાના મકાન પર સુવર્ણદંડથી સુશોભિત ધ્વજા પોતાના મકાન પર ઊભી કરી દીધી. જ્યારે ધનદ કામ આટોપીને નગરમાં આવ્યો અને પોતાના મકાન ઉપર ધ્વજા જોઈ. પુત્રોને પૂછ્યું તો તેમણે બધી હકીકત કહી સંભળાવી. પુત્રોની વાત સાંભળી ક્રોધાવેશમાં ધમધમતા ધનદે પુત્રોને કહ્યું, "અરે ! કુલાંગારો ! કુપુત્રો ! કુબુદ્ધિવાળાઓ ! તમે આ શું કર્યું ? બધા રત્નો વેચી તમે માત્ર આટલુ જ દ્રવ્ય મેળવ્યું ? આટલા દ્રવ્ય કરતા વધારે મારા એક રત્નની કિંમત હતી. તમે પાણીના મૂલ્યે તેને વેચી દીધા. હવે મારા ઘરમાંથી બહાર નીકળો. બધા રત્નો પાછા ના મેળવે ત્યાં સુધી તમારું મુખ મને બતાવશો નહિ. પિતાનો તિરસ્કાર પામી ઘર બહાર નીકળી એ પુત્રો રત્નોના ખરીદાર વ્યાપારીઓને શોધવા લાગ્યા. પણ તેઓ પોતપોતાના નગરે જતા રહ્યા હોવાથી તેમને પત્તો

મળ્યો નહિ. પૃથ્વી પર ભ્રમણ કરી તેઓ મહાદુઃખ પામ્યા. માટે હે ભવ્યો ! ધર્મ આરાધવાને મનુષ્યભવમાં બધી સામગ્રી પ્રાપ્ત થવા છતાં ગુરુનો જોગ પામી જો સંયમની આરાધના કરશો નહિ તો ગુમાવેલી તક વારંવાર પ્રાપ્ત કરી શકશો નહિ."

એ પ્રમાણે કેવલજ્ઞાની ભગવાન પૃથ્વીચંદ્ર રાજર્ષિની દેશના સાંભળી પોતપોતાની શક્તિ પ્રમાણે કોઈ એ સાધુધર્મ તો કોઈએ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. સુધન સાર્થવાહ કેવલી ભગવાનને નમીને બોલ્યો "હે ભગવાન તમારામાં તેમ જ ગુણસાગર કેવલીમાં આટલું બધું સરખાપણું કેમ છે ? એ સુધનના પ્રશ્નમાં પૃથ્વીચંદ્ર કેવલી એ પર્ષદા આગળ શંખરાજા અને કલાવતી રાણીના ભવથી શરૂ કરી બંનેને આ ભવમાં કેવલજ્ઞાન પ્રગટ્યું ત્યાં લગીનો તમામ વૃતાંત કહી સંભળાવ્યો. અને ઉપસંહાર કરતા કહ્યું કે "બંને દરેક ભવમાં પુણ્યાનુબંધી પુણ્ય સરખું જ મેળવતા હતા જેથી સરખી સુખસમૃદ્ધિ ભોગવતા હતા. પૂર્વભવની મારી સ્ત્રીએ પણ સંયમની આરાધના કરી દેવવિમાનમાં ઉત્પન્ન થઈ અને ત્યાંથી આ ભવમાં પણ મારી સ્ત્રી થઈ અને મારી પાછળ તે પણ કેવલજ્ઞાન પામી. જગતમાં ઘણું કરીને સરખા ગુણવાળા પ્રાણીઓમાં જ પ્રેમ ઉત્પન્ન થાય છે." એ પ્રમાણે સુધન પણ પ્રતિબોધ પામ્યો અયોધ્યાની ખાલી પડેલી રાજ્યગાદી ઉપર સૌધર્મેન્દ્ર હરિસિંહરાજાના દ્વિતિય પુત્ર હરિષેણનો રાજ્યભિષેક કર્યો.

## :: મોક્ષગમન અને છેવટ ::

તેરમા ગુણસ્થાનકે રહેલ પૃથ્વીચંદ્ર રાજર્ષિ અને ગુણસાગર કેવલી પૃથ્વી પર વિહાર કરી ભવ્યજનોને પ્રતિબોધ કરવા માંડ્યા. પૃથ્વીમંડલ ઉપર વિહાર કરી ભવ્યજનો પર ઉપકાર કરતા કરતા તેમનો નિર્વાણ સમય હવે નજીક આવ્યો. જાણી, મન, વચન અને કાયાના યોગોને રોધતા તેરમા ગુણસ્થાનકના અંતે નામકર્મની ઓગણત્રીસ અને વેદનીયની એક એમ ત્રીસ પ્રકૃતિનો ઉદયમાંથી ક્ષય કરતા અને શુકલધ્યાનના ત્રીજા પાદનું ધ્યાન કરતા

ચૌદમે ગુણસ્થાનકે આવ્યા. એ ગુણસ્થાનકના અંત સમયે સત્તામાં રહેલી બહોતેર પ્રકૃતિનો ક્ષય કરી આ મહામુનિઓ શિવવધુના ભરથાર થયા. પોતપોતાનું આયુ પૂર્ણ કરી મુક્તિપુરી ચાલ્યા ગયા.

શંખરાજા અને કલાવતીના ભવમાં એ બંને આત્માઓ આપણા જેવા જ આત્મા હોવા છતાં એમનામાં ધર્મભાવના જાગૃત થઈ. ગુરુના સમાગમે સમ્યક્ત્વ પ્રાપ્તિ થતા સત્ય દેવ, ગુરુ અને ધર્મની ઓળખ થતાં તેઓની દિશા ફરી ગઈ, અને મુક્તિની ભાવના જાગૃત થઈ. પછી તો સંસારની ઋદ્ધિ સિદ્ધિ કે રમણીઓના ભોગમાં ના લોભાતા એક મુક્તિની જ તમન્ના તેમનામાં જાગૃત હોવાથી અવસર પ્રાપ્ત થતાં તૃણની માફક ભોગોને પણ ત્યજી દઈ બંને ચારિત્રની આરાધના કરવા માંડ્યા. એ રીતે ભવોભવ સંયમની આરાધના કરતા એમનું ધર્મવૃક્ષ ખૂબ વૃદ્ધિ પામ્યું. જેના ફળ એકવીસમાં ભવમાં એમને પ્રગટ રીતે પ્રાપ્ત થયાં તે આપણે જાણ્યું. એ રીતે એમનું ચરિત્ર વાંચી આપણે પણ એમના જેવી ભાવના ભાવી પણ એમના માર્ગે જવાની તૈયારી કરીએ.

*ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન,*
*ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવળજ્ઞાન.*

